# પ્રતિમા શતક



પૂ.સા.શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયગણિપુંગવ સંકલિત
પૌર્ણિમાગચ્છીય શ્રીમદ્ ભાવપ્રભસૂરિકૃત લઘુવૃત્તિ સમેત

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009
Phone : (079) 23276252, 23276204-5

# પ્રતિમા શતક

(ગુજરાતી ભાવાનુવાદ)

• માર્ગદર્શક-પ્રેરણાદાતા-શુભાશિષદાતા •

અધ્યાત્મયોગી પરમતારક ગુરુદેવશ્રી આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી** મહારાજા

• ભાવાનુવાદકારિકા •

સુવિશાલ ગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સમુદાયના
પૂ.સાધ્વીજી **શ્રીજયપ્રજ્ઞાશ્રીજી** મહારાજ સાહેબના શિષ્યા
પૂ.સાધ્વીજી શ્રી **સૌમ્યજ્યોતિશ્રીજી** મહારાજ

• પ્રકાશક •

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ
C/o. હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ,
રતન ટોકીઝ સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧૩૦૫

વિ.સ.૨૦૬૧ | પ્રથમ આવૃત્તિ-૫૦૦ | વીર સં.૨૫૩૧

મૂલ્ય : રૂા.૧૦૦/-

ACH

સંપૂર્ણ

આર્થિક સહયોગ

વર્ધમાન તપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી**

મહારાજના શિષ્યરત્ન અધ્યાત્મવિદ્યા

વિશારદ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

વિજય **રાજશેખરસૂરીશ્વરજી** મહારાજાની

પાવનીય પ્રેરણાથી **શ્રી કુંથુનાથ ભગવાન જૈન**

**દહેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ** સિસોદરા

(ગણેશ)-નવસારી પોતાના જ્ઞાનનિધિ દ્રવ્યમાંથી

આ પુસ્તકનો સંપૂર્ણ લાભ લીધેલ છે

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

ખુબ ખુબ અનુમોદના કરે છે

## સૂચના

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

## શ્રી જિન પ્રતિમા સ્તવન

*(રાગ - એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે)*

એ જિનપ્રતિમા પૂજો મેરે પ્યારે, એ જિનપ્રતિમા પૂજો.
દુનિયામાં દેવ ન દૂજો મેરે પ્યારે...એ...
કરજોડી જિનપ્રતિમા વંદી ઠાણાંગને અનુસારે,
ઠવણા નિક્ષેપાની રચના કહીશું, ગુરુગમવિધિ સુધા રે. મેરે...૧..

શ્રીજિનપ્રતિમા જિનવર સરિખી, જિનવર ગણધર ભાખી.
મુનિવર સુરનર વંદન પૂજા, અનેક સૂત્ર છે સાખી. મેરે...૨..

જંઘા વિદ્યાચારણ મુનીસર, જાત્રા કારણ જાવે.
પાંચમે અંગે ભગવતી સૂત્રે, વીસમો શતક દેખાવે. મેરે..૩..

સૂર્યાભદેવે જિનપ્રતિમા પૂજી, રાયપસેણી ભાખે,
વિજયદેવ સિદ્ધ પ્રતિમા પૂજી, જીવાભિગમે દાખે. મેરે...૪..

ઈન્દ્રાદિક સર્વદેવ મળીને, સ્વર્ગ વિમાને દેખો.
જિનેશ્વરની દાઢા પૂજે, જંબૂપન્નત્તિને પેખો. મેરે...૫..

સિદ્ધારથરાજા ત્રિશલારાણી, નિર્મલ સમકિતધારી,
અષ્ટદ્રવ્ય શું પૂજા કીધી, કલ્પસૂત્રે અધિકારી. મેરે...૬..

સંપ્રતિરાજા ધર્મનો ધોરી, ત્રિખંડ કીર્તિ વ્યાપી,
સવાલાખ જિન દેહરાં કરાવ્યા, સવાક્રોડ બિંબ સ્થાપી. મેરે...૭..

અષ્ટાપદગિરિ ભરત નરેસર, બિંબ ચોવીશી સ્થાપી.
આવશ્યકસૂત્રે ગણધર ભાખી, તો હી ન માને પાપી. મેરે...૮..

અભયકુમારે જિનપ્રતિમા ભેજી, આર્દ્રકુમાર બોધ પાયો.
ચારિત્ર લઈને મુક્તિ પામ્યો, સુયગડાંગ પાઠ દીખાયો. મેરે...૯..

મનોમતિશું કુમતિ બોલે, ઊંધો પ્રમુખ બતાવે,
શાહુકારજનનો નામ ધરાવે, સૂત્ર આધાર દીખાવે. મેરે...૧૦..

ગૃહવાસમાં વસતા જિનવર, જિનપ્રતિમા નિત્ય પૂજે,
છઠ્ઠે અંગે મલ્લી જિનેશ્વર, એહ અધિકાર સૂઝે. મેરે...૧૧..

જિનવરબિંબ વિના નવિ પૂજું, આણંદાદિક બોલે.
સૂત્ર ઉપાસક ગણધર ભાખે, નહિ કોઈ એહની તોલે. મેરે...૧૨..

તુંગીયા નગરી શ્રાવક બહુલા, પંચમ અંગ દીખાવે,
જિનપ્રતિમાની પૂજા કરીને, પછી ગુરુવંદન જાવે. મેરે...૧૩..

સૂત્ર સમવાયાંગ આવશ્યક બોલે, જલથલફૂલ લાવે,
સમકિત થાપનાધારી શ્રાવક, પ્રભુજીને ફૂલ ચડાવે. મેરે...૧૪..

ફૂલપૂજા પ્રતિમાની કરતાં, કુમતિ પાપ બતાવે,
કલ્પસૂત્રે દેખો ફૂલની પૂજા, નાગકેતુ કેવલ પાવે. મેરે...૧૫..

પાંચ કોડી ફૂલડે પ્રભૂ પૂજી, પામ્યો દેશ અઢાર,
એકાવતારી ભવને પામ્યો. કુમારપાળ ભૂપાળ. મેરે...૧૬..

જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માંગે.
શક્રસ્તવનો પાઠ જ ભણતી, પ્રભુગુણ અનુભવ રાગે. મેરે...૧૭..

ભીંતમાં ચિત્રની નારી આલેખી, ત્યાં મુનિને નવિ રહેવો.
દશવૈકાલિક આઠમા અધ્યયને, એ ન્યાય પ્રતિમા લેવો. મેરે...૧૮..

સદ્‌ગુણ આણા ધારક મુનિવર, જિનમારગ સત્ય ભાખે,
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, કૂડકપટ નવિ રાખે. મેરે...૧૯..

નિજપક્ષપાતમેં કુમતિ પડીયા, જિનપ્રતિમા નવિ માને,
વિધવાનારી ગર્ભના ન્યાયે, સૂત્રપાઠ રાખે છાને. મેરે...૨૦..

ચક્ષુદર્શનાવરણીસુ કુમતિ, જિનપ્રતિમા નવિ દેખે,
ઉગ્યો પ્રભાતે રવિ ઝળહળતો, ઘૂવડ તેજ ન પેખે. મેરે...૨૧..

પોતે મનને કુમતિ જાણે, પ્રતિમા સૂત્રમાં બોલી,
નિજ જનની ડાકણ જાણે, મુખ શું ન કહે ખોલી. મેરે...૨૨..

જે જિનવરની પ્રતિમા ન પૂજે, તે નવ દંડક જાશે.
સૂત્ર આધારે પ્રતિમા પૂજે, મુક્તિ તણા ફલ પાસે. મેરે...૨૩..

ચારનિક્ષેપા ઠાણાંગે ભાખ્યાં, અનુયોગ દ્વાર દિખાવે,

એકને આવરે અન્યને છંડે, કુમતિને લાજ ન આવે. મેરે...૨૪..

સૂતો માણસ શબ્દ શું જાણે, જાગતાં કબુ ન જાગે,
જાણંતો જિનવચન ઉત્થાપે, સમકિત દૂરે ભાગે. મેરે...૨૫..

ઈત્યાદિક સૂત્ર પાઠ સુણીને, કુમતિ દૂર કરીજે,
દ્રવ્ય ભાવે પ્રભૂ પૂજા રચીને, નરભવ લાહો લીજે. મેરે...૨૬..

પાંચમે આરે સાધુ શ્રાવકનો, દોય આધાર સત્ય જાણો.
શ્રી જિનાગમ જિનવર પ્રતિમા, સદ્ગુણ કરી આણો. મેરે...૨૭..

તપગચ્છ દિનમણી સરિખા દીપે, શ્રી હર્ષવિજય ગુરુરાયા,
તસપદપંકજ ચંદ્રવિજય ગુરુ, જિતવિજય ગુણ ગાયા. મેરે પ્યારે...૨૮.

## અનુક્રમણિકા


| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| | **જિનપ્રતિમા-ઉત્થાપક, મુક્તિમાર્ગલોપક લુંપકમતનું ખંડન** | | |
| ૧ | લઘુવૃત્તિકારનું મંગલાચરણ તથા ટીકાકારનું મંગલમય દ્વારકાવ્યાર્થ | ૧થી૪ | ૨ |
| ૨ | પ્રતિમા મહિમાગાન | ૧ | ૪ |
| ૩ | સ્થાપનાનિક્ષેપદ્વારા નામાદિ ત્રણ નિક્ષેપની ભાવનિક્ષેપ સાથે તુલ્યતા | ૨ | ૮ |
| ૪ | બ્રાહ્મીલિપી નમસ્કરણીય. પ્રતિમા પણ વંદનીય પ્રતિમા અપૂજક-કુમતિની મૂઢતા પ્રકટીકરણ | ૩ | ૨૧ |
| ૫ | નામ પ્રતિબંદિ સ્થાપનાનું સ્થાપન | ૪ | ૨૩ |
| ૬ | પ્રતિમા અપલાપકનો ઉપહાસ અને પ્રતિમાપૂજકની સ્તુતિ | ૫ | ૨૮ |
| ૭ | જિનપ્રતિમા સ્વીકૃતિ-કુમતિજનિત આશંકાનું નિરાકરણ | ૬ | ૩૪ |
| ૮ | ચારણમુનિઓની કૌતુકથી ચૈત્યવંદના પણ ન સ્વાભાવિકી વંદના તેવી કુમતિજન -શંકાનું ખંડન. | ૭ | ૩૬ |
| ૯ | વદે વાણી ચૈત્યાર્થ જ્ઞાન, બને કુમતિ ઉપહાસપાત્ર, કરે વ્યાકરણ-નિયમાનુસારે નિરુત્તર | ૮ | ૩૯ |
| ૧૦ | દેવોને જિનપ્રતિમા વંદનીય-સ્તવનીય તેનું સ્તુતિગર્ભિત વર્ણન | ૯ | ૪૪ |
| ૧૧ | દેવોએ જિનપ્રતિમા સ્વરૂપ દાઢાનું કરેલું પૂજન. આશાતનાત્યાગ સ્વરૂપ વિનયનું પ્રકટીકરણ. શું દુર્મતિરૂપ ઘુવડની નિદ્રાહરણ ન કરે ? | ૧૦ | ૪૬ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| ૧૨ | સૂર્યાભદેવે કરેલી પ્રભુભક્તિ, રાજપ્રશ્નીયોપાંગ સૂત્રોક્તિ | ૧૧ | ૪૯ |
| ૧૩ | સૂર્યાભદેવની પ્રભુપૂજનમાં હિતાર્થિતાનો નિષેધ કરતો કુમતિનો પોકાર | ૧૨ | ૫૨ |
| ૧૪ | જિનપ્રતિમાપૂજન દેવોની સ્થિતિ એહવી કુમતિની મતિ. અનેક યુક્તિઓ દ્વારા કરેલી ઉપહાસ્યતા. | ૧૩ | ૫૫ |
| ૧૫ | દેવોની પ્રતિમાપૂજનના ભેદોનું નિર્દર્શન. કુમતિઓની અજ્ઞાનતાનું પ્રદર્શન. | ૧૪ | ૫૭ |
| ૧૬ | ચરમશરીરની ભેટ અર્પતી સૂર્યાભદેવની ભક્તિ. દેવસ્થિતિ નહિ પણ આચારસ્થિતિ | ૧૫ | ૬૧ |
| ૧૭ | દેવોની અધાર્મિકતા તેથી જિનપૂજનાદિની અપ્રમાણતા તે મતનું નિરાકરણ | ૧૬ | ૬૩ |
| ૧૮ | દેવોમાં ધર્મસ્થાપક ગુણદર્શન કરાવવા દ્વારા કુમતિ ઉપર આક્ષેપ પ્રકટન | ૧૭ | ૬૫ |
| ૧૯ | દેવોનું ભક્તિકૃત્ય મુનિઓને ન અનુમોદનીય, તેથી દેવે કરેલી ભક્તિ ન ધર્મકરણીય તે શંકાની અસિદ્ધિ બતાવવાપૂર્વક નિરાકરણ | ૧૮ | ૬૬ |
| ૨૦ | સૂર્યાભદેવની નૃત્યસંબંધી પરમાત્માને પૃચ્છા, ભગવાનની મૌનદર્શિતા તે સંબંધી આકાંક્ષાનું સમાધાન. | ૧૯ | ૬૯ |
| ૨૧ | પ્રભુવાણીનો વિચિત્રક્રમ | ૨૦ | ૭૦ |
| ૨૨ | ભક્તિકર્મમાં પ્રભુનું મૌન. લુંપાકનો મિથ્યા પ્રલાપ. તેનો કરેલો નિષેધ | ૨૧ | ૭૮ |
| ૨૩ | ભરતાદિની કામવાસનાનો નિષેધ. જિનાલય કરવાનું વિધાન. દૃષ્ટાંતપૂર્વક સમાધાન. | ૨૨ | ૮૪ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| ૨૪ | સાધુને દ્રવ્યસ્તવ અનુમોદનીય સિદ્ધાંતદ્વારા સ્થાપન | ૨૩ | ૮૬ |
| ૨૫ | દ્રવ્યસ્તવમાં ભક્તિ અને હિંસાની મિશ્રતા, લુંપાકની તે બાબતમાં શંકા અને તેનું વિદ્વત્તાપૂર્ણ સમાધાન. | ૨૪ | ૮૮ |
| ૨૬ | દ્રવ્યસ્તવ અનુપદેશનીય તેથી ન અનુમોદનીય એવી કુમતિની વાણીનું હેતુપૂર્વક સમાધાન | ૨૫ | ૯૦ |
| ૨૭ | દયા-પરિણામી-આજ્ઞાનુસારી સાધુને હિંસામાં અનુમોદના તથા અનુમતિના અભાવ સંબંધી વિસ્તૃત વર્ણન. | ૨૬ | ૯૩ |
| ૨૮ | મુનિને પૂજા વિગેરે કરવા યોગ્ય કેમ નથી ? એવી શંકાનું હેતુપૂર્વક સમાધાન. | ૨૭ | ૯૫ |
| ૨૯ | દ્રવ્યસ્તવની અનુમોદના-ભાવસ્તવની વૃદ્ધિ અર્થે અપેક્ષણીય તો દ્રવ્યપૂજા અપેક્ષણીય કેમ નહીં ? તેનું સમાધાન. | ૨૮ | ૯૯ |
| ૩૦ | ભાવસ્તવ અને દ્રવ્યસ્તવનો સંબંધ, મુનિને ભાવસ્તવ સાથે દ્રવ્યસ્તવ અનપેક્ષણીય. તેનું સમાધાન. | ૨૯ | ૧૦૧ |
| ૩૧ | મુનિ અને શ્રાવકના સામર્થ્યની તરતમતાદર્શન. ઉપદેશ શ્રાવકને દ્રવ્યપૂજાની આવશ્યકતાદર્શક | ૩૦ | ૧૦૩ |
| ૩૨ | દ્રવ્યસ્તવમાં સમાવિષ્ટ ગુણપ્રદર્શન | ૩૧ | ૧૦૫ |
| ૩૩ | સંઘ અને સજ્જનોની સંગતિ. વાજિંત્રાદિ દ્વારા પ્રભુભક્તિ. અરિહંત ગુણમાં લીનતા. ભેદભ્રમની વિનાશિતા. | ૩૨ | ૧૦૭ |
| ૩૪ | પૂજા-પૂજક-પૂજ્યની એક સંગતિ. ધ્યાનક્ષણે મૈત્રીની અભિવ્યક્તિ. વૈરાદિ ઉપદ્રવોની સમાપ્તિ. | ૩૩ | ૧૦૯ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| ૩૫ | ભાવાપત્તિનાશક દ્રવ્યસ્તવની નિર્દૂષણતા બતાવી-યુક્તિસહિત સમાધાન. | ૩૪ | ૧૧૧ |
| ૩૬ | ભાવાપત્તિનિવારણગુણથી કરેલી સ્થાપનાની દઢતાદર્શન | ૩૫ | ૧૧૩ |
| ૩૭ | રાગપ્રાપ્ત નદી ઉત્તરણમાં સંખ્યાનિયમ. નદી ઉતરવામાં વૈષમ્યતાનો અભાવ. છતાં લુંપાકનું જળની નિંદા કરું છું અને જળ પીવું છું. એવું વિધાન. | ૩૬ | ૧૧૪ |
| ૩૮ | મુનિને નદી ઉતરવામાં નિર્દોષતા. તેનું ન્યાયયુક્ત સમાધાન. | ૩૭ | ૧૧૬ |
| ૩૯ | જિનશાસનની ઉન્નતિ કરનાર, દ્રવ્યસ્તવમાં ઉદ્યમવંત શ્રાવકને હિંસાનો દોષ લાગતો નથી. તેનું દૃષ્ટાંતદ્વારા સમાધાન. | ૩૮ | ૧૧૮ |
| ૪૦ | શ્રી ઋષભદેવ ભગવાનની વ્યવહારિક પ્રવૃત્તિ તે સબંધી નિર્દોષતાનું વર્ણન. | ૩૯ | ૧૨૦ |
| ૪૧ | મહાનિશીથસૂત્ર કથિત પ્રામાણિકપણાની મહોરછાપ. | ૪૦ | ૧૨૨ |
| ૪૨ | શ્રી મહાનિશીથસૂત્રમાં ગણધરકથન. શ્રાવકોને કરણીય પ્રભુની પુષ્પાદિ દ્વારા પૂજા તથા દ્રવ્યસ્તવનો ઉપદેશ. | ૪૧ | ૧૨૪ |
| ૪૩ | શ્રી મહાનિશીથસૂત્રમાં કુમતિઓનું દૂષણ તથા તેનું કરેલું સમાધાન. | ૪૨ | ૧૨૬ |
| ૪૪ | જિનાલય કરવામાં કુવલયાચાર્યે આપેલો ઉપદેશ. તેમાં કુમતિઓએ કરેલી આશંકાનું સમાધાન. | ૪૩ | ૧૨૮ |
| ૪૫ | કુવલયાચાર્યે કરેલું ઉન્માર્ગનું નિવારણ-સન્માર્ગની સ્થાપના. | ૪૪ | ૧૩૦ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| ૪૬ | દુષ્ટબુદ્ધિવાળા શુદ્ધને દોષાન્વિત કરે, માધ્યસ્થપુરુષો વિવેકપૂર્વક શલ્યરહિત કરે. | ૪૫ | ૧૩૨ |
| ૪૭ | વજ્રસ્વામી દષ્ટાંત દ્વારા યાત્રા નિષેધનું નિરાકરણ. | ૪૬ | ૧૩૩ |
| ૪૮ | વ્રતધારી મુનિઓને જિનબિંબ નમનનો અનાદેશ- તેવી કુમતિની વાણીનું સમાધાન. | ૪૭ | ૧૩૫ |
| ૪૯ | પ્રતિમાભક્તિ દ્વારા પ્રતિમા વેયાવચ્ચ શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રની સાક્ષી | ૪૮ | ૧૩૭ |
| ૫૦ | ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન. શ્રી પ્રશ્નવ્યાકરણમાં નિર્દેશ એવી કુમતિઓની વાણીનું ખંડન. | ૪૯ | ૧૪૧ |
| ૫૧ | વેયાવચ્ચની ચોથાગુણસ્થાનકમાં કરેલી અર્થઘટના. | ૫૦ | ૧૪૨ |
| ૫૨ | શ્રાવકનાં તપથી ચડિયાતો ગુણ સમકિત. સમકિત અંગ બને ભક્તિ. | ૫૧ | ૧૪૪ |
| ૫૩ | પુષ્પાદિ જીવોના વધ દ્વારા થતી પૂજાથી ધર્મ કેમ સંભવે ? | ૫૨ | ૧૪૬ |
| ૫૪ | પરમાત્મારૂપી વૈદ્યે બતાવેલ શ્રેષ્ઠૌષધ. કુશાસ્ત્રમાં પ્રરૂપિત હિંસા, સત્ક્રિયાની સ્થિતિરૂપ નથી. | ૫૩ | ૧૪૭ |
| ૫૫ | યાગીયવધ અધર્મફલજનક | ૫૪ | ૧૪૯ |
| ૫૬ | અપવાદ પણ ઉત્સર્ગની રક્ષા કાજે. સત્ત્વશુદ્ધિ જાપાદિ દ્વારા, ન શ્યેનાદિ વધ દ્વારા. | ૫૫ | ૧૫૨ |
| ૫૭ | દોષવાળી જિનપૂજા, નિર્દોષ સામાયિક ક્રિયા એવી કુમતિની વાણીનું યુક્તિપૂર્વક સમાધાન. | ૫૬ | ૧૫૭ |
| ૫૮ | ચૈત્યપૂજામાં આરંભની શંકા. તેનાથી ઉત્પન્નદોષનું વર્ણન. | ૫૭ | ૧૬૦ |
| ૫૯ | સાવદ્યકર્મનો સંક્ષેપ કરનાર-પાપભીરુ શ્રાવક દ્રવ્યપૂજાનો અધિકારી નથી એમ દષ્ટાંત દ્વારા ઉપદેશ | ૫૮ | ૧૮૮ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| ૬૦ | શુભભાવવાળા ક્રિયાકરનાર શ્રાવકને દ્રવ્યસ્તવમાં હિંસાભાવ તેનું યુક્તિપૂર્વક સમાધાન | ૫૯ | ૧૬૩ |
| ૬૧ | દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ-દુર્ગતાનારી સદ્‌ગતિ પામી | ૬૦ | ૧૬૫ |
| ૬૨ | કૂપદષ્ટાંત વિવેચન. ભક્તિમાં શક્તિ. | ૬૧ | ૧૬૭ |
| ૬૩ | જિનપૂજામાં થતી હિંસા અનર્થદંડરૂપ કે અર્થદંડરૂપ ? એનું વિસ્તારપૂર્વક સમાધાન. | ૬૨ | ૧૬૯ |
| ૬૪ | આનંદાદિ શ્રાવકનાં દષ્ટાંતો. કુમતિની મૂઢતાસૂચક વ્યાખ્યાન. | ૬૩ | ૧૭૧ |
| ૬૫ | સુવર્ણગુલિકાનું દષ્ટાંત. | ૬૪ | ૧૭૫ |
| ૬૬ | દ્રૌપદીએ કરેલી જિનપૂજા, દ્રૌપદીએ નારદની નહીં કરેલી સત્કારપૂજા. ઉભયવાત દ્વારા લુંપાકની (પ્રતિમા લોપકની) મૂઢતાનું પ્રદર્શન. | ૬૫ | ૧૭૮ |
| ૬૭ | દ્રૌપદીએ પાણિગ્રહણ મહોત્સવમાં કરેલ જિનપૂજન, ઈહલૌકિક માંગણી અભાવદર્શક. | ૬૬ | ૧૮૧ |
| ૬૮ | દ્રૌપદીના દષ્ટાંતથી વીરપ્રભુના પિતાએ કરેલ જિનપૂજા સ્વરૂપ યાગ. દર્શાવે કુશાસ્ત્ર સ્થિતિ ત્યાગ | ૬૭ | ૧૮૩ |
| ૬૯ | લુંપકમતનો ઉપસંહાર, જિનપૂજકની ભવ્યતા દર્શન | ૬૮ | ૧૮૪ |
| ૭૦ | "જિનપૂજા વ્યર્થ છે" પ્રલાપ કરનાર લુંપકની વાણી મિથ્યા. "જિનપૂજા સુખદાયી છે" વિદ્વાનોની વાણી સત્ય. | ૬૯ | ૧૮૬ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| | **ધર્મસાગરમતનું ખંડન.**<br>**જિનપૂજન મંડન.**<br>**સર્વજ્ઞપૂજા-સ્તવકીર્તન.** | | |
| ૭૧ | વર્તમાનમાં વિધિની દુર્લભતા. | ૭૦ | ૧૮૯ |
| ૭૨ | વિધિકારિત પ્રતિમાની પૂજ્યતા વર્ણન. | ૭૧ | ૧૯૧ |
| ૭૩ | વર્તમાનમાં સર્વત્ર પ્રાયઃ તુલ્યતા દર્શન. | ૭૨ | ૧૯૪ |
| ૭૪ | પ્રતિમા અને દ્રવ્યલિંગીમાં વિષમતાદર્શન. | ૭૩ | ૧૯૫ |
| ૭૫ | વંદનીયતામાં અપ્રગટદોષો બાધક નથી. | ૭૪ | ૧૯૭ |
| ૭૬ | પ્રતિષ્ઠાફળ વિષયક પરમતનું ખંડન.<br>સત્યપ્રતિષ્ઠાનું મંડન. | ૭૫ | ૧૯૯ |
| ૭૭ | પૂજાફળમાં પ્રત્યભિજ્ઞા પ્રયોજક. | ૭૬ | ૨૦૧ |
| ૭૮ | પાર્શ્વસ્થપ્રધાન વર્તમાનકાળ. | ૭૭ | ૨૦૪ |
| ૭૯ | પ્રતિમાની પૂજ્યતામાં નિશ્રિતાદિભેદ અપ્રયોજક. | ૭૮ | ૨૦૫ |
| ૮૦ | ભક્તિભાવથી પ્રેરાયેલા ગ્રંથકારની અંતઃકરણથી<br>પ્રતિમાની અદ્‌ભૂત સ્તવના. | ૭૯ | ૨૦૬ |
| ૮૧ | ઉપમાદર્શક પદાર્થો દ્વારા પ્રતિમા ગુણગાન | ૮૦ | ૨૦૮ |
| | **પાર્શ્વચંદ્રમતનું નિરાકરણ, જિનપૂજનથી**<br>**પુન્યકર્મબંધ કહેનારા વાદીનું નિરાકરણ,**<br>**જિનપૂજા-સ્તવના ગ્રંથકારની પ્રશસ્તિ** | | |
| ૮૨ | દ્રવ્યસ્તવ મિશ્રરૂપ છે એવા<br>પાર્શ્વચંદ્રીયમતનું ઉન્મૂલન. | ૮૧ | ૨૧૧ |
| ૮૩ | ધર્માધર્મની ચતુર્ભંગીદર્શન, તે દ્વારા<br>પાર્શ્વચન્દ્રમતનું ખંડન. | ૮૨ | ૨૧૩ |
| ૮૪ | શુભાશુભભાવ મિશ્રતા વિકલ્પ અસિદ્ધ. | ૮૩ | ૨૧૫ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| ૮૫ | જયણાશુદ્ધિથી નદીઉત્તરણ શુદ્ધધર્મ. | ૮૪ | ૨૧૭ |
| ૮૬ | જયણાયુક્ત શ્રાદ્ધક્રિયા સાધુક્રિયા તુલ્ય. | ૮૫ | ૨૧૮ |
| ૮૭ | યતનાયુક્ત દ્રવ્યસ્તવની વિધેયતા. | ૮૬ | ૨૨૧ |
| ૮૮ | અશુભભાવ શુભક્રિયા મિશ્રતાનું ખંડન-તૃતીયપક્ષ. | ૮૭ | ૨૨૨ |
| ૮૯ | શુભાશુભક્રિયા મિશ્રતા વિરુદ્ધ. | ૮૮ | ૨૨૪ |
| ૯૦ | નિશ્ચયથી શુભાશુભ મિશ્રયોગની અસંગતિ. | ૮૯ | ૨૨૬ |
| ૯૧ | મિશ્રકર્મબંધનું નાસ્તિત્વ. | ૯૦ | ૨૨૭ |
| ૯૨ | મિશ્રપક્ષની ધર્મમાં અંતર્ગતતા. | ૯૧ | ૨૨૯ |
| ૯૩ | શ્રમણોપાસકને દ્રવ્યસ્તવનો અધિકાર નથી એમ પાર્શ્વચન્દ્રમતનું નિરાકરણ કરવા દ્વારા ગ્રંથકારે કહેલા કાવ્યનો નિર્દેશ. | ૯૨ | ૨૩૨ |
| ૯૪ | જિનપૂજનકર્મ-પુણ્યરૂપ ન ચારિત્રની જેમ ધર્મરૂપ કહેનારાના મતનું ખંડન | ૯૩ | ૨૩૬ |
| ૯૫ | લોકોત્તર અને લૌકિકપૂજા સ્વરૂપવર્ણન તેનાથી પ્રાપ્ત લાભદર્શન. | ૯૪ | ૨૩૮ |
| ૯૬ | સરાગકર્મ પુન્યરૂપ. વીતરાગકર્મ ધર્મરૂપ. | ૯૫ | ૨૪૧ |
| ૯૭ | નૈગમાદિ નય, હેતુયુક્તિયુક્ત ગ્રંથરચના. નિર્વિઘ્ન સમાપ્તિનું કારણ યોગીરાજ-ગુરુકૃપા પ્રસાદી દર્શન. | ૯૬ | ૨૪૨ |
| ૯૮ | શ્રી શંખેશ્વરપાર્શ્વનાથની સ્તુતિદ્વારા દૂષણાન્વેષીની પરાસ્તતા. | ૯૭ | ૨૪૪ |
| ૯૯ | શ્રી શંખેશ્વરપ્રભુનુ હર્ષોલ્લાસપૂર્વક ભક્તિસ્વરૂપ દર્શન. | ૯૮ | ૨૪૭ |
| ૧૦૦ | ધ્યાનનું શ્રેષ્ઠાલંબન પ્રતિમા-પરમચૈતન્યમય જ્યોતિની સ્ફૂરણા. | ૯૯ | ૨૪૯ |

| નં. | | શ્લો.નં. | પાના નં. |
|---|---|---|---|
| ૧૦૧ | વિશેષણોથી અંલકૃત જિનપ્રતિમા-ભવ્યજીવોને હિતકારી | ૧૦૦ | ૨૫૨ |
| ૧૦૨ | પરમાત્માને પ્રાર્થના બતાવો અપ્રતિપાતિ ધ્યાનનો ઉપાય | ૧૦૧ | ૨૫૩ |
| ૧૦૩ | જિનપ્રતિમા દર્શનસુખ જાણે આનંદઘન રસાસ્વાદ-સુખ | ૧૦૨ | ૨૫૫ |
| ૧૦૪ | પરમાત્માની પ્રતિમા નિર્વૃત્તિલતાકંદ-વંદન કરી પામીએ પરમાનંદ | ૧૦૩ | ૨૫૬ |
| ૧૦૫ | ગ્રંથકારે કરેલી ગુરુસ્તવના, ગુરુકૃપા પ્રભાવના. | ૧૦૪ | ૨૫૮ |
| ૧૦૬ | ટીકાકારની પ્રશસ્તિ | | ૨૫૯ |
| | **परिशिष्ट-१** | | |
| | **मूलपद्यानामकारादिक्रमः** | | २६२ |
| | **परिशिष्ट-२** | | |
| | **काव्योपयुक्तालङ्कारनिर्देशः** | | २६५ |
| | **परिशिष्ट-३** | | |
| | **ग्रन्थगतन्यायाः** | | २६५ |
| | **परिशिष्ट-४** | | |
| | **ग्रन्थनिर्दष्टग्रन्थनामानि** | | २६६ |

॥ श्री धरणेन्द्रपद्मावतीसंपूजिताय ॥

॥ ॐ ह्रीँ श्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ श्री दान-प्रेम-रामचन्द्र-हीर-महोदय-ललित-राजशेखरसूरिगुरुभ्यो नमः ॥

॥ ऐं नमः ॥

*न्यायविशारद-न्यायाचार्य श्रीमद्यशोविजय-वाचकपुंगव-सङ्कलितं*
*पौर्णिमगच्छीय-श्रीमद्भावप्रभसूरिकृत-लघुवृत्ति-समेतं*

# ॥ प्रतिमा शतकम् ॥

प्रथमोविभागः प्रथमोल्लासः ।

**જિનપ્રતિમા ઉત્થાપક**
**મુક્તિમાર્ગ લોપક**
**લુંપકમતનું ખંડન.**

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય-શ્રીમદ્યશોવિજય વાચકવરે સામાન્યજન ઉપકારાર્થે ગુર્જરભાષામાં પણ કુમતિમતઉન્મૂલન તત્પર અનેકગ્રંથો ગૂંથેલા છે. તેમજ અધ્યાત્મમતપરીક્ષા, નયરહસ્ય, ભાષારહસ્યાદિ સંસ્કૃતગ્રંથોની પણ રચના કરેલી છે. આ પ્રતિમાશતક ગ્રંથમાં ૧૦૪ શ્લોકો છે. તેમાં પરમાત્માની પ્રતિમાનું ઉત્થાપન કરનાર તથા શિવમાર્ગનો લોપ કરનાર લુંપાકમતનું ખંડન ૬૯ શ્લોકોથી કરેલું છે. ૮ શ્લોકોથી ધર્મસાગરજી મ.ના મતનું ખંડન કરેલું છે. ૨ શ્લોકદ્વારા સર્વજ્ઞની પૂજાસ્તુતિ કરેલી છે. ૧૨ શ્લોકદ્વારા ભગવાનની દ્રવ્યપૂજાનિષેધક પાર્શ્વચન્દ્રમતનું નિરાકરણ કરેલું છે. ૫ શ્લોકદ્વારા જિનચૈત્યપૂજાદિ-પુન્યકર્મવાદીનાં મતનું ખંડન કરેલું છે. ૬ શ્લોકદ્વારા જિનપૂજાસ્તુતિ કરેલી છે. શેષ એક શ્લોકદ્વારા ગ્રંથકારે સ્વપ્રશસ્તિનું વર્ણન કરેલું છે.

હવે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયવાચકવર રચિત

પ્રતિમાશતક ગ્રંથની પૌર્ણિમાગચ્છીય શ્રીમદ્ ભાવપ્રભસૂરિરચિત લઘુવૃત્તિના ભાવાનુવાદનો પ્રારંભ કરાય છે. તેમાં પ્રથમ મંગલાચરણ સ્વરૂપ શ્લોકોનું વર્ણન કરાય છે.

**લઘુવૃત્તિકારનું મંગલાચરણ-ટીકાકારનું મંગલમય દ્વારકાવ્ય–**

**लक्ष्मीपुण्यगृहेऽणहिल्लपुरके श्रीपत्तने पत्तने,**
**याथार्थ्यं दधतीहरत्नखनितो ढंढेरके पाटके ।**
**श्रीवीरः कलिकुण्डपार्श्वभगवान् प्रौढिं गतः श्यामलः,**
**पार्श्वो नाथ इति त्रयो जिनवराः कुर्वन्तु वो मङ्गलम् ॥१॥**

**શ્લોકાર્થ–** લક્ષ્મી અને પુણ્યના ધામરૂપ, અણહિલ્લપુર પાટણનગરમાં, રત્નની ખાણવડે યથાર્થપણાને ધારણ કરનારા ઢંઢેરક નામના પાડામાં શ્રીવીરપ્રભુ, શ્રીકલિકુંડ પાર્શ્વનાથભગવાન અને ઉન્નતિને પામેલા શામળા પાર્શ્વનાથપ્રભુ, આ ત્રણે જિનેશ્વર ભગવંતો તમારું મંગલ કરો...૧

**नित्यं स्नात्रमहैरिहैव भविकैः पुष्पादिभिः पूजितः,**
**सद्भिः साधुगणैर्हृदम्बुजपदे संस्थापितो भावतः ।**
**श्री पञ्चासरपार्श्वनाथ इति यः प्रसिद्ध्यमग्र्यं गतः**
**सोऽयं वो विदधातु वाञ्छितततिं चिन्तामणीतोऽधिकः ॥२॥**

**શ્લોકાર્થ–** ભાવિક લોકોએ અહીં પાટણમાં જ નિત્ય સ્નાત્રમહોત્સવ વડે અને પુષ્પાદિ વડે જેની પૂજા કરેલી છે. વળી સજ્જનો અને સાધુઓએ હૃદયકમલમાં ભાવથી જેને સ્થાપન કરેલા છે. જે ચિંતામણીથી પણ અધિક પ્રભાવશાળી છે. અને જે પંચાસરા પાર્શ્વનાથના નામથી શ્રેષ્ઠ પ્રસિદ્ધિને પામેલા છે તે શ્રીપાર્શ્વનાથપ્રભુ તમારા મનોવાંછિત પદાર્થોની શ્રેણિને કરો...૨

**ध्यात्वा सारस्वतं तेजो महिमाप्रभं चित्प्रदम् ।**
**पूर्णिमीयगणाधीशश्रीभावप्रभसूरिभिः ॥३॥**
**प्रतिमाशतकवृत्तेर्वृत्तिरीषत्पृथक्कृता ।**
**सूत्रमात्रार्थदा शिष्यज्योतिरत्नस्य हेतवे ॥४॥ युग्मम्॥**

**શ્લોકાર્થ–** મહિમાવંતી પ્રભાવાળા અને જ્ઞાનપ્રકાશ દેનારા એવા સારસ્વત(=સરસ્વતી સંબંધી) તેજનું ધ્યાન કરી અર્થાત્ સારસ્વતમંત્રનું ધ્યાન ધરી પુનમીઆ ગચ્છના સ્વામી શ્રી ભાવપ્રભસૂરિએ પોતાના જ્યોતિરત્ન નામના શિષ્ય માટે માત્ર સૂત્રના અર્થને સૂચવનારી આ ટીકા પ્રતિમાશતક ગ્રંથની વૃત્તિમાંથી કાંઈક જુદી કરેલી છે...૩-૪

**लुम्पाकैः प्रतिमाप्रपूजनविधौ दुष्टैर्निषिद्धा स्फुटं,**
**सा गच्छान्तरनिश्रिता परिहृता तद्वत्तदंशाश्रितैः ।**
**प्रोक्तार्च्यापि च मिश्रपक्षमिलिता सा पाशदोषाकरैः,**
**कैश्चित्पुण्यफलाय पण्डितवरैः सा पूजिता निर्जरा ॥५॥**

**શ્લોકાર્થ–** દુષ્ટ લુંપાક (સ્થાનકવાસી-તેરાપંથી) પુરુષોએ પ્રતિમાપૂજન-વિધિનો સ્પષ્ટ નિષેધ કરેલો છે. એના અંશનો આશ્રય કરી કેટલાક અન્યગચ્છવાસીઓએ તેમની જેમ પ્રતિમાને છોડી દીધી છે. [૧]પાશદોષના ખાણરૂપ કેટલાકોએ (પ્રતિમાપૂજક-પ્રતિમા અપૂજક) એમ મિશ્રપક્ષમાં મળેલી (= રહેલી) તે પ્રતિમાને પૂજવા યોગ્ય કહેલી છે, અને કેટલાક શ્રેષ્ઠપંડિતોએ નિર્જરાનું કારણ એવી તે પ્રતિમાની પુણ્યફલ માટે પૂજા કરેલી છે...૫

**उपोद्घातवचनकर्णिका–** क्षेपककाव्यमिदं द्वाररूपं ज्ञेयं । अथ कृतशत-ग्रन्थेन महोपाध्यायश्रीयशोविजयेन ग्रन्थोऽयं प्रतिमाशतकनामा कृतः तत्रेदं प्रतिमाविषयाशङ्कानिराकरणस्य चिकीर्षितत्वात्प्रतिमास्तुतिरूपमिष्टबीजप्रणि-धानपुरस्सरमाद्यं पद्यमाह–

આ ક્ષેપકકાવ્ય આ ગ્રંથના દ્વારરૂપ જાણવું. સો ગ્રંથના પ્રણેતા (=રચનારા) મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ આ પ્રતિમાશતક નામના ગ્રંથની રચના કરી છે. તેમાં પ્રતિમા સંબંધી શંકાનું નિરાકરણ કરવાની ઈચ્છાથી પ્રતિમાની સ્તુતિરૂપ, ઈષ્ટબીજના પ્રણિધાનપૂર્વક (=ધ્યાનપૂર્વક) પ્રથમપદ્ય (=શ્લોક) કહે છે–

૧.પાશ એટલે બંધન. બંધન એટલે કર્મબંધ. જેનાથી હિંસા થાય તેવા પુષ્પો વગેરેથી પૂજા કરવાથી કર્મબંધ થાય. આથી જે પૂજાના સાધનોથી હિંસા થાય તેવા ફૂલ વગેરેથી પૂજા ન કરવી, પણ વાસક્ષેપ વગેરેથી પૂજા કરવી આમ મિશ્રપક્ષ છે. આવો તાત્પર્ય અહીં હોવો જોઈએ.

● પ્રતિમા મહિમાગાન ●

ऐन्द्रश्रेणिनता प्रतापभवनं भव्याङ्गिनेत्रामृतं,
सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ।
मूर्तिः स्फुर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्-
मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥१॥

**શ્લોકાર્થ–** ઈંદ્રોની શ્રેણિવડે નમસ્કાર કરાયેલી, પ્રતાપના ઘરરૂપ, ભવ્યજીવોના નેત્રને વિષે અમૃતસમાન, સિદ્ધાંતના રહસ્યો વિચારવામાં ચતુરપુરુષોએ પ્રીતિથી પ્રમાણભૂત માનેલી અને સ્ફૂરાયમાન એવી શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમા સદા વિજય પામે છે. અને તે પ્રતિમા વિવિધરીતે વિસ્તાર પામતા મોહના ઉન્માદથી અને ગાઢપ્રમાદરૂપી મદિરાપાનથી ઉન્મત્ત બનેલા કુમતિવાળા પુરુષોએ જોઈ નથી...૧

**व्याख्या–** जैनेश्वरी मूर्त्तिः सदा विजयत इत्यन्वयः । जिनेश्वराणामियं जैनेश्वरी मूर्त्तिः प्रतिमा सदा व्यक्त्या(क्त्या) प्रवाहतश्च निरन्तरं विजयते सर्वोत्कर्षेण वर्तते, अत्र जयतेरर्थ उत्कर्षः''पराभवे तथोत्कर्षे जयत्यन्ते त्वकर्मकः'' इत्याख्यातचन्द्रिकावचनात् । सर्वाधिकत्वं च वेरुपसर्गस्येति बोध्यं ।

**ભાવાર્થ–** જિનેશ્વર ભગવંતની પ્રતિમા સદા વિજય પામે છે. એ પ્રમાણે અન્વય જાણવો. જૈનેશ્વરી=જિનેશ્વર સંબંધી. મૂર્તિ=પ્રતિમા, અર્થાત્ જિનેશ્વર ભગવંતની પ્રતિમા. તે હંમેશા વ્યક્તિની અપેક્ષાએ અને પ્રવાહની અપેક્ષાએ સર્વોત્કર્ષ રૂપે વર્તે છે. અહીં **"આખ્યાત ચંદ્રિકા"** વ્યાકરણના [1]''पराभवे तथोत्कर्षे जयत्यन्ते त्वकर्मकः'' એવા વચનથી જિ ધાતુનો અર્થ ઉત્કર્ષ થાય છે. અને વિ ઉપસર્ગ સર્વથી અધિકપણું સૂચવે છે. આનો ભાવાર્થ એ થયો કે જિનપ્રતિમા સર્વથી અધિક ઉત્કર્ષપણે વર્તે છે.

**व्याख्या–** मूर्तिः कीदृशी ? ऐन्द्रश्रेणिनता इन्द्राणामियमैन्द्री सा चासौ श्रेणिश्चेति कर्मधारयः तया नता नमिकर्मीकृता । एतेनैतदपलापकारिणामैन्द्रः

१. "जि" ધાતુ પરાભવ અને ઉત્કર્ષ એ બે અર્થમાં છે. તેમાં અહીં "जि" ધાતુ ઉત્કર્ષ અર્થમાં છે. અંતમાં એટલે કે પરાભવ અને ઉત્કર્ષ એ બે અર્થમાં અંત્ય જે ઉત્કર્ષ અર્થ છે તેમાં "जि" ધાતુ અકર્મક છે.

शापो ध्रुव इति व्यज्यते ।

**ભાવાર્થ–** (૧) **ऐन्द्रश्रेणिनता**=ઈંદ્ર સંબંધી તે ઐન્દ્રી અર્થાત્ ઈન્દ્ર સંબંધી જે શ્રેણિ તે ઐન્દ્રશ્રેણિ. તેના વડે નમન કરાયેલી છે. અર્થાત્ ભવનપતિ આદિ ચારનિકાયના ૬૪ ઈંદ્રોથી વંદન કરાયેલી છે. આ વિશેષણ દ્વારા પ્રતિમાનો અપલાપ કરનારાઓને, પ્રતિમા વિરોધીઓને, પ્રતિમાનો સ્વીકાર નહિ કરનારા જીવોને, ઈંદ્રોનો નિશ્ચે શ્રાપ લાગે છે એવો અર્થ પ્રગટ થાય છે. જે પ્રતિમાને ઈન્દ્રે નમન કરેલી હોય તેથી તેને નહીં માનનાર ઉપર ઈંદ્ર કોપાયમાન થાય છે. કેમકે વીતરાગ કાંઈ પૂજકને ઈષ્ટ આપતા નથી. તેમ વંદન નહિ કરતા જીવોનું અનિષ્ટ પણ કરતાં નથી. પણ તેમના અધિષ્ઠાયક-દેવો જ ઈષ્ટાનિષ્ટની પૂર્ત્તિ કરતાં હોય છે. (દેવનો સાચો ભક્ત દેવની આજ્ઞાથી વિરુદ્ધવચનને શું સહન કરી શકે ? ન જ સહન કરી શકે.)

**व्याख्या–** पुनः कीदृशी ? प्रतापभवनं प्रतापस्य कोशदण्डजस्य तेजसो भवनं गृहं । उक्ततेज स्थाप्यगतं स्थापनायामुपचर्य व्याख्येयं । तेनैतदपलापकारिणो भगवत्प्रतापदहनेनैवापहता भविष्यन्ति इति व्यज्यते ।

**ભાવાર્થ–** વળી આ પ્રતિમા કેવી છે ? તે કહે છે. (૨) **प्रतापभवनम्** =પ્રતાપ=કોશદંડથી થયેલ તેજ. પૂર્વે અમુક વ્યક્તિમાં અમુક દોષ છે કે નહિ તેની ખાતરી કરવા માટે તે વ્યક્તિને તપાવેલા લોઢાનો સ્પર્શ કરાવવો વગેરે દંડ કરવામાં આવતો હતો. તેને કોશદંડ કહેવાય છે. તેમાં તે વ્યક્તિ પસાર થાય તો તે શુદ્ધ(=નિર્દોષ) છે એમ સિદ્ધ થાય. આથી તેનું તેજ(=પ્રભાવ) થાય છે. આવો તેજ કોશદંડથી થયેલ તેજ(=પ્રભાવ) છે. જિનપ્રતિમા આવા તેજનું ઘર છે. અર્થાત્ જિનપ્રતિમાની પૂજા કરનારનો પ્રભાવ (તેજ) વધે છે. અહીં સ્થાપ્યસંબંધી તેજ=પરમાત્માનું સ્વાભાવિક તેજ. તેનો સ્થાપનામાં ઉપચાર કરી અથવા આરોપણ કરી તેની વ્યાખ્યા કરી છે. કારણમાં કાર્યનો ઉપચાર કરી પ્રતિમાને જ તેજધામ સ્વરૂપ જણાવી છે. આ વિશેષણ દ્વારા પ્રતિમાનો અપલાપ કરનારા જીવો ભગવાનના પ્રતાપરૂપી અગ્નિથી જ ભસ્મ થશે. એમ સ્પષ્ટાર્થ જણાય છે. અર્થાત્ તે કુમતિઓ પરમાત્માના તેજને સહન કરી શકતા નથી.

**व्याख्या**– पुनः कीदृशी ? भव्याङ्गिनेत्रामृतं भव्याङ्गिनामासन्नसिद्धिप्राणीनां नेत्रयोरमृतं पीयूषं सकलनेत्ररोगापनयनात् परमानन्दजननाच्च । एतेनैतद्दर्शनाद्येषां नयनयोर्नानन्दस्तेऽभव्या दूरभव्या वेत्यभिव्यज्यते ।

**ભાવાર્થ**– (૩) **भव्याङ्गिनेत्रामृतम्** = ભવ્યજીવ=આસન્નસિદ્ધિક જીવો. નેત્ર=આંખ. અર્થાત્ ભવ્યજીવોના નેત્ર વિશે અમૃતસમાન છે. કેમકે અમૃત નેત્રના સર્વરોગો દૂર કરે છે. તેમ પરમાત્માની મૂર્તિ ભવ્યજીવોના નેત્રને પરમાનંદદાયી છે. આ વિશેષણ દ્વારા જણાવવામાં આવે છે કે જેઓના નેત્રને પ્રતિમાના દર્શનથી આનંદ થતો નથી તે જીવો અભવ્ય અને દૂરભવ્ય છે. આવો સ્પષ્ટાર્થ જણાય છે.

**व्याख्या**– पुनः कीदृशी ? प्रमाणीकृता प्रमाणत्वेनाभ्युपगता । कैः ? सिद्धान्तोपनिषद्विचारचतुरैः सिद्धान्तानामुपनिषद्रहस्यं तद्विचारे ये चतुरास्तैः । कया ? प्रीत्या स्वरसेन न तु बलाभियोगादिना ।

**ભાવાર્થ**– (૪) **प्रमाणीकृता**=વળી પ્રતિમા કેવી છે તે કહે છે. પ્રત્યક્ષપ્રમાણ, અનુમાનપ્રમાણ, ઉપમાનપ્રમાણ અને આગમપ્રમાણ. આ ચારપ્રકાર પ્રમાણના છે. તેમાં આગમપ્રમાણથી સ્વીકારેલી છે. કોણે પ્રતિમાને પ્રમાણભૂત સ્વીકારેલી છે ? તે કહે છે– **सिद्धांतोपनिषद्विचारचतुरैः**- અહીં સિદ્ધાંત=આગમ. ઉપનિષદ્=રહસ્ય. અર્થાત્ સિદ્ધાંતના રહસ્યોને વિચારવામાં ચતુરપુરુષોએ પ્રતિમાને પ્રમાણથી સ્વીકારેલી છે. અને તે પણ **प्रीत्या** પ્રીતિથી સ્વીકારી છે. અર્થાત્ સ્વરસથી સ્વીકારી છે. પણ બલાત્કારે કે કોઈના દબાણથી નહીં.

**व्याख्या**– एतेन सिद्धान्तप्रतिमाप्रामाण्याभ्युपगमयोर्नान्तरीयकत्वात् स्वरसतः प्रतिमाप्रामाण्याभ्युपगन्ता नर एव शिष्टो मान्य इत्यावेदितं भवति, तदनभ्युपगन्ता च सिद्धान्तानभिज्ञ इति ।

**ભાવાર્થ**– આનાથી એ જણાવ્યું કે સિદ્ધાંત અને પ્રતિમાની પ્રમાણિકતાનો સ્વીકાર એ બંને સાથે જ રહેનારા છે. અર્થાત્ સિદ્ધાંતનો સ્વીકાર કરવાથી પ્રતિમાની પ્રમાણિકતાનો સ્વીકાર થઈ જ જાય છે. આથી પોતાના રસથી પ્રતિમાની પ્રમાણિકતાનો સ્વીકાર કરનાર મનુષ્ય જ શિષ્ટ

તરીકે માન્ય છે એમ જણાવ્યું છે. પ્રતિમાને ન સ્વીકારનાર સિદ્ધાંતનો જાણકાર જ નથી.

**व्याख्या**– पुनः कीदृशी ? स्फूर्त्तिमती स्फूर्तिः प्रतिक्षणवर्धमानकान्तिः सन्निहितप्रातिहार्यत्वं वा तद्वती । एतेन तदाराधकानामेव बुद्धिस्फूर्त्तिर्भवति नान्यस्येति सूच्यते ।

**ભાવાર્થ**– (૫) **स्फूर्त्तिमती** = પ્રતિક્ષણ વૃદ્ધિ પામતી કાંતીવાળી છે. અથવા અષ્ટમહાપ્રાતિહાર્યયુક્ત છે. અહીં પ્રતિમા બે પ્રકારની જોવા મળે છે. અશોકવૃક્ષાદિ અષ્ટમહાપ્રાતિહાર્યયુક્ત અને બીજી અષ્ટમહાપ્રાતિહાર્ય વિનાની. પહેલી જે પ્રતિમા છે તે પરમાત્માની અરિહંત અવસ્થા સૂચવનારી છે. જ્યારે બીજા પ્રકારની પ્રતિમા પરમાત્માની સિદ્ધાવસ્થા સૂચવનારી છે. તાત્પર્યાર્થ એ થયો કે પ્રતિમા બે જ પ્રકારની હોઈ શકે. આ વિશેષણથી પ્રતિમાના આરાધકોની જ બુદ્ધિ તેજસ્વી બને છે. પણ અન્યજીવની નહિ એમ સૂચિત થાય છે.

**व्याख्या**– पुनः कीदृशी ? अनालोकिता सादरमवीक्षितेत्यर्थः, अर्थान्तर-संक्रमितवाच्यत्वात् । कैः ? विस्फुरन्मोहोन्मादघनप्रमादमदिरामत्तैः विस्फुरन् विविधपरिणमन् यो मोहोन्मादो घनप्रमादश्च तावेव ये मदिरे ताभ्यां ये मत्तास्तैः। न च प्रमादस्य मोहेनैव गतार्थत्वादाधिक्यं, अनाभोगमतिभ्रंशादिरूपस्य तस्य ग्रहणादिति ॥१॥

**ભાવાર્થ**– વળી આ પ્રતિમા કેવી ? (૬) **अनालोकिता** = નહીં જોવાયેલી અર્થાત્ આદરપૂર્વક નહીં જોવાયેલી.

**પ્રશ્ન**– મૂળમાં તો "નહિ જોવાયેલી" એવો અર્થ છે. તો તમોએ આદરપૂર્વક નહિ જોવાયેલી એવો અર્થ કેવી રીતે કર્યો ?

**ઉત્તર**– અહીં વાચ્ય "નહિ જોવાયેલી" એવા અર્થમાં અન્ય અર્થનું સંક્રમણ કર્યુ હોવાથી નહિ જોવાયેલી એટલે આદરપૂર્વક નહિ જોવાયેલી એવો અર્થ થાય. અહીં તાત્પર્યાર્થ આ છે– જ્યારે પદ પોતાના મુખ્ય અર્થમાં સંગત ન થાય ત્યારે તે પદ પોતાના મુખ્ય અર્થને સંગત એવા અન્ય અર્થમાં સંક્રમિત કરે છે. અહીં "અનાલોકિતા" પદનો મુખ્ય અર્થ

અવલોકનનો અભાવ ઘટી શકતો નથી. કેમકે ચક્ષુવાળો જીવ સામે રહેલી વસ્તુને ન જુએ તે ઘટતું નથી. તેથી પ્રતિમાલોપકો પણ પ્રતિમાને જોઈ શકે છે. આથી મુખ્યાર્થને "સાદર અવલોકનનો અભાવ" એવા અર્થમાં સંક્રમિત કર્યો છે.

**હવે કયા જીવોએ આદરપૂર્વક પ્રતિમા નિહાળી નહીં તે જણાવતા કહે છે-** **विस्फुरन्मोहोन्मादघनप्रमादमदिरामत्तैः=विस्फुरन्** = વિવિધરીતે પરિણામ પામતો. **मोहोन्माद**=મોહરૂપી ઉન્માદ. **घनप्रमाद**=ગાઢ પ્રમાદ **मदिरा**=દારૂ-મદિરા. **मत्त**=મદોન્મત્ત. સ્ફુરાયમાન મોહરૂપી ઉન્માદ અને પ્રમાદરૂપી મદિરાના પાનથી મદોન્મત્તજીવો પરમાત્માની પ્રતિમાને આદરપૂર્વક નિહાળતા નથી. પ્રતિમામાં સાક્ષાત્ પરમાત્માના દર્શન કરતા નથી.

**પ્રશ્ન–** મોહશબ્દના ઉલ્લેખથી જ પ્રમાદનો અર્થ જણાઈ જાય છે. કારણ કે પ્રમાદ મોહરૂપ છે. તેથી પ્રમાદ શબ્દનો ઉલ્લેખ અધિક છે =નિરર્થક છે.

**ઉત્તર–** અહીં અનાભોગ, મતિભ્રંશ આદિ સ્વરૂપ પ્રમાદનું ગ્રહણ કર્યું હોવાથી પ્રમાદ શબ્દનો ઉલ્લેખ અધિક નથી. અનાભોગ આદિ આઠ પ્રકારનો પ્રમાદ આ પ્રમાણે છે.(૧) રાગ, (૨) દ્વેષ, (૩) અજ્ઞાન, (૪) સંશય, (૫) વિપર્યય, (૬) સ્મૃતિભ્રંશ, (૭) ધર્મ અનાદર અને (૮) યોગ દુષ્પ્રણિધાન. આ પ્રમાણે પ્રથમ શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.(૧)

**उपोद्घातवचनकर्णिका–** इत्येवमाद्यपद्ये प्रतिमाया निखिलप्रेक्षावदादरणीयत्वमुक्तं । अथ तदनादरकारिणो नामादिनिक्षेपत्रयस्य भावनिक्षेपतुल्यताव्यवस्थापनाद्वारेणाक्षिपन्नाह–

આ પ્રમાણે પ્રથમ શ્લોકમાં સર્વ પ્રેક્ષાવાન(=વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા) પુરુષોએ "પ્રતિમા આદરણીય છે." એમ જણાવ્યું. હવે નામાદિ ત્રણ નિક્ષેપા ભાવનિક્ષેપ તુલ્ય છે. એમ વ્યવસ્થાપિત (=સ્થાપના) કરવા દ્વારા પ્રતિમાનો અનાદર કરનારા કુમતિઓને આક્ષેપપૂર્વક કહે છે–

**नामादित्रयमेव भावभगवत्तादूरूप्यधीकारणं ।**
**शास्त्रात्स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।**

तेनार्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वतामन्धानामिव
दर्पणे निजमुखालोकार्थिना का मतिः ? ॥२॥

## નામાદિ ત્રણ નિક્ષેપની ભાવનિક્ષેપ સાથે તુલ્યતા.

**શ્લોકાર્થ–** નામાદિ ત્રણ નિક્ષેપા ભાવજિનના તદ્રૂપપણાની બુદ્ધિનાં કારણ છે. અને તે શુદ્ધહૃદયવાળા ગીતાર્થ પુરુષોને આગમપ્રમાણથી ઈષ્ટ છે. અને પોતાના અનુભવથી વારંવાર જોયેલ છે. તે કારણથી જેઓ જિનપ્રતિમાનો અનાદર કરી ભાવજિનને જ માનનારા છે તેઓની દર્પણમાં પોતાનું મુખ જોનારા અંધપુરુષોની જેમ શી બુદ્ધિ ? અર્થાત્ કોઈ બુદ્ધિ નથી...૨

**व्याख्या–** शुद्धहृदयैर्गीतार्थैः । नामादित्रयमेव नामादिपदस्य नामादि-निक्षेपपरत्वात् कृदभिहितन्यायान्निक्षिप्यमाणं नामादित्रयमेवेत्यर्थः । भावभगवतो निक्षिप्यमाणभावार्हतस्ताद्रूप्यधियोऽभेदबुद्धेः कारणं ।

**ભાવાર્થ– शुद्धहृदयैः** = શુદ્ધહૃદયવાળા [1]ગીતાર્થપુરુષોએ, નામાદિત્રણને જ. અર્થાત્ નામાદિ પદનો અર્થ નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ એમ ત્રણ નિક્ષેપા એવો લેવાનો છે.

[2]નિક્ષેપ કરાતા નામાદિ ત્રણ, નિક્ષેપરૂપે થતા ભાવરૂપ ભગવંતમાં અભેદબુદ્ધિના કારણ છે. અર્થાત્ પરમાત્માનું નામસ્મરણ પણ ભાવજિનની પ્રતીતિ કરાવે છે. પરમાત્માની સ્થાપના પણ ભાવજિનની સ્મૃતિ કરાવે છે. પરમાત્માની દ્રવ્ય અવસ્થા પણ ભાવજિનની ઓળખાણનું કારણ છે. આ ત્રણે દ્વારા પરમાત્માની ભાવાવસ્થાની અભેદાત્મક પ્રતીતિ થાય છે.

---

૧. **ગીતાર્થ–** સૂત્ર અર્થના જ્ઞાતાને ગીતાર્થ કહેવાય.

૨. **પ્રશ્ન–** મૂળગાથામાં "નામાદિ ત્રણ" એમ જણાવેલું છે. તો ગુજરાતી અનુવાદમાં "નિક્ષેપ કરાતા" એવો અર્થ કેવી રીતે થયો ?

**ઉત્તર–"कृदभिहित न्यायाद् द्रव्यवत् प्रकाशते"** એવો ન્યાય છે. તે ન્યાયથી વિશેષણદ્રવ્યની જેમ=વિશેષ્યની જેમ દેખાય છે. નામાદિ ત્રણનો નિક્ષેપકરાતા નામાદિ ત્રણ એવો અર્થ થાય છે.

એટલે કે નામ-સ્થાપના-દ્રવ્ય દ્વારા ભાવજિનમાં રહેલા અરિહંતપણાનો અભેદસ્વરૂપે સ્વીકાર થાય છે.

**व्याख्या–** शास्त्रादागमप्रमाणात् स्वानुभवात् स्वगतप्रातिभप्रमाणाच्च । मुहुर्वारंवारमिष्टं च दृष्टं चेत्यन्वयः । शास्त्रादिष्टमनुभवाच्च दृष्टं । तेन तत्त्व-प्रतिपत्त्युपायसामग्र्यमावेदितं । तदाह- योगाचार्यवचनानुवादी हरिभद्रसूरिः **"आगमेनानुमानेन ध्यानाभ्यासरसेन च । त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥१॥"** इति ।

**ભાવાર્થ–** આ વાત વારંવાર શાસ્ત્રપ્રમાણથી ઈષ્ટ છે. અને પોતાના અનુભવથી જોયેલ પણ છે. આનાથી તત્ત્વપ્રાપ્તિના સમગ્ર ઉપાયો સૂચવેલા છે. યોગાચાર્ય પાતાંજલઋષિના વચનનો અનુવાદ કરનારા (=અનુસરનારા) ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે- **"आगमेनानुमानेन ध्यानाभ्यासरसेन च । त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥१॥"** **ભાવાર્થ–** આગમ, અનુમાન અને વારંવાર અનુશીલનરૂપ ધ્યાનાભ્યાસનો રસ, એ ત્રણ પ્રકારે બુદ્ધિનો વિસ્તાર પમાડનાર પુરુષ ઉત્તમતત્ત્વને પ્રાપ્ત કરે છે.

**व्याख्या–** तेन भावनिक्षेपाध्यात्मोपनायकत्वेन नामादिनिक्षेपत्रयस्य । अर्हत्प्रतिमां स्थापनानिक्षेपस्वरूपत्वेनानादृतवतां भावं भावनिक्षेपं पुरस्कुर्वतां वाङ्मात्रेण प्रमाणयतां । दर्पणे निजमुखालोकार्थिनामन्धानामिव का मतिर्न काचिदित्यर्थः ।

**ભાવાર્થ–** તેથી નામાદિ ત્રણ નિક્ષેપા ભાવનિક્ષેપરૂપ અધ્યાત્મની નજીક લઈ જનારા છે. તેથી નામાદિ ત્રણ નિક્ષેપ મધ્યવર્તી સ્થાપના નિક્ષેપરૂપ જિનપ્રતિમાનો અનાદર કરનારા અને ફક્ત ભાવનિક્ષેપને જ આગળ કરનારા=બોલવામાત્રથી પ્રમાણ કરનારા જે પુરુષો છે તેઓની બુદ્ધિ દર્પણમાં પોતાનું મુખ જોવા ઈચ્છતા અંધપુરુષના જેવી છે, અર્થાત્ કાંઈ જ નથી.

**व्याख्या–** निक्षेपत्रयानादरे भावोल्लासस्यैव कर्तुमशक्यत्वाच्छास्त्र इव नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव स्फुरति, हृदयमिवानुप्रविशति,

मधुरालापमिवानुवदति, सर्वाङ्गीणमिवानुभवति, तेन च सर्वकल्याणसिद्धिः, तत्कथं निक्षेपत्रयादरं विना भावनिक्षेपादरो भावोल्लासस्य तदधीनत्वात् ।

**ભાવાર્થ–** ત્રણ નિક્ષેપાનો અનાદર કરી ભાવોલ્લાસ લાવવો તે અશક્ય છે. (આલંબનની ભૂમિકાના અભ્યાસ વિના નિરાલંબન ભૂમિકાની પ્રાપ્તિ અશક્ય છે) જેમ શાસ્ત્ર હૃદયમાં રહે તેમ નામાદિ ત્રણ હૃદયમાં હોય છે ત્યારે પરમ ધ્યેયરૂપ પરમાત્મા જાણે આપણી સન્મુખ સ્ફૂરાયમાન થાય છે. જાણે હૃદયમાં જ પ્રવેશ કરતા ન હોય તેમ જણાય છે. જાણે મધુરાલાપથી વાર્તાલાપ કરતા હોય તેમ જણાય છે. અને અંગે અંગમાં પરમાત્માની પ્રતીતિ થાય છે. અને તેથી સર્વ કલ્યાણની સિદ્ધિ થાય છે. તેથી ત્રણ નિક્ષેપાના આદર વિના ભાવનિક્ષેપનો આદર શી રીતે સંભવે? ભાવોલ્લાસ પણ તેને આધીન છે. અર્થાત્ નામાદિ ત્રણ નિક્ષેપા વિના ભાવોલ્લાસ અસંભવિત છે.

**व्याख्या–** न च नैसर्गिक एव भावोल्लास इत्येकान्तोऽस्ति जैनमते, तथा सति सर्वव्यवहारोच्छेदप्रसङ्गादिति स्मर्तव्यम् ।

**ભાવાર્થ– વાદી–** ભાવોલ્લાસ ત્રણ નિક્ષેપા વિના પણ સ્વાભાવિક જ થાય છે.

**પ્રતિવાદી–** ભાવોલ્લાસ સ્વાભાવિક જ થાય છે એમ તમારે ના કહેવું. એમ તમે કહેશો તો એકાંત નિશ્ચય થશે. વળી, જૈનદર્શન સ્યાદ્વાદમય છે. અને એકાંતપક્ષનો સ્વીકાર કરતાં સર્વવ્યવહાર ઉચ્છેદનો પ્રસંગ આવે. આ વાત તમારે યાદ રાખવી જોઈએ.

**व्याख्या–** अत्र निरुक्तविशेषणविशिष्टेषु लुम्पकेषु निरुक्तविशेषण-विशिष्टान्धरूपोत्प्रेक्षाकल्पितोपमानमादायोपमा वेति यथौचित्येन योजनीयं तत्तद-लङ्कारग्रन्थनिपुणैः ।

**ભાવાર્થ–** પ્રસ્તુત શ્લોકમાં નિરુક્તવિશેષણથી વિશિષ્ટ એવા લુંપાકોમાં નિરુક્તવિશેષણ વિશિષ્ટએવા અંધરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે. અહીં શ્લોક બીજામાં લુંપાકનાં બે વિશેષણો બતાવ્યા છે. અરિહંતની પ્રતિમાને નહિ સ્વીકારનારા અને ભાવને આગળ કરનારા. જે એ બે વિશેષણોથી વિશિષ્ટ

એવા લુંપાકોમાં દર્પણમાં પોતાના મુખને જોવાતા અર્થીરૂપ નિરુક્તવિશેષણથી વિશિષ્ટ એવા અંધરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે. કેમકે અંધમાણસો ક્યારેય દર્પણમાં મુખ જોવાનો પ્રયત્ન કરતા નથી. છતાં ઉત્પ્રેક્ષા અલંકારથી એ કહેવું છે કે જાણે તેના જેવી ચેષ્ટા લુંપાક કરતો ન હોય ? અથવા કોઈ અંધ માણસ દર્પણમાં મુખ જોવા યત્ન કરતો નથી. છતાં કોઈ જોવા માટે યત્ન કરે છે. એ પ્રકારની કલ્પિત ઉપમાને ગ્રહણ કરીને ઉપમા અલંકાર છે એ પ્રમાણે જોડવું. (પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતાકૃત પ્રતિમાશતક વિવેચનમાંથી અક્ષરશઃ સાભાર ઉદ્ધૃત.)

**व्याख्या**– एतेन स्वगताध्यात्मोपनायकता गुणेन वन्द्यत्वमपि चतुष्टयं विशिष्टं इत्युक्तं भवति ।

**ભાવાર્થ**– આનાથી પોતાનામાં રહેલા અધ્યાત્મમાં(=શુભભાવમાં) સહાયકતા ગુણ વડે વંદ્યપણું પણ ચારનિક્ષેપામાં છે એમ કહેલું થાય છે. અર્થાત્ વંદન કરનારમાં રહેલ અધ્યાત્મ(ભગવદ્ બહુમાનરૂપ શુભભાવ)માં જેમ ભાવનિક્ષેપો સહાયક છે=નિમિત્ત છે. તેમ બાકીના ત્રણ નિક્ષેપા પણ સહાયક છે. જેમ ભગવાનમાં વંદ્યપણું છે. તેમ ભગવાનમાં નામાદિ ચારનિક્ષેપાઓ છે. તેથી તે બંને એકાધિકરણ છે. અને સ્વગત અધ્યાત્મમાં (=શુભભાવમાં) સહાય કરવારૂપ ગુણ ચારે નિક્ષેપાને અવલંબીને ભગવાનમાં વર્તે છે. તેથી ચારે નિક્ષેપાઓ વંદનીય કહેલા છે.

**व्याख्या**– शिरश्चरणसंयोगरूपं हि वन्दनं, भावभगवतोऽपि शरीर एव संभवति, न तु भावभगवत्यरूपे आकाश इव तदसंभवि । भावसम्बन्धाच्छरीर-सम्बद्धं वन्दनं भावस्यैवायातीति । तत एव नामादिसम्बद्धमपि भावस्य किं न प्राप्नोतीति परिभावय ।

**ભાવાર્થ**– વળી મસ્તક અને ચરણસંયોગરૂપ વંદન છે. તે ભાવભગવંતના પણ શરીરમાં જ સંભવે છે. પરંતુ આકાશની જેમ અરૂપી ભાવભગવંતમાં તે વંદન સંભવતું નથી. ભાવના સંબંધથી થતું શરીરસંબંધી વંદન ભાવને જ લાગુ પડે છે. તો પછી નામાદિ સંબંધી વંદન પણ શું ભાવને પ્રાપ્ત ન થાય ? કેમકે નામાદિ ત્રણનું અધિકરણ પણ ભાવભગવંત છે. અને ભગવદ્ભાવનું અધિકરણ પણ ભાવભગવંત છે. માટે

સામાનાધિકરણ્યથી ભગવદ્‌ભાવ સાથે સંબંધ થશે. આ પ્રમાણે તું વિચાર કર. આ સાંભળી વાદી બોલ્યો–

**व्याख्या–** कश्चिदाह जडमतिव्युद्ग्राहितः किमेताभिर्युक्तिभिः, महानिशीथ एव भावाचार्यस्य तीर्थकृत्तुल्यत्वमुक्तं, निक्षेपत्रयस्य चाकिञ्चित्करत्वमिति । तत्र पञ्चमाध्ययने ''चउव्विहा आयरिया पन्नत्ता तं जहा नामायरिया ३ भावायरिया, जे भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा'' ।

**ભાવાર્થ– વાદી-** જડમતિવાળાથી વ્યુદ્‌ગ્રાહિત કરાયેલ કોઈ પુરુષ કહે છે કે, આ બધી યુક્તિઓથી શું ? મહાનિશીથસૂત્રમાં ભાવાચાર્યને જ તીર્થંકર તુલ્ય કહ્યા છે. ત્યાં નામાદિ ત્રણનિક્ષેપ **अकिंचित्कर** = નકામા ગણેલા છે. ત્યાં પાંચમા અધ્યયનમાં ચાર પ્રકારના આચાર્ય કહેલા છે. (૧) નામાચાર્ય (૨) સ્થાપનાચાર્ય (૩) દ્રવ્યાચાર્ય, (૪) ભાવાચાર્ય. તેમ જે ભાવાચાર્ય છે તે તીર્થંકર સમાન જાણવા.

**व्याख्या–** अत्र वयं ब्रूमः-परमशुद्धभावग्राहकनिश्चयनयस्यैवायं विषयः, यन्मते एकस्यापि गुणस्य त्यागे मिथ्यादृष्टित्वमिष्यते, तदाहुः- ''जो जहवायं न कुणइ मिच्छदिट्ठी तओ हु कोऽन्नो त्ति'' तन्मते निक्षेपान्तरानादरेऽपि नैगमादिनयवृन्देन नामादिनिक्षेपानां प्रामाण्यमभ्युपगमात्मक इव व्यामोहो भवतः, सर्वनयसंमतस्यैव शास्त्रार्थत्वात् ।

**ભાવાર્થ– પ્રતિવાદી-** ભાવાચાર્ય તીર્થંકર તુલ્ય છે. તે પરમશુદ્ધ ભાવને ગ્રહણ કરનાર નિશ્ચયનયનો જ વિષય છે. જેના મતમાં એક પણ ગુણના ત્યાગમાં મિથ્યાદષ્ટિપણું ઈચ્છાય છે. तदाह- जो जहवायं न कुणइ मिच्छदिट्ठि तमा हु को अन्नो ? "જે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરતો નથી તેનાથી અધિક મિથ્યાદષ્ટિ કોણ છે ?" તેના મતમાં બીજા નિક્ષેપાનો અનાદર હોવા છતાં નૈગમાદિ સર્વનયોએ નામાદિ નિક્ષેપને પ્રમાણ માનેલા છે. તેમ છતાં તને વ્યામોહ કેમ થયો ? કારણ કે સર્વનયને સંમત જે પદાર્થ છે તેનું જ શાસ્ત્રાર્થપણું છે.

(સમ્મતિતર્ક ગ્રંથમાં શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ મહારાજે પણ કહ્યું છે કે, "બધા નય પોતપોતાની વક્તવ્યતામાં સત્ય છે. અને બીજાની

વિચારણા કરવામાં જડ-ખોટા છે. તેથી સિદ્ધાંતનો જાણકાર વ્યક્તિ તેઓનો "આ સાચા છે અને આ ખોટા છે." એવો વિભાગ કરતો નથી. આમ આ સમ્યગ્દષ્ટિ જીવો સર્વદર્શનોને સાચા (સુંદર) માને છે. તેમ છતાં પોતપોતાના સ્થાનમાં જ તે તે નયોનો વિનિયોગ કરાયો હોય તો જ તે બધાને સાચા માને છે. બધા દર્શનો (નયો) બધી દૃષ્ટિએ સાચા છે એવી કાંઈ શ્રદ્ધા રાખતા નથી. આમ તેઓની સર્વનય શ્રદ્ધા સ્વસ્વસ્થાન વિનિયોગરૂપ વિશેષતાવાળી છે. આ અવિશેષેણ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ આવતી નથી.)

અર્થાત્ જે પદાર્થ સર્વનયસંમત હોય તે જ પદાર્થ શાસ્ત્રસિદ્ધ છે. બધા નયોને સંમત એવા પદાર્થોને સ્વ-સ્વ સ્થાનમાં સ્વીકારવા તે સર્વનયસંમત શાસ્ત્રાર્થરૂપ છે.

**व्याख्या–** अन्यथा सम्यक्त्वचारित्रैक्यग्राहिणा निश्चयनयेनाप्रमत्तसंयत एव सम्यक्त्वस्वाम्युक्तो न प्रमत्तान्त इति श्रेणिकादिनां बहूनां प्रसिद्धं सम्यक्त्वं न स्वीकरणीयं स्याद्देवानांप्रियेण। उक्तार्थप्रतिपादकं चेदं सूत्रमाचाराङ्गे पञ्चमाध्ययने तृतीयोद्देशके आलापकः । सूत्रतः- ''जं सम्मं ति पासहा तं मोणं ति पासहा, जं मोणं ति पासहा तं सम्मं ति पासहा'' इत्यादि । अस्यार्थः- जं सम्मं ति यत्सम्यक्त्वं कारकसम्यक्त्वं तन्मौनं मुनिभावं यच्च मौने तत्सम्यक्त्वं कारकसम्यक्त्वं पासह पश्यत इत्यादि ज्ञेयं ।

**ભાવાર્થ–** સર્વનયસંમત જે પદાર્થ છે તેનું જ શાસ્ત્રાર્થપણું છે એમ જો ન માનો તો સમ્યક્ત્વ અને ચારિત્રની ઐક્યતા ગ્રહણ કરનારા નિશ્ચયનયના મતે અપ્રમત્તસંયત જ સમ્યક્ત્વનો સ્વામી કહેલો છે. પરંતુ પ્રમત્તસંયત સુધીના નથી કહ્યા. તેથી શ્રેણિક વગેરે અનેકજીવોને થયેલા સમ્યક્ત્વની જે પ્રસિદ્ધિ જગમાં છે તે તારા જેવા મૂર્ખને સ્વીકારવા યોગ્ય ન બને. ઉપર કહેલા અર્થને પ્રતિપાદન કરનાર સૂત્ર આચારાંગસૂત્રના પાંચમા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં કહેલું છે. તેનો આલાવો આ પ્રમાણે છે. सूत्रतः- जं सम्मं ति पासहा तं मोणं ति पासहा, जं मोणं ति पासहा तं सम्मं ति पासहा'' इत्यादि । એનો અર્થ આ પ્રમાણે છે– જે કારકસમ્યક્ત્વ

છે તેને જ મૌન(=સંયમાનુષ્ઠાનરૂપે) જુઓ. તથા જેને મૌન તરીકે જુઓ તેને જ કારકસમ્યક્ત્વરૂપે જુઓ."

(કોઈ પણ પદાર્થની વિચારણા મુખ્ય અને ગૌણપણે કરવામાં આવે છે. જ્યારે મુખ્યવિચારણા ચાલતી હોય ત્યારે બીજા પદાર્થો ગૌણ બની જતાં હોય છે. તેનો અર્થ તે નકામા છે એમ ન કહી શકાય.)

**व्याख्या–** भावाचार्यनामस्थापना भावतः प्रशस्तं नातिक्रामति । अङ्गारमर्दकादेर्द्रव्यं तु तन्नामस्थापनावदप्रशस्तमेवेति प्रागुक्तमहानिशीथसूत्रे नियोजनीयत्वार्थः तद्वदागमः गुरुतत्त्वविनिश्चये आलापकः- "**तत्थ निओगो एसो जं दव्वं होइ शुद्धभावस्स । तण्णामागिइतुल्लं तं सुहमियरं तु विवरीयं ॥१॥ जह गोयमाइआणं णामाई तिण्णि हुंति पावहरा । अंगारमद्दस्स य णामाई तिण्णि पावयरा ॥२॥**" इति प्रशस्तभावसंबन्धिनां सर्वेषां निक्षेपाणां प्रशस्तत्वमेवेति निर्व्यूढं ।

**ભાવાર્થ–** ભાવાચાર્યના નામ-સ્થાપના ભાવથી(=પરમાર્થથી) પ્રશસ્તતાને ઓળંગતા નથી. અર્થાત્ ભાવાચાર્ય સાથે જોડાયેલા નામ અને સ્થાપના જેમ પ્રશસ્ત છે તેમ દ્રવ્યાચાર્ય પણ પ્રશસ્ત છે. અંગારમર્દકાદિનું દ્રવ્ય પણ નામ-સ્થાપનાની જેમ અપ્રશસ્ત છે. કેમકે ભાવાચાર્ય સાથે નામાદિ સંકલિત નથી તેથી તે અપ્રશસ્ત છે. પૂર્વે કહેલ મહાનિશીથસૂત્રમાં નિયોજનીયત્વનો અર્થ અમોએ ગુરુતત્ત્વવિનિશ્ચયગ્રંથમાં કહ્યો છે. ગુરુતત્ત્વવિનિશ્ચયગ્રંથમાં આલાવો આ પ્રમાણે છે. **અહીં નિયોગ આ પ્રમાણે** છે– શુદ્ધભાવનું જે દ્રવ્ય છે તે શુદ્ધભાવના નામ-સ્થાપના સમાન શુદ્ધ છે. એકાગ્રચિત્તે ધ્યાન કરનારના શુભ ભાવોનું જનક છે. અશુદ્ધભાવ સંબંધી દ્રવ્ય અશુદ્ધભાવના નામ-સ્થાપના સમાન અશુભભાવજનક છે.

**जह गोयमाइआणं नामाई तिण्णि हुंति पावहरा ।**
**अंगारमद्दस्स य णामाई तिण्णि पावयरा ॥२॥**

**(गुरुतत्त्वविनिश्चये प्रथमोल्लासे श्लोक - १९)**

ગૌતમસ્વામી વગેરે શુદ્ધભાવગુરુના નામ-સ્થાપના-દ્રવ્ય એ ત્રણે નિક્ષેપા પાપનાશ કરનારા છે. (નામાદિ ત્રણ શુદ્ધભાવગુરુના છે એવું

જ્ઞાન થાય તો તે શુદ્ધભાવજનક જ છે. પણ એવું જ્ઞાન ન હોય તો પણ શુદ્ધભાવજનક છે. ઉપદેશપદમાં પોપટ-મેનાનું દૃષ્ટાંત છે. તેમને અરિહંતનું વિશેષ જ્ઞાન ન હોવા છતાં જિનપ્રતિમાની ભક્તિથી લાભ થયો.)

"અંગારમર્દક નામના અશુદ્ધભાવગુરુના નામાદિ ત્રણે પાપકારી છે." (કેમકે અશુદ્ધભાવજનક છે.) તેથી પ્રશસ્તભાવ સંબંધી બધા જ નિક્ષેપા પ્રશસ્ત જ છે તેવો નિર્ણય થાય છે.

**व्याख्या–** किं च नामनिक्षेपस्याराध्यत्वे तावत् आलापकः- ''चउवीसत्थेणं भंते जीवे किं जणइ ? चउवीसत्थएणं दंसणविसोहिं जणइ त्ति'' । व्याख्या उत्तराध्ययनसत्के सम्यक्त्वपराक्रमाध्ययने ज्ञेया । तत्रोत्कीर्तनस्यार्थाधिकारत्वात्, तेन च दर्शनाराधनस्योक्तत्वात् ।

**ભાવાર્થ–** શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર-વીરવિભુની સોળપ્રહરની અંતિમ-દેશનામાં શ્રીમુખે પરમાત્માએ સંભળાવેલ, તેમાં સમકિતપરાક્રમ નામના અધ્યયનમાં કહ્યું છે કે– यथा आलापकः- चउवीसत्थेणं भंते जीवे किं जणइ? चउवीसत्थएणं दंसणविसोहिं जणइ त्ति'' । "હે ભગવંત ! ચોવીસત્થો=ચતુર્વિંશતિ-સ્તવ કરવાથી જીવ શું ઉપાર્જે ? ભગવંતે કહ્યું છે કે જીવ દર્શનવિશુદ્ધિ કરે છે. " આ સૂત્રથી સિદ્ધ થાય છે કે નામનિક્ષેપ આરાધ્ય છે. કેમકે લોગસ્સસૂત્રમાં અર્થાધિકાર તરીકે ચોવીસજિનનો નામોચ્ચાર બતાવ્યો છે. અને આ નામોચ્ચારના ફળરૂપે સમ્યગ્દર્શનની આરાધના કહી છે.

**व्याख्या–** ''महाफलं खलु तहारूवाणं भगवंताणं णामगोत्तस्स वि सवणयाए'' इत्यादिना भगवत्यादौ महापुरुषनामश्रवणस्य महाफलोक्तेश्च ।

**ભાવાર્થ–** "महाफलं खलु तहारूवाणं भगवंताणं नामगोत्तस्स वि सवणयाए'' ભગવતીસૂત્રમાં મહાપુરુષોના નામશ્રવણનું મહાફલ કહેલું છે. ઈત્યાદિ શબ્દથી ભગવતીસૂત્ર આદિમાં મહાપુરુષોના નામશ્રવણમાં મહાફળપણાની ઉક્તિ હોવાથી નામનિક્ષેપો આરાધ્ય છે.

**व्याख्या–** स्थापनानिक्षेपस्याराध्यता च ''थइथुइमंगलेणं भंते जीवे किं जणइ ? थइथुइमंगलेणं नाणदंसणचरित्तबोहिलाभं जणइ । नाणदंसणचरित्त-

बोहिलाभसंपण्णेणं जीवे अंतकिरिअं कप्पविमाणोववत्तिअं आराहणं आराहे'' इति वचनेनैव सिद्धा। व्याख्या- अत्र स्तवः स्तवनं स्तुतिः स्तुतित्रयं प्रसिद्धं। तत्र द्वितीया स्तुतिः स्थापनार्हतः पुरतः क्रियते चैत्यवन्दनावसरतयेति ।

**ભાવાર્થ–** તેમજ સ્થાપનાનિક્ષેપની પણ આરાધ્યતા બતાવેલી છે. તેનો આલાપક આ પ્રમાણે છે- ''थइथुई मंगलेणं.... आराहणं आराहे.'' હે ભગવંત ! સ્તવ-સ્તુતિરૂપ મંગલવડે જીવને શું લાભ થાય ? ભગવંતે કહ્યું કે, "સ્તવ-સ્તુતિરૂપ મંગલવડે જીવને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિનો લાભ થાય છે." જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત જીવ અંતક્રિયાને (=મોક્ષપ્રાપક ક્રિયાને) કરે છે, અથવા વૈમાનિક દેવલોકમાં ઉપપાતને યોગ્ય(=વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થાય તેવી) આરાધનાને કરે છે. અહીં સ્તવ સ્તવનાર્થક છે. સ્તુતિ=ત્રણ સ્તુતિ પ્રસિદ્ધ છે. તેમાં ચૈત્ય-વંદનાવસરે સ્થાપના જિનની આગળ જે કરાય છે તે સ્તુતિરૂપ બીજો ભેદ જાણવો.

**व्याख्या–** अथ द्रव्यनिक्षेपाराध्यता च सूत्रयुक्त्या स्फुटैव प्रतीयते, तथाहि-श्रीआदिनाथवारके साधूनामावश्यकक्रियां कुर्वतां चतुर्विंशतिस्तवाराधने त्रयो-विंशतिर्द्रव्यजिना एवाराध्यतामास्कन्दयेयुरिति । न च ऋषभाजितकाले एक-स्तवद्विस्तवादिप्रक्रियाऽपि कर्तुं शक्या, शाश्वताध्ययनपाठस्य लेशेनापि परावृत्त्या कृतान्तकोपस्य वज्रलेपत्वात् ।

**ભાવાર્થ–** હવે દ્રવ્યનિક્ષેપ આરાધનીય છે તે સૂત્રયુક્તિથી પ્રગટ જ જણાય છે. તે આ પ્રમાણે- ઋષભદેવ ભગવાનના વારામાં સાધુઓ આવશ્યકક્રિયા કરે ત્યારે ચતુર્વિંશતિસ્તવની (=લોગસ્સસૂત્રની) આરાધનામાં ત્રેવીશ દ્રવ્યજિન પણ આરાધ્યપણાને પામે છે. આમ દ્રવ્યનિક્ષેપ પણ આરાધનીય છે.

ઋષભાજિતાદિના કાળમાં એકસ્તવ-દ્વિસ્તવ વિગેરેની પ્રક્રિયા કરી શકાય નહિ. અર્થાત્ આદિનાથના કાળમાં ઋષભદેવની સ્તુતિ કરાતી હતી, અજિતનાથના કાળમાં ઋષભદેવ અને અજિતનાથની સ્તુતિ કરાતી હતી એમ ન હતું. આ પ્રમાણે ઉત્તરોત્તર જિનના કાળે સમજવું. કારણ કે

[1]શાશ્વતા અધ્યયનનો પાઠ ફેરવવાથી યમરાજાનો વજ્રલેપ સમાન કોપ થાય, અર્થાત્ અનંત જન્મ-મરણ વધે.

**व्याख्या–** अर्थोपयोगरहितस्योत्कीर्त्तनस्य राजविष्टिसमत्वेन योगिकुल-जन्मबाधकत्वात् ।

**ભાવાર્થ– પૂર્વપક્ષ-** ઋષભાદિ જિનકાળે લોગસ્સસૂત્રનો પાઠ અખંડિત રાખવા માટે બાકીના જિનોનો પણ નામોચ્ચાર થતો હતો, પણ તે નામોચ્ચાર બાકીના દ્રવ્યજિનોના ઉપયોગ વિના થતો હતો. અર્થના ઉપયોગરહિત એવું ઉત્કીર્તન (= નામમાત્રનું) રાજાની વેઠ જેવું છે, અને તે યોગીકુળમાં જન્મનું બાધક છે. આથી કરીને જ દ્રવ્યાવશ્યકનો નિષેધ શાસ્ત્રમાં કરેલો છે.

**व्याख्या–** अत एव द्रव्यावश्यकस्य निषेधः, सूत्रेऽनुपयोगश्च द्रव्यं इति सर्वत्रोद्घोषितमनुयोगद्वारादौ । अर्थोपयोगे तु वाक्यार्थतयैव सिद्धा द्रव्य-जिनाराध्यतेति ।

**ભાવાર્થ– ઉત્તરપક્ષ-** આથી જ અનુયોગદ્વાર વગેરે સૂત્રોમાં ઠેર ઠેર "સૂત્રોમાં અનુપયોગ એ દ્રવ્યક્રિયા છે" એમ કહેવામાં આવ્યું છે. તેથી ઋષભાદિ જિનેશ્વરોના કાળે સાધુઓ ઉપયોગપૂર્વક જ લોગસ્સસૂત્રનો ઉચ્ચાર કરતા હતા તેમ સ્વીકારવું જ પડે. અર્થના ઉપયોગમાં તો વાક્યના અર્થપણાથી જ દ્રવ્યજિનની આરાધ્યતા સિદ્ધ થઈ ગઈ, અર્થાત્ લોગસ્સસૂત્રના અર્થના ઉપયોગમાં તે તે નામથી વાચ્ય એવા દ્રવ્યજિનની ઉપસ્થિતિ થાય છે, અને તેનું ઉત્કીર્તન હોવાથી દ્રવ્યજિનની આરાધ્યતા સિદ્ધ થાય છે.

**व्याख्या–** एतेन द्रव्यजिनाराध्यत्वे करतलपरिकलितजलचुलुकवर्त्तिजीवा-नामप्याराध्यत्वापत्तिः, तेषामपि कदाचिज्जिनपदवीप्राप्तिसंभवादिति शासन-विडम्बकस्य लुम्पकस्योपहासो निरस्तः, द्रव्यजिनत्वनियामकपर्यायस्य तत्रा-परिज्ञानात् ।

---

૧. આગમમાં પણ વાત આવે છે કે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ અર્ધમાગધીસૂત્રને સંસ્કૃતમાં રૂપાંતર કરવાની ઈચ્છા કરતા તેમને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવામાં આવ્યું હતું.

**ભાવાર્થ** - આના દ્વારા શાસનની વિડંબના કરનારા લુંપાકો (=પ્રતિમા-લોપકો) એવો ઉપહાસ કરે છે કે, "જો દ્રવ્યજિનનું આરાધ્યપણું સ્વીકારીએ તો હાથમાં લીધેલી પાણીની અંજલિમાં રહેલા જીવોને પણ આરાધ્યપણાની આપત્તિ આવશે. કેમકે તે જીવોને પણ ક્યારેક જિનપદવીની સંભાવના થઈ શકે" એ પ્રમાણે શાસનવિડંબક લુંપાકનો ઉપહાસ પણ નિરસ્ત જાણવો. દ્રવ્યજિનત્વનિયામક પર્યાયનું ત્યાં(=ખોબાવર્તી પાણીમાં) અપરિજ્ઞાન છે. કેમકે તે પાણીના ખોબામાં કોઈ તીર્થંકરનો જીવ છે એવી ઉપસ્થિતિ થતી નથી. તેથી તે પાણીની આરાધ્યતા સિદ્ધ થતી નથી.

**व्याख्या**– मरीचिस्तु नाभिनन्दनगिरा ज्ञातत्वाद्भरतेन वन्दित इति प्रसिद्धं, अनल्पकालेऽपि प्रस्थकादिदृष्टान्तेन दूरेऽपि नैगमनयाभिप्रायेणाश्रयणात् ।

**ભાવાર્થ**– શ્રી ઋષભદેવ પરમાત્માની વાણીથી મરીચિમાં ભાવિકાલીન જિનપર્યાય જાણી ભરતચક્રીએ મરીચિને વંદના કરી હતી. આ પ્રમાણે (આવશ્યકનિર્યુક્તિમાં) પ્રસિદ્ધ છે.

**પૂર્વપક્ષ**- ભાવજિનથી અતિશય દૂર પર્યાયવાળા મરીચિમાં દ્રવ્યજિનપણું કઈ રીતે ઘટે ?

**ઉત્તરપક્ષ**- મરીચિ ઘણાકાળ પછી જિન થવાના હોવા છતાં નૈગમનયના અભિપ્રાયથી [1]પ્રસ્થકના દૃષ્ટાંતવડે દૂરવર્તી દ્રવ્યજિનપણું સ્વીકારાય છે.

**વિશેષાર્થ**– ભાવતીર્થંકરની અતિનજીક એવા આયુષ્યકર્મથી ઘટિત એકભવિક, બદ્ધાયુષ્ક, અભિમુખનામગોત્રાદિ મરીચિમાં નથી. તેથી તે અપેક્ષાએ મરીચિને દ્રવ્યતીર્થંકર થવાની યોગ્યતા માની શકાય નહિ. તો પણ અશુદ્ધનૈગમનય પ્રસ્થકાદિ દૃષ્ટાંતથી દૂરવર્તી યોગ્યતાને સ્વીકારે છે. તે રીતે તેનું અવલંબન લઈ મરીચિમાં પણ ભાવતીર્થંકરની યોગ્યતા છે. તેને લક્ષ્યમાં રાખી દ્રવ્યતીર્થંકરરૂપ આરાધ્યતા સ્વીકારવામાં કોઈ દોષ નથી. તેથી તેને નમસ્કાર કરવામાં આવે છે. તેથી દ્રવ્યનિક્ષેપો આરાધ્ય છે.

**व्याख्या**– योग्यताविशेषे च ज्ञानिवचनादिनाऽवगते दोषमुपेक्ष्यापि तेषां तेषां वन्दनवैयावृत्त्यादिव्यवहारः संगच्छते । अत एवातिमुक्तकर्षेर्वीरवचनात्

---

૧. નૈગમનય અતિદૂરવર્તી લાકડા લાવવાની ક્રિયાને પણ પ્રસ્થક કરવાની ક્રિયા કહે છે.

भाविभद्रकतामवगम्य स्थविरैर्व्रतस्खलितमुपेक्ष्य वैयावृत्त्यं निर्ममे ।

**ભાવાર્થ–** વળી જ્ઞાનીના વચનથી યોગ્યતા વિશેષ જાણી, તેઓના દોષની ઉપેક્ષા કરી, તેઓના વંદન-વૈયાવૃત્યાદિ વ્યવહાર પણ સંગત થાય છે. આથી જ શ્રી વીરપ્રભુના વચનથી અઈમુત્તા બાળમુનિની ભાવિભદ્રકતા જાણીને સ્થવિરોએ વ્રતની સ્ખલનાની ઉપેક્ષા કરી તેમનું વેયાવચ્ચ કર્યું હતું. હવે દ્રવ્યનિક્ષેપાનું આરાધ્યપણું બીજી રીતે જણાવે છે.

**व्याख्या–** किं च ''नमो सुअस्स'' इत्यादिनापि द्रव्यनिक्षेपस्याराध्यत्वं सुप्रतीतं । अक्षरादिश्रुतभेदेषु संज्ञाव्यञ्जनाक्षरादीनां भावश्रुतकारणत्वेन द्रव्यश्रुतत्वात् । पत्रकपुस्तकलिखितस्य च ''दव्वसुअं जं पत्तयपोत्थयलिहिअं'' इत्यागमेन द्रव्यश्रुतत्वप्रसिद्धेः ।

**ભાવાર્થ–** વળી "नमो सुअस्स" આ પ્રમાણેના વાક્યોથી દ્રવ્યનિક્ષેપ આરાધ્ય છે એમ સુપ્રતીત છે. અક્ષરાદિ શ્રુતજ્ઞાનના ભેદોમાં સંજ્ઞા, વ્યંજન, અક્ષર આદિ ભાવશ્રુતના કારણ હોવાથી તેમને દ્રવ્યશ્રુતપણું પ્રાપ્ત થાય છે. વળી "दव्वसुअं जं पत्तयपोत्थयलिहिअं" આ પ્રકારના આગમથી પત્રમાં કે પુસ્તકમાં લખેલા શ્રુતમાં દ્રવ્યશ્રુતપણાની પ્રસિદ્ધિ છે.

**व्याख्या–** किं च जिनवाग्योगः श्रुतं द्रव्यं श्रोतृषु भावश्रुतकारणत्वादिति। भावनिक्षेपे तु न विप्रतिपत्तिरिति चतुर्णामपि सिद्धमाराध्यत्वम् ॥२॥

**ભાવાર્થ–** વળી જિનવાણીનો યોગ પણ દ્રવ્યશ્રુત છે. કેમકે તે શ્રોતાજનોને ભાવશ્રુતનું કારણ થાય છે. તેથી તે વાણી ઉપકારક છે. કેમકે પરમાત્મા યથાર્થવાદી છે. તેમનું વચન અક્ષરાદિરૂપ દ્રવ્યશ્રુતરૂપ છે. યથાવસ્થિત સ્વરૂપનો પ્રરૂપક છે. તેથી તે પણ આરાધ્ય છે એમ માનવું જોઈએ.

ભાવનિક્ષેપામાં કોઈ વિવાદ નથી. આ પ્રમાણે ચારે ય નિક્ષેપાનું આરાધ્યપણું સિદ્ધ થાય છે. આમ પરમાત્માનું નામસ્મરણ, પરમાત્માની સ્થાપના, પરમાત્માની દ્રવ્ય-અવસ્થા, પરમાત્માની ભાવાવસ્થા તે ચારે આરાધવા યોગ્ય છે. આ પ્રમાણે બીજા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ૨

**उपोद्घातवचनकर्णिका–** एवं व्यवस्थिते ब्राह्मी लिपिरिव प्रतिमा सूत्र-

न्यायेन वन्द्येति तदपह्नवकारिणां मूढतामाविष्करोति–

આ પ્રમાણે નિશ્ચિત થયે છતે બ્રાહ્મીલીપીની જેમ પ્રતિમા પણ સૂત્રમાં કહેલી નીતિથી વંદન કરવા યોગ્ય છે. તેથી તેનો અપલાપ કરનારા કુમતિઓની મૂઢતા ખુલ્લી કરે છે.(=પ્રગટ કરે છે–)

**लुप्तं मोहविषेण किं किमु हतं मिथ्यात्वदम्भोलिना,**
**मग्नं किं कुनयावटे किमु मनो लीनं तु दोषाकरे ।**
**प्रज्ञप्तौ प्रथमं नतां लिपिमपि ब्राह्मीमनालोकयन्,**
**वन्द्याऽर्हत्प्रतिमा न साधुभिरिति ब्रूते यदुन्मादवान् ॥३॥**

**શ્લોકાર્થ–** પ્રજ્ઞપ્તિ(ભગવતી)સૂત્રમાં શ્રી સુધર્માસ્વામીએ પ્રથમ નમસ્કાર કરેલી બ્રાહ્મીલિપિને પણ નહિ વિચારતો તે કુમતિ મોહોન્માદને વશ થયેલો કહે છે કે "સાધુઓએ પણ જિનપ્રતિમા વંદન કરવા યોગ્ય નથી." શું તેનું મન મોહરૂપી વિષથી વ્યાપ્ત થયેલું છે ? અથવા શું મિથ્યાત્વરૂપી વજ્રવડે હણાઈ ગયું છે ? અથવા કુનય (દુર્નય) રૂપી કૂવામાં પડી ગયું છે ? કે દોષની ખાણમાં લીન થઈ ગયું છે ? ॥૩॥

**બ્રાહ્મી-લિપિ નમસ્કરણીય.**

**પ્રતિમા પણ વંદનીય.**

**પ્રતિમા અપૂજક-કુમતિની મૂઢતા પ્રકટીકરણ.**

**व्याख्या–** प्रज्ञप्तौ प्रथममादावेव नतां सुधर्मस्वामिना ब्राह्मीं लिपिमप्यनालोकयन् धारणाबुद्धयाऽपरिकलयन् अर्हत्प्रतिमा साधुभिर्न वन्द्येति यदुन्मादवान् मोहवशो ब्रूते, तत् किं तस्य मनो मोहविषेण लुप्तं व्याकुलितं ? किमु मिथ्यात्वदम्भोलिना मिथ्यात्ववज्रेणाहतं चूर्णितं ? अथवा किं कुनयावटे दुर्नयकूपे मग्नं ?

**ભાવાર્થ–** પ્રજ્ઞપ્તિસૂત્રમાં શરૂઆતમાં જ સુધર્માસ્વામીએ પ્રથમ નમસ્કાર કરેલી શ્રી બ્રાહ્મીલિપિને પણ ધારણાબુદ્ધિથી નહિ વિચારતો તે કુમતિ "શ્રીજિનપ્રતિમા સાધુઓને વંદનીય નથી." એમ જે મોહોન્માદના વશથી બોલે છે, તે શું તેનું મન મોહરૂપી વિષથી વ્યાકુળ થયેલું છે ? અથવા

શું મિથ્યાત્વરૂપી વજ્રથી ચૂર્ણિત(=ચૂરેચૂરા) થઈ ગયેલું છે ? અથવા શું દુર્નયરૂપી કૂવામાં મગ્ન થયેલું છે ? અથવા દોષના સમૂહથી અભિન્ન એવી દોષોની ખાણમાં લીન થયું છે ?

**व्याख्या–** यद्वा तु इति उत्प्रेक्षायां दोषसमूहाभिन्ने दोषाकरे लीनं ? छायाश्लेषेण मनश्चन्द्रं विशतीति श्रुतेः, मृतमित्यर्थः ।

**ભાવાર્થ–** મૂળ શ્લોકમાં રહેલ 'तु' શબ્દ ઉત્પ્રેક્ષા અલંકારમાં છે. **छायाश्लेषेण**=છાયાશ્લેષ અલંકારવડે મન ચંદ્રમામાં પ્રવેશે છે. એ પ્રમાણે શ્રુતિ હોવાથી અહીં છાયાશ્લેષ અલંકાર લેવાનો નથી. પરંતુ ઉત્પ્રેક્ષા અલંકાર લેવાનો છે. કેમકે છાયાશ્લેષ અલંકાર લેવામાં આવે તો દોષા=રાત્રિ, તેને કરનાર ચંદ્ર છે. તેથી દોષાકરનો અર્થ ચંદ્ર થાય. તેથી એમ કહેવાય કે તેનું મન ચંદ્રમાં પ્રવેશે છે. એ અર્થ અહીં અભિપ્રેત નથી. તેથી ઉત્પ્રેક્ષા અલંકાર ગ્રહણ કરીને દોષાકરનો અર્થ દોષોની ખાણ ગ્રહણ કર્યો છે. તેમાં તેનું મન લીન છે. પણ તત્ત્વજ્ઞાનની વિચારણામાં મૃત છે. તેથી સાધુવડે પ્રતિમા વંદ્ય નથી એમ લુંપાક બોલે છે.

**व्याख्या–** अत्र ''लिम्पतीव तमोऽङ्गानि'' इत्यादौ लेपनादिना व्यापनादेरिव विषकर्तृकलुप्ततादिना लुम्पकमनोमूढताया अध्यवसानात्स्वरूपोत्प्रेक्षा किमादि-द्योतकसंभावनं, अथोत्प्रेक्षा प्रकृतस्य समा न यदिति काव्यप्रकाशकारः । असद्धर्मसंभावने वादिद्योत्योत्प्रेक्षेति हेमचन्द्राचार्याः । ''नमो बंभीए लिवीए'' इति प्रथमं प्रज्ञप्तौ पदं ज्ञेयमिति ॥३॥

**ભાવાર્થ–** અહીં "અંધકાર અંગોને લેપે છે." ઈત્યાદિમાં લેપનાદિ દ્વારા જેમ વ્યાપનાદિનું(=વ્યાપવું) ગ્રહણ કરેલ છે, તેમ પ્રસ્તુતમાં વિષકર્તૃક લુપ્તતાદિના કથનથી લુંપાકના મનનો નાશ નથી બતાવવો, કિંતુ મનોમૂઢતાનો અધ્યવસાન બતાવવો છે. અને તે અધ્યવસાન બતાવવા દ્વારા किं आदि દ્યોતક સ્વરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે તેથી ત્યાં લેપ શબ્દ વ્યાપન(=વ્યાપવું) અર્થમાં છે. અર્થાત્ જાણે અંધકાર અંગોને વ્યાપ્ત કરતો ન હોય ? એ અર્થ જણાય છે. તેમ પ્રસ્તુતમાં મોહરૂપી વિષકર્તૃક લુપ્તતાદિના કથનદ્વારા લુંપાકના મનમાં મોહમૂઢતા વ્યાપી ગઈ છે એમ કહેવું છે તેથી किं आदि ચારે પદો દ્વારા કહેવાયેલા ચારે કથનો સ્વરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે.

આ અલંકારનું કાવ્યપ્રકાશના મતે લક્ષણ- "સમ(=ઉપમાન)ની સાથે પ્રકૃતની(=ઉપમેયની) જે સંભાવના છે તે ઉત્પ્રેક્ષા અલંકાર છે. શ્રી હેમચંદ્રાચાર્યે પોતાના કાવ્યાનુશાસનગ્રંથમાં ઉત્પ્રેક્ષાનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે– "અસદ્ધર્મોનું (નહિ રહેલા ગુણક્રિયાદિરૂપ ધર્મોની સંભાવનાનું) "इव" વગેરે પદોથી જ્યારે દ્યોતન કરવામાં આવે છે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.

પ્રસ્તુતમાં શું લુંપાકનું મન મોહથી લુપ્ત છે ? એ સ્થળે "લુપ્ત" શબ્દ દેખાતા અર્થરૂપ નથી, કિંતુ અસદ્ધર્મોના સંભાવનારૂપ છે=લુપ્ત શબ્દથી નહિ દેખાતા એવા ધર્મોની સંભાવનારૂપ છે.

"नमो बंभीए लिवीए" બ્રાહ્મીલિપિને નમસ્કાર થાઓ." આ પ્રકારનું પદ પ્રજ્ઞપ્તિસૂત્રમાં પ્રારંભમાં મૂકેલું છે. બ્રાહ્મીલિપિ અક્ષર સ્થાપનારૂપ છે. તે વંદનીય છે તો પછી ભગવાનની પ્રતિમા સાધુને વંદનીય થાય. કારણ કે બંનેમાં તુલ્યન્યાય છે. આ પ્રમાણે ત્રીજા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...૩

**उपोद्घातवचनकर्णिका**– अथ नामप्रतिबन्द्यां स्थापना स्थापयति–

હવે નામની પ્રતિબન્દિથી સ્થાપનાનું સ્થાપન કરે છે– અહીં પ્રતિબંદિ= નામનિક્ષેપ સ્વીકાર્ય હોય તો સ્થાપના નિક્ષેપ પણ સ્વીકાર્ય થાય.

**किं नामस्मरणेन न प्रतिमया किं वा भिदा कानयोः**
**सम्बन्धः प्रतियोगिना न सदृशो भावेन किंवा द्वयोः ।**
**तद्वन्द्यं द्वयमेव वा जडमते ! त्याज्यं द्वयं वा त्वया,**
**स्यात्तर्कादत एव लुम्पकमुखे दत्तो मषीकूर्चकः ॥४॥**

**નામપ્રતિબંદિ સ્થાપનાનું સ્થાપન.**

પરમાત્માના નામસ્મરણથી શું ? પ્રતિમાથી (પ્રતિમા પૂજનથી) શું નથી ? અથવા નામ અને પ્રતિમા વચ્ચે શો ભેદ છે ? પ્રતિયોગિ ભાવનિક્ષેપા સાથે શું બંનેનો સંબંધ સરખો નથી ? તેથી હે જડમતિ ! તારે તે બંને અર્થાત્ નામ અને સ્થાપના નિક્ષેપાને વાંદવા જોઈએ. અથવા તો તે બંને નિક્ષેપાનો ત્યાગ કરવો જોઈએ. આ તર્કથી જ અર્થાત્ પ્રતિબંદી એવા આ જ તર્કથી લુંપાક કુમતિના મુખ ઉપર મષીનો કૂચડો અપાયો,

અર્થાત્ તેનું મુખ કાળું કરી દીધું..૪

**व्याख्या–** किं नामस्मरणेन चतुर्विंशतिस्तवादिगतनामानुचिन्तनेन ? नाम्नः पुद्गलात्मकत्वेनात्माऽनुपकारित्वात् । नाम्नः स्मरणे नामिस्मरणे तद्गुण-समापत्त्या फलमिति चेदत्राह-प्रतिमया किं वा न स्यात् ? अमुद्रगुणसमुद्र-लोकोत्तरमुद्रालङ्कृतभगवत्प्रतिमादर्शनादपि सकलातिशायिभगवद्गुणध्यानस्य सुतरां संभवात् ।

**ભાવાર્થ–** ચતુર્વિંશતિસ્તવ વગેરેમાં રહેલા નામના અનુચિંતનથી શું? અર્થાત્ કાંઈ જ નહીં. કેમકે નામ તો પુદ્ગલ સ્વરૂપ છે. તેથી આત્માને ઉપકારી નથી. એમ જો તમે કહેતા હો તો નામના સ્મરણથી નામીનું સ્મરણ થઈ જાય છે અને નામીના સ્મરણથી નામીના ગુણની સાથે સમાપત્તિથી ફળની પ્રાપ્તિ થાય છે. તો પછી પ્રતિમાથી કેમ ન થઈ શકે? કેમકે અમુદ્રગુણસમુદ્રરૂપ=નિરાકાર એવા ગુણના સાગરરૂપ લોકોત્તરમુદ્રાથી અલંકૃત ભગવાનની પ્રતિમાના દર્શનથી પણ સર્વાતિશાયી પરમાત્માના ગુણના ધ્યાનની પ્રાપ્તિ ઘણી જ સારી રીતે થઈ જાય છે.

**व्याख्या–** तदुक्तं- "प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं । नाम्नो नामिना सह वाच्यवाचकभावसम्बन्धोऽस्ति यथा न तथा स्थापनाया इत्यस्ति विशेष इति चेदत्राह-प्रतियोगिना इतरनिक्षेपनिरूपकेण भावनिक्षेपेण सह द्वयोः नाम-स्थापनयोः सम्बन्धः किं न सदृशो न सदृशवचनः ? (न) मिथः किञ्चि-द्वैषम्यमित्यर्थः । एकत्र वाच्यवाचकभावस्यान्यत्र स्थाप्यस्थापकभावस्याविशेषात् ।

**ભાવાર્થ–** વળી કહ્યું છે કે, "प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं ।" ભગવંતની પ્રતિમા લોકોત્તરમુદ્રાથી અલંકૃત છે. કહ્યું છે કે- "તારાં બે નેત્રો પ્રશમરસમાં નિમગ્ન છે, વદનરૂપકમળ પ્રસન્ન છે, ખોળો કામિનીના સંગથી રહિત છે, અને બે હાથ શસ્ત્રના સંબંધથી રહિત છે. તેથી જગતમાં તું જ વીતરાગદેવ છો."

**વાદી અહીં આ પ્રમાણે કહે છે–** નામનો નામીની સાથે વાચ્યવાચકભાવ સંબંધ છે. તેમ સ્થાપનાનો તેવો સંબંધ નથી. એટલો અહીં ભેદ છે. અર્થાત્ સ્થાપના કરતાં નામની વિશેષતા છે.

**પ્રતિવાદી-** પ્રતિયોગીની(=અન્યનિક્ષેપાના નિરૂપક[1] ભાવનિક્ષેપાની) સાથે નામસ્થાપનાનો સંબંધ શું સરખો નથી ? સદશવચનવાળો નથી ? અર્થાત્ સદશવચનવાળો છે. એટલે કે નામ-સ્થાપનામાં પરસ્પર કાંઈ વિષમતા નથી. કારણ કે એકમાં અર્થાત્ નામનિક્ષેપામાં વાચ્ય(=પ્રતિપાદન કરવા યોગ્ય) વાચક(=પ્રતિપાદક)ભાવ છે, અને સ્થાપનાનિક્ષેપમાં સ્થાપ્ય (=સ્થાપવા યોગ્ય) સ્થાપકભાવ(=સ્થાપનાર) છે. સામાન્યથી આટલો ભેદ છે. બીજો કોઈ વિશેષભેદ નથી.

**व्याख्या–** अनया प्रतिबन्द्या दुर्वादिनमाक्षिपति तत्तस्मात्कारणात् हे जडमते ! त्वया द्वयमेव नामस्थापनालक्षणमविशेषेण वन्द्यं, द्वयोरपि भगवदध्यात्मोपनायकत्वाविशेषात् । अन्तरङ्गप्रत्यासत्त्यभावादुपेक्ष्यत्वे तु द्वयमेव त्वया त्याज्यं स्यात् । तच्चानिष्टं, नाम्नः परेणाप्यङ्गीकरणात् ।

**ભાવાર્થ–** આ પ્રતિબંદિથી અર્થાત્ નામ-સ્થાપનાને સદશ કહેનાર પ્રતિબંદિથી દુર્વાદીને આક્ષેપ કરે છે– જો તમે નામ અને સ્થાપનાને સરખા માનો છો. તો પછી હે જડમતિ ! તારે બંને(નામ અને સ્થાપના)ને સામાન્યથી વંદના કરવી જોઈએ. કેમકે ભગવાનના આલંબનથી આત્મામાં થતા અધ્યાત્મભાવનું પ્રાપકપણું બંનેમાં પણ સમાન છે. અર્થાત્ ભગવાનના નામસ્મરણથી ભગવાન પ્રત્યે બહુમાનભાવ ઉત્પન્ન થાય છે એમ સ્થાપના દ્વારા પણ ભગવાન પ્રત્યે બહુમાનનો ભાવ ઉત્પન્ન થાય છે.

**પૂર્વપક્ષ-** સ્થાપનામાં ભાવઅરિહંતની સાથે અંતરંગ સંબંધ નથી, તેથી સ્થાપના અવંદ્ય છે.

**ઉત્તરપક્ષ-** નામમાં પણ ભાવ અરિહંતની સાથે અંતરંગસંબંધ નથી. (માત્ર દ્રવ્યમાં જ ભાવ અરિહંતની સાથે અંતરંગ સંબંધ હોય, કારણ કે દ્રવ્યની સાથે ભાવનો તાદાત્મ્ય સંબંધ હોય.) તેથી જો તારે સ્થાપના ઉપેક્ષ્ય છે તો તારા માટે નામ અને સ્થાપના બંને ત્યાજ્ય બનશે. તે અનિષ્ટ છે. કેમકે લુંપાકવડે પણ નામનિક્ષેપાનો સ્વીકાર કરેલો છે.

૧. ભાવનિક્ષેપો નામાદિ ત્રણ નિક્ષેપાનો નિરૂપક છે. જેમ કે કોનું નામ ? તો ભાવતીર્થંકરનું નામ. તેથી ભાવતીર્થંકર નામતીર્થંકરનો નિરૂપક છે.

**व्याख्या**– अत एव तर्कात् लुम्पकमुखे मषीकूर्चको दत्तः स्यात्, मालिन्यापादनादिति भावः ।

**ભાવાર્થ**– આ તર્કથી અર્થાત્ પૂર્વે સ્થાપન કર્યું કે જો વાદી પ્રતિમાને વંદ્યરૂપે ન સ્વીકારતો હોય તો તેણે નામને પણ વંદ્યરૂપે(=વંદનીયરૂપે) સ્વીકારવું ન જોઈએ. જો તે નામને વંદ્યરૂપે(=વંદનીયરૂપે) સ્વીકારતો હોય તો પ્રતિમાને વંદ્યરૂપે સ્વીકારવી જોઈએ. આ જ તર્કથી લુંપાકના(વાદીના) મુખે મષીનો કૂચડો આપ્યો. અર્થાત્ તેનું મુખ શ્યામ બની ગયું.

**व्याख्या**– अत्र मषीकूर्चकत्वेन मौनदानविवक्षायां ''कमलमनम्भसि'' इत्यादाविव रूपकगर्भा यथाश्रुतविवक्षायां त्वसम्बन्धे सम्बन्धरूपाऽतिशयोक्तिः। भावनिक्षेपो यद्यवन्द्यस्थापनानिक्षेपप्रतियोगी स्यादवन्द्यनामनिपेक्षप्रतियोगी स्यादित्येवं वा तर्कस्य व्यधिकरणत्वं निरसनीयम् ॥४॥

**ભાવાર્થ**– અહીં મૌનદાન વિવક્ષામાં "कमलमनम्भसि" અર્થાત્ પાણી વિના કમલનો અર્થ મુખ થાય છે. ઈત્યાદિ રૂપકગર્ભ અતિશયોક્તિ છે. વળી યથાશ્રુતવિવક્ષામાં અસંબધમાં સંબંધરૂપ અતિશયોક્તિ છે.

**વિશેષાર્થ**– શ્લોકમાં કહેવાયું છે કે, લુંપાકના મુખ ઉપર મષીકૂર્ચક અપાયો, તેનો અર્થ એમ કરીએ કે, પૂર્વપક્ષીને મૌન અપાયું, ત્યાં રૂપકગર્ભ અતિશયોક્તિ અલંકાર છે. જેમ પાણી વગર કમળનો અર્થ મુખ થાય છે, તેમ મષીકૂર્ચક અપાયો તેનો અર્થ મૌનદાન કરાયું તેવો થાય છે. જેમ કમલની ઉપમા દ્વારા મુખનું કથન કરાયું, તેમ મષીકૂર્ચક દ્વારા મૌનદાનનું કથન કરાયું, તેથી તે રૂપક છે. અને ઉપમાન-ઉપમેયનો ભેદ હોવા છતાં અતિશયોક્તિથી અભેદ કથન છે. જેમ પાણી વગર કમળ એ કથનમાં કમળની ઉપમા મુખને આપવામાં આવી છે, આમ છતાં "कमलमनंभसि" એ કથનમાં ઉપમાન-ઉપમેયનો ભેદ હોવા છતાં બતાવવો નથી. કેમ કે મુખ એ પાણી વગરનું કમળ જ છે, એમ અતિશયોક્તિથી બતાવવું છે. તેમ પ્રસ્તુતમાં પ્રતિબંદિ ઉત્તર દ્વારા મૌનદાનનું કથન કરાયું

૧. "कमलमनम्भसि" ઈત્યાદિની જેમ આ કાવ્યમાં રૂપક અલંકાર છે. અને માત્ર શબ્દાર્થ જ પકડવામાં આવે તો અતિશયોક્તિ અલંકાર છે. "જેમાં જેનો સંબંધ ન હોય તેમાં તેની કલ્પના કરવી" એ અતિશયોક્તિ અલંકારનું લક્ષણ છે.

તે જ મષીકૂર્ચક અપાયો એ પ્રકારે અભેદ વિવક્ષા છે, તે અતિશયોક્તિરૂપ છે. તેથી રૂપકગર્ભ અતિશયોક્તિ અલંકાર છે.

વળી, યથાશ્રુતવિવક્ષામાં અસંબંધમાં સંબંધરૂપ અતિશયોક્તિ અલંકાર છે. અર્થાત્ મૌનદાનની વિવક્ષા કરવામાં ન આવે, પરંતુ મષીકૂર્ચક અપાયો એમ જે પ્રમાણે સંભળાય છે તે પ્રમાણે જ અર્થની વિવક્ષા કરવામાં આવે, તો લુંપાકનું મુખ પ્રતિબંદિ ઉત્તરથી ખિન્ન થયેલું હોવાથી જે શ્યામ દેખાય છે, તે મષીકૂર્ચક આપવાને કારણે થયું છે, તે અતિશયોક્તિથી કહેવું છે. અને મષીકૂર્ચકનો સંબંધ નહિ હોવા છતાં મુખ શ્યામ થયેલ છે, તે મષીકૂર્ચકના સંબંધથી છે એવો ભાવ હોવાથી અસંબંધમાં સંબંધરૂપ અતિશયોક્તિ અલંકાર છે. (પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા કૃત અનુવાદમાંથી સાભાર સમુદ્ધૃત.)

જો ભાવ નિક્ષેપો અવંદનીય સ્થાપનાનો પ્રતિયોગી=સંબંધી હોય તો અવંદ્ય(=અવંદનીય) નામનિક્ષેપાનો પ્રતિયોગી થશે. આ પ્રમાણે તર્કનું વ્યધિકરણપણું નિરસનીય જાણવું=આ પ્રમાણે તર્કનો આકાર મૂકવાથી નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપરૂપ ભિન્ન અધિકરણમાં આપાદ્ય-આપાદકની પ્રાપ્તિ હતી તે રહેશે નહિ.

**વિશેષાર્થ-** અહીં તર્કમાં આપાદક, અવંદ્ય સ્થાપનાનિક્ષેપપ્રતિયોગિત્વ છે અને આપાદ્ય, અવંદ્યનામનિક્ષેપપ્રતિયોગિત્વ છે, અને તે બંનેને ભાવનિક્ષેપારૂપ અધિકરણમાં એકાધિકરણ કરવા માટે=નામ અને સ્થાપનાનિક્ષેપો ભાવનિક્ષેપા સાથે સંબંધી છે એ બતાવવા માટે, સંબંધ અર્થમાં પ્રતિયોગિત્વ શબ્દનો ઉપયોગ કરાયો છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જો પૂર્વપક્ષી સ્થાપનાનિક્ષેપાને અવંદ્ય કહે તો તે અવંદ્ય એવા સ્થાપનાનિક્ષેપા સાથે સંબંધવાળો ભાવનિક્ષેપો બનશે=અવંદ્ય એવા સ્થાપનાનિક્ષેપાનો પ્રતિયોગી ભાવનિક્ષેપો બનશે, અને પૂર્વપક્ષીને નામનિક્ષેપો અવંદ્ય માન્ય નથી. તેથી તેના મત પ્રમાણે ભાવનિક્ષેપો વંદ્ય એવા નામનિક્ષેપાનો પ્રતિયોગી છે, પરંતુ અવંદ્ય એવા નામનિક્ષેપાનો પ્રતિયોગી નથી. તેથી જો ભાવનિક્ષેપો વંદ્ય એવા નામનિક્ષેપાનો પ્રતિયોગી હોય તો તે જ રીતે વંદ્ય એવા સ્થાપનાનિક્ષેપાનો પણ પ્રતિયોગી બને. એ

રીતે તર્ક વિપર્યયમાં પર્યવસાન પામીને સ્થાપનાનિક્ષેપાની વંદ્યતાની સિદ્ધિ કરે છે. આ પ્રમાણે ચોથા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.।।૪।।

**उपोद्घातवचनकर्णिका**— प्रतिमारीनेव भङ्ग्याक्षिपंस्तदाराधकानभिष्टौति -

પ્રતિમાના શત્રુઓને જ ભંગીથી(=વ્યંગ્યયુક્તિથી) આક્ષેપ કરતા ગ્રંથકાર પ્રતિમાના આરાધક જીવોની સ્તુતિ કરે છે–

**स्वान्तं ध्वान्तमयं मुखं विषमयं दृग्धूमधारामयी,**
**तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्तिर्न वा प्रेक्षिता ।**
**देवैश्चारणपुङ्गवैः सहृदयैरानन्दितैर्वन्दितां,**
**ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः ।।५।।**

**શ્લોકાર્થ**— જેઓએ પરમાત્માની પ્રતિમાને નમસ્કાર કર્યો નથી, તેનું હૃદય અંધકારમય છે. જેમણે જિનેશ્વર ભગવંતની સ્તુતિ કરી નથી, તેઓનું મુખ વિષમય છે. અને જેઓએ ભગવંતની પ્રતિમા નિહાળી નથી, તેઓની દૃષ્ટિ ધૂમ્રધારાથી વ્યાપ્ત છે. દેવો, ચારણમુનિઓ તથા તત્ત્વજ્ઞાનીઓએ આનંદથી જે પ્રતિમાની વંદના કરેલી છે તે પ્રતિમાની કૃતાર્થબુદ્ધિવાળા અને દીર્ઘદર્શી જે આત્માઓ ઉપાસના કરે છે તેઓનો જન્મ પવિત્ર છે...૫

**પ્રતિમા-વિરાધક ઉપર આક્ષેપ,**
**આરાધક ઉપર સ્તુતિપ્રક્ષેપ.**
**પ્રતિમા અપલાપકનો ઉપહાસ**
**અને પ્રતિમાપૂજકની સ્તુતિ.**

**व्याख्या**— यैर्भगवन्मूर्तिर्न नता तेषां स्वान्तं हृदयं ध्वान्तमयमन्धकार-प्रचूरं, हृदये नमनप्रयोजकालोकाभावादेव तदनमनोपपत्तेः ।

**ભાવાર્થ**— જેઓએ ભગવંતની મૂર્તિને(=પ્રતિમા)ને નમસ્કાર કર્યો નથી. તેઓનું હૃદય અત્યંત અંધકારમય છે. લુંપાકોના હૃદયમાં નમનપ્રયોજક (=નમસ્કાર કરવાની પ્રેરણા કરે તેવો) આલોક(=બોધ) નથી. તેથી તેઓ મૂર્તિને નમન કરતા નથી.

(મૂર્તિને નહિ માનનારા જે જીવોના હૈયામાં તત્ત્વનો પક્ષપાત હોય

અને તેથી પ્રજ્ઞાપનીયવૃત્તિને ધારણ કરતા હોય તે જીવોની પ્રતિમાની પૂજા ન થાય એવી બુદ્ધિ અત્યંત અનર્થકારી થતી નથી. કેમ કે તેમનામાં આલોકની(=બોધની) પ્રાપ્તિની યોગ્યતા રહેલી છે. તથા મૂર્તિને માનનારા જીવોમાં પણ જે જીવોમાં જો ભગવાનના સ્વરૂપને જાણવાની જરાય જિજ્ઞાસા ન હોય, ફક્ત કુલાચારથી નમસ્કારાદિ કરે, અથવા પોતાને જોઈતા ભૌતિકસુખો મેળવવા માટે જ પૂજા કરે તો તેમનામાં નમનપ્રયોજક આલોક (=બોધ) હોવા છતાં પરમાર્થથી આલોક(=બોધ) નથી. વીતરાગને વીતરાગરૂપે સમજીને જેમના ચિત્તમાં વીતરાગની મુદ્રા પ્રત્યે આકર્ષણ થાય, અને વિરાગભાવ પ્રત્યે બહુમાનભાવ પ્રગટે તે જ જીવોમાં પરમાર્થથી નમનપ્રયોજક આલોક(=બોધ) છે.)

**व्याख्या–** यैर्भगवन्मूर्तिर्न स्तुता तेषां मुखं विषमयं, स्तुतिरूपपीयूषाभावस्य तत्र विषसत्त्वे एवोपपत्तेः ।

**ભાવાર્થ–** જેઓએ ભગવાનની પ્રતિમાની સ્તવના કરી નથી તેઓનું મુખ વિષમય છે. કેમકે સ્તુતિરૂપ વચનરૂપ અમૃતનો તેમનાં મુખમાં અભાવ છે. મૂર્તિ નમસ્કરણીય નથી એવી બુદ્ધિના કારણે તેમનું મુખ વિષથી ભરેલું છે. તેથી જ પરમાત્માની સ્તવનારૂપ અમૃતનો અભાવ ઘટે છે.

**व्याख्या–** यैर्भगवन्मूर्तिर्वाऽथवा न प्रेक्षिता तेषां दृग् धूम्रधारामयी, जगद्दृगासेचनकतत्प्रेक्षणाभावस्य धूम्रधारावृतनेत्रत एवोपपत्तेः ।

**ભાવાર્થ–** જેઓવડે ભગવાનની પ્રતિમાના દર્શન કરાયા નથી, તે જીવોની દૃષ્ટિ ધૂમ્રધારાથી આવરાયેલી છે. કારણ કે જગતના જીવોની દૃષ્ટિને આસેચનક(=દર્શનથી આનંદ થવાના કારણે ઘણીવાર દર્શન કરવા છતાં દૃષ્ટિ તૃપ્ત ન થાય તેવા) પ્રતિમાના દર્શનનો અભાવ ધૂમ્રધારાથી આવૃત્તનેત્રથી જ ઘટી શકે.

**व्याख्या–** ध्वान्तत्वादिना दोषविशेषा एवाध्यवसीयन्ते इत्यतिशयोक्तिः सा चोक्तदिशा काव्यलिङ्गानुप्रणीताऽवसेया ।

**ભાવાર્થ–** (ध्वान्तत्वादिना... ऽवसेया ।) ધ્વાન્તત્વાદિ=અંધકારત્વાદિ વડે (કાવ્યમાં) દોષવિશેષો જણાય છે. તેથી કરીને અતિશયોક્તિ અલંકાર છે.

અને તે અતિશયોક્તિ ઉક્તદિશાવડે કાવ્યલિંગથી અનુપ્રણિત જાણવી.

**વિશેષાર્થ–** પૂર્વમાં કહ્યું કે, જેઓ વડે ભગવાનની મૂર્તિ નમાઈ નથી તેઓનું હૃદય ધ્વાંતમય=અંધકારમય છે, જેઓ વડે ભગવાનની મૂર્તિ સ્તવાઈ નથી તેઓનું મુખ વિષમય છે, અને જેઓ વડે ભગવાનની મૂર્તિ જોવાઈ નથી તેઓની દૃષ્ટિ ધૂમ્રધારામયી છે. આ બધા દ્વારા લુંપાકમાં મિથ્યાત્વ, અસદ્ગ્રહ કે અજ્ઞાનાદિ છે એ પ્રમાણે જણાય છે. એથી કરીને કાવ્યમાં અતિશયોક્તિ અલંકાર છે=લુંપાકના આત્મામાં વર્તતા દોષોને ધ્વાંતમય વગેરેથી જે કહ્યા તે અતિશયોક્તિ અલંકાર છે, અને તે અતિશયોક્તિ કહેવાયેલી દિશા વડે કાવ્યલિંગ અનુપ્રણિત જાણવી. તે આ પ્રમાણે– શ્લોક-૪ માં કહ્યું કે, રૂપકગર્ભ અને અસંબંધમાં સંબંધની કલ્પનારૂપ અતિશયોક્તિ છે. ત્યાં મૌનદાનની વિવક્ષામાં રૂપકગર્ભ અતિશયોક્તિ છે, અને યથાશ્રુતઅર્થમાં અસંબંધમાં સબંધની કલ્પનારૂપ અતિશયોક્તિ છે. તેમ પ્રસ્તુતશ્લોકમાં યથાશ્રુત અર્થ ગ્રહણ ન કરતાં અન્ય અર્થ ગ્રહણ કરવામાં આવે ત્યારે પૂર્વમાં જેમ રૂપકગર્ભ અતિશયોક્તિ હતી, તેમ અહીં કાવ્યલિંગ અનુપ્રણિત અતિશયોક્તિ છે(=કાવ્યપ્રકાશ પ્રમાણે) કાવ્યલિંગ ઉચ્છ્વાસિતા અતિશયોક્તિ છે=કાવ્યલિંગથી ઉત્પન્ન થયેલી અતિશયોક્તિ છે.

અહીં કાવ્યલિંગ અનુપ્રણિત અતિશયોક્તિનું લક્ષણ કાવ્યપ્રકાશ પ્રમાણે એ છે કે- હેતુનું પદાર્થ વાક્યાર્થરૂપે કથન કરવું. અહીં પ્રસ્તુત કાવ્યમાં સ્વાંત ધ્વાંતમય છે તેનો હેતુ **'न नता'** છે. મુખ વિષમય છે તેનો હેતુ **'न स्तुता'** છે, અને દૃષ્ટિ ધૂમ્રધારામયી છે તેનો હેતુ **'न प्रेक्षिता'** છે. તેથી હેતુનું શ્લોકમાં વાક્યાર્થરૂપે જે કથન છે, તે કાવ્યલિંગથી થયેલ અતિશયોક્તિરૂપ છે.

**व्याख्या–** ये तु कृतधियः पण्डिता एनां भगवन्मूर्तिं समुपासते, तेषां जनुर्जन्म पवित्रं नित्यं मिथ्यात्वमलपरित्यागात् ।

**ભાવાર્થ–** વળી જે પંડિતો આ ભગવાનની પ્રતિમાની ઉપાસના કરે છે, તેઓનો જન્મ મિથ્યાત્વરૂપ મલના પરિત્યાગથી હંમેશા પવિત્ર બને છે.

**व्याख्या–** कीदृशीं ? देवैः सुरासुरव्यंतरज्योतिष्कैः चारणपुङ्गवैः चारणप्रधानैः जंघाचारणविद्याचारणैः सहृदयैर्ज्ञाततत्त्वैरानन्दितैर्जातानन्दैर्वन्दितां। हेतुगर्भं चेदं विशेषणम्, देवादि-वन्दितत्वेन शिष्टाचारात्तत्समुपासनं जन्म-पावित्र्यायेति भावः । देवैर्यथा वन्दिता तथाऽन्तरं स्फुटीकरिष्यामः ॥

**ભાવાર્થ–** જેમણે તત્ત્વનું સ્વરૂપ જાણ્યું છે તેવા અને ઉત્પન્ન થયેલા આનંદવાળા સુર-અસુર-વ્યંતર-જ્યોતિષ્કદેવોથી, ચારણોમાં પ્રધાન એવા જંઘાચારણ અને વિદ્યાચારણોથી આ પ્રતિમા વંદાયેલી છે.

આ વિશેષણ(=દેવો અને ચારણોથી વંદાયેલી છે' એ વિશેષણ) હેતુગર્ભ છે. જિનપ્રતિમા દેવાદિથી વંદાયેલી હોવાના કારણે શિષ્ટાચાર હોવાથી જિનપ્રતિમાની સમ્યગ્ ઉપાસના જન્મપવિત્ર કરવામાં કારણભૂત છે. દેવોએ જેવી રીતે જિનપ્રતિમાને વંદના કરેલી છે તેનું વર્ણન અમે આગળ પ્રગટ કરીશું.

**व्याख्या–** चारणाधिकारप्रतिबद्धश्चायं विंशतितमशते नवमोद्देशकः- ''कइविहाणं भंते चारणा पन्नता'' इत्यादि ज्ञेयम् ॥५॥

**ભાવાર્થ–** चारणाधिकार....(भगवत्याम्) ચારણ અધિકાર સાથે જોડાયેલ આ ભગવતીસૂત્રના ૨૦મા અધ્યયનમાં નવમો ઉદ્દેશક આ પ્રમાણે છે–

હે ભગવન્ ! ચારણો કેટલા પ્રકારે કહ્યા છે ? હે ગૌતમ ! ચારણો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે (૧) વિદ્યાચારણ અને (૨) જંઘાચારણ. હે ભગવન્ ! વિદ્યાચારણ મુનિઓ 'વિદ્યાચારણ' એમ કયા અર્થથી= હેતુથી કહેવાય છે ? હે ગૌતમ ! નિરંતર છટ્ઠ છટ્ઠના તપકર્મ વડે (અને) વિદ્યા વડે=પૂર્વગત શ્રુતરૂપ વિદ્યાવડે ઉત્તરગુણલબ્ધિને પામેલાને વિદ્યાચારણલબ્ધિ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તે અર્થથી=હેતુથી વિદ્યાચારણ મુનિઓ વિદ્યાચારણ કહેવાય છે. હે ભગવંત ! વિદ્યાચારણની કેવી શીઘ્ર ગતિ હોય ? (અને) કેવી શીઘ્ર ગતિનો વિષય કહેલો છે? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ તેની પરિધિ કરતાં યાવત્ વિશેષાધિક પરિધિ છે તેને, મહાન ઋદ્ધિવાળો યાવત્ મહાન ઐશ્વર્યવાળો દેવ આને

જ આશ્રયીને સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડવા જેટલા કાળવડે ત્રણ વાર અણુપરિયત્તા=ફરીને=પ્રદક્ષિણા આપીને શીઘ્ર આવે. હે ગૌતમ ! તે પ્રકારે વિદ્યાચારણની શીઘ્ર ગતિ તથા શીઘ્ર ગતિનો વિષય કહેલો છે.

હે ભગવંત ! વિદ્યાચારણની તિર્યગ્ ગતિનો=તીરછી ગતિનો વિષય કેટલો કહેલો છે ? હે ગૌતમ ! વિદ્યાચારણ એક ઉત્પાત વડે માનુષોત્તર-પર્વતમાં આગમન કરે છે. માનુષોત્તર પર્વતમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે છે. ત્યાં રહેલા ચૈત્યોને વાંદીને બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપમાં આગમન કરે છે. નંદીશ્વરદ્વીપમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે છે. ત્યાં રહેલા ચૈત્યોને વાંદીને ત્યાંથી પાછા ફરે છે, ત્યાંથી પાછા ફરીને અહીં આવે છે. અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે છે. હે ગૌતમ ! વિદ્યાચારણની તીરછી ગતિનો વિષય આટલો છે.

હે ભગવંત ! વિદ્યાચારણની ઊર્ધ્વગતિનો વિષય કેટલો કહેલો છે? હે ગૌતમ ! વિદ્યાચારણ અહીંથી એક ઉત્પાત વડે નંદનવનમાં આગમન કરે. નંદનવનમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે. ત્યાં રહેલા ચૈત્યોને વાંદીને બીજા ઉત્પાત વડે પંડકવનમાં આગમન કરે. પંડકવનમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે. ત્યાં રહેલાં ચૈત્યોને વાંદીને ત્યાંથી એક ઉત્પાત વડે પાછા ફરે. ત્યાંથી પાછા ફરીને અહીં આવે. અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે. હે ગૌતમ ! વિદ્યાચારણની ઊર્ધ્વગતિનો વિષય આટલો કહેલો છે.

તે વિદ્યાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે તો તેની આરાધના નથી. અને તે વિદ્યાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેની આરાધના છે. ॥ (સૂત્ર-૬૮૪) ॥

હે ભગવંત ! તે જંઘાચારણને જંઘાચારણ કયા અર્થથી=હેતુથી કહેવાય છે ? હે ગૌતમ ! નિરંતર અઠ્ઠમ અઠ્ઠમના તપવડે આત્માને ભાવિત કરતા મુનિને જંઘાચારણલબ્ધિ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તે અર્થવડે=હેતુ વડે તે જંઘાચારણ, જંઘાચારણ કહેવાય છે. હે ભગવંત ! તે જંઘાચારણની કેવી શીઘ્ર ગતિ હોય ? અને કેવો શીઘ્ર ગતિનો વિષય હોય ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ... એ પ્રમાણે જે રીતે

વિદ્યાચારણમાં કહ્યું તે રીતે સમજવું. ફક્ત ૨૧ વાર ફરીને=પ્રદક્ષિણા આપીને શીઘ્ર આવે. હે ગૌતમ ! તે પ્રકારે જંઘાચારણની શીઘ્રગતિ અને શીઘ્રગતિનો વિષય કહેલો છે. બાકીનું તે પ્રમાણે જાણવું=વિદ્યાચારણમાં કહ્યા મુજબ જાણવું.

હે ભગવંત ! જંઘાચારણની તિર્યગ્ગતિનો વિષય કેટલો કહેલો છે ? હે ગૌતમ ! તે જંઘાચારણ અહીંથી એક ઉત્પાત વડે રુચકવરદ્વીપમાં આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે, વંદન કરીને ત્યાંથી પાછા ફરતાં એક ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપ ઉપર આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે. વંદન કરીને બીજા ઉત્પાદ વડે અહીં આવે. અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે. હે ગૌતમ ! જંઘાચારણની તિર્યગ્ગતિનો વિષય આટલો કહ્યો છે.

હે ભગવંત ! જંઘાચારણની ઊર્ધ્વગતિનો વિષય કેટલો કહેલો છે? હે ગૌતમ ! તે જંઘાચારણ અહીંથી એક ઉત્પાતવડે પંડકવનમાં આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે, વંદન કરીને ત્યાંથી પાછા ફરતાં એક ઉત્પાતવડે નંદનવનમાં આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે. વંદન કરીને બીજા ઉત્પાતવડે અહીં આવે, અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે. હે ગૌતમ ! જંઘાચારણની ઊર્ધ્વગતિનો વિષય આટલો કહ્યો છે.

તે જંઘાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા સિવાય કાલ કરે તો તેની આરાધના નથી, (અને) તે જંઘાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેની આરાધના છે.

હે ભગવંત ! તે આ=વિદ્યાચારણ આ પ્રકારે=ઉપર વર્ણન કર્યું એ પ્રકારે વિહરે છે. (પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા કૃત અનુવાદમાંથી સાભાર સમુદ્ધૃત) આ રીતે પાંચમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.॥૫॥

**उपोद्घातवचनकर्णिका**— उक्तमेव स्वीकारणं तत्र कुमतिकल्पिताशङ्कां निरस्यन्नाह—

પૂર્વે કહેવાયેલા ભગવતીસૂત્રના આલાવાનો જ સ્વીકાર કરાવતા ગ્રંથકાર તે આલાવામાં કુમતિઓએ કલ્પેલી આશંકાનો નિરાસ કરતા (=

ખંડન કરતા) કહે છે–

**प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता किं चारणैर्निर्मिता,**
**तेषां लब्ध्युपजीवनाद् विकटनाभावात् त्वनाराधना ।**
**सा कृत्याकरणादकृत्यकरणाद् भग्नव्रतत्वं,**
**भवेदित्येता विलसन्ति सन्नयसुधासारा बुधानां गिरः ॥६॥**

## જિનપ્રતિમા સ્વીકૃતિ-કુમતિજનિત આશંકાનું નિવારણ.

**શ્લોકાર્થ–** પ્રજ્ઞપ્તિ (ભગવતી) સૂત્રમાં ચારણમુનિઓએ કરેલી પ્રતિમાની વંદના શું પ્રખ્યાત નથી ? અર્થાત્ પ્રખ્યાત છે. તે સૂત્રમાં ચારણોની જે અનારાધના બતાવી છે તે લબ્ધિનો ઉપયોગ કર્યો હોવાથી તેની આલોચના ન કરવાના કારણે છે. આમ અનારાધના આલોચનારૂપ કૃત્યના અકરણથી છે. (કેમકે) અકૃત્યના કરણથી વ્રતભંગ થાય. (જો અહીં પ્રતિમાને નમનરૂપ અકૃત્યના કરણને અનારાધના માનવામાં આવે તો તેનાથી અતિચાર નહિ, કિંતુ મિથ્યાત્વ હોવાથી વ્રતભંગ થાય. જે ઈષ્ટ નથી.) આ પ્રમાણે આ સુનયરૂપ અમૃતસારવાળી બુદ્ધોની વાણી વિલાસ પામે છે...६

**व्याख्या–** प्रज्ञप्तौ भगवतीसूत्रे किं चारणैर्जङ्घाचारणविद्याचारणश्रमणै-र्निर्मिता प्रतिमानतिर्न विदिता न प्रसिद्धा ? अपि तु प्रसिद्धैव सुधर्मास्वामिना कण्ठीरवेणोक्तस्य तत्र तरणिप्रकाशतुल्यस्य कुमतिकौशिकवाग्मात्रेणापह्नो-तुमशक्यत्वात् ।

**ભાવાર્થ–** પ્રજ્ઞપ્તિમાં (ભગવતીસૂત્રમાં) શું જંઘાચારણ-વિદ્યાચારણ શ્રમણોવડે પ્રતિમાને કરેલી વંદના પ્રસિદ્ધ નથી ? અર્થાત્ પ્રસિદ્ધ જ છે. કેમકે સિંહગર્જનાના સ્વામી સુધર્માસ્વામીએ કહેલી સૂર્યના પ્રકાશ તુલ્ય વાણીનો કુમતિરૂપી ઘુવડની વાણીમાત્રથી અપલાપ કરી શકાય તેમ નથી.

**व्याख्या–** ननु यदुक्तं तद्व्यक्तमेव, परं चैत्यवंदननिमित्तालोचना-ऽभावेऽनाराधकत्वमुक्तमिति तेषां चैत्यनतिं स्वारसिकीं नाभ्युपगच्छाम इत्याशङ्कायामाह- तेषामिति, तेषां जङ्घाचारणविद्याचारणानां लब्ध्युपजीवनात् तस्य प्रमादरूपत्वात् । तु पुनर्विकटनाभावादालोचनाभावात् "आलोयणा

वियडणा'' इति निर्युक्तिवचनाद्विकटनाशब्दस्यालोचनार्थः । अनाराधना, न त्वन्यतो निमित्तात् ।

**ભાવાર્થ– પ્રશ્ન-** ભગવતીસૂત્રમાં ચારણશ્રમણોવડે જે પ્રતિમાને નમસ્કાર કહેવાયો, તે વાત સ્પષ્ટ જ છે. પરંતુ ચૈત્યવંદનનિમિત્તે થતી આલોચના ન કરવાથી તેઓને અનારાધકપણું (=વિરાધકપણું) કહેલું છે. આ કારણથી તેઓની ચૈત્યવંદના સ્વારસિકી (=રસપૂર્વક) છે એમ અમે સ્વીકારતા નથી.

**ઉત્તર-** તેઓની અર્થાત્ જંઘાચારણ-વિદ્યાચારણોની જે અનારાધના કહી તે લબ્ધિનો ઉપયોગ કરવાથી છે. લબ્ધિનો ઉપયોગ પ્રમાદરૂપ છે. મૂળમાં વિકટના શબ્દનો આલોચના અર્થ થાય છે. કેમકે એ પ્રમાણે નિર્યુક્તિનું વચન છે. તેઓની અનારાધના આલોચનાના અભાવના કારણે છે બીજા કોઈ કારણથી નથી.

**व्याख्या–** तदाह- साऽनाराधना कृत्यस्य प्रमादालोचनस्याकरणात्, अकृत्यकरणं चैत्यवंदनेन मिथ्यात्वकरणं, ततस्तत्पुरस्कृत्याऽनाराधनायां तूच्यमानायां भग्नव्रतत्वं भवेत् मिथ्यात्वसहचारिणामनन्तानुबन्धिनामुदयेन चारित्रस्य मूलत एवोच्छेदात् ''मूलच्छेज्झं पुण होइ बारसण्हं कसायाणं'' इति वचनात् ।

**ભાવાર્થ–** આ વિષયને જણાવતા ગ્રંથકાર કહે છે કે–ચૈત્યવંદન કરવાથી ચારણોએ મિથ્યાત્વ કર્યું. (જે ન કરવા જેવું હતું તે કરવા જેવું માનીને કર્યું.) આ ચૈત્યવંદનરૂપ મિથ્યાત્વકરણને આગળ કરીને અનારાધના કહેવામાં આવે તો વ્રતભંગ થાય. કારણ કે મિથ્યાત્વના સહચારી અનંતાનુબંધી કષાયના ઉદયથી ચારિત્રનો મૂળથી જ ઉચ્છેદ(=નાશ) થાય છે. કેમકે **"બાર કષાયના ઉદયથી ચારિત્રનો મૂળથી ઉચ્છેદ થાય છે"** એ પ્રમાણે વિશેષાવશ્યકભાષ્યનું વચન છે.

**व्याख्या–** तच्च नालोचनामात्रेऽपि शोधयितुं शक्यमित्ययं भारो मिथ्याकल्पकस्य शिरस्यास्तामित्येताः सन्नयः समीचीननयः स एव मिथ्याकल्पनाविषविकारनिरासकत्वात् सुधा पीयूषं तेन साराः । बुधानां सिद्धान्तपारदृश्वानां गिरो वाचः ॥६॥

**ભાવાર્થ–** અને તે વ્રતભંગ આલોચનામાત્રથી શુદ્ધ કરવા માટે અશક્ય છે. આ પ્રમાણે આ ભાર મિથ્યા કલ્પના કરનાર (લુંપાક)ના મસ્તક ઉપર રહો. આ રીતે જંઘાચારણ-વિદ્યાચારણોની ભગવતીમાં કહેલી અનારાધના આલોચનાના અભાવે થયેલી કહી છે. આ રીતે ગ્રંથને સમ્યક્ યોજવાની નીતિ એ જ અમૃત છે.

અમૃતની ઉપમા અહીં શા માટે આપી ? તો કહે છે કે મિથ્યા કલ્પના (= ખોટી કલ્પના) રૂપી વિષના વિકારને દૂર કરનાર હોવાથી અમૃત છે. અને તેનાવડે સારભૂત-શ્રેષ્ઠ એવી સિદ્ધાંતના પારગામી વિદ્વાનોની વાણી વિલાસ પામે છે. આ રીતે છઠ્ઠા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૬॥

**उपोद्‌घातवचनकर्णिका–** ननु चारणानां यावान् गतेर्गोचर उक्तस्तावद्देशगमनपरीक्षायामेव मुख्य उद्देशस्तस्यां क्रियमाणायां तत्तच्चैत्यानामपूर्वाणां दर्शनाद् विस्मयोद्बोधेन तन्नतिर्न तु स्वरसत इति तदाचरणं न शिष्टाचार इति सर्वेषां साधूनां न तद्‌वन्द्यता तद्‌दृष्टांतेनेति कुमतिमतमाशङ्क्य निषेधयति–

**પ્રશ્ન-** ચારણોની ગતિનો જેટલો વિષય શાસ્ત્રમાં કહ્યો છે તેટલા પ્રદેશમાં પોતે જઈ શકે કે કેમ ? એવી પરીક્ષા કરવાના મુખ્ય ઉદ્દેશથી જ ચારણલબ્ધિધરો નંદીશ્વર આદિ દ્વીપો પર જાય છે, ત્યાં તેમને પૂર્વે ક્યારેય નહિ જોયેલા ચૈત્યોને જોઈને વિસ્મય થાય છે. આથી તેઓ ચૈત્યોને વંદન કરે છે, પણ કર્તવ્ય છે એમ સમજીને ભાવથી કરતા નથી. તેથી ચારણોએ પ્રતિમાને નમન કર્યું એ શિષ્ટાચારરૂપ નથી, તેથી તે ચારણોના દૃષ્ટાંતથી સર્વ સાધુઓને પ્રતિમા વંદનીય છે એમ નિશ્ચિત થતું નથી. આ પ્રમાણે કુમતિના મતની આશંકા કરીને તેનો નિષેધ કરે છે–

**तेषां न प्रतिमानतिः स्वरसतो लीलानुषङ्गात्तु सा,**
**लब्ध्याप्तादिति कालकूटकवलोद्‌गारा गिरः पाप्मनाम् ।**
**हन्तैवं न कथं नगादिषु नतिर्व्यक्ता कथं चेह सा,**
**चैत्यानामिति तर्ककर्कशगिरा स्यात्तन्मुखं मुद्रितम् ॥७॥**

**ચારણ મુનિઓની કૌતુકથી વંદના પણ**
**ન સ્વાભાવિકી વંદના, તેવી કુમતિજનશંકાનું ખંડન.**

**શ્લોકાર્થ–** તેઓની(જંઘાચારણ-વિદ્યાચારણમુનિઓની) પ્રતિમાને વંદના સ્વરસથી નથી. કિંતુ લબ્ધિથી પ્રાપ્ત થયેલી લીલાના પ્રસંગથી છે. એ પ્રમાણે પાપી એવા લુંપાકની વાણી કાલકૂટઝેરના કોળિયાના ઉદ્ગાર જેવી છે. આ રીતે લીલાપ્રસંગથી ગતિ હોય તો માનુષોત્તરાદિ પર્વતાદિને નમસ્કાર કેમ ન કર્યો ? અને અહીં (ભરત-વિદેહાદિક્ષેત્રોમાં આવેલા) ચૈત્યોને વિષે વંદના કેમ કરી ? આ પ્રકારે તર્કથી કર્કશ-વાણીથી તે લુંપાકનું મુખ મુદ્રિત થાય, અર્થાત્ આ વાણીવડે તે પ્રત્યુત્તર આપી શકે નહીં.॥૭॥

**व्याख्या–** तेषां जङ्घाचारणविद्याचारणानां प्रतिमानतिः स्वरसतो न वर्त्तते, स्वरसः श्रद्धाभक्तिसंलुलितः परिणामस्तस्मादिति । तु पुनः । लब्ध्या-प्ताल्लब्धिप्राप्तात् लीलानुषङ्गात् लब्धिप्राप्तलीलादिदृक्षया प्रवृत्तानां तत्रावर्जनीय-संनिधिकदर्शनतयेत्यर्थः । सा नतिर्वर्त्तते, न चास्वारसिकतन्नत्यापि क्षतिः, स्वर-सिकाकृत्यकरणस्यैव दोषत्वादित्येताः पाप्मनां लुम्पाकदुर्गतानां गिरो वर्त्तन्ते । किं विशिष्टाः ? कालकूटकवलोद्गारा उद्गीर्यमाणकालकूटकवला इत्यर्थः । भक्षितमिथ्यात्वकालकूटानामीदृशानामेवोद्गाराणां संभवात् ।

**ભાવાર્થ– પૂર્વપક્ષ**-ચારણોએ પ્રતિમાને નમસ્કાર સ્વરસથી નથી કર્યો. સ્વરસ એટલે શ્રદ્ધા અને ભક્તિથી ઉલ્લસિત આત્મપરિણામ. લબ્ધિથી પ્રાપ્ત થયેલ લીલા વગેરેને જોવાની ઈચ્છાથી ચારણો ત્યાં જાય છે, અને પછી દર્શન નજીક હોવાથી દર્શન થયા વિના રહેતા નથી, આમ સ્વરસ વિના ચારણો પ્રતિમાઓને નમસ્કાર કરે છે. સ્વરસ વિના પ્રતિમાઓને નમસ્કાર કરવામાં મિથ્યાત્વકરણનો દોષ લાગતો નથી. સ્વરસથી અકૃત્ય કરે તો જ દોષરૂપ છે. (તેથી મિથ્યાત્વના કારણે વ્રતભંગ થવાનો અવકાશ જ નથી. અને એથી ચૈત્ય નમસ્કાર સાધુઓને માન્ય છે એમ પણ સિદ્ધ થતું નથી.) ખરાબ હાલતને પામેલા લુંપાકોની આવા પ્રકારની વાણી કાલકૂટ(ઝેર)ના કોળિયાના ઉદ્ગારરૂપ છે, અર્થાત્ તેવી વાણી કાલકૂટવિષમિશ્રિત કોળિયાના ઓડકારરૂપ છે. કારણ કે મિથ્યાત્વરૂપી કાલકૂટવિષનું ભક્ષણ કરનારાઓના મુખમાંથી જ આવા ઉદ્ગાર નીકળે છે. હવે પૂર્વપક્ષીને ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે–

**व्याख्या–** अत्रोत्तरं- हन्तेति निर्देशे, एवं लीलाप्राप्तस्य विस्मयेन साधूनां

वन्दनसंभवे कथं नगादिषु मानुषोत्तरनन्दीश्वररुचकमेरुतदारामादिविषये न चारणानां नतिर्जाता । तत्रापि अपूर्वदर्शनजनितविस्मयेन तत्संभवात् कथं चेह भरतविदेहादौ ततः प्रतिनिवृत्तानां साधूनां चैत्यानां प्रतिमानां सा नतिर्जाता ? इत्येवंभूता या तर्ककर्कशा गीस्तया तन्मुखं पाप्मवदनं मुद्रितं स्यात्, अनया गिरा ते प्रतिवक्तुं न शक्नुयुरित्यर्थः । कर्कशपदं तत्तर्कस्य निबिडमुद्राहेतुत्वमभिव्यक्ति ।

**ભાવાર્થ–** 'हन्त' આ શબ્દ નિર્દેશ અર્થમાં છે. અહીં પૂર્વપક્ષીના પ્રશ્નને ઉદ્દેશીને ગ્રંથકારનો જે ઉત્તર છે તે નિર્દેશરૂપ છે. આ પ્રમાણે લીલાવડે વિસ્મય પામી સાધુઓની વંદનની સંભાવના છે તો પછી માનુષોત્તર, નંદીશ્વર, રુચક, મેરુપર્વતો અને તેના ઉદ્યાન વિગેરેમાં રહેલા ચૈત્યોને તેઓ વંદના કરતા નથી તેનું શું કારણ ? કારણ કે તે પર્વતાદિમાં પણ અપૂર્વ-દર્શનથી ઉત્પન્ન થયેલા વિસ્મયવડે તે વંદના થવાની સંભાવના છે. ત્યાંથી પાછા ફરતા તેઓ ભરત-મહાવિદેહાદિમાં ચૈત્યોને વંદના કેમ કરે છે ? આ પ્રમાણે તર્કકર્કશવાણીથી તે પાપી એવા લુંપાકનું મુખ મુદ્રિત થાય, અર્થાત્ આ વાણીથી તે ઉત્તર આપવા સમર્થ બનતો નથી. આ પ્રમાણે અર્થ જાણવો. કર્કશપદ તેના તર્કની નિબિડ મુદ્રાનો(=દઢમુદ્રાનો) હેતુ પ્રગટ કરે છે. અર્થાત્ તે પદ દ્વારા તેના તર્કની વાત ઉડી જાય છે.

**व्याख्या–** अत्र यथा गोचरचर्योद्देशेनापि निर्गतेन साधुनाऽन्तरोपनताः साधवः स्वरसत एव वन्दनीयास्तथा गतिगोचरदर्शनायापि गतैश्चारणैर्नन्दीश्वरादिप्रतिमानतिः स्वरसत एवानभ्रोपनीतपीयूषवृष्टिवत् परमप्रमोदहेतुत्वादित्युक्तं भवति ॥७॥

**ભાવાર્થ–** અહીં જે પ્રકારે ગોચરીના ઉદ્દેશથી નીકળેલા સાધુએ રસ્તામાં મળતા સાધુઓને સ્વરસથી જ વંદન કરવા જોઈએ. તેવી જ રીતે ગતિથી જઈ શકાય તેટલા પ્રદેશમાં દર્શનાર્થે પણ ગયેલા ચારણમુનિઓને નંદીશ્વરાદિ દ્વીપવર્તી પ્રતિમાને સ્વરસથી કરેલી વંદના છે. કારણ કે તે વંદના વાદળ વિનાની અમૃતની વૃષ્ટિની જેમ પરમહર્ષનું કારણ છે. આ પ્રમાણે મૂળ શ્લોકમાં કહેલું છે. આ પ્રમાણે સાતમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.॥૭॥

**उपोद्घातवचनकर्णिका**– अथोक्तालापके ''तहिं चेइयाइं वंदइ'' इत्यस्यायमर्थः- यथा भगवद्भिरुक्तं तथैव नन्दीश्वरादिदृष्टमिति अहो तथ्यमिदं भगवज्ज्ञानमित्यनुमोदत इत्यर्थः चैत्यपदस्य नानार्थत्वादिति मुग्धपर्षदि मूर्धान-माधूय व्याचक्षाणमुपहसन्नाह–

પૂર્વે કહેલા આલાવામાં "तहिं चेइयाइं वंदइ" એ પદોનો અર્થ આ પ્રમાણે છે– જે પ્રકારે ભગવંતવડે કહેવાયેલું છે તેવા પ્રકારે નંદીશ્વરાદિ દ્વીપો જોવાયા.

અહો ! ભગવંતનું જ્ઞાન સત્ય છે. એ પ્રકારે અનુમોદના કરે છે, અર્થાત્ ચારણમુનિઓ ભગવાનના જ્ઞાનની અનુમોદના કરે છે. આ પ્રમાણે અહીં ચૈત્યપદનો અર્થ જ્ઞાન થાય છે, આ પ્રમાણે મુગ્ધની પર્ષદામાં મસ્તક ધૂણાવી વ્યાખ્યાન કરતા એવા કુમતિનો ઉપહાસ કરતાં કહે છે–

**ज्ञानं चैत्यपदार्थमाह न पुनर्मूर्तिप्रभोर्यो द्विषन्,**
**वन्द्यं तत्तदपूर्ववस्तुकलनाद्दृष्टार्थसंचार्यपि ।**
**धातुप्रत्ययरूढिवाक्यवचनव्याख्यामजानन्नसौ,**
**प्रज्ञावत्सु जडः श्रियं न लभते काको मरालेष्विव ॥८॥**

**વદે વાણી ચૈત્યાર્થ જ્ઞાન,**
**બને કુમતિ ઉપહાસપાત્ર,**
**કરે વ્યાકરણ નિયમાનુસારે નિરુત્તર.**

**શ્લોકાર્થ**– જિનશાસનનો દ્વેષી જે કુમતિ તે તે અપૂર્વ વસ્તુનો બોધ કરાવવાના કારણે દષ્ટાર્થસંચારી પણ(=દષ્ટ અર્થ જે પ્રતિમા, તે પ્રતિમારૂપ અર્થમાં વપરાતો હોવા છતાં) ચૈત્યપદથી જ્ઞાનને કહે છે. પરંતુ મૂર્તિને નહિ. ધાતુ, પ્રત્યય, રૂઢિ, વાક્ય અને વચનની વ્યાખ્યાને નહિ જાણતો તે જડમતિ હંસોમાં કાગડાની જેમ વિદ્વાનોમાં શોભા પામતો નથી...૮

**व्याख्या**– यो द्विषन् जिनशासने द्वेषं कुर्वन् प्रकृते चैत्यपदार्थं ज्ञानमाह, न पुनः प्रभोर्मूर्तिमाह । किं भूतं ज्ञानम् ? तस्य तस्यापूर्वस्य वस्तुनः कलनात् परिच्छेदात् । वन्द्यमनुमोद्यमिति योगः ।

**ભાવાર્થ–** જિનશાસનનો દ્વેષી જે(=લુંપાક) પ્રસ્તુતમાં(=પૂર્વશ્લોકમાં બતાવાયેલ પ્રજ્ઞપ્તિનાં પાઠમાં) ચૈત્યપદના અર્થને જ્ઞાન કહે છે, પ્રભુની મૂર્તિ નહિ.

**તે જ્ઞાન કેવું છે તે કહે છે–** તે તે અપૂર્વ વસ્તુનો બોધ કરાવનારું છે. આવું જ્ઞાન વંદ્ય છે=અનુમોદનીય છે. આ પ્રમાણે સંબંધ છે.

**અહીં ભાવાર્થ આ છે–** અહીં પાંચમી વિભક્તિ હેતુ અર્થમાં છે. ચારણમુનિઓ નંદીશ્વરદ્વીપ આદિમાં જાય છે. ત્યાં અપૂર્વ (નહિ જોયેલું) જુએ છે. પ્રભુએ જે કહેલું છે તે જ અહીં દેખાય છે. પ્રભુનું જ્ઞાન અપૂર્વવસ્તુનો બોધ કરાવનારું હોવાથી વંદનીય છે. વંદનીય છે એટલે અનુમોદનીય છે. આમ "तहिं चेइआइं वंदइ" એ પદોનો ત્યાં "જ્ઞાનની અનુમોદના કરે છે" એવો અર્થ કરે છે.

**व्याख्या–** किं भूतमपि ? दृष्टार्थसंचार्यपि इह लोके चैत्यवन्दने संचरिष्णुभविष्णुशब्दार्थमपि अपूर्वदर्शनेन विस्मयोत्पादकत्वाद्भगवज्ज्ञानस्य वन्द्यत्वे "इह चेइयाइं वंदइ" इत्यस्यानुपपत्तिरिहापूर्वादर्शनाद् इति ।

**ભાવાર્થ–** વળી તે ચૈત્યપદાર્થ કેવા પ્રકારનો છે ? તે બતાવે છે. ચૈત્યપદનો અર્થ દૃષ્ટાર્થસંચારી છે=આ લોકમાં પ્રત્યક્ષ દેખાતા ચૈત્યવંદનમાં સંચારસ્વભાવવાળું છે, અર્થાત્ ચૈત્યપદ પ્રતિમાના અર્થમાં વપરાય છે. આમ છતાં લુંપાકો ચૈત્યપદનો જ્ઞાન અર્થ કરે છે. પણ તે ઉચિત નથી. કારણ કે ભગવતીસૂત્રના "इह चेइआइं वंदइ" એ સ્થળે નહિ ઘટે. "तहिं चेइंआइं वंदइ" એ સ્થળે લુંપાકો અપૂર્વદર્શનના કારણે વિસ્મય ઉત્પાદકપણું હોવાથી ભગવદ્જ્ઞાન વંદનીય છે એમ કહે છે. પણ "इहं चेइआइं वंदइ" એ સ્થળે અપૂર્વદર્શન ન હોવાથી વિસ્મય ઉત્પાદકપણું નથી. એથી ત્યાં જ્ઞાન અર્થ ઘટતો નથી. એથી દૃષ્ટાર્થસંચારી પણ ચૈત્યપદના અર્થને લુંપાક જ્ઞાન કહે છે તે તદ્દન અનુચિત છે.

**व्याख्या–** अपिरापातोऽनौचित्यं दर्शयति स जडः प्रज्ञावत्सु प्रेक्षावतां मध्ये श्रियं सदुत्तरस्फूर्त्तिसमृद्धिं न लभते । केषु क इव ? मरालेषु राजहंसेषु काक इवेत्युपमा । किं कुर्वन् ? अजानन् । कां ? धात्वादिव्याख्यां ।

**ભાવાર્થ–** 'दृष्टार्थसंचार्यपि' એ સ્થળે રહેલો 'अपि' શબ્દ આપાતથી પણ(=પહેલી નજરે જોતાં જ) ચૈત્ય પદાર્થનો જ્ઞાન અર્થ કરવો ઉચિત નથી એમ જણાવે છે. ધાતુ આદિ અને વ્યાખ્યાને નહિ જાણતો તે જડ રાજહંસોમાં કાગડાની જેમ પ્રેક્ષાવાનોની(=વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓની) મધ્યમાં સદુત્તરની સ્ફૂર્તિરૂપ સમૃદ્ધિને પામતો નથી.

**व्याख्या–** तथाहि- चैत्यानीत्यत्र ''चिती संज्ञाने'' इति धातुः कर्मणि ण्यप्रत्ययः, तथा चार्हत्प्रतिमा एवार्थः ।

**ભાવાર્થ–** તે આ પ્રમાણે– ચૈત્યશબ્દમાં "चिती संज्ञाने" એ પાઠથી 'चिती' ધાતુ સંજ્ઞાન અર્થમા છે. તેને કર્મણિપ્રયોગમાં ण्य પ્રત્યય આવ્યો. તે ઉપરથી ચૈત્ય શબ્દ બન્યો. તથા તેનો અર્થ અરિહંતની પ્રતિમા એવો થાય છે.

**व्याख्या–** ''चिती संज्ञाने'' संज्ञानमुत्पद्यते काष्ठकर्मादिषु प्रतिकृतिं दृष्ट्वा ''जहा एसा अरिहंतपडिमत्ति'' चूर्णिस्वरसादिति प्रकृते ज्ञानमर्थं वदन् प्रकृतिप्रत्ययानभिज्ञ एव ।

**ભાવાર્થ–** "चिती संज्ञाने" અહીં લાકડા વગેરેની બનાવેલી જે પ્રતિમા તે જોઈને "આ અરિહંતની પ્રતિમા છે" એવું સમ્યગ્જ્ઞાન થાય તે ચૈત્ય કહેવાય. એ પ્રમાણે ચૂર્ણિકારનો સ્વરસ(=અભિપ્રાય) છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં ચૈત્યશબ્દનો અર્થ લુંપાક જે જ્ઞાન કરે છે તે પ્રકૃતિ અને પ્રત્યયનો અનભિજ્ઞ(=નહિ જાણનાર) છે.

**व्याख्या–** तथारूढेरप्यनभिज्ञ एव चैत्यशब्दस्य जिनगृहादावेव रूढत्वात् ''चैत्ये जिनौकस्तद्बिम्बं चैत्यो जिनसभातरुः'' इति कोशात् ।

**ભાવાર્થ–** તથા રૂઢિનો પણ અનભિજ્ઞ જ છે. કેમકે ચૈત્યશબ્દ જિનગૃહ વગેરેમાં જ રૂઢ છે. "चैत्ये जिनौकस्तद्बिम्बं चैत्यो जिनसभातरुः" શબ્દકોશમાં ચૈત્યશબ્દનો અર્થ જિનમંદિર, જિનમૂર્તિ કે જિનસમવસરણનું વૃક્ષ(=અશોક વૃક્ષ) એવો કર્યો છે.

**व्याख्या–** एतेन विपरीतव्युत्पत्त्या नामभेदप्रत्यययोगार्थोऽपि निरस्तः, योगाद्रूढेर्बलवत्तत्वात्, अन्यथा पङ्कजपदाच्छैवालादिबोधप्रसङ्गात् ।

**ભાવાર્થ–** આનાથી(=ચૈત્યશબ્દ જિનમંદિર વગેરેમાં રૂઢ હોવાથી નામ ભેદને(=ધાતુને) પ્રત્યય લગાડીને કરાતા યોગાર્થનું પણ ખંડન કર્યું. અહીં ભાવાર્થ પૂર્વપક્ષ ઉત્તર પક્ષથી સમજાવવામાં આવે છે.

**પૂર્વપક્ષ-** चिती ધાતુનો અર્થ સંજ્ઞાન છે. તેથી જેના દ્વારા અપૂર્વ વસ્તુઓનું સંજ્ઞાન થાય તે ચૈત્ય કહેવાય. આવી વ્યુત્પત્તિથી ચૈત્યપદનો યોગાર્થ(=પ્રકૃતિ-પ્રત્યયના યોગથી થતો અર્થ) જ્ઞાન જ થાય.

**ઉત્તરપક્ષ–** પૂર્વે કહ્યું તેમ ચિત્ ધાતુથી કર્માર્થે ય પ્રત્યય લગાડીને વ્યુત્પત્તિ કરવાના બદલે જેના દ્વારા સંજ્ઞાન થાય તે ચૈત્ય એવી વિપરીત વ્યુત્પત્તિથી નામભેદને=ધાતુને પ્રત્યય લગાડીને ચૈત્યપદનો યોગાર્થ કરવામાં આવે તો પણ યોગાર્થ કરતાં રૂઢ અર્થ બલવાન છે. જો યોગાર્થ કરતા રૂઢાર્થ બલવાન છે એમ ન માનવામાં આવે તો પંકજ શબ્દથી 'શેવાલ' વગેરેના બોધનો પ્રસંગ આવે. કેમકે શેવાલ પણ કાદવમાંથી ઉત્પન્ન થાય છે. છતાં લોકો પંકજ શબ્દથી માત્ર "કમળ" અર્થ જ સમજે છે. કારણ કે "પંકજ" શબ્દ માત્ર "કમળ" અર્થમાં જ રૂઢ છે. આમ અહીં પંકજ શબ્દના યોગાર્થ કરતા રૂઢાર્થ બલવાન છે. તે જ પ્રમાણે ચૈત્યપદમાં પણ તમે કરેલી વિપરીતવ્યુત્પત્તિથી થતા જ્ઞાનરૂપ યોગાર્થ કરતાં જિનમંદિર આદિરૂપ રૂઢાર્થ જ બળવાન છે.

હવે "इहं चेइआइं वंदइ" એ વાક્ય સંબધી પણ ચૈત્યશબ્દનો અર્થ પ્રતિમા થાય તે બતાવતાં કહે છે–

**व्याख्या–** वाक्यस्यापि वाक्यं- साकांक्षापदसमुदाय "इहं चेइआइं वंदइ" इत्यस्यात्रस्थानि चैत्यानि वन्दत इति हि वाक्यार्थः । स च चैत्यपदस्य ज्ञानार्थत्वे न घटते, भगवज्ज्ञानं नन्दीश्वरादिवृत्तित्वाभावात् । जगद्वृत्तित्वस्यान्यसाधारण्येनाविस्मापकत्वात् ।

**ભાવાર્થ–** વાક્યની વ્યાખ્યાને પણ નહિ જાણતો એમ મૂળ શ્લોકમાં અન્વય છે. આકાંક્ષા સહિત(=એક બીજાની અપેક્ષા રાખતા) પદોના સમુદાયને વાક્ય કહેવાય છે. "इहं चेइआइं वंदइ" એ વાક્યનો અહીં રહેલા ચૈત્યોને હું વંદન કરું છું એવો વાક્યાર્થ છે. આ વાક્યાર્થ ચૈત્યપદનો

જ્ઞાન અર્થ કરવામાં ઘટતો નથી. કારણ કે અહીંના જ્ઞાનને એટલે ક્યાંના જ્ઞાનને ? ભગવાનનું જ્ઞાન તો ભગવાનમાં(=ભગવાનના આત્મામાં) જ રહેલું છે. આથી ભગવાનના જ્ઞાનથી કેવલ નંદીશ્વરાદિમાં વૃત્તિ(=સ્થિતિ) નથી.

**પૂર્વપક્ષ-** કેવલજ્ઞાન સમવાય સંબંધથી ભગવાનમાં જ રહ્યું હોવા છતાં વિષયતા સંબંધથી નંદીશ્વર વગેરેમાં રહ્યું છે.

**ઉત્તરપક્ષ-** વિષયતા સંબંધથી તો ભગવાનનું જ્ઞાન ત્રણે જગતમાં રહેલું છે. એટલે નંદીશ્વરથી અન્ય કોઈ પણ વસ્તુ સંબંધી ભગવાનનું જ્ઞાન સાધારણ છે. આથી નંદીશ્વર સંબંધી તેમનું જ્ઞાન વિસ્મયકારક નથી. આથી તમોએ પૂર્વે કહેલી "નંદીશ્વર વગેરે સ્થળે પૂર્વે ક્યારે ય નહિ જોયેલા ચૈત્યોને જોઈને વિસ્મય થાય છે" એ વાત અસત્ય ઠરે છે.

**व्याख्या–** वचनस्यापि चैत्यशब्दस्य ज्ञानस्यैकत्वात् ज्ञानार्थे चैत्यशब्द-स्यादिष्टबहुवचनस्य कुत्राप्यननुशासनात् ।

**ભાવાર્થ–** ચૈત્યશબ્દરૂપ વચનની પણ વ્યાખ્યાને નહિ જાણતો તે જડ પ્રજ્ઞાવાનમાં ઉત્તરોત્તર સમૃદ્ધિને પામતો નથી. આ પ્રમાણે મૂળ શ્લોકમાં જે જણાવ્યું તેમાં જે હેતુ છે તે બતાવતા કહે છે કે– જ્ઞાન તો એકજ છે. અને અહિ જ્ઞાનાર્થે ચૈત્યશબ્દનું દ્વિતીયાવિભક્તિનું બહુવચન મૂકેલું છે. આગમમાં ક્યાંય કેવલજ્ઞાનનો બહુવચનમાં પ્રયોગ દેખાતો નથી.

**व्याख्या–** सिद्धान्तेऽपि तथापरिभाषणस्याभावात्, अन्यथा केवलनाणं इत्यस्य स्थले चेइयाइं इति प्रयोगापत्तेः । उक्तश्चारणवन्द्यताऽधिकारः ॥८॥

**ભાવાર્થ–** અહીં લુંપાક કહે કે સિદ્ધાંતની એવી પરિભાષા છે કે એક એવા કેવલજ્ઞાનના અર્થમાં "ચેઈઆઈ" એ પ્રકારના બહુવચનનો પ્રયોગ થાય છે. તેથી કહે છે–"વળી શાસ્ત્રમાં એવી પરિભાષા પણ મળતી નથી કે, જ્ઞાનાર્થક ચૈત્યપદનો બહુવચનમાં પ્રયોગ કરવો. જો શાસ્ત્રમાં એવી પરિભાષા હોય તો "કેવળજ્ઞાન" એવા પ્રયોગના સ્થાને "ચૈત્યો" એ પ્રમાણે પ્રયોગ કરવાની આપત્તિ આવે. પણ તેમ થતું નથી. આ પ્રમાણે આ શ્લોકમાં ચારણમુનિની વંદ્યતાનો અધિકાર કહેવાયો. આ પ્રમાણે

આઠમા શ્લોકનો ભાવાર્થ પૂરો થયો.૮

**उपोद्घातवचनकर्णिका–** अथ देववन्द्यतामधिकृत्य देवानां शरणीय-करणीयतया भगवन्मूर्तिमभिष्टौति–

હવે દેવોને પ્રતિમા વંદનીય છે એ અધિકારને આશ્રયીને પરમાત્માની પ્રતિમા દેવોને શરણ કરવા યોગ્ય છે, એ સ્વરૂપે જિનપ્રતિમાની સ્તવના કરે છે–

**अर्हच्चैत्यमुनीन्दुनिश्रिततया शक्रासनक्ष्मावधि,**
**प्रज्ञप्तौ भगवाञ्जगाद चमरस्योत्पातशक्तिं ध्रुवम् ।**
**जैनीं मूर्तिमतो न योऽत्र जिनवज्जानाति**
**कस्तं मर्त्यं बत श्रृङ्गपुच्छरहितं स्पष्टं पशुं पण्डितः ॥९॥**

**દેવોને જિનપ્રતિમા વંદનીય-સ્તવનીય,**
**તેનું સ્તુતિગર્ભિત વર્ણન.**

**શ્લોકાર્થ–** પ્રજ્ઞપ્તિસૂત્રમાં ભગવાને, તીર્થંકર, જિનપ્રતિમા, મુનિચંદ્રોની નિશ્રાના હેતુથી અસુરકુમાર ચમરેન્દ્રની ઉત્પાતશક્તિ શક્રેન્દ્રના સિંહાસનની પૃથ્વીસુધી નિશ્ચિતપણે કહેલી છે. જે અહિ(=જૈનશાસનમાં) જિનપ્રતિમાને જિનની તુલ્ય જાણતો નથી એવા પુરુષને કયો પંડિત માનવ જાણે ? પરંતુ તેને પૂછડા અને શીંગડા વગરનો સાક્ષાત પશુ જાણે...૯

**व्याख्या–** अर्हन्तस्तीर्थकराश्चैत्यानि तत्प्रतिमा मुनीन्दवः परमसौम्य-भाजः साधुचन्द्राः तन्निश्रिततया तन्निश्राकरणेन हेतुना । भगवान् ज्ञातनन्दनः, चमरस्यासुरकुमारराजस्य शक्रस्य चासनक्ष्मा आसनपृथ्वी साऽवधिर्यत्र यस्यां क्रियायां, तथा चमरस्योत्पातस्य शक्तिं ध्रुवम् निश्चितं जगाद ।

**ભાવાર્થ–** શ્રી ભગવતીસૂત્રમાં શ્રી ભગવાન જ્ઞાતનંદને અરિહંતો, તીર્થંકરોની પ્રતિમાઓ, પરમ સૌમ્યભાવને ધારણ કરનારા મુનિચંદ્રોની નિશ્રા કરવાના કારણે અસુરકુમારોના અધિપતિ ચમરેન્દ્રની ઊડવાની શક્તિ શક્રના આસનની (શક્ર સિંહાસન) પૃથ્વી સુધી નિશ્ચિતપણે કહેલી છે.

**व्याख्या–** अतः अर्हदनगारमध्ये चैत्यपाठात्, योऽत्र जिनशासने जैनीं

मूर्तिं जिनवज्जिनतुल्यां न जानाति, तं मर्त्यं मनुष्यं कः पण्डितो मोक्षानुगत-प्रज्ञावान् जानाति ? न कोऽपीत्यर्थः ।

**ભાવાર્થ–** આથી (= જિન અને અણગાર શબ્દની મધ્યમાં ચૈત્યશબ્દનો પાઠ હોવાથી) જે જિનશાસનમાં જિનમૂર્તિને જિનસમાન જાણતો નથી તે લુંપાકને કયો મોક્ષાનુસારીબુદ્ધિવાળો પંડિત માનવ જાણે ? અર્થાત્ કોઈ જ ન જાણે.

**व्याख्या–** सर्वेषामपि प्रेक्षावतां स मनुष्यमध्ये न गणनीय इति तात्पर्यम्। कीदृशं तं ? अत्यविवेकतया स्पष्टं प्रत्यक्षं पशुं । कीदृशं पशुं ? श्रृङ्गपुच्छाभ्यां रहितं श्रृङ्गपुच्छाभावमात्रेण तस्य पशोः च वैधर्म्यं, नान्यदित्यर्थः ।

**ભાવાર્થ–** અહીં તાત્પર્ય એ છે કે સર્વબુદ્ધિમાન પુરુષોને તે લુંપાક માનવની કોટીમાં ગણવા યોગ્ય નથી. વળી તે અત્યંત અવિવેકી હોવાના કારણે પ્રત્યક્ષ પશુ સમાન જાણવો. તે કેવા પ્રકારનો પશુ છે ? તે શિંગડા અને પૂછડા વગરનો પશુ છે. આથી શિંગડા અને પૂંછડાના અભાવમાત્રથી તે લુંપાકનું પશુથી વૈધર્મ્ય(=અસમાનતા) છે. બીજું કાંઈપણ વૈધર્મ્ય જોવા મળતું નથી.

**व्याख्या–** व्यतिरेकालङ्कारगर्भोऽत्राक्षेपः ''उपमानाद्यदन्यस्य व्यतिरेकः स एव सः'' इति काव्यप्रकाशकारः । प्रपञ्चितं चैतदलङ्कारचूडामणिवृत्तावस्माभिः ॥९॥

**ભાવાર્થ–** આ શ્લોકમાં વ્યતિરેકાલંકારગર્ભિત આક્ષેપ છે. ઉપમાનથી જે અન્યવસ્તુનો વ્યતિરેક(=અધિકતા) તે વ્યતિરેક જ વ્યતિરેક અલંકાર છે, એમ વ્યતિરેક અલંકારનું લક્ષણ કાવ્યપ્રકાશકારે કહ્યું છે. તેનો વિસ્તાર અલંકાર ચૂડામણિની વૃત્તિમાં અમે વર્ણવેલો છે. ..૯

**વિશેષાર્થ-** (પ્રસ્તુતમાં લુંપાકને પશુની ઉપમા આપી છે. તેથી ઉપમાન એવા પશુથી જે અન્યનો=લુંપાકનો વ્યતિરેક=આધિક્ય તે(=આધિક્ય) જ વ્યતિરેક અલંકાર છે. અર્થાત્ ઉપમાન એવો પશુ શિંગડા અને પુંછડાવાળો છે. જ્યારે લુંપાક શિંગડા અને પુંછડા વગરનો હોવાને કારણે પશુ કરતાં કંઈક અધિક છે.. તે વ્યતિરેક અલંકાર છે. (આ વિશેષાર્થ પંડિત શ્રી પ્રવિણચંદ્ર

ખીમજી મોતા કૃત વિવેચનમાંથી સાભાર ઉદ્ધૃત કર્યો છે.) આ પ્રમાણે નવમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.

**उपोद्घातवचनकर्णिका**– अथानाशातनाविनयेन देवैर्वन्दिता भगवन्मूर्तिः कस्य सचेतसो न वन्द्येत्याशयेनाह–

આગળના શ્લોકમાં દેવોને શરણ કરવા યોગ્ય મૂર્તિ વંદનીય બતાવી, હવે અનાશાતનારૂપ(=આશાતના ત્યાગપૂર્વકના) વિનયવડે દેવોએ વંદન કરેલી પ્રભુપ્રતિમા કયા સચેતનપુરુષને વંદન કરવા યોગ્ય ન હોય ? અર્થાત્ સર્વબુદ્ધિમાનોને વંદ્ય(=વંદનીય) છે, એવા આશયથી કહે છે કે–

**मूर्तीनां त्रिदशैस्तथा भगवतां सक्थ्नां सदाऽऽशातनात्यागो**
**यत्र विधीयते जगति सा ख्याता सुधर्मा सभा ।**
**इत्यन्वर्थविचारणापि हरते निद्रां दृशोर्दुर्नय-**
**ध्वान्तच्छेदरविप्रभा जडधियं घूकं विना कस्य न ॥१०॥**

**શ્લોકાર્થ**– દેવો જ્યાં હંમેશા ભગવાનની પ્રતિમા સ્વરૂપ જિન દાઢાઓની આશાતનાનો ત્યાગ કરે છે, તે સભા જગતમાં સુધર્મા એ પ્રમાણે વિખ્યાત છે, દુર્નયરૂપી અંધકારને છેદવા સૂર્યની કાંતિ સમાન સુધર્મા શબ્દની આવી(=હમણાં જ કહી તેવી) અન્વર્થ વિચારણા પણ જડબુદ્ધિવાળા લુંપાકરૂપ ઘુવડને છોડી કોની આંખની નિદ્રાને હરણ ન કરે ? અર્થાત્ બીજા સર્વની નિદ્રા હરણ કરે છે. ॥૧૦॥

## દેવોએ જિનપ્રતિમા સ્વરૂપ દાઢાનું કરેલું પૂજન.
## આશાતના ત્યાગસ્વરૂપ વિનયનું પ્રકટીકરણ.
## શું દુર્મતિરૂપ ઘુવડની નિદ્રાહરણ ન કરે ?

**व्याख्या**– तथेत्यर्थान्तरसमुच्चये । भगवतां मूर्त्तीनामसद्भावस्थापनारूपाणां सक्थ्नां जिनदाढानां यत्र सदाऽऽशातनात्यागो विधीयते सा सभा सुधर्मेति ख्याता इत्यन्वर्थविचारणापि सुधर्मापदव्युत्पत्तिभावनाऽपि जडधियं घूकं उलुकं विना कस्य दृशोर्निद्रां न हरते ? अपि तु सर्वस्यैव दृशोर्निद्रां हरत इत्यर्थः।

**ભાવાર્થ**– અહીં મૂળશ્લોકમાં "તથા" શબ્દનો પ્રયોગ અર્થાન્તર

સમુચ્ચયમાં છે. અર્થાત્ નવમી ગાથામાં જે અર્થ કહ્યો છે તેનાથી અન્ય (= આ ગાથામાં કહેલ) અર્થના સમુચ્ચય માટે છે. [1]જ્યાં સદા જિનેશ્વરોની અસદ્ભૂતસ્થાપનારૂપ દાઢાઓની આશાતનાનો ત્યાગ કરાય છે તે સભા જગતમાં સુધર્મા એ પ્રમાણે વિખ્યાત છે. તેની અન્વર્થ વિચારણા પણ અર્થાત્ સુધર્માપદની વ્યુત્પત્તિની ભાવના પણ જડબુદ્ધિવાળા કુમતિરૂપ ઘુવડપક્ષી વિના બીજા કોની આંખની નિદ્રા ન હરે ? અર્થાત્ બીજા સર્વજીવોની આંખની નિદ્રા હરી લે છે.

**વિશેષાર્થ-** સુધર્માસભાની વ્યુત્પત્તિ એ થાય કે સારો ધર્મ છે જ્યાં એ સભા સુધર્માસભા, અને ત્યાં સારો ધર્મ એ છે કે ભગવાનની મૂર્તિસ્વરૂપ અસદ્ભાવસ્થાપનાસ્વરૂપ જે અસ્થિઓ છે, તેની આશાતનાનો જ્યાં ત્યાગ કરાય છે તે સારો ધર્મ છે. તેવી તે સભા છે. એ પ્રકારે સુધર્માપદની વ્યુત્પત્તિની વિચારણા લુંપાકરૂપ ઘુવડ વિના બધાની આંખની નિદ્રાને હરણ કરે છે.

**व्याख्या–** कीदृशी अन्वर्थविचारणा ? दुर्नया एव ध्वान्तानि तेषां छेदे रविप्रभा तरणिकान्तिः । रविसदृशी तु न व्याख्येयाः तत्सदृशात्तत्कार्यानुपपत्तेः ।

**ભાવાર્થ–** "कीदृशी... अनुपपत्तेः।" કેવા પ્રકારની સુધર્માપદની વ્યુત્પત્તિભાવના છે તે કહે છે- દુર્નયો એ જ અંધકાર, તેનો નાશ કરવા માટે સૂર્યની પ્રભારૂપ છે. વળી અન્વર્થવિચારણા રવિપ્રભા સદશ છે. એ પ્રમાણે વ્યાખ્યા ન કરવી. કેમ કે, તત્સદશથી તત્કાર્યની અનુપપત્તિ છે.

**વિશેષાર્થ-** કહેવાનો આશય એ છે કે, સુધર્માપદની અન્વર્થવિચારણા રવિપ્રભા સદશ છે એમ વ્યાખ્યા ન કરવી, પરંતુ રવિપ્રભારૂપ છે એમ વ્યાખ્યા કરવી. કેમ કે, રવિપ્રભા સદશ કહેવામાં આવે તો તેનાથી રવિપ્રભાનું કાર્ય ન થાય, પરંતુ તત્ સદશ કાર્ય થઈ શકે. અને પ્રસ્તુતમાં દુર્નયને જ અંધકાર કહેલ છે. તેનો છેદ કરવામાં અન્વર્થની વિચારણા રવિપ્રભારૂપ છે, પરંતુ રવિપ્રભા સદશ નથી. અન્વર્થની વિચારણાને

૧. ભાવનિક્ષેપાની વસ્તુના આકારમાં ભાવની સ્થાપના સદ્ભાવ સ્થાપના કહેવાય. ભાવ નિક્ષેપાની વસ્તુના આકારવિનાની વસ્તુમાં ભાવની સ્થાપના અસદ્ભાવ સ્થાપના કહેવાય. આ બંને સ્થાપના આકાર અને નિરાકાર પણ કહેવાય છે.

રવિપ્રભા સદશ કહેવી હોય તો દુર્નયને જ અંધકાર એ પ્રમાણે કહી શકાય નહિ, પરંતુ એમ કહેવું જોઈએ કે, અંધકારનો=દ્રવ્યઅંધકારનો રવિપ્રભા જેમ નાશ કરે છે, તેમ દુર્નયરૂપી ભાવઅંધકારનો અન્વર્થવિચારણા નાશ કરે છે, ત્યારે તે અન્વર્થવિચારણા રવિપ્રભા સદશ કહી શકાય. પરંતુ પ્રસ્તુતમાં દુર્નયોને જ અંધકારરૂપ કહેલ છે અને તેનો છેદ કરવા માટે અન્વર્થવિચારણા રવિપ્રભારૂપ છે, એ પ્રમાણે અર્થ ગ્રહણ કરેલ છે.

**व्याख्या**– अत्र विनोक्तिरूपककाव्यलिङ्गानि अलङ्काराः । विनोक्तिः सा विनाऽन्येन यत्रान्यः सन्नेतरः । तद्रूपकमभेदो य उपमानोपमेययोः । काव्यलिङ्गहेतोर्वाक्यपदार्थता, इति तल्लक्षणानि रविप्रभापदार्थो निद्राहरणे हेतुरिति पदार्थरूपं काव्यलिङ्गं द्रष्टव्यमित्यादि ॥१०॥

**ભાવાર્થ**– अत्र.... सन्नेतरः । અહીંયાં=પ્રસ્તુત શ્લોકમાં વિનોક્તિ, રૂપક, કાવ્યલિંગ અલંકારો છે. વિનોક્તિ અલંકારનું લક્ષણ બતાવતાં કહે છે– सा=વિનોક્તિ. अन्येन विना=આગમને માનનાર મૂર્તિપૂજક વિના यत्र=જે કાવ્યમાં अन्य=સુધર્માસભાની અન્વર્થવિચારણા सन्न=સારી નથી.

અહીં લક્ષણની બીજી વખત અન્ય રીતે આ પ્રમાણે યોજના કરવી. अन्येन विना=લુંપાક વગર, यत्र=કાવ્યમાં अन्य=સુધર્માસભાની અન્વર્થવિચારણા इतरः=ઈતર નથી=અશોભન નથી. આ બીજા પ્રકારની વિનોક્તિ સૂચવવા જ લક્ષણમાં 'सन्न' પછી 'इतरः' શબ્દ છે. આ પ્રકારના જુદા જુદા બે યોજનથી વિનોક્તિ અલંકાર બને છે.

**વિશેષાર્થ**- વિનોક્તિ અલંકાર પ્રસ્તુતમાં આ રીતે ઘટે છે- પ્રથમ વિકલ્પ પ્રમાણે, આગમને માનનાર એવા લુંપાકને માટે પ્રસ્તુત કાવ્યમાં સુધર્માસભાની અન્વર્થવિચારણા શોભન નથી, કેમ કે તે સુધર્માસભાની અન્વર્થવિચારણા સ્વીકારે તો તેને ભગવાનની મૂર્તિ પૂજ્ય છે એમ સ્વીકારવાની આપત્તિ આવે છે. અને બીજી વખત જે યોજન કર્યું, તે પ્રમાણે લુંપાકને છોડીને આગમને માનનાર મૂર્તિપૂજક માટે કાવ્યમાં સુધર્માસભાની અન્વર્થ-વિચારણા અશોભન નથી. અર્થાત્ તે અન્વર્થવિચારણા ભગવાનની પૂજ્યતાને સ્થાપન કરવા માટે અતિ ઉપયોગી છે, માટે શોભન છે. આ પ્રકારનું વિનોક્તિ અલંકારનું જે લક્ષણ છે, તે પ્રસ્તુત શ્લોકમાં

યોજના માટે થાય છે. માટે અહીં વિનોક્તિ અલંકારની પ્રાપ્તિ છે.

**ભાવાર્થ–** तद्रूपकम्... उपमेययोः । ઉપમાન-ઉપમેયનો જે અભેદ તે રૂપક અલંકાર છે.

**વિશેષાર્થ-** પ્રસ્તુતમાં ઉપમાન રવિપ્રભા અને ઉપમેય સુધર્માપદની અન્વર્થવિચારણા છે અને તે બંનેનો અભેદ ગ્રહણ કરવામાં આવેલ છે, તેથી જ અન્વર્થવિચારણા રવિપ્રભા છે એમ કહેલ છે, પરંતુ અન્વર્થવિચારણા રવિપ્રભા સદૃશ છે એમ કહેલ નથી, તેથી તે રૂપક અલંકાર છે.

**ભાવાર્થ–** काव्यलिङ्गम्... द्रष्टव्यम्। = કાવ્યલિંગ અલંકાર એ છે કે હેતુની વાક્યતા કે હેતુની પદાર્થતા હોય. અર્થાત્ હેતુ ક્યારેક વાક્યરૂપે કહેવામાં આવે કે, ક્યારેક પદરૂપે કહેવામાં આવે તે કાવ્યલિંગ અલંકાર છે.

इति तल्लक्षणानि=એ પ્રકારે=પૂર્વમાં વિનોક્તિ, રૂપક અને કાવ્યલિંગનું લક્ષણ બતાવ્યું એ પ્રકારે, તેના=વિનોક્તિ, રૂપક અને કાવ્યલિંગના લક્ષણો છે.

અહીં પ્રસ્તુતમાં રવિપ્રભા પદાર્થ નિદ્રાહરણમાં હેતુ છે. એથી કરીને પદાર્થરૂપ કાવ્યલિંગ અલંકાર છે. (પંડિતવર્ય પ્રવીણચંદ્ર ખીમજી મોતા કૃત અનુવાદમાંથી આભાર સમુદ્ધૃત) આ પ્રમાણે દશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૧૦॥

**उपोद्घातवचनकर्णिका–** अथ सूर्याभाधिकारेण प्रतिमारीणां शासनार्थस्तेनानां कांदिशीकतां प्रदर्शयंस्ता अभिष्टौति–

હવે સૂર્યાભદેવના અધિકારદ્વારા પ્રતિમાના શત્રુ અને શાસનના અર્થને ચોરનારા તે કુમતિઓની ચારે તરફ ભાગાભાગી-નાસીપાસી કાંદિશીકાને= મૂર્તિપૂજાના શાસ્ત્રપાઠો બતાવવાથી પ્રત્યુત્તર આપવા માટે કોઈ દિશા સૂઝતી નથી એવી માનસિક અવસ્થારૂપ કાંદિશીકાને બતાવતા ગ્રંથકાર પ્રતિમાઓની સ્તવના કરે છે–

**प्राक्पश्चाच्च हितार्थतां हृदि विदन् तैस्तैरुपायैर्यथा,**
**मूर्तिः पूजितवान् मुदा भगवतां सूर्याभनामा सुरः ।**

**याति प्रच्युतवर्णकर्णकुहरे तप्तत्रपुत्वं नृप-**
**प्रश्नोपाङ्गसमर्थिता हतधियां व्यक्ता तथा पद्धतिः ॥११॥**

**શ્લોકાર્થ–** સૂર્યાભનામના દેવે પૂર્વમાં(=તે દેવભવમાં ઉત્પત્તિના કાળે) અને પશ્ચાત્(=તે ભવ અને ભવાંતર સંબંધી ભવિષ્યકાળમાં) પ્રભુ પ્રતિમા દ્વારા પોતાનું આત્મહિત થશે એમ હૃદયમાં જાણી તે તે ભક્તિયોગના ઉપાયો દ્વારા શ્રી ભગવંતની પ્રતિમાને જે રીતે પૂજી તે રીતે એ પ્રક્રિયા (=સૂર્યાભદેવની ભક્તિ) રાજપ્રશ્નીયોપાંગ સૂત્રમાં સ્પષ્ટ રીતે હેતુપૂર્વક નિર્ણીત કરેલી છે. આ પ્રક્રિયા મૂળથી નષ્ટ થયેલી બુદ્ધિવાળા કુમતિઓના નિરક્ષર કર્ણની બખોલમાં રેડાતા તપેલા સીસાના રસ જેવી લાગે છે. ॥૧૧॥

## સૂર્યાભદેવે કરેલી પ્રભુભક્તિ રાજપ્રશ્નીયોપાંગ સૂત્રોક્તિ

**व्याख्या–** प्रागादौ पश्चाच्च उत्तरवद्भवभवान्तरसंबन्धिन्यामायत्यां हितार्थितां श्रेयोऽभिलाषितां हृदि स्वान्ते विदन् जानन्, तैस्तैर्विवक्ष्यमाणैरुपायैर्भक्तिसाधनप्रकारैर्यथा सूर्याभनामा सुरः भगवतां मूर्तिः पूजितवान् । तथा व्यक्ता प्रकटा नृपप्रश्नोपाङ्गे राजप्रश्नीयोपाङ्गे समर्थिता सहेतुं निर्णीता पद्धतिः प्रक्रिया ।

**ભાવાર્થ–** તે ભવમાં=ઉત્પત્તિકાળમાં તથા તે ભવસંબંધી અને ભવાંતર સંબંધી શ્રેયની અભિલાષાને હૃદયમાં જાણતા(=રાખતા) એવા સૂર્યાભનામના દેવે આગળ કહેવામાં આવશે એવા તે તે ભક્તિના ઉપાયો વડે શ્રી ભગવંતની પ્રતિમાને પૂજી હતી. આ પ્રક્રિયા(=સૂર્યાભદેવે કરેલી પ્રભુભક્તિની પ્રક્રિયા) રાજપ્રશ્નીયોપાંગમાં પ્રગટપણે હેતુપૂર્વક નિર્ણીત કરેલી છે.

**व्याख्या–** हतधियां मूलोच्छिन्नबुद्धीनां लुम्पकमतवासितानां प्रच्युतवर्णे प्रच्युतो वर्णो यस्मात्तादृशेऽनक्षरे इत्यर्थः । तेनाक्षरशक्तिप्रतिबन्धाभावादतिदाहसंभवो व्यज्यते । कर्णकुहरे श्रोत्रबिले तेनासंस्कृतत्वं व्यज्यते । तप्तत्रपुत्वं याति तान्यक्षराणि दुर्मतिकर्णे तप्तत्रपुवत् स्वगतदोषादेव दाहं जनयतीत्यर्थः ।

**ભાવાર્થ–** મૂળમાંથી નષ્ટ થયેલી બુદ્ધિવાળા એવા લુંપાક મતવાળા

પુરુષોનાં [1]પ્રચ્યુતવર્ણવાળા કર્ણરૂપી ગુફામાં તે જિનભક્તિ પ્રક્રિયા કાનમાં પડતા તપેલા સીસાના રસ જેવી બને છે. લુંપાકને પ્રતિમાની પૂજાને જણાવનારા જે અક્ષરો છે. તેની પદાર્થબોધ કરાવવાની શક્તિ છે. તેના પ્રતિબંધનો-(પ્રતિબોધનો) અભાવ છે. અર્થાત્ તે શક્તિ કર્ણગુફામાં પ્રવેશે છે. તેથી પ્રચ્યુતવર્ણ એ શબ્દથી અતિદાહનો સંભવ વ્યક્ત કરાય છે. પ્રતિમાપૂજાને સિદ્ધ કરનારા શાસ્ત્રના અક્ષરો પોતાનામાં રહેલા અસદ્ અભિનિવેશરૂપ દોષથી જ દાહ ઉત્પન્ન કરે છે. "कर्णकुहरे" એ પદથી અસંસ્કૃતપણું પ્રગટ થાય છે. અર્થાત્ શાસ્ત્રવચનો સાંભળ્યા નથી તેવા અસંસ્કૃતકાન છે.

**व्याख्या**– अत्र तप्तत्रपुत्वं यातीति निदर्शना "**अभवद्वस्तुसम्बन्धः उपमापरिकल्पः निदर्शना**" इति मम्मटवचनात्, असम्बन्धे सम्बन्धरूपाऽतिशयोक्तिरित्यपरे ॥११॥

**ભાવાર્થ**– "तप्तत्रपुत्वं याति"માં નિદર્શના અલંકાર છે. વાક્યાર્થો કે પદાર્થો વચ્ચે અઘટમાન સંબંધની જેમાં ઉપમાથી પરિકલ્પના કરાય તે નિદર્શના અલંકાર છે એમ કાવ્યપ્રકાશમાં મમ્મટે કહ્યું છે. અહીં મમ્મટના મત પ્રમાણે નિદર્શના અલંકાર જાણવો. વળી બીજાના મત પ્રમાણે અસંબંધે સંબંધરૂપ અતિશયોક્તિ થાય.

જેમ કાનમાં તપાવેલું સીસું નાંખવામાં આવે તો અતિદાહ પેદા થાય છે. તેમ રાજપ્રશ્નીયોપાંગમાં કહેલી જિનભક્તિની પ્રક્રિયા લુંપાકના કર્ણમાં દાહ ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે નિદર્શના અલંકાર છે. બીજાઓ અહીં નિદર્શનાને બદલે "અસંબંધમાં સંબંધની કલ્પનારૂપ અતિશયોક્તિ અલંકાર સ્વીકારે છે. રાજપ્રશ્નીયોપાંગમાં કહેલી જિનભક્તિનો સંબંધ તેના કાનમાં થતો નથી. પરંતુ સંબંધ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો દાહ પેદા કરે છે. અહીં લુંપાકના કાનમાં તે વાતનો સંબંધ થતો નથી, છતાં સંબંધ

૧. પ્રચ્યુતવર્ણકર્ણકુહર=પ્રચ્યુતવર્ણ પદ કાનનું વિશેષણ છે. પ્રચ્યુત વર્ણ=નષ્ટ થયેલા વર્ણ=અક્ષરવાળું. અર્થાત્ નિરક્ષર=અભણ પ્રતિમા લોપકના કાનના કાણાઓ નિરક્ષર=અક્ષરના પરિચય વિનાના છે. તેથી તેઓની અક્ષરશક્તિનો પ્રતિબંધ(=બોધ) થતો નથી. અહીં 'ઘટ' વગેરે પદથી "कम्बुग्रीवामान्" પદાર્થ (ઘટપદાર્થ)નું જ્ઞાન થવામાં કારણરૂપ પદનિષ્ઠ સંબંધવિશેષ શક્તિ કહેવાય છે.

થાય છે. એ પ્રમાણે અતિશયોક્તિ છે. આથી જ તપ્તત્રપુપણાને પામે છે એ જણાવેલ છે. આ પ્રમાણે અગ્યારમાં શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૧૧॥

**उपोद्घातवचनकर्णिका**— नन्वत्र प्राक् पश्चाच्च हितार्थिता देवभवापेक्षयैव पर्यवस्यति तथा चैहिकाभ्युदयमात्रं प्रतिमापूजनादिफलं सूर्याभस्य न मोक्षार्थिनामादरणीयं, देवस्थितेर्देवानामेवाश्रयणीयत्वादित्याशङ्क्य तन्निराकरणपूर्वं तादृशाशङ्काकारिण आक्षिपन्नाह—

"ननु" શબ્દથી કુમતિઓ કહે છે કે પ્રસ્તુત સૂર્યાભદેવના કર્તવ્યમાં પ્રાક્ અને પશ્ચાત્ હિતાર્થીપણું જે જણાવ્યું છે તે દેવભવની અપેક્ષાએ જ પર્યવસાન પામે છે. તથા સૂર્યાભદેવને પ્રતિમાપૂજનાદિનું ફળ માત્ર આ લોકના અભ્યુદયને માટે જ થાય છે. તેથી મોક્ષાર્થીજીવોને આદરવા યોગ્ય નથી. માત્ર દેવસ્થિતિ(=દેવોનો આચાર) હોવાથી દેવોને જ આશ્રય કરવા યોગ્ય છે. આ પ્રમાણે આશંકા કરીને તેનું(=આશંકાનું) નિરાકરણ કરવાપૂર્વક આશંકા કરનાર ઉપર આક્ષેપ કરતાં ગ્રંથકાર કહે છે કે—

**नात्र प्रेत्य हितार्थितोच्यत इति व्यक्ता जिनार्चास्थितिर्देवानां**
**न तु धर्महेतुरिति ये पूत्कुर्वते दुर्धियः ।**
**प्राक् पश्चादिव रम्यतां परभवश्रेयोऽर्थितासङ्गतां,**
**प्राक् पश्चाच्च हितार्थितां श्रुतमतां पश्यन्त्यहो ते न किम् ॥१२॥**

**શ્લોકાર્થ**— અહીં પૂર્વે કહેલી સૂર્યાભદેવની પ્રતિમાની પૂજામાં પરલોકની હિતાર્થિતા કહેલી નથી. અર્થાત્ પરલોક સંબંધી હિતની ઈચ્છા નથી. તેથી પ્રતિમાની પૂજા સ્પષ્ટ રીતે દેવોની મર્યાદા છે. પણ ધર્મહેતુ નથી. આ રીતે જે કુમતિ પોકાર કરે છે, તેઓ એમ કેમ જોતા નથી કે શ્રુતજ્ઞાન (=જિનોક્ત શ્રુતથી યુક્ત) પુરુષોની પ્રાક્-પશ્ચાત્ હિતાકાંક્ષા પ્રાક્-પશ્ચાત્ રમ્યતાની જેમ પરલોકના હિતની કાંક્ષાથી યુક્ત જ હોય. ॥૧૨॥

## સૂર્યાભદેવની પ્રભુપૂજનમાં હિતાર્થિતાનો નિષેધ કરતો કુમતિનો પોકાર.

**व्याख्या**– नात्राधिकृते सूर्याभकृत्ये प्रेत्य हितार्थिता उच्यते ''एयं मे पेच्चाहिआए'' इत्याद्यवचनात्, ''पच्छापुराहिआए'' इतिवचनस्य च धन-कर्षणस्थलेऽप्युक्तत्वादिति जिनार्चा व्यक्ता प्रकटा देवानां स्थितिः स्थितिमात्रं न तु धर्महेतुर्धर्मसाधनं इति ये दुर्धियो दुष्टबुद्धयः पूत्कुर्वते शिरसि रजः क्षिपन्त इव बाढं प्रलपन्ति ।

**ભાવાર્થ**– અહિં=સૂર્યાભદેવના જિનપૂજન કૃત્યના અધિકારમાં પરલોકની હિતાર્થિતા કહેવાય નહિ, કેમકે "**एयं मे पेच्चाहिआए**"=આ મારા પરલોકના હિત માટે છે. એ પ્રકારનું વચન નથી.

ધનાર્જનને જણાવનાર આગમવચનો "पच्छापुराहिआए" એવું વચન ધન મેળવવા અંગેના પાઠમાં પણ છે. આ પાઠનો ભાવ એ છે કે ધનાર્જન ભવની આદિમાં અને ભવના અંતમાં જ હિતકારી બને છે. પણ પરલોકમાં હિતનું કારણ બનતું નથી. આમ ધનાકર્ષણના પાઠની જેમ સૂર્યાભદેવના જિનકૃત્યના અધિકારમાં પ્રાક્-પશ્ચાત્ હિતાર્થિતાનો અર્થ દેવભવની હિતાર્થિતામાં સંગત થાય છે. આથી જિનપૂજા સ્પષ્ટપણે દેવોની સ્થિતિ માત્ર છે. પરંતુ ધર્મહેતુ કે ધર્મસાધન નથી. આ પ્રમાણે જે કુમતિઓ પોકાર કરે છે, તેઓ જાણે પોતાના મસ્તક ઉપર રજ નાંખવાની જેમ અત્યંત પ્રલાપ કરે છે.

**व्याख्या**– ते श्रुतवतां आगमकथितां प्राक् पश्चाद्रम्यतामिव प्राक् पश्चाच्च हितार्थितां परभवश्रेयोऽर्थितायाः संगतां सहितां उभयलोकार्थितापरिणतामित्यर्थः किं न पश्यन्ति ? तथाऽदर्शनं तेषां महाप्रमाद इत्यर्थः ।

**ભાવાર્થ**– તેઓ શ્રુતવાનની-આગમને વિશે કથન કરેલી, પ્રાક્-પશ્ચાત્ રમ્યતાના વચનની જેમ પ્રાક્=આ ભવમાં અને પશ્ચાત્=પરભવમાં એમ ઉભયલોકની હિતકાંક્ષાને કેમ જોતા નથી ? આ હિતકારી વાત નજરે જોતા નથી તે તેઓનો મહાપ્રમાદ છે. આ પ્રમાણે અર્થ જાણવો.

**व्याख्या**– प्राक् पश्चाद्रम्यतावचनं चेदं राजप्रश्नीये ''तएणं केसीकुमारसमणे पएसिं एवं वयासी मा णं तुमं पएसी पुव्विं रमणिज्जे पच्छा अरमणिज्जे भवेज्जासि जहा से वणसंडेइ वा'' इत्यालापकाः । व्याख्या अत्र चतुर्थभागे विवेकितया

पूर्वं प्रतिपन्नदानधर्मनिर्वाहविशिष्टशीलादिगुणैः प्राक् पश्चाद्रमणीयत्वं यथोक्तो-भयलोकोपयोगं ख्यापयति । तथा किं मे इत्यादि प्रश्नोत्तरं ''पुव्विं'' पच्छा वि ''इत्यादि सामानिकदेवानां वचनं किं न तथेत्यन्तरात्मना पर्यालोचय ।

**ભાવાર્થ–** પ્રાક્-પશ્ચાત્ રમણીયતાના વચનો રાજપ્રશ્નીયમાં આ પ્રમાણે છે. આ આલાવો શ્રીકેશીગણધર અને પ્રદેશીરાજા સંબંધી પ્રશ્નોત્તરનો છે. પ્રદેશીરાજાનાં કથનમાં પ્રદેશીરાજામાં વિવેક હોવાથી પૂર્વે સ્વીકારેલા ચોથાભાગના દાનધર્મના નિર્વાહથી વિશિષ્ટ એવા શીલાદિ ગુણો વડે પ્રાક્-પશ્ચાત્ રમણીયપણું જેમ ઉભયલોકના ઉપયોગને જણાવે છે. તે પ્રકારે "**किं मे इत्यादि**" સૂર્યાભદેવના પ્રશ્નના ઉત્તરમાં "**पुव्विं पच्छा वा**" ઈત્યાદિ સામાનિકદેવનું વચન શું તે પ્રમાણે નથી ? એમ અંતરાત્માવડે વિચાર કર.

**व्याख्या–** ननु '**परिभाएमाणे**' इत्यन्तमनुवादमात्रं शीलव्रतादिना रम-णीयत्वभाव एव च विधिरिति चेत् तत्किं दानधर्मविधिमप्युच्छेत्तुमुद्यतोऽसि ? न जानासि **तुंगीयाश्राद्धवर्णने** '**पडिलाभेमाणे**' इत्यन्तस्येव '**पारिभाएमाणे**' इत्यन्तस्याधिकृते आनश्प्रत्ययबलेन विधिसूचकत्वमिति ॥१२॥

**ભાવાર્થ–** "ननु" શબ્દ દ્વારા લુંપાક કહે છે કે રાયપસેણીયસૂત્રમાં કેશીગણધરે જે પ્રદેશી રાજાને કહ્યું. તેનો ઉત્તર આપતા પ્રદેશીરાજાનું જે વક્તવ્ય છે તેમાં "परिभाएमाणे" સુધીનો જે પાઠ છે તે પાઠ અનુવાદમાત્ર છે. શીલવ્રતાદિ દ્વારા રમણીયત્વ ભાવમાં જ વિધિ છે. એમ જો તું કહે છે તો શું તું દાનધર્મની વિધિનો ઉચ્છેદ કરવા તૈયાર થયો છે ? તેનું નિરાકરણ બતાવતા ગ્રંથકાર કહે છે કે- "તું એ જાણતો નથી કે (ભગવતીસૂત્રમાં **તુંગિયાશ્રાવક**ના વર્ણનમાં "**પડિલાભેમાણે**" સુધીનો પાઠ જ વિધિરૂપ છે. તેમ આ પ્રદેશી રાજાના પાઠમાં પણ "**પરિભાએમાણે**" સુધીના પાઠમાં જ મુખ્યતયા વિધિ છે.)

અહીં "**પરિભાએમાણે**" પદમાં "આનશ્" (કર્તરિપ્રયોગમાં આત્મને-પદના ધાતુને લાગતો વર્તમાન કૃત્પ્રત્યય "આન") પ્રત્યય લાગ્યો છે. આ પ્રત્યયના બળ પર આ અર્થ પ્રાપ્ત થાય છે. (દા.ત. 'ભોજન કરતા કરતા બોલવામાં પાપ છે.' આ વાક્યમાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પાપનું

વિધાન "બોલવામાં નથી" પણ 'ભોજન કરતી વખતે બોલવામાં છે." બસ તે જ પ્રમાણે રમણીયતાનું વિધાન માત્ર શીલ વગેરેમાં નથી. પણ પૂર્વગૃહીત દાન વગેરે ધર્મને કરતા કરતા પળાતા શીલધર્મોમાં છે. અને તેથી દાન વગેરે ધર્મો જ મુખ્યતયા રમણીય તરીકે ઈષ્ટ છે.) તેથી તમે કરેલા કલ્પનાના અર્થને સ્વીકારવામાં વર્તમાન કૃદંતના અર્થની અસંગતિરૂપ મોટી અવ્યુત્પત્તિ છે. (પૂ.મુ. શ્રી અજિતશેખરકૃત અનુવાદમાંથી સાભાર સમુદ્ધૃત)

**उपोद्घातवचनकर्णिका**– स्थितिविषयाशङ्कामेव समानधर्मदर्शनेन प्रपञ्चयत उपहसन्नाह–

સમાનધર્મના દર્શનથી પ્રતિમાપૂજાને વાવડી વગેરેની પૂજાની જેમ આચારમાત્ર ગણવાની આશંકાને જ વિસ્તારતા એવા કુમતિઓના લુંપાકના ઉપહાસને કરતા ગ્રંથકાર કહે છે–

**वाप्यादेरिव पूजना दिविषदां मूर्तेर्जिनानां स्थितिः,**
**सादृश्यादिति ये वदन्ति कुधियः पश्यन्ति भेदं तु न ।**
**एकत्वं यदि ते वदन्ति निजयोः स्त्रीत्वेन जायाम्बयो-**
**स्तत्को वा यततामसंवृततरं वक्त्रं पिधातुं बुधः ॥१३॥**

**શ્લોકાર્થ**– દેવોને વાપિકા(નંદા પુષ્કરિણી)ની જેમ તેના સાદશ્યપણાથી (=સરખાપણાથી) જિનેશ્વર ભગવંતની પ્રતિમાની પૂજા કરવી તે વ્યવહારમાત્ર છે. કેમકે બંને પૂજા સરખી છે. આ પ્રમાણે જે કુમતિઓ બોલે છે તેઓ વાપિકાની પૂજા અને જિનપ્રતિમાની પૂજાના ભેદને જાણતા નથી. જો તેઓ કદિ સ્ત્રીપણાની સરખામણીથી પોતાની માતા અને પત્નીનું એકપણું કહે તો કોણ પંડિત તેના અત્યંતપહોળા થયેલા મુખને(=અસંબદ્ધ પ્રલાપને) ઢાંકવાને પ્રયત્ન કરે ? અર્થાત્ કોઈ જ ના કરે...૧૩

## જિનપ્રતિમાપૂજન-દેવોની સ્થિતિ
## એહવી કુમતિની મતિ
## અનેક યુક્તિઓ દ્વારા કરેલી ઉપહાસ્યતા.

**व्याख्या**– वाप्यादेर्नन्दापुष्करिण्यादेरिव । आदिना महेन्द्रध्वजतोरण-सभाशालभञ्जिकादिपरिग्रहः। दिविषदां देवानां जिनानां मूर्तेः पूजना स्थितिः

स्थितिमात्रं सादृश्यात् अर्चनशब्दाभिधानसाम्यादिति ये कुधियः कुत्सितबुद्धयो वदन्ति, भेदं तु वक्ष्यमाणं न पश्यन्ति । ते यदि स्त्रीत्वेन स्त्रीलिङ्गमात्रेण निजयोः स्वकीययोः जायाम्बयोः कान्ताजनन्योः एकत्वं वदन्ति । तर्त्तहिं को वा को नाम वक्त्रं मुखं अर्थात्तदीयं असंवृततरं अतिशयेनोद्घाटं बुधः पण्डितः पिधातुम् आच्छादयितुं, यततां पराक्रमतां अशक्येऽर्थे पण्डितस्य यत्नकरणायोगात् न कोऽपि यततामिति भावः।

**ભાવાર્થ–** વાપિકાની(નંદાપુષ્કરિણી વાવડીની) જેમ, દેવોની જિન-પ્રતિમાની પૂજા, અર્ચનશબ્દના સામ્યપણાથી(=પૂજા વાચક શબ્દની સમાનતાથી) સ્થિતિરૂપ(=આચારરૂપ) છે એમ જે કુમતિઓ બોલે છે તેઓ આગળ કહેવાશે તે ભેદને જોતા નથી. આ પ્રમાણે જો તેઓ સ્ત્રીપણાના સાદશ્યધર્મથી(=સમાન ધર્મથી) પોતાની પત્ની અને પોતાની માતાને એક ગણે તો તેના અતિશય પહોળા થયેલા મુખને(=વાચાળમુખને) બંધ કરવાને કોણ પંડિતપુરુષ પ્રયત્ન કરે ? અર્થાત્ કોઈ જ ના કરે. અશક્ય અર્થમાં પંડિતપુરુષો યત્ન કરતા નથી. આ પ્રમાણે ભાવ જાણવો. અહીં "वाप्यादेः" એ સ્થાને રહેલા આદિ શબ્દથી મહેન્દ્રધ્વજ, તોરણ, સભા અને શાલભંજિકા(=પૂતળી) વગેરે સમજવું.

**व्याख्या–** प्रतिवस्तूपमया दूरान्तरेऽपि यत्किञ्चित्साम्येन भ्राम्यतामुपहासो व्यज्यते । तदुक्तं- ''काके कार्ष्ण्यमलौकिकं धवलिमा हंसे निसर्गस्थितो, गाम्भीर्ये महदन्तरं वचसि यो भेदः स किं कथ्यते । एतावत्सु विशेषणेष्वपि सखे यत्रेदमालोक्यते, के काकाः सखि ! के च हंसशिशवो देशाय तस्मै नमः ॥१॥ इति ॥१३॥

**ભાવાર્થ–** સમાનવસ્તુની ઉપમાદ્વારા દૂર દૂર રહેલા અતિઅલ્પ સામ્યપણાથી ભ્રમ પામતા લુંપાકોનો ઉપહાસ પ્રગટ થાય છે. કહ્યું છે કે– "કાગડામાં કાળાશ અલૌકિક છે. હંસમાં સ્વાભાવિક ધોળાશ રહેલી છે. તે બંનેના ગંભીરતાદિ ગુણમાં મોટું અંતર છે. તેમની વાણીમાં જે ભેદ છે તે તો શું કહી શકાય તેમ છે ? આ રીતે બંનેમાં અનેક વિશેષણો=ભેદો હોવા છતાં હે મિત્ર ! જ્યાં આ પ્રમાણે જોવાય છે કે

કોણ કાગડો ? અને કોણ હંસશિશુ ? તે દેશને નમસ્કાર થાઓ. આ પ્રમાણે તેરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૧૩॥

**उपोद्घातवचनकर्णिका**– भेदहेतूनेवोपदर्शयंस्तददर्शिन आक्षिपन्नाह–

ભેદના હેતુઓને બતાડતા=વાવડીની અર્ચના અને પ્રતિમા પૂજનમાં ભેદના હેતુઓને બતાવતા અને તેના ભેદોને નહિ જોનારા એવા લુંપાકોને આક્ષેપ કરતા ગ્રંથકાર કહે છે–

**सद्धर्मव्यवसायपूर्वकतया शक्रस्तवप्रक्रिया-**
**भावभ्राजितहृद्यपद्यरचनालोकप्रणामैरपि ।**
**ईक्षन्तेऽतिशयं न चेद् भगवतां मूर्त्यर्चने स्वःसदां,**
**बालास्तत्पथि लौकिकेऽपि शपथप्रत्यायनीया न किम् ॥१४॥**

**શ્લોકાર્થ**– (૧) સદ્ધર્મનિશ્ચયપૂર્વકપણું (૨) શક્રસ્તવની પ્રક્રિયા, (૩) ભાવથી પ્રકાશિત મનોહર કાવ્યરચના, અને (૪) આલોક પ્રણામથી (= જોતાવેંત પ્રણામથી) દેવોની જિનેશ્વર ભગવંતની પૂજનામાં જો (વાવડી વગેરેની પૂજાથી) અધિકતાને જોતા નથી, તો બાળ એવા લુંપાકો લૌકિકમાર્ગમાં પણ શું સોંગદથી જ વિશ્વસનીય થતા નથી ? અર્થાત્ સોગંદદ્વારા જ વિશ્વસનીય થાય છે. ॥૧૪॥

## દેવોની પ્રતિમાપૂજનના ભેદોનું નિર્દર્શન.
## કુમતિઓની અજ્ઞાનતાનું પ્રદર્શન.

**व्याख्या**– ये बाला लुम्पकाः चेद्यदि स्वःसदां देवानां भगवतां मूर्त्यर्चनेऽतिशयं विशेषं नेक्षन्ते । कया कैश्च ? सद्धर्मव्यवसायपूर्वकतया शक्रस्तव-प्रक्रियादिभिः पदैश्च ।

**ભાવાર્થ**– જે બાળ એવા લુંપાકો-પ્રતિમા લોપકો દેવોથી કરાતી ભગવંતપ્રતિમા પૂજામાં કાંઈ વિશેષભેદ જોતા નથી, તેને જણાવતાં ગ્રંથકાર કહે છે કે– સદ્ધર્મ વ્યવસાયપૂર્વકતા અને શક્રસ્તવનાદિ ક્રિયારૂપ ભેદોવડે વિશેષભેદ જોતા નથી. હવે સદ્ધર્મવ્યવસાયાદિ ભેદોને વર્ણવે છે.

**व्याख्या**– एतेषां पदानामर्थमाह- सद्धर्मव्यवसायपूर्वकत्वं जिनप्रतिमार्च

नस्यानुषङ्गिकवाप्याद्यर्चनतो भेदकं व्यवसायसभासंभविक्षयोपशमनिमित्तस्य सद्धर्मव्यवसायस्य भावत्वात्, भावानुगतसम्यग्दृष्टिक्रियायाश्च क्रियान्तरवद्धर्मत्वात्, व्यवसायसभायाश्च शुभाध्यवसायनिमित्तत्वं, क्षेत्रादेरपि कर्मक्षयोपशमादिहेतुत्वाज्जिनशासने नासिद्धं ।

**ભાવાર્થ–** તે પદોના અર્થને કહે છે.

(૧) **સદ્ધર્મવ્યવસાયપૂર્વક–**આનુષંગિક વાવડી આદિના અર્ચનથી જિનપ્રતિમા પૂજનનું સદ્ધર્મનિશ્ચય-પૂર્વકપણું[1] ભેદક છે(=ભેદ પાડનાર, તફાવત બતાવનાર છે.)

વ્યવસાયસભામાંથી ઉત્પન્ન થયેલો ક્ષયોપશમ નિમિત્ત છે જેને એવો તે સદ્ધર્મવ્યવસાય ભાવરૂપ છે. વળી ભાવવાળી સમ્યગ્દષ્ટિની ક્રિયા બીજી ક્રિયાની જેમ ધર્મસ્વરૂપ છે.

**પ્રશ્ન-** વ્યવસાયસભામાંથી ક્ષયોપશમની ઉત્પત્તિ શી રીતે થાય ?

**ઉત્તર-** વ્યવસાયસભા શુભ અધ્યવસાયના નિમિત્તભૂત છે. વળી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ પણ કર્મના ઉદય-ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમમાં કારણભૂત છે. તેથી જિનશાસનમાં વ્યવસાયસભા શુભઅધ્યવસાયના નિમિત્તભૂત છે તે અસિદ્ધ નથી. અર્થાત્ સિદ્ધ છે.

**व्याख्या–** अनुगतो धर्मव्यवहारस्तु पुष्टिशुद्धिमच्चित्तानुगतक्रियैव चतुर्थगुणस्थानक्रियानुरोधात् दर्शनाचाररूपत्वाद्दर्शनव्यवसायात्मकं जिनार्चादिसिद्धं देवानां । तदुक्तं स्थानाङ्गे- ''सामइए ववसाए तिविहे पन्नत्ते, नाणववसाए, दंसणववसाए चरित्तववसाए त्ति'' ।

**ભાવાર્થ–** (સર્વ ધર્માનુષ્ઠાનોને) અનુસરનારો ધર્મવ્યવહાર પુષ્ટિશુદ્ધિવાળા ચિત્તને અનુસરનારી ક્રિયારૂપ જ છે. પુષ્ટિશુદ્ધિવાળા ચિત્તને અનુસરનારી એ ક્રિયા ચોથા ગુણસ્થાનની ક્રિયાના અનુરાગથી થતી હોવાથી દર્શનાચારરૂપ હોવાના કારણે દેવોની જિનપૂજાદિક્રિયા દર્શનવ્યવસાયાત્મક =સમ્યગ્દર્શનના ઉદ્યમસ્વરૂપ સિદ્ધ છે. આ વિષે સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે, ''सामइए ववसाए तिविहे पन्नत्ते, नाणववसाए, दंसणववसाए चरित्तववसाए त्ति''

સામાયિક વ્યવસાય ત્રણ પ્રકારનો છે. (૧) જ્ઞાન વ્યવસાય. (૨)

૧. જિનપૂજા કરવી એ સદ્ધર્મ છે એવા નિશ્ચયથી જિનપૂજા કરે છે. જ્યારે વાવડી વગેરેમાં એવો નિશ્ચય હોતો નથી.

દર્શનવ્યવસાય. (૩) ચારિત્ર વ્યવસાય. આમ નિશ્ચિત થાય છે કે પ્રતિમાપૂજન પણ દર્શનવ્યવસાયરૂપ હોવાથી એક પ્રકારનું સામાયિક જ છે. તેથી સામાયિકની જેમ પ્રતિમાપૂજન નિરવદ્ય છે.

**व्याख्या**– अथ द्वितीयं भेदकं शक्रस्तवप्रक्रिया प्रसिद्धप्रणिपातदण्डकपाठः। न हि वाप्यादिकं पूजयता वाप्यादेः पुरतः शक्रस्तवः पठितोऽस्ति किं त्वर्हत्प्रतिमानामेव सकलसंपद्भावान्वितः, स्थितिमात्रेत्वन्यत्राप्यपठिष्यत्, न च तीर्णस्त्वं तारकस्त्वमित्यादयो भावा जिनप्रतिमातोऽन्यत्राभिनेतुं शक्यन्ते । न चाभिनयादिव्यापारं विना शान्तरसास्वाद इति, यत्र, यदुचितं तत्रेव तत्प्रयोज्यं सहृदयैरिति ।

**ભાવાર્થ**– (૨) **શક્રસ્તવપ્રક્રિયા**–બીજું ભેદક પ્રસિદ્ધ પ્રણિપાત-દંડકપાઠરૂપ શક્રસ્તવપ્રક્રિયા છે. સૂર્યાભદેવે વાવડી આદિના પૂજન કરતાં વાવડી આગળ શક્રસ્તવનો પાઠ ભણેલો નથી. પરંતુ સર્વસંપદાના ભાવોથી યુક્ત પાઠ જિનપ્રતિમાની આગળ જ ભણેલ છે. જો જિનપૂજાને સ્થિતિમાત્ર-વ્યવહારમાત્ર કહેશો તો અન્યત્ર પણ શક્રસ્તવ ભણી શકાત. અર્થાત્ વાવડી આગળ પણ તે પાઠ બોલ્યા હોત. જો તે વાવડી આગળ ભણે છે એમ માનીએ તો શું થાય ? તેનો જવાબ ગ્રંથકાર આપે છે. તું તીર્ણ છો, તું તારક છો ઈત્યાદિ ભાવો જિનપ્રતિમાથી અન્યત્ર હાથ-મુખ આદિના અભિનય-પૂર્વક પ્રગટ કરવા માટે શક્ય નથી. અને અભિનયાદિ વ્યાપાર વિના શાંતરસની અનુભૂતિ થતી નથી. તેથી શુભ અંતઃકરણવાળા સાધકોએ જ્યાં જે ઉચિત હોય ત્યાં જ તે યોજવું જોઈએ.

**(૩) જિનગુણગર્ભિત પરમાત્માની સ્તવના–**

**व्याख्या**– अथ तथा भावैः पापनिवेदनप्रणिधानाद्यैर्भ्राजितानि यानि हृद्यानि पद्यान्यष्टोत्तरशतसङ्ख्यानि तेषां रचना प्रतिमानां पुरस्तदपि तृतीयं भेदकं भावस्तुतिमङ्गलानां महोदयहेतुत्वेन सूत्रेऽभिधानात्, तस्या धर्मक्षेपकत्वात् न हि वाप्यादेरग्रे कृता चेति ।

**ભાવાર્થ**– હવે ભાવો વડે અર્થાત્ પ્રતિધાનપૂર્વક પાપનિવેદન આદિ ભાવોવડે કરીને સુશોભિત મનોહર એકસો આઠ સંખ્યાવાળા કાવ્યોની

રચના પ્રતિમા આગળ કરાય છે. તે પણ ત્રીજું ભેદક છે. વળી ભાવ સ્તુતિ મંગલરૂપ છે અને તે મહોદયનું કારણ છે એમ સૂત્રમાં જણાવેલ છે. તેથી તે દેવસ્થિતિરૂપ નથી.

**પ્રશ્ન-** કાવ્યની રચના પ્રતિમા આગળ કરાય છે તેમ વાવડી આગળ કેમ કરાતી નથી ?

**ઉત્તર-** કાવ્યની રચના ધર્માક્ષેપક(=ધર્મ ખેંચનાર) છે. તેથી તે વાવડી આદિની આગળ કરાતી નથી. ભક્તિભાવથી દેવો કાવ્યની રચના કરે છે. તે ભાવસ્વરૂપ ધર્માક્ષેપક છે. તેથી તે અનુચિત સ્થાને કરી શકાતી નથી. પરમાત્મા આગળ કરી શકાય છે.

**व्याख्या–** अथ तथा चतुर्थं भेदकं आलोकप्रणामः यत्र जिनप्रतिमास्तत्र ''आलोए पणामं करेति त्ति' पाठः, अन्यत्र तु नेति विनयविशेषोऽपि धर्माक्षेपक एव । इत्येतैः पदैः कृत्वा भेदकमिति ।

**ભાવાર્થ–** (૪) હવે ચોથું ભેદક **"આલોક પ્રણામ"** નું વર્ણન કરતાં જણાવે છે કે- આલોક પ્રણામ=પ્રભુપ્રતિમાને જોતાં જ પ્રણામ. જિનપ્રતિમાને જોતાં જ પ્રણામ કરે છે આ પ્રમાણે આગમપાઠ છે. અન્યત્ર એટલે નંદા-પુષ્કરિણી આદિની પૂજનામાં આલોક પ્રણામ કરે છે એવો પાઠ નથી. આવો વિનયભેદ પણ ધર્મનો આક્ષેપક જ છે. આ પ્રમાણે આ પદોવડે ચારભેદકો(=ભેદ કરનાર) બતાવ્યા.

**व्याख्या–** तर्हि ते बाला विशेषदर्शनहेतुशक्तिविकला लुम्पका लौकिकेऽपि पथि भोजनादौ शपथेन कोशपानादिना प्रत्यायनीयाः विश्वासनीयाः किं न भवन्ति ? अपि तु तथैव भवन्ति । कामिनीकरकमलोपस्थिते शिष्यानीते वा भोजने किमिदं पुरीषमन्नं वेति संशयात् ते न विरमेयुरित्यर्थः ॥१४॥

**ભાવાર્થ–** સદ્ધર્મનિશ્ચયપૂર્વકપણું, શક્રસ્તવપ્રક્રિયા, ભાવથી પ્રકાશિત મનોહર કાવ્યરચના, આલોક પ્રણામ એ ચાર કારણોથી દેવોની જિનેશ્વરની પૂજામાં વાવડી વગેરેની પૂજાથી અધિકતાને જો જોતા નથી તો તે બાળજીવો=વિશેષદર્શનમાં હેતુશક્તિથી વિકલ લુંપાકો લૌકિક પણ ભોજનાદિ માર્ગમાં કોશપાનાદિ સોગંદવડે શું વિશ્વસનીય થતા નથી ? પરંતુ તે પ્રમાણે

જ થાય છે. અર્થાત્ કોઈપણ રીતે તેમને સમજાવી શકાય તેમ નથી. તે જ વાતને જણાવતા કહે છે કે-સ્ત્રીના કરકમલમાં રહેલા ભોજનમાં અથવા શિષ્યોએ લાવેલા ભોજનમાં શું આ પુરીષ(=અશુચિ) છે કે અન્ન છે ? આવા પ્રકારના સંશયથી તે વિરામ પામતા નથી. આ પ્રમાણે અર્થ જાણવો. આ પ્રમાણે ચૌદમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૧૪॥

**उपोद्घातवचनकर्णिका**– अथ स्थितिमभ्युपगम्याह–

હવે સ્થિતિનો સ્વીકાર કરીને અર્થાત્ જિનપ્રતિમાપૂજન દેવનો આચાર(=વ્યવહાર) છે. એમ સ્વીકારીને ગ્રંથકાર કહે છે–

**भव्योऽभ्यग्रगबोधिरल्पभवभाक् सद्दृष्टिराराधको,**
**यश्चोक्तश्चरमोऽर्हता स्थितिरहो सूर्याभनाम्नोऽस्य या ।**
**सा कल्पस्थितिवन्न धर्मपरतामत्येति भावान्वयात्,**
**मा कार्षुर्भ्रममत्र केऽपि पिशुनैः शब्दान्तरैर्वञ्चिताः ॥१५॥**

**શ્લોકાર્થ**– જે સૂર્યાભદેવને ભગવાન મહાવીરદેવે ભવ્ય, સુલભબોધિ, અલ્પસંસારી, સમ્યગ્દૃષ્ટિ, આરાધક અને ચરમશરીરી કહેલો છે, તે સૂર્યાભદેવની પ્રતિમાપૂજારૂપ જે સ્થિતિ(=આચાર) છે તે શુભભાવના સંબંધથી કલ્પસ્થિતિની(=બૃહત્કલ્પસૂત્રમાં કહેલા આચારોની) જેમ ધર્મવ્યવહારનું ઉલ્લંઘન કરતી નથી. તેથી આ અધિકારમાં નીચલુંપાકો વડે શબ્દાંતરથી અર્થાત્ સ્થિતિ વિગેરે શબ્દદ્વારા છેતરાયેલા એવા કોઈપણ જીવો જિનપૂજા એ સ્થિતિ છે એમ સ્વીકારી ભ્રમ ન કરો...॥૧૫॥

## ચરમશરીરની ભેટ અર્પતી સૂર્યાભદેવની ભક્તિ દેવસ્થિતિ નહિ પણ આચારસ્થિતિ.

**व्याख्या**– अर्हता श्रीमहावीरेण यश्च सूर्याभदेव एवंविधः उक्तः । कीदृशः ? विशेषणद्वारेणाह- भव्यो भवसिद्धिकः, अभ्यग्रगबोधिः समीपगतबोधिः सुलभबोधिक इति यावत् । अल्पं भवं भजतीत्यल्पभवभाक् परित्तसंसारक इत्यर्थः । सती समीचीना दृष्टिर्यस्यासौ सद्दृष्टिः सम्यग्दृष्टिरित्यर्थः । आराधको ज्ञानाद्याराधनकर्ता । च पुनश्चरमो अपश्चिमभवोऽत्रास्त्यर्थेऽप्रत्यय इति । अहो इत्याश्चर्ये ।

**ભાવાર્થ–** મહાવીર પરમાત્માએ સૂર્યાભદેવને [1]ભવ્ય=卐ભવસિદ્ધિક, [2]◆સુલભબોધિ, [3]પરિત્તસંસારી(=અલ્પસંસારી), [4]સમીચીન(=યથાર્થ) દૃષ્ટિ જેની છે તે સમ્યગ્દષ્ટિ. [5]આરાધક=જ્ઞાનાદિની આરાધના કરનાર, [6]ચરમશરીરી કહ્યો છે. અહીં "અહો" શબ્દ આશ્ચર્યાર્થમાં છે.

**व्याख्या–** अस्य सूर्याभनाम्नो देवस्य या स्थितिरस्ति सा कल्पस्थितिवत् न धर्मपरतां न धर्मव्यवहारविषयतामत्येति अतिक्रामति । कस्मात् ? भावान्वयात् शुभभावसम्बन्धात् । अत्राधिकृते पिशुनैः नीचैः शब्दान्तरैर्वञ्चिता व्यामोहं प्रापिताः केऽपि जना भ्रमं मा कार्षुः, न धर्मोऽयं किंतु स्थितिरित्यादिभ्रमभाजो मा भूवन्नित्यर्थः ।

**ભાવાર્થ–** આ સૂર્યાભદેવની જે સ્થિતિ છે તે કલ્પસ્થિતિની જેમ ધર્મવ્યવહારની વિષયતાને ઉલ્લંઘન કરતી નથી. શા કારણથી ? કેમકે શુભભાવનો સંબંધ છે. અહીં સૂર્યાભદેવના અધિકારમાં નીચલુંપાકોવડે સ્થિતિ આદિ શબ્દથી છેતરાયેલા કોઈપણ લોકોએ ભ્રમ ન કરવો. સૂર્યાભદેવે કરેલી જિનપૂજા ધર્મ નથી પણ દેવભવસંબંધી સ્થિતિ(=વ્યવહાર) છે, એમ ભ્રમ ન કરવો જોઈએ.

**व्याख्या–** सूर्याभस्य भव्यत्वादिनिश्चायक आलापको यथा- ''अहन्नं भंते सूरियाभे देवे किं भवसिद्धिए'' इत्यादि । अत्र देवानां ज्योतिष्क-विमानाधिपतिपर्यन्तानां विमानाधिपतीनां सर्वेषां सम्यक्त्वं द्रव्यसम्यक्त्वादिकं भवत्येव, तेन तेषां पूजादिकर्तव्यं निश्चायकमुक्तं, मिथ्यादृष्टीनां तु विमानाधिपतित्वं नास्त्येवेत्यादिवक्तव्यता मूलवृत्तितो ज्ञेयेति ॥१५॥

**ભાવાર્થ–** સૂર્યાભદેવના ભવ્યત્વાદિના નિશ્ચાયક આલાપક આ પ્રમાણે છે. યથા "अहन्नं भंते सूरियाभे देवे किं भवसिद्धिए" इत्यादि । આ પાઠ રાજ-પ્રશ્નીય ઉપાંગથી જાણી લેવો. અહીં જ્યોતિષ વિમાનાધિપતિ સુધીના

卐. भवैः सिद्धिः येषां ते भवसिद्धिकाः । આ વ્યુત્પત્તિથી મોક્ષમાં જશે એ નિશ્ચિત થાય છે, પણ કેટલા ભવો કરીને જશે અથવા કેટલા કાળ પછી જશે એ નિશ્ચિત થતું નથી. માટે સુલભબોધિ વિગેરે વિશેષણો જણાવ્યા છે.

◆. અભ્યગ્રગ = સમીપગતબોધિ, અર્થાત્ સુલભબોધિ = ભવાંતરમાં સરળતાથી બોધિ પામનાર.

સર્વવિમાનાધિપતિદેવોને દ્રવ્યસમ્યક્ત્વ વગેરેની પ્રાપ્તિ થાય જ છે. તે કારણથી તેઓના પૂજાદિ કર્તવ્ય ભવ્યત્વાદિના નિશ્ચાયક કહેલા છે. વળી મિથ્યાદષ્ટિદેવોને વિમાનનું અધિપણું હોતું જ નથી વિગેરે જે વક્તવ્યતા (=કહેવાપણું) છે તે મૂળવૃત્તિથી જાણી લેવું. આ પ્રમાણે પંદરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૧૫॥

**उपोद्घातवचनकर्णिका**– ननु अधार्मिका एव देवा उच्यन्ते इति तत्कृत्यं न प्रमाणमित्याशङ्क्य निराचिकीर्षुराह–

દેવો અધાર્મિક(=ધર્મ રહિત) જ કહેવાય છે. તેથી તેઓનું જિન-પ્રતિમાપૂજનરૂપ કૃત્ય પ્રમાણ ન ગણાય. એવી આશંકા કરીને તેનું નિરાકરણ કરવાની ઈચ્છાથી કહે છે–

**सद्भक्त्यादिगुणान्वितानपि सुरान्, सम्यग्दृशो ये ध्रुवं,**
**मन्यन्ते स्म विधर्मणो गुरुकुलभ्रष्टा जिनार्चाद्विषः ।**
**देवाशातनयाऽनया जिनमतान्मातङ्गवल्लेभिरे,**
**स्थानाङ्गप्रतिषिद्धया विहितया ते सर्वतो बाह्यताम् ॥१६॥**

**શ્લોકાર્થ**– ગુરુકુલથી ભ્રષ્ટ થયેલા, જિનપ્રતિમાના દ્વેષી એવા કુમતિઓ સદ્ભક્તિઆદિ ગુણોથી યુક્ત સમ્યગ્દષ્ટિદેવોને પણ નિશ્ચયથી ધર્મરહિત માને છે. તેઓ સ્થાનાંગસૂત્રમાં નિષિદ્ધ કરાયેલી અને લુંપાકોથી કરાયેલી એવી આ અવર્ણવાદરૂપ દેવાશાતનાવડે ચાંડાલની જેમ જિનમતથી સર્વરીતે બાહ્યપણાને પામ્યા. ...॥૧૬॥

## દેવોની અધાર્મિકતા તેથી જિનપૂજનાદિની અપ્રમાણતા તે મતનું નિરાકરણ.

**व्याख्या**– गुरुकुलात् भ्रष्टाः त्यक्तगुरुकुलवासाः यथाच्छन्दविहारिणः एवंविधा ये जिनार्चाद्विषो जिनपूजादौ धृतद्वेषाः लुम्पाकश्वपाकाः सुरान् देवान् विधर्मणः विगतो धर्मो येभ्यस्ते विधर्माणस्तान् तादृशान् मन्यन्ते स्म । परं स्वभावेन कीदृशान् सुरान् ? सद्भक्त्येति सतां चातुर्वर्णवर्णनीयस्थितीनां

भक्तिर्बाह्यप्रतिपत्तिरादिर्येषां बहुमानवैयावृत्यादीनां ते च ते गुणाश्च तैरन्वितान् संयुतान्, एवंविधानपि । ते जिनार्चाद्विषः सर्वतः सर्वस्माज्जिनमतात् मातङ्गवत् बाह्यतां लेभिरे ।

**ભાવાર્થ–** ગુરુકુલવાસથી ભ્રષ્ટ થયેલા, અર્થાત્ ગુરુકુલવાસના ત્યાગી અને તેથી યથાછંદવિહારી આવા પ્રકારના જે જિનપૂજાના દ્વેષી, લુંપાકરૂપી ચાંડાલોએ સમ્યગ્દષ્ટિદેવોને ધર્મવિનાના માન્યા. સ્વભાવે કેવા દેવોને ? ચાર પ્રકારના વર્ણથી પ્રશંસનીય સ્થિતિવાળા, અર્થાત્ તીર્થંકરોની બાહ્યપ્રતિપત્તિરૂપ જે ભક્તિ, બહુમાન, વેયાવચ્ચાદિ ગુણોથી યુક્ત એવા સમ્યગ્દષ્ટિદેવો છે. તેઓના અવર્ણવાદરૂપ આશાતના દ્વારા તે જિનપ્રતિમાના દ્વેષી લુંપાક ચાંડાલની જેમ જિનમતથી સર્વપ્રકારે બાહ્યતાને પામે છે.

**व्याख्या–** कया ? अनयाऽवर्णवादरूपया आशातनया । किं विशिष्टया ? स्थानाङ्गे(ङ्ग)प्रतिषिद्धयाऽकर्तव्यत्वेन उक्तया विहितया प्रसह्य कृतयाऽनया तैः कर्मचण्डालत्वं प्राप्तमिति व्यङ्ग्यप्रतीतेः पर्यायोक्तं "व्यङ्गचस्योक्ति पर्यायोक्तं" इति हैमवचनात् । देवाशातनयेत्यनन्तरं इवशब्दोल्लेखे तेषां सर्वतो बाह्यतायां हेतोरुत्प्रेक्षणात् गम्योत्प्रेक्षा वेति ध्येयम् ॥१६॥

**ભાવાર્થ–** કેવી આશાતના ? સ્થાનાંગસૂત્રમાં નિષેધ કરાયેલી= અકર્તવ્યતારૂપ કહેલી, બળાત્કારે લુંપાકથી કરાયેલી અવર્ણવાદરૂપ આશાતના. આવી આશાતનાથી ચાંડાલની જેમ જિનમતથી બાહ્યતાને પામે છે. આ પ્રમાણે શ્લોકમાં વ્યંગ્યની પ્રતીતિ હોવાથી પર્યાયોક્ત[1] અલંકાર છે. કારણ કે વ્યંગ્યની ઉક્તિ "પર્યાય ઉક્તિ" એ પ્રમાણે હેમચન્દ્રાચાર્યનું વચન છે. દેવાશાતનાવડે એ પ્રમાણે કાવ્યમાં જે શબ્દ છે તેના પછી "ઈવ"(=જાણે કે) શબ્દનો ઉલ્લેખ કરવામાં આવે તો(=અધ્યાહારથી સમજવામાં આવે તો) લુંપાકોની સર્વથી બાહ્યતામાં હેતુની ઉત્પ્રેક્ષા થતી હોવાથી ગમ્યઉત્પ્રેક્ષા છે. એ પ્રમાણે જાણવું. આ પ્રમાણે સોળમાં શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૧૬॥

**उपोद्घातवचनकर्णिका–** अथ देवेषु धर्मस्थापकान् गुणानेव दर्शयन्

૧. પ્રતીત થતા અર્થને બીજા પર્યાયથી કહેવો તે પર્યાયોક્ત અલંકાર છે. અહીં દેવોની અવર્ણવાદરૂપ આશાતનાથી વ્યંગ્યરૂપે ચાંડાલની જેમ સર્વરીતે બાહ્યતાને પામ્યા. તેથી પર્યાયોક્ત અલંકાર છે.

परानाक्षिपति–

હવે દેવોમાં ધર્મસ્થાપક(=ધર્મને સૂચવનારા) ગુણોને જ બતાવતા ગ્રંથકાર લુંપાકો ઉપર આક્ષેપ મૂકે છે–

**शक्रेऽवग्रहदातृता, व्रतभृतां निष्पापवाग्भाषिता,**
**सच्छर्माद्यभिलाषिता च गदिता प्रज्ञप्तिसूत्रे स्फुटम् ।**
**इत्युच्चैरतिदेशपेशलमतिः सम्यग्दृशां स्वःसदां,**
**धर्मित्वप्रतिभूः खलस्खलनकृद्धर्मस्थितिं जानताम् ॥१७॥**

**શ્લોકાર્થ–** શ્રી પ્રજ્ઞપ્તિસૂત્રમાં સૌધર્મેન્દ્રમાં વ્રતધારી સાધુઓને અવગ્રહ આપવો, નિર્દોષવાણી બોલવી, મુનિઓને સુખી કરવાની(=શાતા આપવાની) અભિલાષા વગેરે ધર્મસ્થાપક(=ધર્મને સૂચવનારા) પ્રગટપણે કહેલા છે. આ પ્રમાણે સૌધર્મેન્દ્રના અત્યંત અતિદેશથી(=સદશતાદર્શક વચનથી) સિદ્ધ થયેલી સમ્યગ્દષ્ટિદેવોની રમણીયબુદ્ધિ ખલને(=દુર્જન પ્રતિવાદીઓને) સ્ખલના(=પરાજય) પમાડનારી છે, અને સમ્યગ્દષ્ટિદેવોના ધર્મના આચારોને જાણનારા સહૃદયી સાધકોને "દેવો ધર્મી છે." એમ સિદ્ધ કરવા માટે પ્રતિભૂ=સાક્ષીરૂપ છે....॥૧૭॥

## દેવોમાં ધર્મસ્થાપક ગુણદર્શન કરાવવા દ્વારા કુમતિ ઉપર આક્ષેપ પ્રકટન.

**व्याख्या–** शक्रे सौधर्मेन्द्रे व्रतभृतां साधूनामवग्रहदातृताऽवग्रह-दानगुणः, तथा निष्पापवाग्भाषकत्वगुणः सतां साध्वादीनां शर्माद्यभिलाषिता हितसुखादि-कामित्वगुणः, च समुच्चये । प्रज्ञप्तिसूत्रे भगवत्यां स्फुटं प्रकटं गदिताः एते गुणा व्यक्तं प्रतिपादिता इत्यर्थः ।

**ભાવાર્થ–** શક્રમાં અર્થાત્ સૌધર્મેન્દ્રમાં સાધુઓને અવગ્રહદાનગુણ, તથા નિર્દોષ-નિરવદ્યવાણી બોલવારૂપ ગુણ, સાધુ આદિના હિત-સુખાદિ ઈચ્છવાનો ગુણ વગેરે ગુણો રહેલા છે. અહીં 'च' સમુચ્ચયાર્થમાં છે. શક્રેન્દ્રના આ ગુણોનું વર્ણન ભગવતીસૂત્રમાં પ્રકટપણે કરેલું છે.

**व्याख्या–** इति अमुना प्रकारेण उच्चैरत्यर्थं सम्यग्दृष्टीनां स्वःसदां देवानां

तत्सम्बन्धिनीत्यर्थः । मतिः धर्मस्थितिं धर्मव्यवस्थां जानतां सहृदयानां धर्मित्वप्रतिभूः धर्मित्वस्थापनायां ''जयहेतुसाक्षिणी'' वर्त्तते। कथंभूता मतिः ? अतिदेशपेशला अतिदेशेन सादृश्यग्राहकवचनेन पेशला रमणीयाऽत एव। पुनर्मतिः कीदृशी ? खलस्खलनकृत् दुर्जयदुर्जन प्रतिवादिपराजयकृदित्यर्थः ॥१७॥

**ભાવાર્થ–** આ પ્રમાણે "उच्चैरतिदेशपेशलमतिः" શક્રના અત્યંત અતિદેશથી (=સામ્યતાને જણાવનાર વચનથી) સિદ્ધ થયેલી સમ્યગ્દષ્ટિદેવોની રમણીય મતિ ખલને(=દુર્જયદુષ્ટપ્રતિવાદીઓને) ખલના(=પરાજય) પમાડનારી છે અને સમ્યગ્દષ્ટિ દેવોના આચારોને જાણનારા સહૃદયી(=નિર્મલ અંતઃકરણ-વાળા) મનુષ્યોની "દેવો ધર્મી છે" એવી સ્થાપના(=નિર્ણય) કરવામાં પ્રતિભૂ=વિજય કરાવનારી સાક્ષીરૂપ છે. આ પ્રમાણે અર્થ જાણવો. આ પ્રમાણે સત્તરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૧૭॥

**उपोद्घातवचनकर्णिका–** यत्यननुमोद्यत्वाद्देवानां भक्तिकृत्यं न धर्म इति गूढाशयस्य शङ्कामसिद्ध्या निराकुर्वन्नाह–

યતીઓને દેવોની ભક્તિસંબંધી કાર્ય અનુમોદના કરવા યોગ્ય નથી. તે કારણથી તે ભક્તિકર્મ ધર્મ તરીકે કહેવાય નહિ. આ પ્રમાણે ગૂઢાશયવાળા લુંપાકની શંકાને અસિદ્ધિથી(=દેવોનું ભક્તિકર્મ અનુમોદનીય નથી એવી લુંપાકની માન્યતા અસિદ્ધ છે એમ કહીને) નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે–

**देवानामपि भक्तिकृत्यमपि न श्लाध्यं यतीनां यतः,**
**सूर्याभः कृतनृत्यदर्शनरुचिविधिप्रश्नोऽर्हता नादृतः ।**
**हन्तेयं जडचातुरी गुरुकुले कुत्र त्वया शिक्षिता,**
**सर्वत्रापि हि पण्डितैरनुमतं येनानिषिद्धं स्मृतम् ॥१८॥**

**શ્લોકાર્થ–** દેવોનું ભક્તિસંબંધી(=પ્રતિમાપૂજનાદિ)કાર્ય પણ મુનિઓને અનુમોદનીય નથી. તે કારણથી મહાવીર પરમાત્માએ નૃત્ય બતાવવાની રુચિ સંબંધી પ્રશ્ન કરનાર સૂર્યાભદેવને આદર આપ્યો નહોતો. ખેદની વાત તો એ છે કે ઓ જડ ! આવી કલ્પના કરવાની ચાતુરી તું કયા ગુરુકુલમાં રહીને શીખ્યો છે ? સર્વસંપ્રદાયમાં પંડિતો વડે અનિષિદ્ધને

અનુમત કહેવાયેલ છે. અર્થાત્ પંડિતો "જે નિષેધ ન કરાય તે અનુમત હોય" એમ જ સ્વીકારે છે...।।૧૮।।

**દેવોનું ભક્તિકૃત્ય મુનિઓને ન અનુમોદનીય. તેથી દેવે કરેલી ભક્તિ ન ધર્મકરણીય. તે શંકાની અસિદ્ધિ બતાવવાપૂર્વક નિરાકરણ.**

**व्याख्या–** ननु देवानां भक्तिकृत्यमपि प्रतिमार्चनादि यतीनां न श्लाघ्यं नानुमोद्यं, ततश्च न धर्मो, वन्दनादि तु श्लाघ्यत्वाद्धर्म एव। अत एव ''पौराणमेयं[1] सूरियाभा'' इत्यादि ।

**ભાવાર્થ–** અહીં લુંપાક શંકા કરતા કહે છે કે, "દેવોનું પ્રતિમાપૂજનાદિરૂપ ભક્તિકર્મ પણ યતિઓને અનુમોદનીય નથી. અને તેથી જ ધર્મ નથી, જ્યારે વંદનાદિ શ્લાઘ્ય છે તેથી ધર્મ જ છે.

સૂર્યાભદેવ જ્યારે શ્રી મહાવીર ભગવાનને વંદન વગેરે અંગે કહે છે(=હું આપને વંદન કરું છું એમ કહે છે) ત્યારે ભગવાન મૌન રહેતા નથી. બલ્કે તેની અનુમોદના કરે છે, અને '[1]पौराणमेयं सूरियाभा(=હે સૂર્યાભ ! આ(= વંદન) પુરાણુ કર્મ છે, અર્થાત્ પૂર્વના દેવોએ પણ પૂર્વના તીર્થંકરોને વંદન કર્યું છે.) એમ કહે છે.

**व्याख्या–** यच्चतुर्विधा देवा अर्हतो भगवतो वन्दित्वा नमस्कृत्य स्वनामगोत्राणि श्रावयंतीत्येव निगमनमिति द्रष्टव्यं । इदमित्थमेव, यतोऽर्हता श्रीमहावीरेण सूर्याभ एवंविधो न आदृतः। कीदृशः ? कृतो नृत्यविधेर्नृत्यकरणस्य प्रश्नो येन स तथा ।

---

૧ અહીં "**पौराणमेयं सूरियाभा**" આ પ્રતિજ્ઞા છે. પછી તે પુરાણકર્મ છે તે બતાવવા ચાર પ્રકારના દેવો અરિહંત ભગવંતને વંદન કરે છે ઈત્યાદિ કહ્યું તે પ્રતિજ્ઞાનું નિગમન છે. અને "**इदम् इत्यमेव**" એ એમ જ છે=દેવોનું ભક્તિકર્મ યતિઓને અનુમોદનીય નથી તેથી ધર્મ નથી. વળી વંદનાદિ શ્લાઘ્ય હોવાથી ધર્મ જ છે. એ એમ જ છે અને તેમાં હેતુ એ છે કે ભગવાને સૂર્યાભના જવાબમાં નૃત્યકરણની પ્રતિજ્ઞાનો આદર કર્યો નથી. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાનની વંદનમાં સંમતિ છે પણ નૃત્યકરણમાં સંમતિ નથી.

**ભાવાર્થ–** ભગવાનના આ વચનને સ્વીકારીને પ્રતિજ્ઞા=આરંભ કરીને ચારે નિકાયના દેવો પરમાત્માને વંદન, નમસ્કાર કરી પોતાના નામ-ગોત્ર સંભળાવે છે. આ પ્રમાણે જ નિગમન કરાયેલું છે એમ જાણવું. આ આમ જ છે. ભગવાનના આ વચનો સ્પષ્ટપણે વંદન કર્તવ્યની અનુમોદનારૂપ છે. તેથી અમારું કથન બરોબર છે. કેમકે સૂર્યાભ જ્યારે નૃત્ય બતાવવા માટે ત્રણ ત્રણ વખત પૂછે છે છતાં ભગવાન મૌન રહે છે. મૌન રહીને ભગવાને સૂર્યાભના નૃત્યકરણનો આદર ન કર્યો. આનાથી એ જ સિદ્ધ થાય છે કે ભગવાનની વંદનમાં સંમતિ છે અને નૃત્ય કરવામાં સંમતિ નથી. ભગવાનનું મૌન નિષેધને જ વ્યક્ત કરે છે.

**व्याख्या–** अत्रोत्तरम्- हन्तेति खेदे, इयं चातुरी त्वया गुरुकुले कुत्र शिक्षिता ? यन्मौनं निषेधमेव व्यञ्जयतीति । येन कारणेन सर्वत्रापि सर्वस्मिन्नपि संप्रदाये पण्डितैः ''अनिषिद्धमनुमतं स्मृतं अत एव स्वार्थमाहारादि निष्पादयन् गृही अप्रतिषेधानुमतिप्रसङ्गभयादेव निषिध्यते ॥१८॥

**ભાવાર્થ–** લુંપાકના આ કથનનો ગ્રંથકાર ઉત્તર આપે છે. "હન્ત" એ અવ્યય અહીં ખેદ અર્થમાં છે. આ ચાતુરી તારાવડે કયા ગુરુકુલમાં શિખાઈ ? જેથી તું મૌન નિષેધને જ જણાવે છે એમ કહે છે. આ તારી ચાતુરી બરાબર નથી. કારણ કે સર્વત્ર પણ અર્થાત્ સર્વસંપ્રદાયમાં પંડિતોએ અનિષિદ્ધને અનુમત જણાવેલ છે. આથી જ સાધુઓ પોતાના માટે(=સાધુઓ માટે) આહાર બનાવતા ગૃહસ્થને નિષેધ ન કરે તો અનુમતિના પ્રસંગનો ભય રહે છે. આથી સાધુઓ પોતાના માટે આહાર બનાવતા ગૃહસ્થને નિષેધ કરે છે. તે રીતે ભગવાને સૂર્યાભદેવના નૃત્ય કરવાના પ્રશ્નમાં નિષેધ કર્યો નથી. તેથી ભગવાનની નાટક કરવામાં અનુમતિ છે એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે અઢારમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૧૮॥

**उपोद्घातवचनकर्णिका–** तूष्णीं-भावे भवद्भिरपि किं बीजं वाच्यमित्याकाङ्क्षायामाह–

સૂર્યાભદેવની નૃત્યદર્શનની વિધિમાં વીરપરમાત્મા મૌન રહ્યા તેમાં શું કારણ છે ? તે તમારે કહેવું જોઈએ. લુંપાકની આવી આકાંક્ષાનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે–

**इच्छा स्वस्य न नृत्यदर्शनविधौ स्वाध्यायभङ्गः पुनः,**
**साधूनां त्रिदशस्य चातिशयिनी भक्तिर्भवध्वंसिनी ।**
**तुल्यायव्ययनामिति प्रतियता तूर्ष्णीं स्थितं स्वामिना,**
**बाह्यस्तत्प्रतिषेधको न कलयेत्तद्वंशजानां स्थितिम् ।।१९।।**

**શ્લોકાર્થ–** નૃત્યદર્શનની વિધિમાં ભગવાનની ઈચ્છા નથી. વળી ગૌતમાદિ સાધુભગવંતોને સ્વાધ્યાયનો ભંગ થાય અને સૂર્યાભદેવની ભવનો નાશ કરનારી વિશિષ્ટભક્તિ છે. તુલ્યલાભ અને તુલ્યહાનિને જોતા સ્વામી મૌન રહ્યા હતા. દેવભક્તિનો નિષેધ કરનાર અને જૈનસંઘની બહાર ગણાતો લુંપાક સ્વામીના વંશમાં ઉત્પન્ન થયેલાઓની સ્થિતિને(=મર્યાદાને) જાણતો નથી...।।૧૯।।

## સૂર્યાભદેવની નૃત્યસંબંધી પરમાત્માને પૃચ્છા, ભગવાનની મૌનદર્શિતા.
## તે સંબંધી આકાંક્ષાનું સમાધાન.

**व्याख्या–** स्वस्य भगवतो नृत्यदर्शनविधौ इच्छा न वर्त्तते, वीतरागत्वात्। पुनः साधूनां गौतमादीनां नृत्यदर्शने स्वाध्यायभङ्गः स्यात्, स चानिष्टस्तेषां च पुनः । त्रिदशस्य सूर्याभस्य भक्तिर्भवध्वंसिनी वर्त्तते, ततो नृत्यप्रदर्शने समुदायापेक्षया तुल्यायव्ययतां समानवृद्धिहानिकत्वं प्रतियता केवल-ज्ञानालोकेन कलयता जानता स्वामिना श्रीवर्द्धमानस्वामिना तूर्ष्णीं मौनेन स्थितं । भावे नपुंसके क्तप्रत्ययः ।

**ભાવાર્થ–** ભગવાન વીતરાગ હોવાથી ભગવાનની નૃત્યદર્શનવિધિમાં ઈચ્છા વર્તતી નથી. વળી ગૌતમાદિ સાધુઓને નૃત્ય જોવામાં સ્વાધ્યાયનો ભંગ થાય છે અને તે તેઓને અનિષ્ટ છે. સૂર્યાભદેવની ભક્તિ સંસારનો નાશ કરનારી છે અને અતિશયવાળી છે. તે કારણે નૃત્યપ્રદર્શનમાં ગૌતમાદિની અને સૂયાર્ભના સમુદાયની અપેક્ષાએ તુલ્યઆય-વ્યયને કેવલજ્ઞાનવડે જાણતા વર્ધમાનસ્વામી મૌન રહ્યા.

**व्याख्या–** बाह्यः शासनबहिर्भूतो लुम्पकः द्वंशजानां वीरस्वामि-

वंशोत्पन्नानां साधूनां इमां पूर्वोक्तां स्थितिं मर्यादां न कलयेत् न जानीयात्। न ह्यन्यकुलमर्यादां तद्बहिर्वर्ती जानातीत्युक्तिः ॥१९॥

**ભાવાર્થ–** શાસનની બહાર રહેલો લુંપાક-પ્રતિમાલોપક શ્રી વીરપરમાત્માના વંશમાં ઉત્પન્ન થયેલાની મર્યાદાને(=જુદા જુદા વાક્યપ્રયોગોથી વિધાન કરવાની મર્યાદાને) જાણતો નથી. ખરેખર ! અન્યકુલની મર્યાદાને તેનો બાહ્યવર્તી ન જાણે એવી ઉક્તિ છે. આ પ્રમાણે ઓગણીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૧૯॥

**उपोद्घातवचनकर्णिका–** वाक्क्रमवैचित्र्यमेवोपदर्शयति–

હવે પ્રભુની વાણીના ક્રમની વિચિત્રતાને જ દર્શાવે છે–

**सावद्यं व्यवहारतोऽपि भगवान् साक्षात् किलानादिशन्,**
**बल्यादिप्रतिमार्चनादि गुणकृन्मौनेन संमन्यते ।**
**नत्यादि द्युसदां तदाचरणतः कर्तव्यमाह स्फुटं,**
**योग्येच्छामनुगृह्य वा व्रतमतश्चित्रो विभोर्वाक्क्रमः ॥२०॥**

**શ્લોકાર્થ–** વ્યવહારથી પણ સાવદ્ય એવા બલિ-બાકુળાના દાન અને પ્રતિમાપૂજનાદિને સાક્ષાત્ આદેશ નહિ આપતા એવા ભગવાન મૌનવડે ગુણકારી માને છે. વંદનાદિને પૂર્વના દેવોની આચરણા આશ્રયીને ભગવાન સ્પષ્ટપણે કર્તવ્ય કહે છે. (પ્રવૃત્તિયોગી પ્રત્યે) વ્રતને આશ્રયીને કર્તવ્ય કહે છે. અને (ઈચ્છાયોગી પ્રત્યે) યોગ્ય ઈચ્છાને સ્વીકારીને કર્તવ્ય કહે છે, આથી ભગવાનની વાણીનો ક્રમ ચિત્રવિચિત્ર છે...॥૨૦॥

## પ્રભુવાણીનો વિચિત્રક્રમ

**व्याख्या–** भगवान् वर्धमानस्वामी किल यत् बल्यादि प्रतिमार्चनादि च व्यवहारतोऽपि स्थूलव्यवहारेणापि सावद्यं सावद्यत्वव्यपदेशविषयस्थं साक्षात् कण्ठरवेण अनादिशन् सन् । मौनेन गुणकृत् संमन्यते मौनाक्षिप्तविधिना तत्र प्रवर्त्तयतीत्यर्थः । अप्रमादसारो हि भगवदुपदेशोऽपुनर्बन्धकादौ स्वस्वौचित्येन विशेषे विश्राम्यतीति तदीयवागतिशयविजृम्भितमिति ।

**ભાવાર્થ–** જે બલિ આદિ અને પ્રતિમાપૂજનાદિ સ્થૂલવ્યવહારથી પણ

સાવદ્ય છે અર્થાત્ સાવદ્યત્વના વ્યપદેશનો(=વ્યવહારનો) વિષય છે. તેને સાક્ષાત્ કંઠથી નહિ કહેતા ભગવાન મૌન વડે કરીને ગુણકારી માને છે. અર્થાત્ મૌનથી આક્ષિપ્તવિધિવડે ત્યાં પ્રવર્તાવે છે.(=પ્રવૃત્તિ કરાવે) છે. ખરેખર પરમાત્માના ઉપદેશનો સાર અપ્રમાદદશા છે. તે અપુનર્બંધકાદિ જીવવિશેષમાં પોતપોતાની યોગ્યતા મુજબ પરિણામ પામે છે. તે પરમાત્માની અતિશયવાળી વાણીનો વિલાસ છે અર્થાત્ પ્રભાવ છે.

**વિશેષાર્થ–** સૂક્ષ્મવ્યવહારથી કે નિશ્ચયથી તો પ્રતિમાઅર્ચનાદિ કે બલિ આદિ સાવદ્ય નથી, પરંતુ સ્થૂલ વ્યવહારથી ત્યાં સાવદ્યપણાનો વ્યપદેશ થાય છે, તેથી તેવા સ્થાને મૌન વડે કરીને ભગવાન સંમતિ આપે છે, એ પ્રકારનો સંપ્રદાયક્રમ છે.

અહીં વિશેષ એ છે કે પ્રતિમા અર્ચનાદિ કે બલિ આદિ સૂક્ષ્મ વ્યવહારથી કે નિશ્ચયથી સાવદ્ય નથી, કેમ કે સૂક્ષ્મ વ્યવહારની દૃષ્ટિએ તે ભગવાનની ભક્તિસ્વરૂપ હોવાથી સાવદ્ય ન કહી શકાય, પરંતુ ભોગાદિ ક્રિયાઓ જ સાવદ્ય કહી શકાય. અને નિશ્ચયનયની દૃષ્ટિએ જે ક્રિયાનું ફળ સંયમની પ્રાપ્તિરૂપ નિરવદ્યભાવ પ્રાપ્ત થતું હોય તે ક્રિયાને સાવદ્ય ન કહી શકાય. જ્યારે સ્થૂલવ્યવહારનય પ્રતિમાઅર્ચનાદિમાં પુષ્પાદિના આરંભની ક્રિયાને જોઈને તેને સાવદ્યરૂપે સ્વીકારે છે, ત્યાં ભગવાન મૌનથી જ સંમતિ આપે છે. અને ભગવાન જે કાંઈ ઉપદેશ આપે છે તે સર્વ ઉપદેશમાં અપ્રમાદભાવ પ્રધાન છે, અને ભગવાનનો વચનાતિશય એવો છે કે યોગ્ય જીવને શંકાની નિવૃત્તિ કરાવીને તેને સમ્યક્પ્રવૃત્તિ કરાવે છે, અને ભગવાનના ઉપદેશ માટે અપુનર્બંધકાદિ યોગ્ય છે, તેથી ભગવાનના ઉપદેશને સાંભળીને અપુનર્બંધકાદિને ભગવાનના વચનાતિશયને કારણે પોતપોતાની ભૂમિકાને ઉચિત કયા પ્રકારનો અપ્રમાદભાવ કરવો તેનો બોધ થઈ જાય છે. તેથી પોતાની ભૂમિકામાં પ્રતિમા-અર્ચનાદિ ક્રિયા અપ્રમાદરૂપ હોય તો ભગવાનના મૌનથી તેમના વચનાતિશયને કારણે પ્રશ્ન કરનારને અવશ્ય તેવો ક્ષયોપશમ થાય છે કે જેથી તે ક્રિયામાં એ પ્રવૃત્તિશીલ બને.

**વિશેષાર્થ–** ભગવાનનો વચનાતિશય એવો છે કે, યોગ્ય જીવોને

અપ્રમાદસાર જ પોતાની ભૂમિકાને ઉચિત બોધ કરાવે છે. એથી કરીને જ 'सव्वे पाणा...' ઈત્યાદિ ભગવાનના ઉપદેશથી જેઓ સંયમમાં દઢ યત્ન કરી શકે તેવી યોગ્યતાવાળા છે, તેઓ ચારિત્રને સ્વીકારે છે, અને જેઓ એવા સત્ત્વવાળા નથી, તેઓને પણ તે સૂત્રથી તો સર્વથા અહિંસામાં યત્ન કરવારૂપ બોધ થવા છતાં, પોતાને માટે દેશવિરતિમાં યત્ન ઉચિત છે એ પ્રકારનો નિર્ણય કરીને તેઓ દેશવિરતિમાં પ્રવર્તે છે. જ્યારે કેટલાક જીવો તે ઉપદેશથી સર્વ જીવોને નહિ હણવાથી રુચિમાત્રને કરીને સમ્યક્ત્વમાં અપ્રમાદભાવ કેળવે છે, કેમ કે, વિરતિને અનુકૂળ પોતાનું સત્ત્વ નહિ હોવાથી સમ્યક્ત્વમાં જ દઢ પ્રયત્નવાળા બને છે. જ્યારે અપુનર્બંધકાદિ કેટલાક જીવો મદ્યમાંસાદિની સ્થૂલવિરતિને કરે છે. અને તે સર્વ અપ્રમાદવિધિવિશેષીભૂત સ્વ-સ્વઉચિત વિધિનું અનુમાન, તે સૂત્રના ઉપદેશને સાંભળ્યા પછી પોતાની માનસિક સ્થિતિ કે શારીરિક સ્થિતિને જોઈને કરે છે, કે ભગવાનના આ ઉપદેશથી મારે સર્વવિરતિમાં કે દેશવિરતિમાં કે સમ્યક્ત્વમાં કે મદ્યમાંસાદિના ત્યાગમાં યત્ન કરવો ઉચિત છે, અને તે અનુમાન પોતાના સંયોગ અનુસારે તેઓ કરે છે, અને ત્યાં પ્રવર્તે છે. જ્યારે શાસ્ત્રના સૂક્ષ્મ બોધવાળા શ્રાવકો કે પારિણામિકી બુદ્ધિવાળા મહાપ્રજ્ઞાધન જીવો, પ્રતિભાને કારણે પોતાને શેમાં યત્ન કરવો ઉચિત છે તેનું પ્રતિસંધાન કરી લે છે, અર્થાત્ નિર્ણય કરી લે છે. અને તે નિર્ણય કરીને તે તે અર્થમાં અપ્રમાદને આગળ કરે છે અને પ્રવર્તે છે. (પંડિતવર્ય પ્રવીણચંદ્ર ખીમજી મોતા કૃત અનુવાદમાંથી સાભાર સમુદ્ધૃત)

પૂર્વે ભગવાનનો વચનક્રમ બતાવ્યો કે સ્થૂલવ્યવહારથી પણ જ્યાં સાવદ્યપણાનો ઉલ્લેખ હોય ત્યાં ભગવાન મૌનથી જ સંમતિ જણાવે છે. હવે બીજો વચનક્રમ બતાવતા કહે છે કે–

**व्याख्या–** भगवान् द्युसदां देवानां नृत्यादि वन्दनादि तदाचरण-स्तदाचरणमाश्रित्य स्फुटं कर्तव्यमाह । अत एवाह सूर्याभो ''देवानुप्रियं वंदे'' इत्याद्युक्तौ ''पोराणमेयं'' इत्याद्युक्तं भगवता । अयं च नाट्यकरणादिपर्युपासनाया अप्युपदेशः, अन्यथा ''जावपज्जुवासामि'' इत्यस्योत्तराभावेन न्यूनतापत्तेः ।

**ભાવાર્થ–** આ પ્રમાણે ભગવાન દેવતાઓના વંદનાદિને દેવોના

આચરણને આશ્રયીને પ્રગટપણે કર્તવ્ય કહે છે. આથી કરીને જ "હું સૂર્યાભ, દેવાનુપ્રિયને વંદન કરું છું." ઈત્યાદિ વચનમાં ભગવાને કહ્યું કે "આ પુરાણું કર્મ છે." અર્થાત્ પૂર્વના દેવોએ પૂર્વના તીર્થંકરો પ્રત્યે આચર્યું છે. આ નાટ્યકરણાદિરૂપ ઉપાસનાનો પણ ઉપદેશ છે. જો તેમ ન હોય તો "[1]जावपज्जुवासामि" એ પ્રમાણેના ઉત્તરનો અભાવ હોવાથી ન્યૂનતાની પ્રાપ્તિ થાય છે. "पोराणमेयं" ઈત્યાદિરૂપ ભગવાનનું જે વચન છે તે નાટ્યકરણાદિરૂપ ઉપાસનાનો પણ ઉપદેશ આપે છે. ત્યાં પ્રશ્ન થાય કે ભગવાને "पोराणमेयं" થી માંડીને સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે ત્યાં સુધી જ જણાવેલું છે. પરંતુ દેવો પર્યુપાસના કરે છે ત્યાં સુધીનો જવાબ આપ્યો નથી. તેથી નાટ્યકરણમાં ભગવાનની સંમતિ છે એમ માની શકાય નહિ, પરંતુ ભગવાનની નામગોત્રના શ્રવણ સુધી જ સંમતિ છે અને પર્યુપાસનામાં અસંમતિ છે એમ સ્થૂલદૃષ્ટિથી વિચારણા જણાય છે. તેથી કહે છે–

**व्याख्या**– न च नामगोत्रश्रावणविधिः स्वतन्त्र एव, तस्य सुखदुःखाहान्य-न्यतरत्वाभावेन फलविधित्वाभावान्नपि साधनविधिः पर्युपासनाया एव साधनत्वात्, तत्समकक्षतया नामगोत्रश्रावणस्य साधनत्वासिद्धेः, किंतु चिकीर्षितसाधना-नुकूलप्रतिज्ञाविधिविशेषतया तस्योपयोगः । शेषेण च विशेषिण आक्षेपः सुकर एवेति व्युत्पन्नानां न कश्चिदत्र व्यामोह इति ।

**ભાવાર્થ**– न च.... साधनत्वात्, નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર જ નથી, તેમાં હેતુ કહે છે- નામગોત્રશ્રાવણનું સુખહાનિ અથવા દુઃખહાનિ-અન્ય-તરત્વનો અભાવ હોવાથી ફળવિધિત્વનો અભાવ છે. નામગોત્રશ્રાવણવિધિ સાધનવિધિ પણ નથી. તેમાં હેતુ કહે છે- પર્યુપાસનાનું જ સાધનપણું છે.

**ઉત્થાન**– અહીં પ્રશ્ન થાય કે, પર્યુપાસનાની જેમ નામગોત્રશ્રાવણવિધિને

૧. "जावपज्जुवासामि"= દેવો નૃત્યાદિ કરીને ભગવાનની પર્યુપાસના કરવા ઈચ્છતા હોય છે. તેથી પર્યુપાસના કરું છું એમ પણ કહે છે ત્યારે ભગવાનનો "આ પુરાણો આચાર છે." ઈત્યાદિ ઉત્તર માત્ર વંદન-નમસ્કાર સંબંધી નથી હોતો પણ પર્યુપાસના અંગે પણ હોય છે. નહિતર સૂર્યાભના "પજ્જુવાસામિ" પર્યુપાસના કરું છું. એવા કથનનો ભગવાન તરફથી ઉત્તર ન મળવાથી ન્યૂનતા દોષ આવી જાય.

પણ પર્યુપાસનાની સમકક્ષ સ્વીકારીને સાધનવિધિ કહીએ તો શું વાંધો છે ? તેથી કહે છે–

**ભાવાર્થ–** तत्समकक्षतया... असिद्धेः, તેના સમકક્ષપણાથી=પર્યુપાસનાના સમકક્ષપણાથી નામગોત્રશ્રાવણના સાધનપણાની અસિદ્ધિ છે.

**ઉત્થાન–** ઉપરમાં એમ સ્થાપન કર્યું કે, નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર નથી, તેમ જ સાધનવિધિ પણ નથી, તો શું છે ? એમ પ્રશ્ન થાય. તેથી 'किन्तु' થી કહે છે..

**ભાવાર્થ–** किन्तु..... व्यामोहः। પરંતુ ચિકીર્ષિત એવી સાધનાનુકૂલ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે કરીને તેનો=નામગોત્રશ્રાવણવિધિનો ઉપયોગ છે, અને શેષ વડે શેષીનો આક્ષેપ સુકર જ છે એથી કરીને, અહીંયા=રાજપ્રશ્નીયના કથનમાં ભગવાને 'पोराणमेयं' યાવત્ પર્યુપાસના સુધી ઉત્તર ન આપ્યો, પરંતુ સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે ત્યાં સુધી અધૂરો ઉત્તર આપ્યો, તેમાં વ્યુત્પન્નોને કોઈ વ્યામોહ નથી.

**સારાંશ–** • નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર જ નથી, નામગોત્રશ્રાવણવિધિ સાધનવિધિ પણ નથી, પરંતુ ચિકીર્ષિત સાધનાને અનુકૂળ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે નામગોત્રશ્રાવણવિધિ ઉપયોગી છે.

- નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર નથી, તેમાં હેતુ 'तस्य... फलविधित्वाभावात्' છે.
- નામગોત્રશ્રાવણવિધિ શું છે ? તેથી કહે છે- ચિકીર્ષિત સાધનને અનુકૂળ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે નામગોત્રશ્રાવણવિધિનો ઉપયોગ છે.

**વિશેષાર્થ–** વિધિવચનો ફળને બતાવનારાં અને સાધનને બતાવનારા હોય છે, અને જે વચનો ધર્મકૃત્યના ફળને બતાવનારાં છે, તેને ફળવિધિ કહેવામાં આવે છે, અને ફળની પ્રાપ્તિમાં સાધનભૂત એવી ક્રિયાને બતાવનારાં જે વચનો છે, તેને સાધનવિધિ કહેવામાં આવે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ફળવિધિને કહેનારાં વચનો તે હોય કે જેનાથી ધર્મના ફળરૂપે સુખો બતાવવામાં આવ્યાં હોય, કે દુઃખનો અભાવ બતાવવામાં આવ્યો હોય. જેમ કહેવામાં આવે કે સંયમના પાલનથી મોક્ષની પ્રાપ્તિરૂપ કે

સ્વર્ગની પ્રાપ્તિરૂપ સુખો મળે છે, અથવા તો દુર્ગતિની પરંપરા અટકે છે, તે વચનો ફળવિધિરૂપે છે. અને સંસારમાં સુખની પ્રાપ્તિના ઉપાયો કે મોક્ષની પ્રાપ્તિના ઉપાયરૂપે ભગવદ્ભક્તિ આદિને કહેનારાં વચનો તે સાધનવિધિરૂપ છે. અને ફળવિધિ હંમેશાં સ્વતંત્ર હોય છે અને સાધનવિધિ ફળવિધિને પરતંત્ર હોય છે. કેમ કે ફળની ઈચ્છાથી જ સાધનવિધિ પ્રવર્તક હોય છે. તેથી ફળને પરતંત્ર સાધનવિધિ પ્રવર્તક બને છે, જ્યારે ફળવિધિ કોઈ અન્ય વિધિને પરતંત્ર રહ્યા વગર સ્વતંત્ર જ પ્રવર્તક હોય છે. આ વાતને સામે રાખીને કહે છે--

નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર નથી, કેમ કે નામગોત્રશ્રાવણવિધિનું સુખ-દુઃખહાનિ અન્યતરત્વરૂપે અભાવ હોવાને કારણે ફળવિધિપણું નથી. અને સાધનવિધિ પણ નથી, કેમ કે પર્યુપાસનાનું જ સાધનપણું છે અને નામગોત્રને કહેવાં એ કાંઇ ભગવાનની પર્યુપાસનારૂપ નથી. અહીં પ્રશ્ન થાય કે, પર્યુપાસના સમકક્ષ નામગોત્રશ્રાવણવિધિને સ્વીકારીને તેને સાધનવિધિ કહી શકાશે. તેથી કહે છે- નામગોત્રશ્રાવણને પર્યુપાસનાની સમકક્ષ કહીને સાધનવિધિ કહી શકાય નહિ, કેમ કે ભગવાનને પોતાનાં નામગોત્ર કહેવાં તે પર્યુપાસનાની સમાન નથી. તો પ્રશ્ન થાય કે નામગોત્રશ્રાવણવિધિ શું છે ? તેથી કહે છે કે, ચિકીર્ષિત સાધનાનુકૂળ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે કરીને તેનો ઉપયોગ છે. અર્થાત્ સૂર્યાભદેવે ભગવાનની ભક્તિ કરવારૂપ જે સાધનાની ઈચ્છા કરેલ તેને અનુકૂળ એવી ભગવાન પાસે પ્રતિજ્ઞા કરી, કે હું સૂર્યાભદેવ ભગવાનને વંદન કરું છું, નમસ્કાર કરું છું, યાવત્ પર્યુપાસના કરું છું, તે પ્રતિજ્ઞાવિધિ છે, અને તેના શેષપણા વડે કરીને=અંગપણાવડે કરીને નામગોત્રના શ્રાવણનો ઉપયોગ છે. કેમ કે સૂર્યાભદેવે જે આ પ્રકારની પ્રતિજ્ઞા કરી, તેના એક અંગરૂપે પોતાનું નામગોત્ર સંભળાવેલ છે, અને તે જ નામગોત્રશ્રાવણવિધિ છે, અને તે નામગોત્રશ્રાવણવિધિ પ્રતિજ્ઞાવિધિના એક અંગરૂપ છે, તેથી પ્રતિજ્ઞાવિધિના અંગરૂપે જ તેનો ઉપયોગ છે.

ઉપરના કથનથી એ સ્થાપન થયું કે, સૂર્યાભદેવ ભગવાનને જે પોતાનાં નામગોત્ર સંભળાવે છે, તે સ્વતંત્ર વિધિ નથી, સાધનવિધિ પણ

નથી, પરંતુ પ્રતિજ્ઞાવિધિના અંગરૂપ જ છે. તેનાથી જે ફલિત થાય છે તે 'शेषेण' થી બતાવે છે, અને શેષ દ્વારા શેષિનો આક્ષેપ સુકર છે, તે આ રીતે– પ્રતિજ્ઞાવિધિનો શેષ નામગોત્રશ્રાવણવિધિ છે, અને વંદન કરું છું, નમસ્કાર કરું છું, યાવત્ પર્યુપાસના કરું છું તે શેષિ છે. કેમ કે હું નૃત્ય બતાવીને હે ભગવંત ! આપની પર્યુપાસના કરું છું, એવી પ્રતિજ્ઞા સૂર્યાભદેવે કરેલ છે, તેનું અંગ નામગોત્રશ્રાવણવિધિ છે. તેથી ભગવાને નામગોત્રશ્રાવણવિધિમાં અનુજ્ઞા આપી, તેનાથી પર્યુપાસનામાં ભગવાનની અનુજ્ઞા છે, એ પ્રકારનો આક્ષેપ થઈ શકે જ છે. તેથી જે વ્યક્તિ વ્યુત્પન્ન હોય તે ભગવાનના નામગોત્રશ્રાવણની અનુજ્ઞાથી નક્કી કરી શકે છે કે, સૂર્યાભને નૃત્યકરણમાં પણ ભગવાનની અનુજ્ઞા મળી ગયેલ છે, અને આથી જ ભગવાને સૂર્યાભને ઉત્તર આપ્યો એ કથનમાં=पोराणमेयं.... ત્યાંથી કરીને ભવનપતિ આદિ ચારે નિકાયના દેવો 'साइं साइं नामगोत्ताइं साहिंति' સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે તેમ કહ્યું તેમાં, નામગોત્ર સંભળાવવારૂપ શેષની અનુજ્ઞા દ્વારા પર્યુપાસના કરું છું એ રૂપ શેષિનો આક્ષેપ સુકર છે. એથી કરીને (इति-હેતુ અર્થમાં છે) જે શાસ્ત્ર વચનોમાં વ્યુત્પન્ન છે તેઓને અહીંયા એટલે ભગવાનના આ ઉત્તરરૂપ વચનમાં કોઈ વ્યામોહ નથી. અર્થાત્ વ્યુત્પન્ન જાણી શકે છે કે ભગવાને નામગોત્ર સંભળાવે છે ત્યાં સુધી ઉત્તર આપ્યો, પણ પૂરો ઉત્તર નથી આપ્યો છતાં ભગવાનની સંમતિ પૂરા ઉત્તરમાં જ છે, પરંતુ માત્ર નામગોત્રશ્રાવણ સુધીના વક્તવ્યમાં જ નથી. (પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર મોતા કૃત અનુવાદમાંથી સાભાર સમુદ્ધૃત)

પ્રથમસ્થૂલવ્યવહારદ્વારા સાવદ્યમાં મૌનથી પરમાત્માની સંમતિરૂપ વચનક્રમ જણાવ્યો. ત્યાર પછી દેવોને વંદનાદિરૂપ સ્પષ્ટ કર્તવ્ય જણાવવારૂપ બીજો વચનક્રમ બતાવ્યો. હવે પ્રવૃત્તિયોગી અને ઈચ્છાયોગી પ્રત્યે ભગવાનનો વચન ક્રમ શું છે, તે જણાવતાં કહે છે–

**व्याख्या**– भगवान् प्रवृत्तियोगिनं प्रति व्रतं चारित्रं स्फुटं प्रकटमाह- ''**एवं देवाणुप्पिया गंतव्वं**'' इत्यादिनेति । भगवान् इच्छायोगिनं प्रति च योग्ये-

च्छामनुगृह्य वा व्रतमाह अहासुहं देवाणुप्पिया मा पडिबंधं करेह'' इतीच्छानुलोमभाषयाहेत्यर्थः । वाकारो व्यवस्थायां ।

**ભાવાર્થ–** આ પ્રમાણે પરમાત્મા “હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે જવું જોઈએ.” ઇત્યાદિ દ્વારા પ્રવૃત્તિયોગી(=સાધુ) પ્રત્યે પ્રગટપણે ચારિત્રને કહે છે. અને ઈચ્છાયોગી(=સંયમ લેવાની ભાવાનાવાળા મુમુક્ષુ) પ્રત્યે યોગ્ય એવી ઈચ્છાને અનુગ્રહ કરીને કહે છે કે, “હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો. પ્રતિબંધ(=વિલંબ) ન કરો.” એ પ્રકારે ઈચ્છાને અનુકૂળ ભાષાવડે કરીને કહે છે એ પ્રકારે અર્થ જાણવો. “वा” શબ્દનો પ્રયોગ વ્યવસ્થા અર્થમાં છે. તે ચાર પ્રકારની વચનપદ્ધતિની વ્યવસ્થા બતાવી.

**વિશેષાર્થ–** ચારિત્રમાં પ્રવૃત્તિ કરનારા એવા યોગીઓ જ્યારે વિહારાદિવિષયક ભગવાનને પૃચ્છા કરે કે ગુરુને પૃચ્છા કરે, ત્યારે ભગવાન કે ગુરુ કહે છે કે, “હે દેવાનુપ્રિયે ! આ પ્રકારે જવું જોઈએ.” એમ કહીને ગમનવિષયક સ્પષ્ટ ચારિત્રની વિધિને કહે છે. જેથી તેઓના પ્રત્યે શિષ્યને અહોભાવનો અતિશય થવાથી સમ્યગ્દર્શનની નિર્મળતા થાય છે, અને તે જ પ્રકારે તે ક્રિયા કરવાનું પ્રણિધાન થવાથી ક્રિયાકાળમાં ચારિત્રને અનુકૂળ એવી ઉત્તમ પરિણતિ અતિશય અતિશયતર થાય છે, જે ચારિત્રની વિશુદ્ધિનું કારણ બને છે. અને કોઈ વ્યક્તિને સંયમને ગ્રહણ કરવાની ઈચ્છા હોય કે વિશિષ્ટ પ્રકારની આરાધના કરવાની ઈચ્છા હોય, પરંતુ તત્કાળ પ્રવૃત્તિ માટે સમર્થ ન હોય તેવા ઈચ્છાયોગીને તેમની યોગ્ય ઈચ્છાને અનુસરીને ભગવાન કહે છે કે, “જે પ્રમાણે તમને સુખ ઉપજે તેમ કરો.” અર્થાત્ જે પ્રવૃત્તિ કરવાની તમારી ઈચ્છા છે તે પ્રમાણે તમે કરો. પરંતુ હે દેવાનુપ્રિયે ! આમાં વિલંબ કરશો નહિ. એ વચનથી પોતાની ઈચ્છાને જલદી સફળ કરવી જોઈએ. એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે, તેવો નિર્ણય કરીને તે ઈચ્છાયોગી તે આજ્ઞાને સફળ કરવા માટે શક્ય પ્રયત્નો કરવા ઉત્સાહિત થાય છે.

**व्याख्या–** एवं विभोर्भगवतो वाक्क्रमौ वचनरचनानुक्रमः चित्रो नानाप्रकारो भवति । मौनमपि विनीतमभिज्ञं पुरुषं प्रतीच्छानुलोमाभिव्यञ्जकमेवेति

तत्तात्पर्यप्रतिसन्धानेनैव प्रेक्षावत् प्रवृत्तिः सुघटा । अत एव भगवता मौने स्वव्यवहारानुरोधेन कृतेऽपि पारिणामिक्या बुद्ध्या स्वकृतिसाध्येष्ट साधनत्वाद्यनुसन्धाय नाट्यकरणमारब्धे सूर्याभेनेत्यादि राजप्रश्नीयवृतितोऽपि ज्ञेयमिति ॥२०॥

**ભાવાર્થ–** આ પ્રકારે ભગવાનની વચનરચનાનો અનુક્રમ વિવિધપ્રકારે છે. અને મૌન પણ વિનયી અને જાણકાર પુરુષ પ્રતિ ઈચ્છાનુલોમ (=ઈચ્છાનુકૂલ પ્રવૃત્તિને) જણાવનારું છે. એ રીતે તેના તાત્પર્યના (=ભગવાનના મૌન રહેવાના તાત્પર્યના) પ્રતિસંધાનથી જ પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ સારી રીતે ઘટે છે. આથી કરીને જ સ્વવ્યવહારના અનુરોધથી ભગવાન વડે મૌન કરાયે છતે પણ પારિણામિકી બુદ્ધિથી સૂર્યાભદેવવડે સ્વકૃતિ સાધ્યેષ્ટ=પોતાના કૃત્યથી (નૃત્ય)થી સાધ્ય ઈષ્ટ(=પુન્યાનુબંધી પુન્ય) તેનું આ નૃત્ય સાધન છે. એમ અનુસંધાન કરીને નૃત્ય કરવાનો આરંભ કરાયો. ઈત્યાદિ હકીકત રાજપ્રશ્નીયસૂત્રની ટીકાથી પણ જાણવી. આ પ્રમાણે વીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૨૦॥

**उपोद्घातवचनकर्णिका–** एकाधिकारिकतुल्यायव्ययत्वादेव भक्तिकर्मणि विभोर्मौनमुचितमिति लुम्पकस्य मतं निषेधति–

એક જ અધિકારીમાં લાભ-હાનિ સરખા હોવાથી ભક્તિકર્મમાં પ્રભુનું મૌન ઉચિત છે એવા લુંપાકના મતનો નિષેધ કરે છે–

[પૂર્વે ગૌતમસ્વામી અને ગૌતમસ્વામી આદિ મુનિઓ એમ બે અધિકારીઓમાં લાભ-હાનિની તુલ્યતા બતાવી. જ્યારે લુંપાક કહે છે કે એક સૂર્યાભદેવને આશ્રયીને લાભ-હાનિની તુલ્યતા છે. કેમ કે નૃત્યાદિરૂપ ભક્તિમાં હિંસા થાય તે વ્યય છે. અને પ્રભુભક્તિનો ભાવ તે આય છે. તેથી જ ત્યાં ભગવાનનું મૌન ઉચિત છે. તેથી ભક્તિકર્મ સાધુઓને અનુમોદનીય ન બની શકે, તેથી તે ભક્તિ ધર્મરૂપ નથી. લુંપાકના આવા આશયનું ગ્રંથકાર નિરાકરણ કરે છે–]

**दानादाविव भक्तिकर्मणि विभुर्दोषान्निषेधे विधौ,**
**मौनी स्यादिति गीर्मृषैव कुधियां दुष्टे निषेधस्थितेः ।**

**अन्यत्रप्रतिबन्धतोऽनभिमतत्यागानुपस्थापनात्,**
**प्रज्ञाप्ये विनयान्विते विफलताद्वेषोदयासंभवात् ॥२१॥**

**શ્લોકાર્થ–** જેમ શ્રાવકોની દાનાદિ કરણીમાં વિધિ (હા) નિષેધ (ના) કહેવામાં દોષ લાગે છે તેવી રીતે ભક્તિકર્મમાં પણ વિધિ-નિષેધ કરવામાં દોષ લાગે છે, એવું વિચારી પ્રભુ મૌન રહ્યા. આવી કુમતિઓની વાણી ખોટી છે. કારણ કે (अनभिमतत्यागानुपस्थापनाद् अन्यत्र=અનભિમતનો ત્યાગ બતાવવાની પોતાની શક્તિના અભાવ સિવાય(=અનિષ્ટનો પ્રતિકાર કરવાની શક્તિના અભાવ સિવાય) (दुष्टे निषेधस्थितेः प्रतिबन्धतः)=દોષયુક્ત કાર્યનો નિષેધ કરવાની વ્યવસ્થા(નિયમ) છે. કારણ કે તેવી વ્યાપ્તિ છે. विनयान्विते प्रज्ञाप्ये विफलताद्वेषोदयासंभवात् = આ નિષેધ વ્યાપ્તિ પણ સમજાવી શકાય તેવા વિનયી શિષ્ય અંગે સમજવી. કારણ કે વિનીત પુરુષને કરેલો નિષેધ સફળ થાય છે અને દ્વેષ થતો નથી...૨૧

## ભક્તિમાં પ્રભુનું મૌન, લુંપાકનો મિથ્યા પ્રલાપ. તેનો કરેલો નિષેધ.

**व्याख्या–** दानशीलादिषु श्राद्धस्थानेषु दीयमाने दानादाविव भक्तिकर्मणि नाट्यजिनार्चादौ विभुः श्रीवीरजिनः निषेधे विधौ च दोषात् उभयतः पाशरज्जुस्थानीयात् मौनी स्यात् । तथाहि दानादिनिषेधेऽन्तरायभयं तद्विधाने च प्राणिवधानुमतिरिति ॥ तत्र साधूनां मौनमेव युक्तं ।

**ભાવાર્થ–** દાન-શીલાદિ વિષયક શ્રાદ્ધસ્થાનોમાં અપાતા દાનાદિની જેમ નૃત્ય-જિનપૂજનાદિ ભક્તિકર્મમાં વિધાન કરવું કે નિષેધ કરવો એ બંને પક્ષમાં દોરડીના પાશ સમાન દોષ ઉત્પન્ન થાય છે. તે કારણથી શ્રી વીરપ્રભુ મૌન રહ્યા. જો દાનાદિ પ્રવૃત્તિનો નિષેધ કરવામાં આવે તો દાનમાં યાચકોની આજીવિકામાં અંતરાય પડવાનો ભય ઉત્પન્ન થાય છે. અને દાન દેવાની વિધિમાં જીવહિંસાની અનુમતિ આવી જાય. તે કારણથી તેવા સ્થળે સાધુઓએ મૌન કરવું તે જ યોગ્ય છે.

**व्याख्या–** जे अ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं ।
जे अ णं पडिसेहंति वित्तिच्छेयं करेंति ते ॥१॥

दुहतो वि ते ण भासंति अत्थि वा णत्थि वा पुणो।
आयंरहस्स हिच्चाणं निव्वाणं पाउणंति ते ॥२॥ इति सूत्रकृद्वचनात् ।

**ભાવાર્થ–** જે દાનની પ્રશંસા કરે છે તે જીવોના વધને ઈચ્છે છે અને દાનનો જે નિષેધ કરે છે તે જીવોની આજીવિકાનો વિચ્છેદ કરે છે. તેથી તેઓ અર્થાત્ સાધુઓ હા અને ના બંને પ્રકારે બોલતા નથી. તેઓ કર્મબંધને અટકાવીને નિર્વાણ પામે છે. એ પ્રમાણે સૂયડાંગસૂત્રનું વચન છે.

**વિશેષાર્થ–** ઉપરોક્ત વાતને જો વિચાર્યા વિના સ્વીકારી લેવામાં આવે તો સુપાત્ર વિગેરેને ઘણું દાન કરવું. અને કુપાત્ર વગેરેને તે ન કરવું એવો જે શાસ્ત્રકારોનો ઉપદેશ છે તે વિચ્છેદ થઈ જશે. તે ઉપદેશ આ પ્રમાણે છે–

धर्मस्यादिपदं दानं दारिद्र्यनाशनम् ।
जनप्रियकरं दानं दानं सर्वार्थसाधनम् ॥१॥
बीजं यथोत्तरे क्षिप्तं न फलाय प्रकल्प्यते ।
तथाऽपात्रेषु यद्दानं निष्फलं तद्विदुर्बुधाः ॥२॥

માટે સૂયડાંગસૂત્રના વિષયભૂત દાન કોઈક જુદા પ્રકારનું હોવું જોઈએ. તેનો જવાબ આપતા જણાવે છે કે આગમમાં વિહિત અને નિષિદ્ધને ઉદ્દેશીને પ્રશંસા અને નિષેધ કરવામાં લેશમાત્ર દોષ નથી.

**व्याख्या–** तथा भक्तिकर्मणि अपि निषेधे भक्तिव्याघातभयं विधौ च बहुप्राणिव्यापत्तिभयमिति मौनमेवोचितमिति भावः । इतीयं गीः कुधियां कुबुद्धीनां मृषैवास्ति । कुतः ? दुष्टे दोषवति निषेधस्थितेः निषेधव्यवस्थानात्।

**ભાવાર્થ–** તે પ્રમાણે(=જે પ્રમાણે દાનમાં વિધિ નિષેધ બંનેમાં દોષ છે તે પ્રમાણે) ભક્તિકર્મમાં પણ વિધિ-નિષેધ બંનેમાં દોષ છે. નિષેધ કરવામાં ભક્તિમાં અંતરાય પડવાનો ભય પેદા થાય છે. તથા વિધિમાં ઘણા જીવોના સંહારનો ભય ઉત્પન્ન થાય છે. એ કારણથી મૌન રહેવું જ ઉચિત છે. આ પ્રમાણે કુમતિઓની વાણી મિથ્યા જ છે. શા કારણથી? દોષવાળા એવા કૃત્યમાં નિષેધ કરવાની વ્યવસ્થા છે. અર્થાત્ દોષયુક્ત કાર્યનો નિષેધ કરવો એવી વ્યવસ્થા છે.

**व्याख्या**– एतदपि कुतः ? प्रतिबन्धत इति हेतोः । पुनः अन्यत्र अनभिमतत्यागानुपस्थापनात् मौनी (न) स्यादिति हेतोः पुनः प्रज्ञाप्ये विनयान्विते पुरुषे विफलताद्वेषोदयासंभवात् मौनी न स्यादिति हेतोः इत्यन्वयलेशः। विस्तरार्थमाह- प्रतिबन्धतः प्रतिबन्धः व्याप्तिस्तस्मात् । प्रतिबन्धाकारश्चायं यत्र येन दोषवज्ज्ञायते तत्तत्र तेन निषेध्यमिति निषेधार्थः ।

**ગાથાર્થ–** આ પણ શાથી ? પ્રતિબંધ(=વ્યાપ્તિ) હોવાથી અનભિમતનો ત્યાગ બતાવવાની પોતાની શક્તિના અભાવ સિવાય અન્યત્ર મૌન ન રાખે. અર્થાત્ અનિષ્ટનો પ્રતીકાર કરવાની શક્તિનો અભાવ હોય તો મૌન રાખે. પણ જો અનિષ્ટનો પ્રતિકાર કરવાની શક્તિ હોય તો મૌન ન રાખે.

તથા પ્રજ્ઞાપ્ય(=સમજાવી શકાય તેવા) અને વિનયથી યુક્ત પુરુષમાં મૌન ન રાખે, અર્થાત્ તેને અનિષ્ટનો ત્યાગ બતાવે=અનિષ્ટનો નિષેધ કરે. કારણ કે વિનીતપુરુષને કરેલો નિષેધ સફળ થાય છે, અને તેને દ્વેષ થતો નથી.

આ પ્રમાણે સંક્ષેપમાં અન્વય છે. હવે વિસ્તારથી અર્થને કહે છે– પ્રતિબંધ હોવાથી, પ્રતિબંધ એટલે વ્યાપ્તિ. વ્યાપ્તિ હોવાથી અર્થાત્ દોષયુક્ત કાર્યનો નિષેધ કરવાની વ્યવસ્થાની સાથે વ્યાપ્તિ હોવાથી મૌન ન રહે.

વ્યાપ્તિનું સ્વરૂપ આ પ્રમાણે છે. જે કૃત્ય જે વ્યક્તિમાં જેના વડે દોષવાળું જણાય, તે કૃત્ય તે વ્યક્તિમાં તેના વડે નિષેધ કરવા યોગ્ય છે. આ પ્રમાણે નિષેધનો(=ક્યાં નિષેધ કરવો અને ક્યાં નિષેધ ન કરવો તેનો) અર્થ છે.

પૂર્વોક્ત વ્યાપ્તિમાં વ્યભિચાર બતાવી હેતુના ત્યાગને બતાવતા કહે છે–

**व्याख्या**– अथ दुष्टमशुद्धाहारदानं तच्च व्याख्यानशक्त्यभावेऽनुकूल-प्रत्यनीकेन निषिध्यते इति व्यभिचारः ।

**ભાવાર્થ– પૂર્વપક્ષ–** [1]અનુકૂળ પ્રત્યનીક=(વિરોધી) અશુદ્ધ આહાર

૧. પ્રત્યનીક(=વિરોધીઓ) અનુકૂળ અને પ્રતિકૂળ એમ બે પ્રકારના હોય. તેમાં પ્રતિકૂળ પ્રત્યનીક સાધુને આહાર વગેરેનું દાન ન કરે અને પ્રતિકૂળ વચનો બોલે, જ્યારે અનુકૂળ પ્રત્યનીક સાધુને અશુદ્ધ આહારનું દાન કરે, આથી અહીં પ્રત્યનીકનું અનુકૂળ એવું વિશેષણ છે.

વહોરાવે ત્યારે તે અશુદ્ધ આહારનો વ્યાખ્યાનશક્તિનો અભાવ હોય(=આ આહાર અશુદ્ધ છે એમ સિદ્ધ કરવાની શક્તિ ન હોય) તો નિષેધ ન કરે. એવું બને. અહીં તમારી વ્યાપ્તિ(=જે જે કૃત્ય દોષવાળું હોય તે તે કૃત્યનો નિષેધ કરવો જોઈએ એવી વ્યાપ્તિ) ટકતી નથી.

**व्याख्या**– तत्राह- अन्यत्र [१]विनाऽनभिमतो यस्त्यागस्तस्यानुपस्थापनं उपस्थापनानुकुलशक्त्यभावस्तस्मात् ।

**ભાવાર્થ– ઉત્તરપક્ષ**– અમારી વ્યાપ્તિ જ્યાં અનિષ્ટના ત્યાગને બતાવવાની શક્તિ ન હોય અને એથી દોષયુક્તનો નિષેધ ન હોય તેવા સ્થાનોમાં લાગુ પડતી નથી, તે સિવાયના સ્થાનોમાં જ લાગુ પડે છે.

પૂર્વે જે કહ્યું તે જ વાત આચારાંગસૂત્રના આઠમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં કહેલ છે તે જણાવતાં કહે છે–

**व्याख्या**– तदुक्तमाचारे सप्तमस्य द्वितीये ''फासे पुट्ठो धीरो अहियासे'' इत्याद्यालापके ''अदुवा वयगुत्तीए गोयरस्स'' इत्यादि । तर्कयित्वा पुरुषं कोऽयं पुरुष इत्यनन्यसदृशमाचक्षीत । सामर्थ्यविकलेन तु वाग्गुप्तिविधेयेत्याह- अदुवा इत्यर्थः । तथा च यद्दुष्टं तच्छक्तिसत्त्वे निषिध्यत इति नियमो लभ्यते । तेनैकान्तदुष्टस्य निर्बलेन वादिनाऽनिषेधेऽपि वाग्गुप्तिसमाध्यप्रतिरोधान्न दोषः ।

ભાવાર્થ– પૂછાયેલા ધીર તે સાધુ સ્પર્શોને(=પૂર્વ સૂત્રમાં કહેવાયેલા દુઃખદાયક અનુભવોને) સમભાવથી સહન કરે. અથવા આ પુરુષ ભદ્રિક છે કે દુષ્ટ છે ઈત્યાદિ વિચારીને પોતાના (अनन्यसदृशम्=) અન્યદર્શનમાં ન હોય તેવા અસાધારણ આચારોને કહે. (જો તેવી શક્તિ ન હોય તો) અથવા એ વિષયમાં વાગ્ગુપ્તિ(=મૌન) ધારણ કરે.

આચારાંગસૂત્રનું કથન છે તે રીતે આ સિદ્ધાંત ઉપસ્થિત થયો કે જે દુષ્ટ હોય તેનો જો શક્તિ હોય તો નિષેધ કરવો. પ્રતિપક્ષી અત્યંત દુષ્ટ હોય તો નિર્બલ એવો સિદ્ધાંતવાદી નિષેધ ન કરે=મૌન ધારણ કરીને રહે તો પણ દોષ નથી. કારણ કે વાગ્ગુપ્તિદ્વારા સમાધિનો નાશ થતો નથી. તેથી કોઈ જ દોષ નથી.

૧. અનભિમત એવા દાનનો જે ત્યાગ ગ્રહણ કર્યો છે, તેમ અનભિમત એકાંતવાદીનો પણ ત્યાગ ગ્રહણ કરવાનો છે.

ઉપરની વાતમાં જ આચારાંગસૂત્રની સાક્ષી આપતા કહે છે–

**व्याख्या**– तदुक्तं तत्रैव– ''अदु वा वायाउं विउंजंति, तं जहा अत्थि लोए णत्थि लोए'' इत्याद्यालापकः, व्याख्या- अस्ति नास्ति ध्रुवाध्रुवाद्येकान्त-वादीनां वादायोत्थितानां त्रयाणां त्रिषष्ट्यधिकानां प्रावादुकशतानां वादलब्धिमता विचक्षणेन प्रतिज्ञाहेतुदृष्टान्तोपन्यासेन तत्पराजयमापादयता सम्यगुत्तरं देयं । अथवा गुप्तिर्वाग्गोचरा विधेया इत्येतदहं ब्रवीमीति फलितार्थः ।

**भावार्थ**– આચારાંગસૂત્રમાં જ કહેલા આ આલાવાની વ્યાખ્યા આ પ્રમાણે છે– વાદ માટે તૈયાર થયેલા, અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય વગેરે વિષયમાં એકાંતવાદની પ્રરૂપણા કરનારા ત્રણસો ત્રેંસઠ (૩૬૩ પાખંડી) વાદીઓને વાદલબ્ધિવાળા વિદ્વાન સાધુએ પ્રતિજ્ઞા-હેતુ-દૃષ્ટાંતના ઉપન્યાસથી તેમનો પરાજય થાય તે રીતે સમ્યગ્ ઉત્તર આપવો, અથવા (તેવી લબ્ધિ ન હોય તો) વાગ્ગુપ્તિ રાખવી. આ પ્રમાણે હું કહું છું. (સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે કે આ પ્રમાણે હું કહું છું.) આ પ્રમાણે ફલિતાર્થ છે.

**व्याख्या**– तथा प्रज्ञाप्ये प्रज्ञापनीये विनयान्विते पुरुषे इत्यपि विशेषणीयं। कुतो निषेधस्य च विफलतायाश्च श्रोतुर्द्वेषोदयस्य चासंभवात् तेन जमालिना पृथग्विहारकर्तव्यतां पृष्टो भगवाँस्तद्दुष्टतां जानानोऽपि यन्न निषिद्धवान्, किंतु मौनमास्थितवान् तत्र न दोषः ।

**भावार्थ**– તથા પૂર્વોક્ત વ્યાપ્તિમાં (જે જે દુષ્ટકૃત્ય હોય તેનો તેનો નિષેધ કરવો એ વ્યાપ્તિમાં) "પ્રજ્ઞાપનીય અને વિનયયુક્ત પુરુષમાં" એ પ્રમાણે બે વિશેષણો જોડવા. કારણ કે તેવા પુરુષમાં નિષેધ નિષ્ફળ જતો નથી. અને તેવા પુરુષને કહેનાર ઉપર દ્વેષ થતો નથી. તેથી જમાલિએ જુદો વિહાર કરવા માટે શ્રીવીરપ્રભુને પૂછ્યું, તે સમયે પ્રભુ અલગ વિહારની દુષ્ટતાને જાણતા હોવા છતાં પણ નિષેધ ન કર્યો, પરંતુ મૌનનું આલંબન કરી રહ્યા. ત્યાં પ્રભુને કાંઈ દોષ લાગતો નથી.

**व्याख्या**– अविनीते हि सत्यवचः प्रयोगोऽपि फलितोऽसत्यः, एतदाह- ''अविणीयमाणवं तो किलेस्सई भासई मुसं चेव । घंटालोहं नाउं कोकडकरणे पवत्तिज्ज त्ति ॥१॥'' इति । तत्प्रज्ञाप्ये विनीते सूर्याभे नाट्यकर्तव्यतां पृष्टवति

भगवतो मौनमनुमतिमेव व्यञ्जयतीति स्थितम् ॥२१॥

**ભાવાર્થ–** તે આ જ વાતનું સૂચન કરે છે કે– ઉદ્ધત અને જક્કીને હિતકારી સાચું વચન કહેવું એ પણ પથ્થર પર પાણી સમાન કે સાપને દૂધ પાવા જેવું હોવાથી પરિણામે તો અસત્યરૂપ જ ઠરે છે. આ વિષયને જણાવતાં શ્રી વિંશતિવિંશતિકા પ્રકરણમાં કહે છે કે, "અવિનીતને આજ્ઞા કરનાર વ્યર્થ ક્લેશ પામે છે અને મૃષા ભાષણ કરે છે. ઘંટાલોહ=(બરડ લોખંડ) જાણીને કઈ વ્યક્તિ કટકરણ(=કાર્ય વિશેષ=સિક્કા કરવા)માં પ્રવૃત્ત થાય." તે કારણથી જ પ્રજ્ઞાપ્ય અને વિનીત એવા સૂર્યાભદેવે નાટકની કર્તવ્યતા પૂછતાં પ્રભુએ જે મૌન ધારણ કર્યું, તે મૌન પ્રભુની સંમતિને જ સૂચવે છે. આ પ્રમાણે એકવીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૨૧॥

**उपोद्घातवचनकर्णिका–** अनिषेधानुमतिमेव सदृष्टांतमुपपादयति–

અનિષેધની અનુમતિને જ અર્થાત્ "જેનો નિષેધ કર્યો નથી તેની સંમતિ જ છે." એ વાતને દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે–

**ज्ञातैः शल्यविषादिभिर्नु भरतादीनां निषिद्धा यथा,**
**कामा नो जिनसद्मकारणविधिर्व्यक्तं निषिद्धस्तथा ।**
**तीर्थेशानुमते परानुमतेर्द्रव्यस्तवे किं ततो,**
**नेष्टा चेज्ज्वरिणां ततः किमु सिता माधूर्यमुन्मुञ्चति ॥२२॥**

**શ્લોકાર્થ–** શલ્ય, વિષ વગેરેના દૃષ્ટાંતો આપી જેમ ભરતાદિકની ઈચ્છાઓનો(=વિષયોનો) નિષેધ કરેલો છે, તેમ શ્રી જિનાલય કરાવવાની વિધિનો સ્પષ્ટપણે નિષેધ કર્યો નથી. જેથી તીર્થંકરોએ સંમતિ આપેલા દ્રવ્યસ્તવમાં બીજા દ્વેષીજીવો અનુમોદના ન કરે તેથી શું ? અર્થાત્ કાંઈ નહીં. તે જ વાતને દૃષ્ટાંતદ્વારા જણાવતા કહે છે કે જો તાવવાળાને સાકર ઈષ્ટ ન હોય તેથી શું તે મધુરતા છોડી દે છે ? અર્થાત્ છોડતી નથી... ॥૨૨॥

**ભરતાદિની કામવાસનાનો નિષેધ.**

**જિનાલય કરવાનું વિધાન.**

**દૃષ્ટાંતપૂર્વક સમાધાન.**

**व्याख्या–** ''ज्ञातैरिति'' 'नु' इति निश्चये शल्यविषादिभिः ज्ञातैः दृष्टान्तैः यथा भरतादीनां कामा निषिद्धाः तथा जिनसद्मकारणविधिर्व्यक्तं न निषिद्धः । श्रूयते च स आगमे– ''थूभसयं भाउगाणं चउवीसं च जिणघरे कासी'' इत्यादिना ।

**ભાવાર્થ–** શલ્ય, વિષાદિના દૃષ્ટાંતો આપી ભરત વગેરેની કામના(=વિષયો) નિષિદ્ધ કરેલી છે, તેમ જિનાલય કરાવવાનો નિષેધ કર્યો નથી. વળી આગમમાં પણ સંભળાય છે. "**थुभसयं भायगाणं चउवीसं च जिणहरे कासी**" (આ.નિ.ભા.૪૫) ભરતે સો ભાઈઓના સ્તૂપ અને ચોવીશ જિનોના ચોવીશ જિનાલય કરાવ્યા.

**व्याख्या–** यदि च स दुष्टः स्यात्तदा कामादिवदेव निषिध्येत, न च तथा निषिद्ध इत्यनुमते इत्येवानुमीयते । तथा ''ओसरणे बलिमाई भरहाईण न निवारियं तेण । जह तेसिं चिय कामा सल्लविसाईहिं णाएहिं ति ॥१॥

(पंचाशके ६-५-३६) (पंचवस्तु-१२१७-१८)

**ભાવાર્થ–** અને જો તે જિનાલય બનાવવા દુષ્ટ હોત તો ભગવાને કામાદિની જેમ જ (તેનો) નિષેધ કર્યો હોત. તે પ્રમાણે નિષેધ કરાયો નથી એથી કરીને અનુમત(=અનુમાન્ય) જ છે. એ પ્રકારે અનુમાન કરાય છે.

આ દ્રવ્યસ્તવ અપ્રતિષેધના(=નિષેધનો અભાવના) કારણે તંત્રયુક્તિથી "न निषिद्धं अनुमतं" એ તંત્રયુક્તિથી(=આગમયુક્તિથી) અનુમત જ છે. 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. "तथा" સમુચ્ચય અર્થમાં છે.

ओसरण.... णाएहिं । ભગવાન વડે સમવસરણમાં ભરતાદિનાં બલિ આદિ નિવાર્યા નથી. જે પ્રમાણે તેઓનાં જ શલ્યવિષાદિના દૃષ્ટાંતથી કામ (વિષયો) નિવાર્યા છે.

**व्याख्या–** एवं च तीर्थेशानुमते तीर्थकरैरनुज्ञाते द्रव्यस्तवे परानुमते-द्विर्हषोऽननुमोदनात् किं स्यात् ? न किञ्चिदित्यर्थः । इदमेव प्रतिवस्तूपमया द्रढयति- चेत् यदि ज्वरिणां सिता शर्करा न इष्टा नाभिमता तत्किं माधुर्यं स्वभावसिद्धं मधुरतागुणं उन्मुञ्चति ? नैवोन्मुचति, तद्वद्भगवदनुमतस्य द्रव्यस्त-वस्यान्यद्वेषमात्रान्नासुन्दरत्वमिति गर्भार्थः ॥२२॥

**ભાવાર્થ–** આ પ્રમાણે તીર્થંકરવડે અનુજ્ઞા આપેલા દ્રવ્યસ્તવની પ્રતિમાલોપક-લુંપાક અનુમોદના ન કરે તેથી શું થાય ? અર્થાત્ કાંઈ નહિ, એ પ્રમાણે અર્થ છે.

આ જ વાતને સમાનવસ્તુની ઉપમાદ્વારા દૃઢ કરે છે. જો તાવવાળાજીવને શર્કરા ઈષ્ટ નથી, તો શું તે સ્વભાવસિદ્ધ મધુરતાને છોડી દે છે ? અર્થાત્ નથી જ છોડી દેતી. તેની જેમ ભગવાન વડે અનુમત(=સંમત) દ્રવ્યસ્તવનો અન્યજીવ દ્વેષ કરે તેટલામાત્રથી શું તે દ્રવ્યસ્તવની સુંદરતા નષ્ટ થઈ જાય ? કદી નહીં. એ પ્રમાણે તાત્પર્યાર્થ છે. આ પ્રમાણે બાવીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૨૨॥

**उपोद्घातवचनकर्णिका–** चत्यनुमोद्यत्वमेव द्रव्यस्तवस्य सूत्रनीत्या स्थापयन् परमाक्षिपति–

દ્રવ્યસ્તવની મુનિઓ અનુમોદના કરી શકે એ વિષયની જ સૂત્રનીતિથી સ્થાપના કરતાં ગ્રંથકાર લુંપાકને(=પ્રતિમાલોપકને) આક્ષેપ કરે છે–

**साधूनां वचनं च चैत्यनमनश्लाघार्चनोद्देशतः,**
**कायोत्सर्गविधायकं ह्यनुमतिं द्रव्यस्तवस्याह यत् ।**
**तत्किं लुम्पक ? लुम्पतस्तव भयं दुःखौघहालाहल-**
**ज्वालाजालमये भवाहिवदने पातेन नोत्पद्यते ॥२३॥**

શ્લોકાર્થ– ચૈત્યનમન, શ્લાઘા(=પ્રશંસા) અને પૂજાના ઉદ્દેશથી કાયોત્સર્ગવિધાયક જે વચન તે નિશ્ચિત દ્રવ્યસ્તવની અનુમતિ જણાવે છે. તે વચનનો લોપ કરતાં હે લુંપાક !(=પ્રતિમાલોપક) દુઃખના સમૂહથી વ્યાપ્ત હાલાહલની(=વિષની) જ્વાલાના જાલ(=સમુદાય)રૂપ સંસારરૂપી સર્પના મુખમાં પડવાનો ભય શું ઉત્પન્ન થતો નથી ? ..૨૩

## સાધુને દ્રવ્યસ્તવ અનુમોદનીય.
## સિદ્ધાંતદ્વારા સ્થાપન.

**व्याख्या–** च पुनः । हि निश्चितं । साधूनां परमार्थतश्चारित्रवतां यद्वचनं कर्तृपदं द्रव्यस्तवस्य अनुमतिं अनुमोदनं आह । कीदृशं वचनं ? कायो-त्सर्गविधायकं कायोत्सर्गकरणप्रतिज्ञाप्रतिपादकं । केन ? चैत्यनमनश्ला-

घार्चनोद्देशतः चैत्यवन्दनाद्युद्देशेन हे लुम्पक ! तद्वचनं लुम्पतस्तव भवाहिवदने संसारभुजगवक्त्रक्रोडे पातेन कृत्वा, भयं कर्तृपदं न उत्पद्यते, अयुक्तमेतत्तवेति व्यङ्ग्यं । भवाहिवदने किंभूते ? दुःखौघ एव हालाहलं तस्य यज्ज्वालाजालं विभावव्याप्तिरूपं तन्मये ।

**ભાવાર્થ–** પરમાર્થથી ચારિત્રધારીઓને ચૈત્યનમન, પ્રશંસા, પૂજાના ઉદ્દેશથી કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરાવનારું જે વચન છે તે દ્રવ્યસ્તવની અનુમોદનાને કહે છે. તે વચન લોપતાં હે લુંપાક ! તને સંસારરૂપ સર્પના મુખમાં પડવાથી શું ભય લાગતો નથી ? આ કથનથી "તારી આ ચેષ્ટા અયુક્ત છે." એવો વ્યંગ્યાર્થ જણાય છે. વળી તે ભવરૂપી સર્પનું મુખ કેવા પ્રકારનું છે ? દુઃખના સમુહરૂપ જ હાલાહલ(=ઝેર), તેનું જે જ્વાલાજાલ=અગ્નિની વ્યાપ્તિરૂપ, તત્સ્વરૂપ મુખ છે.

**व्याख्या–** सूत्रं चेदं स्पष्टमेव- ''अरिहंतचेइआणं'' इत्यादि, अस्यार्थः– अर्हतां भावार्हतां चैत्यानि चित्तसमाधिजनकानि प्रतिमालक्षणानि अर्हच्चैत्यानि तेषां वन्दनादिप्रत्ययं कायोत्सर्गं करोमीति सम्बन्धः । कायोत्सर्गः स्थानमौनध्यानं विना क्रियान्तरत्यागः तं करोमि ।

**ભાવાર્થ–** "अरिहंत चेइआणं इत्यादि" સૂત્ર સ્પષ્ટ જ છે. આ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે– 'अरिहंत-चेइआणं' પદમાં અરિહંત અને ચૈત્ય એમ બે શબ્દો છે. અરિહંત એટલે ભાવઅરિહંતો. ચૈત્ય એટલે ચિત્તસમાધિને ઉત્પન્ન કરનાર મૂર્તિઓ. આમ અરિહંત ચેઈયાણં એટલે ભાવઅરિહંતોની મૂર્તિઓ, તેઓને વંદનાદિ નિમિત્તે કાયોત્સર્ગ કરું છું. એ પ્રમાણે સંબંધ છે. કાયોત્સર્ગ એટલે સ્થાન-મૌન-ધ્યાન આ ત્રણ સિવાયની અન્યક્રિયાઓનો ત્યાગ. તેને(=કાયોત્સર્ગને) કરું છું.

**व्याख्या–** किं निमित्तमित्याह- ''वंदणवत्तिआए'' इत्यादि, वन्दनं प्रशस्तमनोवाक्कायप्रवृत्तिस्तत्प्रत्ययं तन्निमित्तं, यादृग्वन्दनात् पुण्यं स्यात्तादृक्कायोत्सर्गादपि मे भवत्वित्यर्थः । ''वत्तिआए'' त्ति आर्षत्वात् सिद्धं । ''पूअणवत्तियाए'' पूजनं गन्धमालादिनाऽभ्यर्चनं तत्प्रत्ययमित्यादि ।।२३।।

**ભાવાર્થ–** કાયોત્સર્ગ શા માટે કરું છું ? "वंदणवत्तियाए" વંદન નિમિત્તે

કાઉસ્સગ્ગ કરું છું. તેનું જ તાત્પર્ય જણાવે છે-વંદન એટલે પ્રશસ્તમન-વચન કાયાની પ્રવૃત્તિ, તેના નિમિત્તે કાઉસ્સગ્ગ કરું છું. જેવું પુણ્ય વંદનથી થાય, તેવા પ્રકારનું પુણ્ય કાયોત્સર્ગથી મને થાઓ એ પ્રમાણે અર્થ છે. "वत्तिआए" આ રૂપ આર્ષપ્રાકૃતરૂપ હોવાથી નિમિત્ત અર્થમાં સિદ્ધ છે. "पुअणवत्तियाए" પૂજન એટલે ગંધમાલ્યાદિ વડે અર્ચન જાણવું. તે પૂજનથી જે ફળની પ્રાપ્તિ થાય તે ફળ કાયોત્સર્ગથી પ્રાપ્ત થાઓ ઈત્યાદિ. આ પ્રમાણે ૨૩મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.. ॥૨૩॥

**उपोद्घातवचनकर्णिका**— अथ द्रव्यस्तवस्य भक्तिहिंसोभयमिश्रत्वादेकानुमोदनेन कथं नान्यानुमोदनमित्याशङ्कां निरस्यन् कविः स्वस्य प्रेक्षावत्तामाह—

દ્રવ્યસ્તવમાં પ્રભુભક્તિ અને હિંસા બંને રહેલા છે. અર્થાત્ તેમાં બંનેનું મિશ્રપણું છે. આથી જો પ્રભુભક્તિની અનુમોદના કરવામાં આવે તો બીજાની(=હિંસાની) અનુમોદના કેમ ન થાય ? આવા પ્રકારની પ્રતિમા-લોપકની આશંકાનું ખંડન કરતાં કવિ પોતાની વિદ્વત્તાને જણાવે છે—

**किं हिंसानुमतिर्न संयमवतां द्रव्यस्तवश्लाघये-**
**त्येतल्लुम्पकलुब्धकस्य वचनं मुग्धे मृगे वागुरा ।**
**ह्यद्याधाय सरागसंयम इव त्यक्ताश्रवांशाः स्थिता,**
**भावाङ्गांशमदूषणा इति पुनस्तच्छेदशस्त्रं वचः ॥२४॥**

**શ્લોકાર્થ**— સંયમીઓને દ્રવ્યસ્તવની પ્રશંસાથી શું હિંસાની અનુમતિ લાગતી નથી ? એ પ્રકારનું લુંપાકરૂપી શિકારીનું વચન મુગ્ધપુરુષરૂપી મૃગલાઓ માટે જાળસમાન છે. ભાવરૂપઅંશને હૃદયમાં રાખીને અને આશ્રવરૂપ અંશને છોડીને જેમ સરાગસંયમ અનુમોદનીય છે તેમ દ્રવ્યસ્તવ પણ અનુમોદનીય છે. તેમ દ્રવ્યસ્તવમાં ભાવાંશને હૃદયમાં રાખીને અને આશ્રવાંશને છોડીને દ્રવ્યસ્તવની અનુમોદના કરનારા અમે નિર્દોષ છીએ. આ વચન એ જાળને છેદનારું શસ્ત્ર છે...૨૪

**દ્રવ્યસ્તવમાં ભક્તિ અને હિંસાની મિશ્રતા.**
**લુંપાકની તે બાબતમાં આશંકા.**
**તેનું વિદ્વત્તાપૂર્ણ સમાધાન.**

**व्याख्या**– संयमवतां चारित्रिणां द्रव्यस्तवश्लाघया द्रव्यार्चानुमोदनया किं हिंसानुमतिर्न भवति ? अपि तु भवत्येव पश्यन्तु दयारसिका इति भावः। इत्येतत् वचनं लुम्पकलुब्धकस्य लुम्पाकमृगयोः वागुराः बन्धपाशः वर्तते। कस्मिन् ? मुग्धे आपततः श्रुतबाह्यधर्माचारे मृगे इति व्यस्तरूपकं मुग्धपदमनभिज्ञश्रोतर्यर्थान्तरसङ्क्रमितवाच्यमिति । य एतद्वचनं श्रुतवान् स मृतवानेवेति व्यङ्ग्यं ।

**ભાવાર્થ**– હે દયારસિકો ! તમે જુઓ ! ચારિત્રીને દ્રવ્યસ્તવની અનુમોદનાથી શું હિંસાની અનુમતિ નહિ થાય ? અર્થાત્ થાય જ છે. લુંપાકરૂપી શિકારીનું આ વચન બંધપાશ સમાન છે. કોના વિશે બંધપાશ સમાન છે ? મુગ્ધરૂપમૃગના વિશે બંધપાશ સમાન છે. મુગ્ધ એટલે આપાતથી(ઉપલકદૃષ્ટિથી) શ્રુતથી બાહ્ય એવા ધર્મના આચારવાળા. અહીં મુગ્ધોને મૃગરૂપે બતાવેલ છે. તે વ્યસ્તરૂપક અલંકાર છે, અર્થાત્ સમસ્તરૂપે અલંકાર નથી, કિંતુ વ્યસ્ત(પૃથક્)રૂપે અલંકાર છે.

અહીં "મુગ્ધ" પદનો અનભિજ્ઞ શ્રોતા એવો અર્થ છે. કારણ કે અહીં 'મુગ્ધ' પદ અર્થાંતર સંક્રમિત વાચ્યવાળું છે. જેણે આ પ્રતિમાલોપકના વચનો સાંભળ્યા છે તે મરેલા જ છે. અર્થાત્ મરેલા સમાન છે. એ પ્રમાણે વ્યંગ્યાર્થ છે.

**व्याख्या**– इति पुनः अस्मत्संप्रदायकानां वचो वर्तते । किंभूतं वचः ? तच्छेदशस्त्रं तस्य पाशस्य च्छेदे शस्त्रतुल्यं । इतीति किं ? तथा वयमदूषणाः दोषरहिताः स्थिताः स्मः । किं कृत्वा ? इह प्रकान्ते द्रव्यस्तवे द्रव्यभावोभयात्मके भाव एवाङ्गभूतो योंऽशस्तं हृदि चित्ते आधाय स्थापयित्वा। कथंभूता वयं ? सरागसंयमे चारित्रे इव, त्यक्तः उपेक्षित आश्रवांश आश्रवभागो यैस्ते । अयं भावः- सरागसंयमेऽनुमोद्यमाने यथा रागो नानुमोद्यताकुक्षौ प्रविशति तथा द्रव्यस्तवेऽनुमोद्यमाने हिंसांशोऽपि न प्रविशति, संयमत्वेनानुमोद्यत्वे रागांशो नोपतिष्ठत एवेति द्रव्यस्तवेनानुमोद्यत्वे सुतरां हिंसानुपस्थितिरिति ॥२४॥

**ભાવાર્થ**– વળી તે લુંપાકના બંધનને છેદવામાં અમારા સામ્પ્રદાયિકોનું વચન શસ્ત્રતુલ્ય છે. મૂળ શ્લોકમાં એ પ્રકારનું બતાવવા "इति" શબ્દનો પ્રયોગ છે. અહીં ચાલુ અધિકારમાં(દ્રવ્યસ્તવમાં) દ્રવ્ય અને ભાવ ઉભયરૂપ

દ્રવ્યસ્તવમાં જે ભાવ જ અંગભૂત(=પ્રધાન) અંશ છે તેને હૃદયમાં સ્થાપન કરીને, સરાગસંયમની જેમ ઉપેક્ષા કરાયેલી છે આશ્રવાંશની જેઓ-વડે એવા અને દોષરહિત એવા અમે રહેલા છીએ. આ પ્રકારનું અમારું સાંપ્રદાયિકોનું વચન તેમના પાશના છેદમાટે શસ્ત્રરૂપ છે.

પૂર્વે જણાવ્યું કે દ્રવ્યસ્તવની અનુમોદના કરવામાં અમે દોષરહિત છીએ. તેનો જે ભાવ ઉપસ્થિત થાય છે તેની સ્પષ્ટતા કરતા કહે છે.

અનુમોદના કરાતા એવા સરાગસંયમમાં જે પ્રમાણે અનુમોદનાની કુક્ષિમાં રાગ પ્રવેશ પામતો નથી, તેમ અનુમોદના કરાતા દ્રવ્યસ્તવમાં હિંસા અંશ પણ અનુમોદનાની કુક્ષિમાં પ્રવેશ પામતો નથી. તે જ સ્પષ્ટ જણાવતાં કહે છે કે- સંયમપણાવડે અનુમોદ્યપણું હોવાથી રાગાંશ ઉપસ્થિત થતો નથી જ. એવી જ રીતે દ્રવ્યસ્તવપણાથી અનુમોદનીયપણું હોવાથી સુતરાં હિંસાની ઉપસ્થિતિ થતી નથી. આ પ્રમાણે ચોવીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો... ॥૨૪॥

**उपोद्घातवचनकर्णिका**— अनुपदेश्यत्वादननुमोद्यत्वं द्रव्यस्तवस्येत्यत्राह—

સાધુઓને દ્રવ્યસ્તવ ઉપદેશ કરવા યોગ્ય નથી. તેથી અનુમોદવા યોગ્ય નથી. આ વિષે સત્ય હકીકત જણાવતાં અહીં કહે છે—

**मिश्रस्यानुपदेश्यता यदि तदा श्राद्धस्य धर्मस्तथा,**
**सर्वः स्यात्सदृशी नु दोषघटना सौत्रक्रमोल्लङ्घनात् ।**
**तत्सम्यग्विधिभक्तिपूर्वमुचितद्रव्यस्तवस्थापने,**
**विघ्नो नापरमत्र लुम्पकमुखम्लानिं विना दूषणम् ॥२५॥**

**શ્લોકાર્થ**— જો મિશ્રધર્મ(=મિશ્ર એવો દ્રવ્યસ્તવ) સાધુથી ઉપદેશ આપવા યોગ્ય ન હોય તો શ્રાદ્ધનો સર્વધર્મ પણ અનુપદેશનીય થશે. (કેમકે શ્રાવકના બધા ધર્મ મિશ્ર છે.) સૂત્રના ક્રમનું ઉલ્લંઘન કરવાથી થતી દોષઘટના બંને સ્થાને ખરેખર સરખી છે. તે કારણથી વિધિ-ભક્તિ છે પૂર્વમાં જેના એવા આ ઉચિત દ્રવ્યસ્તવના સમ્યગ્ સ્થાપનમાં લુંપાકની મુખમ્લાનિ સિવાય=મુખ કરમાવા સિવાય, બીજું કોઈ દૂષણ અમે જોતા નથી...॥૨૫॥

## દ્રવ્યસ્તવ અનુપદેશનીય તેથી ન અનુમોદનીય, એવી કુમતિની વાણીનું હેતુપૂર્વક સમાધાન.

**व्याख्या–** ''मिश्रस्ये'' ति - यदि मिश्रस्येति हेतुगर्भं विशेषणं मिश्रत्वादिति यावत् इति । यदि अनुपदेश्यता, साधूनामुपदेशाविषयता द्रव्यस्तवस्य त्वया प्रतिज्ञायते, तदा श्राद्धस्य धर्मः, सर्वस्तथाऽनुपदेश्यः स्यात् । नु इति निश्चये। तस्य मिश्रतायाः कण्ठरवेण सूत्रकृतेऽभिधानात् ।

**ભાવાર્થ–** મૂળ શ્લોકમાં **मिश्रस्य** પદ છે તે હેતુગર્ભ વિશેષણ છે. તેથી તેનો અર્થ **मिश्रत्वात्** એ પ્રમાણે જાણવો. '**मिश्रत्वाद्**' એ પદના આધારે આ અર્થ થાય– દ્રવ્યસ્તવ (હિંસા અને ભક્તિ એ બંનેથી) મિશ્ર હોવાના કારણે ઉપદેશ કરવા યોગ્ય નથી. જો દ્રવ્યસ્તવ (હિંસા અને ભક્તિ એ બંનેથી) મિશ્ર હોવાના કારણે સાધુઓને ઉપદેશ કરવા યોગ્ય નથી, એવી તારાથી પ્રતિજ્ઞા કરાય તો શ્રાવકનો સઘળો ય ધર્મ સાધુઓને ઉપદેશ કરવા યોગ્ય ન રહે. કેમકે દેશવિરતિની મિશ્રતાનું સૂત્રકૃતાંગમાં સાક્ષાત્ શબ્દથી અભિધાન છે.

**व्याख्या–** तदिदमाह- सौत्रस्य सूत्रसिद्धस्य क्रमस्योल्लङ्घनात् उल्लंङ्घनमाश्रित्य, नुरिति निश्चये दोषघटना दोषसङ्गतिः सदृशी तुल्या, क्रमप्राप्ते उपदेशे तु न कोऽपि दोष इति । अव्युत्पन्नं प्रति क्रमविरुद्धोपदेशे सुकररुचेरुत्कटत्वेनाप्रतिषेधानुमतिप्रसङ्गदोषावहः । सम्यग्दृष्टिं प्रति तु यथा-योग्यापदेशेऽपि न दोषः इति तु व्यवहारादिग्रन्थार्णवसंप्लवव्यसनिनां प्रसिद्धः पप्रन्थाः ।

**ભાવાર્થ–** તે આ કહે છે- સૂત્રસિદ્ધ ક્રમના ઉલ્લંઘનથી નક્કી(=નિશ્ચિત) દોષઘટના=દોષસંગતિ તુલ્ય છે. પરંતુ ક્રમથી પ્રાપ્ત ઉપદેશમાં કોઈ દોષ નથી. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે- અહીં લુંપાકો આ પ્રમાણે કહે છે- પહેલા સાધુધર્મનો ઉપદેશ આપવો. સાધુધર્મનો ઉપદેશ આપ્યા પછી જો શ્રોતા સાધુધર્મ સ્વીકારવા માટે અસમર્થ હોય તો શ્રાવકધર્મનો ઉપદેશ આપવો. આમ પહેલાં સાધુધર્મનો અને પછી શ્રાવકધર્મનો ઉપદેશ આપવો એવો ક્રમ શાસ્ત્રમાં સિદ્ધ છે.

આથી જે ઉપદેશક શ્રોતાને સાધુધર્મનો ઉપદેશ આપ્યા વિના જ શ્રાવકધર્મનો ઉપદેશ આપે તો સૂત્રસિદ્ધક્રમનું ઉલ્લંઘન થાય, અને તેનાથી શ્રોતા દેશવિરતિધર્મનો સ્વીકાર કરે તો પણ ઉપદેશકને દેશવિરતિમાં રહેલા અવિરતિરૂપ અંશની અનુમતિરૂપ દોષ પ્રાપ્ત થાય. જો ક્રમથી ઉપદેશ આપે તો એ દોષની પ્રાપ્તિ ન થાય.

આના સમાધાનમાં ગ્રંથકાર કહે છે કે– દ્રવ્યસ્તવમાં પણ તે જ પ્રમાણે તુલ્ય દોષસંગતિ છે. જો ઉપદેશક ભાવસ્તવનો ઉપદેશ આપ્યા વિના દ્રવ્યસ્તવનો ઉપદેશ આપે તો સૂત્રસિદ્ધક્રમનું ઉલ્લંઘન કરવાના કારણે તેને દ્રવ્યસ્તવમાં રહેલ હિંસારૂપ અન્ય અંશની અનુમતિરૂપ દોષ પ્રાપ્ત થાય. પણ જો ઉપદેશક ભાવસ્તવનો ઉપદેશ આપ્યા પછી ભાવસ્તવ માટે અસમર્થને દ્રવ્યસ્તવનો ઉપદેશ આપે તો કોઈ દોષ નથી.

અવ્યુત્પન્નજનને=(શાસ્ત્રના તાત્પર્યને નહિ જાણનારાને) આશ્રયીને ક્રમવિરુદ્ધ ઉપદેશમાં સુકરરુચિનું ઉત્કટપણું હોવાથી અનિષેધની અનુમતિનો પ્રસંગ દોષાવહ છે. પરંતુ સમ્યગ્દષ્ટિજીવને તો ક્રમવિના પણ યથાયોગ્ય ઉપદેશ કરવામાં દોષ નથી. એ પ્રમાણે વ્યવહારાદિ ગ્રંથોરૂપ સમુદ્રમાં ડૂબકી મારવાના સ્વભાવવાળા જીવોનો પ્રસિદ્ધ માર્ગ છે.

**व्याख्या–** तत् तस्मात् कारणात्, सम्यगवैपरीत्येन, विधिभक्ति-पूर्वमुचितस्य द्रव्यस्तवस्य स्थापने उपदेशे, जाताप्रतिभाख्यनिग्रहस्थानस्य लुम्पकस्य मुखम्लानिं विनाऽपरं दूषणं वयं न विद्मः न जानीमः । विनोक्तिलङ्कारः ॥२५॥

**ભાવાર્થ–** તે કારણથી અર્થાત્ દ્રવ્યસ્તવસાધુને અનુમોદનીય છે. તેથી સમ્યગ્રીતિએ વિધિભક્તિપૂર્વક ઉચિત દ્રવ્યસ્તવના ઉપદેશમાં "અપ્રતિભા" નામના નિગ્રહ(=પરાજય) પરાભવસ્થાનને પામેલા લુંપાકની મુખમ્લાનિ સિવાય બીજું દૂષણ અમે જોતા નથી.

આ કાવ્યમાં વિનોક્તિ અલંકાર છે. તે આ રીતે– લુંપાકના મુખની મ્લાનિ સિવાય બીજું દૂષણ અમે જોતાં નથી. એ કથન "વિના" શબ્દથી અલંકારના પ્રયોગરૂપ છે તેથી વિનોક્તિ અલંકાર છે. આ પ્રમાણે પચ્ચીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૨૫॥

**उपोद्घातवचनकर्णिका**– द्रव्यस्तवे हिंसानुमतेर्यावद् विशेषाभावात् सामान्याभाव इत्यनुशास्ति–

દ્રવ્યસ્તવમાં હિંસાનુમતિના વિશેષભેદોનો અભાવ હોવાથી સામાન્યનો પણ અભાવ હોય છે. એ પ્રકારે અનુશાસન કરતાં કહે છે–

**नाशंसानुमतिर्दयापरिणतिस्थैर्यार्थमुद्यच्छतां,**
**संवासानुमतिस्त्वनायतनतो दूरस्थितानां कथम् ।**
**हिंसाया अनिषेधानुमतिरप्याज्ञास्थितानां न यत्,**
**साधूनां निरवद्यमेव तदिदं द्रव्यस्तवश्लाघनम् ॥२६॥**

**શ્લોકાર્થ**– દયાપરિણતિના સ્થૈર્ય માટે ઉદ્યમ કરતા એવા સાધુઓને આશંસાનુમતિ નથી. તો અનાયતનથી(=હિંસાના સ્થાનથી) દૂર રહેલા એવા સાધુઓને સંવાસાનુમતિ કેવી રીતે હોય ? અર્થાત્ ન હોય. આજ્ઞાપાલનમાં રહેલા સાધુઓને હિંસાની અનિષેધરૂપ અનુમતિ પણ નથી. તે કારણથી આ દ્રવ્યસ્તવની પ્રશંસા સાધુને નિરવદ્ય જ છે..॥૨૬॥

## દયાપરિણામી-આજ્ઞાનુસારી સાધુને હિંસામાં અનુમોદના તથા અનુમતિના અભાવ સંબધી વિસ્તૃત વર્ણન.

**व्याख्या**– भगवत्पूजादर्शनाद्बहवो जीवाः सम्यग्दर्शननैर्मल्यमासाद्य चारित्रप्राप्त्या सिद्धसौधमध्यासतामिति भावनया पूजा कर्तव्येति दयापरिणतेः स्थैयार्थमुद्यच्छतां उद्यमं कुर्वाणानां साधूनामाशंसानुमतिर्न भवति, उपदेश-फलेच्छायां हिंसाया अविषयत्वात् ।

**ભાવાર્થ**– ભગવાનની પૂજાના દર્શનથી ઘણા જીવો સમ્યગ્દર્શનની નિર્મળતાને પામીને ચારિત્રની પ્રાપ્તિ દ્વારા સિદ્ધિરૂપી મહેલ ઉપર ચઢે એ પ્રકારની ભાવનાથી પૂજા કરવી જોઈએ. એ પ્રમાણે દયાપરિણતિના સ્થૈર્ય માટે ઉદ્યમ કરતા, અર્થાત્ શ્રોતામાં દયાના પરિણામ સ્થિર બને એ માટે ઉદ્યમ કરતા, એવા સાધુઓને આશંસાનુમતિ નથી. કેમકે ઉપદેશની ફલેચ્છામાં હિંસા વિષય બનતી નથી. અર્થાત્ ઉપદેશનું ફળ શ્રોતાની

દયાપરિણતિની સ્થિરતા કરવાનું છે. તદ્વિષયક સાધુની ઇચ્છા છે. તેમાં હિંસા વિષય બનતી નથી, અર્થાત્ સાધુઓ દ્રવ્યસ્તવના ઉપદેશથી હિંસા થાય તેમ ઇચ્છતા નથી.

**व्याख्या–** तु पुनः संवासानुमतिरपि अनायतनतो हिंसाऽऽयतनाद् दूरस्थितानां साधूनां कथं भवति ? पुष्पाद्यायतनमेवानायतनमिति चेत् ? तर्हि समवसरणस्थितानामनायतनवर्तित्वप्रसङ्गः ।

**ભાવાર્થ–** વળી સંવાસાનુમતિ પણ હિંસાના સ્થાનથી દૂર રહેલા સાધુઓને કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. વળી શ્લોકમાં જે 'तु' શબ્દ છે તે પુનઃ અર્થમાં છે. અહીં "અનાયતન" શબ્દથી હિંસાનું સ્થાનભૂત એવો ગૃહવાસ સમજવો. સાધુઓ અનાયતનથી=ગૃહવાસથી અત્યંત દૂર રહેલા છે. તેથી સાધુઓને સંવાસાનુમતિ સંભવતી નથી.

અહીં લુંપાક આ પ્રમાણે કહે છે, પુષ્પાદિનું આયતન જ અનાયતન છે. તેનો ઉત્તર આપતા ગ્રંથકારશ્રી કહે છે કે, "તો પછી સમવસરણમાં રહેલા મુનિઓને અનાયતનમાં રહેવાનો પ્રસંગ આવશે. કેમકે પુષ્પાદિનું આયતન જ અનાયતન માનશો, તો સમવસરણભૂમિમાં દેવો પુષ્પવૃષ્ટિ કરે છે. ત્યાં રહેનાર સાધુને પણ હિંસાના સ્થાનમાં રહેવાની (સંવાસ) આપત્તિ આવશે. અને તેમ જો માનીએ તો સમવસરણમાં બેઠેલા મુનિઓને પણ સંવાસાનુમતિ દોષની પ્રાપ્તિ માનવી પડશે.

**व्याख्या–** न च देवगृहेऽपि स्तुतित्रयकर्षणात् परतोऽवस्थानमनुज्ञातमिति विधिवन्दनाद्यर्थमवस्थाने नोक्तदोषः ।

**ગાથાર્થ–** દેવગૃહ અર્થાત્ જિનાલયમાં પણ સાધુઓને ત્રણ સ્તુતિના બોલવાથી વધુ રહેવાની અનુજ્ઞા નથી. આથી વિધિપૂર્વક વંદનાદિ કરવા માટે રહેવામાં ઉક્ત દોષ નથી. અર્થાત્ અનાયતનમાં રહેવાનો દોષ નથી.

પૂર્વે ગ્રંથકારે જણાવ્યું કે સાધુને દ્રવ્યસ્તવમાં આશંસાનુમતિ નથી, તેમ જ સંવાસાનુમતિ પણ નથી. હવે નિષેધ નહીં કરવારૂપ પણ અનુમતિ નથી તે જણાવતાં કહે છે કે–

**व्याख्या–** आज्ञास्थितानां क्रमाविरुद्धोपदेशाद्याज्ञावर्तिनां साधुनां । हिंसाया

अनिषेधानुमतिरपि यद् यस्मात् कारणाद्, न भवति, तत् तस्मात् कारणाद् इदं द्रव्यस्तवस्य श्लाघनं माहात्म्यप्रकाशनं साधूनां निरवद्यमेव शुभानुबन्धित्वादिति निष्कर्षः ॥२६॥

**ભાવાર્થ–** આજ્ઞામાં રહેલાઓને(=ક્રમથી અવિરુદ્ધ ઉપદેશ આદિ આપવાની આજ્ઞામાં રહેલાઓને) હિંસાના અનિષેધની અનુમતિ પણ નથી. આથી આશંસાનુમતિ, સંવાસાનુમતિ અને અનિષેધરૂપ અનુમતિ પણ નથી. જે કારણથી આ ત્રણની અનુમતિ નથી. તે કારણથી દ્રવ્યસ્તવની શ્લાઘા=માહાત્મ્યનું વર્ણન, સાધુઓને નિરવદ્ય જ છે કેમકે શુભાનુબંધીરૂપ છે. આ પ્રમાણે નિષ્કર્ષ જાણવો. આ પ્રમાણે છવ્વીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...૨૬

**उपोद्घातवचनकर्णिका–** कश्चिदाह-द्रव्यस्तवो यदि साधूनामनुमोद्यस्तदा तेषां कर्त्तव्यः स्यादिति चेत् किमिदं स्वतन्त्रसाधनं प्रसङ्गापादनं वा ? नाद्यः साधुकर्त्तव्यत्वस्यानभीप्सितत्वेनासाध्यत्वात्, अन्त्ये त्वाह–

અહીં કોઈ જીવ(=પ્રતિમા લોપક) શંકા કરે કે, "જો સાધુઓને દ્રવ્યસ્તવ અનુમોદનીય હોય તો તેઓને તે દ્રવ્યસ્તવ કરવા યોગ્ય થાય. જો તેમ હોય તો શું આ સ્વતંત્ર સાધન છે ? અથવા તમે કરેલો તર્ક સ્વસિદ્ધાંતને સિદ્ધ કરવા અર્થે છે ? અથવા દ્રવ્યસ્તવને અનુમોદનીય માનવામાં દ્રવ્યસ્તવને કર્તવ્ય તરીકે માનવાનો અનિષ્ટ પ્રસંગ દર્શાવવા માંગો છો ? તેમાં પ્રથમપક્ષ ઘટતો નથી. તેથી તે અસાધ્ય છે. તેથી બીજાપક્ષ વિષે કહે છે–

**साधूनामनुमोद्यमित्यथ न किं कर्तव्यमर्चादिकं,**
**सत्यं केवलसाहचर्यकलनान्नेष्टाऽनुमानप्रथा ।**
**व्याप्तिः क्वापि गता स्वरूपनिरयाचारादुपाधेस्तव,**
**क्लीबस्येव वृथा वधूनिधुवने तद्बाल ! तर्के रतिः ॥२७॥**

**શ્લોકાર્થ–** જો દ્રવ્યસ્તવ સાધુને અનુમોદનીય હોય તો જિનપૂજા વગેરે કર્તવ્ય કેમ ન હોય ? તમારો પ્રશ્ન સાચો છે. પણ કેવલ સાહચર્યના જ્ઞાનથી અનુમાનની પદ્ધત્તિ ઇષ્ટ નથી. કેમકે સ્વરૂપથી નિરતિચાર

(=નિરવદ્યાચાર) ઉપાધિથી તારી વ્યાપ્તિ તો નષ્ટ થઈ ગઈ. હે બાલ ! (અજ્ઞ) ! સ્ત્રીના રતિ વિષયમાં થયેલી નપુંસકની પ્રીતિની જેમ આ તારી તર્કશાસ્ત્ર ઉપરની પ્રીતિ ફોગટ છે.. ॥૨૭॥

## મુનિને પૂજા વિગેરે કેમ કરવા યોગ્ય નથી ? એવી શંકાનું હેતુપૂર્વક સમાધાન.

**व्याख्या–** अथानुमोद्यमिति हेतोः साधूनामर्चादिकं किं न कर्तव्यं स्यात्? यद्यनुमोद्यं स्यात् (तर्हि) कर्तव्यं स्यात्। न च कर्तव्यमस्ति, अतो नानुमोद्यमिति।

**ભાવાર્થ–** અહીં લુંપાક કહે છે કે, જો દ્રવ્યસ્તવ સાધુને અનુમોદનીય હોય તો જિનપૂજા વગેરે કેમ કર્તવ્ય ન થાય ? જો અનુમોદનીય હોય તો કર્તવ્ય થાય. કર્તવ્ય નથી માટે અનુમોદનીય નથી.

**व्याख्या–** अत्रोत्तरं– यत्त्वया आपाततः प्रसञ्जनं कृतं परं अनुमानप्रथा प्रसङ्गापादननिष्ठा न इष्टाऽस्ति । कस्मात् ? केवलस्य साहचर्यस्य कलनात् पुरस्करणात् । न हि साहचर्यमात्रं व्याप्तिः, यद्यदनुमोद्यं तत्तत्कर्तव्यमित्यत्र नियतसाहचर्याद्व्याप्तिरस्त्येवेत्यत्राह– व्याप्तिः क्वापि गता दूरे नष्टाऽस्ति ।

**ભાવાર્થ–** લુંપાકના કથનનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે-તારી વાત સાચી છે. તેં ઉપલક દૃષ્ટિએ અમને આપત્તિ આપી. પણ સાહચર્યને આગળ કરીને પ્રસંગ આપવા દ્વારા અનુમાન કરવાની પદ્ધતિ ઇષ્ટ નથી. કારણ કે માત્ર સાહચર્યમાત્ર વ્યાપ્તિ નથી.

**પૂર્વપક્ષ–** કર્તવ્યતા અને અનુમોદનીયતાની વચ્ચે માત્ર સાહચર્ય છે એવું નથી. કિંતુ વ્યાપ્તિ પણ છે. જે જે અનુમોદનીય હોય તે તે કર્તવ્ય હોય આવી વ્યાપ્તિ છે.

**ઉત્તરપક્ષ–** વ્યાપ્તિ ક્યાંક દૂર નાશી ગઈ છે.

**व्याख्या–** कस्मात् स्वरूपनिरयाचारात् स्वरूपनिरवद्याचारात् उपाधेः, यत्र साधुकर्तव्यत्वं तत्र स्वरूपतो निरवद्यत्वं यत्र च तदनुमोद्यत्वं तत्र स्वरूपतो निरवद्यत्वमिति नास्ति । कारणविहितानां वर्षाविहारादीनां नद्युत्तारादीनां संयत्यवलम्बनादीनां चानुमोद्यत्वेऽपीत्यादि ज्ञेयं ।

**ભાવાર્થ–** કેમ વ્યાપ્તિ દૂર નાશી ગઈ ? જ્યાં જ્યાં સાધુકર્તવ્ય છે,

ાં ત્યાં સ્વરૂપથી નિરવદ્ય છે. પણ જ્યાં જ્યાં સાધુ અનુમોદ્યત્વ છે ત્યાં ાં સ્વરૂપથી નિરવદ્યત્વ નથી. જેમકે કારણ હોય ત્યારે જ વિહિત રાયેલા(=અપવાદથી આચરવાની અનુજ્ઞાવાળા) સાધુ નદી ઉતરે, વર્ષાકાળે વેહાર કરે, સાધ્વીને અવલંબન આપે ઈત્યાદિ આચારો અનુમોદનીય છે. રંતુ સ્વરૂપથી નિરવદ્ય નથી. માટે વ્યાપ્તિ દૂર નાશી ગઈ.

કારણ કે તમારી વ્યાપ્તિને "સ્વરૂપથી નિરવદ્યાચાર" રૂપ ઉપાધિ[1] લાગેલી છે. તેથી સ્વરૂપથી નિરવદ્ય હોય તેવા જ અનુમોદનીય આચારો સાધુને કર્તવ્ય છે. નહિ કે બીજા સ્વરૂપથી સાવદ્ય અનુમોદનીય આચારો. તે ઉપાધિ કે જે અનુમાનના સાધ્ય(=હેતુના વ્યાપક) વ્યાપક હોય પરંતુ હેતુનો(=સાધ્યના વ્યાપ્યનો) વ્યાપક ન હોય.

આમ જ્યાં જ્યાં સાધુનું કર્તવ્યપણું છે ત્યાં ત્યાં સ્વરૂપથી નિરવદ્યપણું છે. પણ જ્યાં જ્યાં સાધુનું અનુમોદ્યપણું છે ત્યાં ત્યાં સ્વરૂપથી નિરવદ્યપણું છે એમ નથી. કેમકે કારણથી કરવા પડેલા વર્ષાકાળમાં વિહારાદિ, નદીનું ઉતરવું વિગેરે, સાધ્વીને અવલંબન આપે ઈત્યાદિ આચારો અનુમોદનીય છે, પરંતુ સ્વરૂપથી નિરવદ્ય નથી.

અહીં સાધુનું જે કાંઈ કર્તવ્ય હોય તે નિરવદ્ય હોય તેની વ્યાપ્તિ છે. સ્વરૂપથી નિરવદ્યત્વરૂપ [1]ઉપાધિની પ્રાપ્તિ થતી હોવાથી અનુમોદ્યત્વ અને કર્તવ્યની વ્યાપ્તિ નથી.

હવે આ શ્લોકમાં અંત્યપાદનો અર્થ કરતાં કહે છે કે-

**व्याख्या–** एवं च शुष्कपाठबलीवर्दस्य तर्के मुखं प्रविशत उपहासमाह- तत् तस्मात् कारणात् हे बाल !=अविवेकिन् ! तव तर्के रतिः वृथाऽस्ति, अन्तरङ्गशक्त्यभावात् ।

**ભાવાર્થ–** આ રીતે શુષ્કપાઠના ભણનાર પોથાપંડિત થવામાત્રથી તારું મુખ તર્કમાં પ્રવેશતું જોઈ મશ્કરીને પાત્ર ઠરે છે. તેથી તેનો ઉપહાસ કરતાં કહે છે કે, "હે બાલ ! અવિવેકી ! તારી પાસે અંતરંગશક્તિનો (=આગમયુક્તબુદ્ધિબળનો) અભાવ હોવાથી તારી તર્કમાં જે પ્રીતિ છે તે ફોગટ છે.

---

૧. અહીં ઉપાધિ એટલે જે ધર્મવિશિષ્ટ થયેલી વસ્તુ પોતાના સ્વરૂપને છોડી દે છે તે ધર્મ ઉપાધિ કહેવાય છે.

**व्याख्या**– कस्य कुत्र ? कलीबस्य वधूनिधुवने इव कांतारतसंमर्द इव। न च विद्यामुखचुम्बनमात्रात्तद्भोगसौभाग्यमाविर्भवति । यतः सूक्तं- वेश्यानामिव विद्यानां मुखं कैः कैर्न चुम्बितम् । हृदयग्राहिणः तासां द्वित्राः सन्ति न सन्ति च ॥१॥

**ભાવાર્થ**– જેમ સ્ત્રીના સંભોગમાં નપુંસકની રતિ ફોગટ છે. તેમ તારી તર્કમાં પ્રીતિ ફોગટ છે. વળી વિદ્યાના મુખચુંબનમાત્રથી તેના=વિદ્યાના ભોગનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી. ઉપરની વાત જણાવનાર સુભાષિત બતાવે છે- વેશ્યાના મુખની જેમ વિદ્યાનું મુખ કોના કોના વડે ચુંબિત થયું નથી ? અર્થાત્ વિદ્યાનો આરંભ તો ઘણા કરે છે, પણ વેશ્યાના હૃદયની જેમ વિદ્યાઓના હૃદયને(=ઊંડાણને) ગ્રહણ કરનારા બે ત્રણ હોય છે અથવા નથી પણ હોતા.

નિરવદ્યમાં પણ જે જે અનુમોદ્ય હોય તે તે બધું કર્તવ્ય ન પણ હોય કેમકે અચેલકાદિ આચાર નિરવદ્ય છે, તેથી અનુમોદનીય છે. છતાં બધાને કર્તવ્યરૂપ બનતા નથી, તે જણાવતાં કહે છે કે–

**व्याख्या**– किञ्च, अचेलकादीनां एकचेलाद्याचारस्यानुमोद्यत्वेऽपि तद-कर्त्तव्यत्वात् सूत्रनीत्या व्यक्त दोषः । यदार्षम्– जोऽवि दुवत्थ तिवत्थो, एगेण अचेलगो न संथरइ । ण हु ते हीलंति परं, "सव्वे वि अ ते जिणाणाए त्ति" ॥२७॥

**ભાવાર્થ**– વળી જેઓ અચેલક(=એક પણ વસ્ત્ર ધારણ ન કરવું) વગેરે વ્રતધારીઓ છે. તેમને એક ચેલક(=એક વસ્ત્ર ધારણ કરવું) વગેરેનો આચાર અનુમોદનીય છે, પણ કર્તવ્ય નથી, અર્થાત્ તેઓ એકવસ્ત્ર ધારણ કરવું વગેરે આચારનું પાલન કરે. આવી સૂત્રનીતિ હોવાથી તમારી વ્યાપ્તિમાં સ્પષ્ટ દોષ છે જ.

આગમમાં કહ્યું છે કે- "કોઈ સાધુ બે વસ્ત્ર રાખે, કોઈ સાધુ ત્રણ વસ્ત્ર રાખે, કોઈક એક વસ્ત્ર રાખે, અને કોઈક એક પણ વસ્ત્ર રાખતો ન હોય. પરંતુ તેઓ એકબીજાની હીલના-નિંદા ન કરે. કારણ કે તે બધા જિનાજ્ઞામાં રહેલા છે." આ પ્રમાણે સત્તાવીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૨૭॥

**उपोद्घातवचनकर्णिका**– ननु यदि द्रव्यस्तवानुमतिर्भावस्तवोपचयायापेक्ष्यते तदा द्रव्यार्चैव कथं नापेक्ष्यते ? तत्राह–

જો દ્રવ્યસ્તવની અનુમોદના ભાવસ્તવની વૃદ્ધિ અર્થે અપેક્ષા કરાય છે તો પછી દ્રવ્યપૂજાની જ કેમ અપેક્ષા ન કરાય ? આ પ્રમાણે લુંપાકના પ્રશ્નનો જવાબ આપતા ગ્રંથકાર કહે છે–

**दुग्धं सर्पिरपेक्षते न तु तृणं साक्षाद्यथोत्पत्तये,**
**द्रव्यार्चानुमतिप्रभृत्यपि तथा भावस्तवो न त्विमाम् ।**
**इत्येवं शुचिशास्त्रतत्त्वमविदन् यत्किञ्चिदापादयन्,**
**किं मत्तोऽसि पिशाचकी किमथवा किं वातकी पातकी ॥२८॥**

**શ્લોકાર્થ**– જેમ ઘી પોતાની ઉત્પત્તિ માટે દૂધની અપેક્ષા રાખે છે પણ ઘાસની સાક્ષાત્ અપેક્ષા રાખતું નથી. તેમ ભાવસ્તવ પણ દ્રવ્યસ્તવની (=દ્રવ્યપૂજાની) અપેક્ષા રાખતું નથી. પણ દ્રવ્યસ્તવની અનુમોદનાની અપેક્ષા રાખે છે. આ પ્રમાણે પવિત્રશાસ્ત્રના વચનને જાણવા છતાં દ્રવ્યાર્ચા અનુમોદનીય હોય તો કરણીય પણ હોય એવા પ્રસંગનો આપાદન કરતો શું તું મત્ત થયો છે ? કે તને પિશાચનો વળગાડ લાગ્યો છે ? શું તને સંનિપાત નામનો વાયુનો રોગ થયો છે ? અથવા શું તું મહાપાપી છો ? જેથી તું આવું અસંબદ્ધવચન બોલે છે...॥૨૮॥

**દ્રવ્યસ્તવની અનુમોદના ભાવસ્તવની વૃદ્ધિ અર્થે અપેક્ષણીય, તો દ્રવ્યપૂજા અપેક્ષણીય કેમ નહીં ? તેનું સમાધાન.**

**व्याख्या**– सर्पिर्घृतं कर्तृपदं, यथा उत्पत्तये, दुग्धं क्षीरमपेक्षते, क्षीरादेवाव्यवधानेन सर्पिष उत्पद्यमानस्योपलम्भात् । साक्षात् । तथा सर्पिः तृणं तु नापेक्षते, गवाभ्यवहारेण तथापरिणम्यमानमपि व्यवधानात् । तथा भावस्तव उपचितावयविस्थानीयो द्रव्यार्चानुमतिप्रभृत्यपि स्वावयवभूतं कारणमुत्पत्तयेऽपेक्षते, न तु इमां द्रव्यार्चां अपेक्षते व्यवधानात् । अत एव द्रव्याग्निकारिकाव्युदासेन भावाग्निकारिकैवानुज्ञाता साधूनाम् ।

**ભાવાર્થ–** અહીં "सर्पिः" કર્તાપદ છે. ઘી પોતાની ઉત્પત્તિ માટે દૂધની અપેક્ષા રાખે છે. કેમકે ક્ષીરમાંથી જ વ્યવધાન(=બીજા કારણના અંતર) વિના સાક્ષાત્ ઘીની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે. તેથી ઘી તૃણ(=ઘાસ) ની અપેક્ષા રાખતું નથી. કેમકે ગાયે ભક્ષણ કરેલા ઘાસનું દૂધમાં રૂપાંતર થાય છે. તેથી ઘીની ઉત્પત્તિમાં ઘાસ વ્યવધાનથી(=આંતરથી) કારણ છે.

આ જ પ્રમાણે પુષ્ટ અવયવી સમાન ભાવસ્તવ પોતાની ઉત્પત્તિ માટે દ્રવ્યસ્તવની અનુમોદના વગેરે પોતાના કારણભૂત અંગની અપેક્ષા રાખે છે. પણ આ દ્રવ્યપૂજાની અપેક્ષા રાખતો નથી. કારણ કે દ્રવ્યપૂજા ભાવસ્તવનું વ્યવધાનથી કારણ છે.

આ જ કારણથી દ્રવ્યાગ્નિકારિકાના(=યજ્ઞાદિના) ખંડનપૂર્વક ભાવાગ્નિ-કારિકા(=ધર્મધ્યાનાદિ) જ સાધુઓને અનુજ્ઞાત છે. અર્થાત્ ભાવાગ્નિકારિકા કરવાની આજ્ઞા ફરમાવેલી છે.

**व्याख्या–** तथा च तदष्टकं हारिभद्रं-कर्मेन्धनं समाश्रित्य दृढा सद्भाव-नाहुतिः । धर्मध्यानाग्निना कार्या दीक्षितेनाग्निकारिका ॥१॥ अस्य व्याख्या– कर्मेन्धनं समाश्रित्य अग्निकारिका कार्या दीक्षितेनेति योगः । अग्निकारिका अग्निकर्म । किंविधा ? दृढा कर्मेन्धनदाहप्रत्यला । पुनः किंविधा ? सद्भावना एवाहुतिः धृतप्रक्षेपलक्षणा यस्यां सा धर्मध्यानशुक्लध्यानस्योपलक्षणमित्यादि ।

**ભાવાર્થ–** હવે હરિભદ્રસૂરીશ્વરજીના અગ્નિકારિકા અષ્ટકની ગાથાનો અર્થ આ પ્રમાણે છે– દીક્ષિતવડે કર્મેન્ધનને આશ્રયીને ધર્મધ્યાનરૂપી અગ્નિવડે દઢ એવી સદ્‌ભાવનાની આહુતિવાળી અગ્નિકારિકા કરવી જોઈએ. અહીં ઉપલક્ષણથી ધર્મધ્યાન અને શુક્લધ્યાન પણ જાણી લેવું.

**व्याख्या–** हे लुम्पक ! त्वमित्येवं उक्तजातीयप्रकारं शुचिशास्त्रतत्त्वं अविदन् अजानन् यत्किंञ्चिदापादयन् जातिप्रायमुपन्यस्य सभायां जातोपहासः– किं मत्त उन्मादवानसि ? अथवा पिशाचकी पिशाचग्रस्तोऽसि ? किं वातकी सन्नि-पाताख्यवातरोगवानसि ? किं वा पातकी महापातकवानसि ? अत्र यत्किंञ्चिदापादने पिशाचकित्वादिहेतूत्प्रेक्षा ॥२८॥

**ભાવાર્થ–** હે લુંપાક ! આ પ્રમાણે પૂર્વે કહેલ[1](=જેમ ઘી પોતાની ઉત્પત્તિમાં દૂધની અપેક્ષા રાખે છે પણ તૃણની નહિ, તેમ ભાવસ્તવ દ્રવ્ય જિનપૂજાની અનુમોદનાની અપેક્ષા રાખે છે પણ દ્રવ્યપૂજાની નહિ, એમ પૂર્વે કહેલ) જાતીય પ્રકારને નહિ જાણતો, અને તેથી જ સાધુને દ્રવ્યપૂજા અનુમોદનીય હોય તો કર્તવ્ય પણ હોય એમ યત્કિંચિત્ આપાદન કરતો અને સમાનજાતિ જેવા લાગતા એવા પોતાના કથનનો ઉપન્યાસ કરીને સભામાં હાસ્યપાત્ર થયેલો તું શું ઉન્મત્ત થઈ ગયો છે ? અથવા તું શું પિશાચગ્રસ્ત છો ? અથવા શું તું વાતકી અર્થાત્ સન્નિપાત નામના વાતરોગવાળો છો ? અથવા શું તું મહાપાપી છો ?

અહિ ગમે તેમ આપાદન કરવામાં(=આપત્તિ આપવામાં) પિશાચાદિ હેતુઓની ઉત્પ્રેક્ષા=કલ્પના છે. તેથી ઉત્પ્રેક્ષા અલંકાર જાણવો. આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૨૮॥

**उपोद्घातवचनकर्णिका–** अपि च– [2]વળી–

**द्रव्यार्चामवलम्बते न हि मुनिस्तर्तुं समर्थो जलं,**
**बाहुभ्यामिव काष्ठमत्र विषमं नैतावता श्रावकः ।**
**बाहुभ्यां भववारि तर्तुमपटुः काष्ठोपमां नाश्रयेद्,**
**द्रव्यार्चामपि विप्रतारकगिरा भ्रान्तीरनासादयन् ॥२९॥**

**શ્લોકાર્થ–** જગતમાં ભાવરૂપી બે બાહુવડે સંસાર સાગરના જલને તરવા માટે સમર્થ એવા મુનિ વિષમ લાકડાના જેવી દ્રવ્યપૂજાનું આલંબન લેતા નથી. તેવી જ રીતે ભાવરૂપી બાહુવડે ભવસાગર તરવાને અસમર્થ

૧. ('उक्तजातीयप्रकारमविदन्' કહ્યું ત્યાં જાતીય પ્રકારનું તાત્પર્ય એ છે કે- જેમ ઘી પ્રત્યે અવ્યવહિત કારણ દૂધ છે, તે અન્ય જાતીય પ્રકાર છે, અને વ્યવહિત કારણ તૃણ છે, તે અન્ય જાતીય પ્રકાર છે. તેમ અહીં ભાવસ્તવ પ્રત્યે દ્રવ્યાર્ચા છે તે અન્ય જાતીય પ્રકાર છે. અને દ્રવ્યાર્ચાની અનુમતિ છે તે અન્ય જાતીય પ્રકાર છે. તે બંનેમાં ભિન્ન ભિન્ન જાતીયત્વેન કારણતા છે, તે ભિન્ન જાતીય પ્રકારને લુંપાક જાણતો નથી.)

૨. 'अपि च' વળી 'अपि च' પ્રયોગ સમુચ્ચય અર્થમાં છે. પૂર્વ શ્લોકમાં સિદ્ધ કરેલા વિષયને (સાધુ ભાવસ્તવની પુષ્ટિ માટે દ્રવ્યપૂજાની અનુમોદના કરે, પણ દ્રવ્યપૂજા ન કરે એ વિષયને) આ ગાથાથી બીજી રીતે સિદ્ધ કરે છે.

એવો શ્રાવક (વિષમ) કાષ્ઠની જેવી દ્રવ્યપૂજાનું પણ[1] આલંબન ન લે એમ નહિ, અર્થાત્ આલંબન લે છે. પણ તે દુર્મતિ લુંપાકની વાણીથી ભ્રમ પામ્યો ન હોય તો તેમ કરે છે...॥૨૯॥

## ભાવસ્તવ અને દ્રવ્યસ્તવનો સંબંધ, મુનિને ભાવસ્તવ સાથે દ્રવ્યસ્તવ અનપેક્ષણીય, તેનું સમાધાન.

**व्याख्या–** अत्र जगती बाहुभ्यां जलं तर्तुं समर्थः भुजेन भवजलतरणक्षम एवंविधो मुनिः विषमं सकण्टकं काष्ठमिव दव्यार्चां न हि अवलम्बते, स्वरूपतः सावद्यायाः तस्याः सकण्टककाष्ठस्थानीयाया अवलम्बनायोगात् । एतावता कुश्रुतादिदोषेण स्वौचित्यमविदन् (स्वौचित्य विदन्) श्रावको बाहुभ्यां भववारि संसारसमुद्रं तर्तुमपटुः सन् काष्ठोपमां विषमकाष्ठतुल्यां द्रव्यार्चां न आश्रयेदिति न, किंतु आश्रयेत् एव इत्यर्थः द्वौ नकारौ प्रकृत्यर्थं सूचयतः।

**ભાવાર્થ–** જગતમાં ભાવરૂપી બેભૂજા દ્વારા જલને તરવા માટે સમર્થ એવો માણસ કાંટાવાળા કાષ્ઠનું જેમ આલંબન લેતો નથી, તેમ ભાવ વડે ભવજલ તરવા માટે સમર્થ એવો મુનિ દ્રવ્યપૂજાનું આલંબન લેતો નથી. કેમ કે સ્વરૂપથી સાવદ્ય એવી કાંટાવાળા કાષ્ઠ જેવી દ્રવ્યપૂજાના અવલંબનનો અયોગ છે. અર્થાત્ મુનિઓને તેનું આલંબન લેવાની જરૂર નથી.

આટલા માત્રથી(=દ્રવ્યપૂજા સાવદ્યરૂપ હોવાથી કરવા યોગ્ય નથી ઈત્યાદિ) કુવચનશ્રવણાદિરૂપ દોષથી પોતાના ઔચિત્યને [2]જાણતો શ્રાવક ભાવરૂપી બે હાથવડે ભવસમુદ્ર તરવા અસમર્થ હોવાથી વિષમકાષ્ઠતુલ્ય એવી દ્રવ્યપૂજાનો આશ્રય નથી કરતો એમ નહિ, અર્થાત્ આશ્રય કરે છે. આ પ્રમાણે અર્થ જાણવો. (બે નકાર સ્વાભાવિક અર્થ સૂચક છે)

**व्याख्या–** श्राद्धः किं कुर्वन् ? विप्रतारकगिरा लुम्पकवचनेन भ्रान्ती-र्विपर्ययान् अनासादयन् अनाप्नुवन्, तदासादने तु स्वौचित्यापरिज्ञाने स्यादेव तदनाश्रयणं मुग्धस्येति भावः ॥२९॥

---

૧. અહીં 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે- શ્રાવક સામાયિક પૌષધ આદિનો તો આશ્રય લે જ છે. કિંતુ દ્રવ્યપૂજાનો પણ આશ્રય લે છે.

૨. ટીકામાં 'स्वौचित्यमविदन्' એવા પાઠના સ્થાને 'स्वौचित्यं विदन्' એવો પાઠ હોવો જોઈએ. આ પાઠ પ્રમાણે અર્થ લખ્યો છે.

**ભાવાર્થ–** શું કરતો એવો શ્રાવક દ્રવ્યપૂજાનો આશ્રય કરે છે ? તેનો ઉત્તર આપતા કહે છે કે ઠગનારની વાણીવડે પણ વિપર્યાસને નહિ પામતો એવો શ્રાવક દ્રવ્યાર્ચાનો આશ્રય કરે છે. વિપર્યાસની (દ્રવ્યપૂજા સાવદ્યરૂપ હોવાથી કરવા યોગ્ય નથી એવા વિપર્યાસની) પ્રાપ્તિમાં પોતાના ઔચિત્યનું જ્ઞાન ન હોવાથી મુગ્ધને દ્રવ્યપૂજાનું અનાશ્રયણ(=આશ્રયનો અભાવ) થાય જ. અર્થાત્ દ્રવ્યસ્તવનું આલંબન લેતો નથી, એ પ્રકારનો ભાવ છે. આ રીતે ઓગણત્રીસમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૨૯॥

**उपोद्घातवचनकर्णिका–** 'किं च'– પૂર્વે કહેલા વિષયને જ વિશેષથી જણાવે છે–

**अक्षीणाविरतिज्वरा हि गृहिणो द्रव्यस्तवं सर्वदा,**
**सेवन्ते कटुकौषधेन सदृशं नानीदृशाः साधवः ।**
**इत्युच्चैरधिकारिभेदमविदन् बालो वृथा खिद्यते,**
**नैतस्य प्रतिमाद्विषो व्रतशतैर्मुक्तिः परं विद्यते ॥३०॥**

**શ્લોકાર્થ–** અવિરતિરૂપી જ્વર નાશ થયો નથી એવા ગૃહસ્થ હંમેશા દ્રવ્યસ્તવનું સેવન કરે છે. પરંતુ અવિરતિરૂપ જ્વર ક્ષય થવાના કારણે સાધુઓ દ્રવ્યસ્તવનું સેવન કરતા નથી. આ પ્રમાણે દ્રવ્યસ્તવના અધિકારીના ભેદને નહિ જાણતો તે બાળ લુંપાક(=પ્રતિમાલોપક) ફોગટ ખેદ પામે છે. આ પ્રતિમા દ્વેષીની-પ્રતિમા લોપકની સેંકડો વ્રતોથી પણ મુક્તિ થતી નથી. અર્થાત્ પ્રતિમા દ્વેષીઓ સેંકડો વ્રત પાળે તો પણ મોક્ષને પામી શકે નહિ. ..॥૩૦॥

## મુનિ અને શ્રાવકના સામર્થ્યની તરતમતા દર્શન, ઉપદેશ શ્રાવકને દ્રવ્યપૂજાની આવશ્યક્તા દર્શક.

**व्याख्या–** हि निश्चितं । अक्षीणाऽविरति एव ज्वरो येषां ते तथाविधा गृहीणो द्रव्यस्तवं सदा सेवन्ते । कीदृशं द्रव्यस्तवं ? ज्वरापहारिणा कटुकौषधेन सदृशं तुल्यं । साधवो द्रव्यस्तवं न सेवन्ते ।

**ભાવાર્થ–** અહીં "हि" નિશ્ચિતાર્થમાં છે. અવિરતિ એ જ જ્વર જેનો નાશ થયો નથી તેવા પ્રકારના તે ગૃહસ્થો દ્રવ્યસ્તવ હંમેશા સેવે છે.

તે દ્રવ્યસ્તવ કેવા પ્રકારનું છે ? તાવને દૂર કરનાર કટુ ઔષધ સમાન છે. તે દ્રવ્યસ્તવને સાધુઓ સેવતા નથી.

**व्याख्या–** कीदृशाः साधवः ? अनीदृशाः क्षीणाविरतिज्वराः । न हि निरोगवैद्योक्तं औषधं रोगवान् न सेवते इति लोकेऽपि प्रसिद्धमिति ।

**ભાવાર્થ–** કેવા પ્રકારના તે સાધુઓ ? અવિરતિના રોગવાળા શ્રાવકો જેવા નહિ, પરંતુ અવિરતિરૂપી રોગ ક્ષીણ થઈ ગયેલો છે જેનો એવા તેઓ છે.

**પૂર્વપક્ષ–** સાધુ પોતે દ્રવ્યપૂજા ન કરે અને શ્રાવકને તેનો ઉપદેશ આપે તે યોગ્ય નથી. શ્રાવકોને એમ થાય કે સાધુઓ પોતે પૂજા કરતા નથી અને અમને ઉપદેશ આપે છે ?

**ઉત્તરપક્ષ–** આચરણ પોતાની ભૂમિકા પ્રમાણે હોય આવું સમજનાર શ્રાવક આવું ન વિચારે. "વૈદ્ય પોતે દવા લેતો નથી અને અમને દવા કેમ આપે છે. આવો વિચાર સમજુ રોગી કરે ? નહિ." નિરોગીવૈદ્યે કહેલા ઔષધનું સેવન રોગી કરે જ છે એમ પ્રસિદ્ધ છે."

**व्याख्या–** बालः अज्ञानी वृथा खिद्यते मुधा खेदं कुरुते । किं कुर्वन् ? उच्चैः अतिशयेन अधिकारिभेदं मलिनारंभितदितराधिकारिविशेषं अविदन् एतस्य प्रतिमाद्विषः प्रतिमाशत्रोः व्रतशतैः परं केवलं मुक्तिर्न विद्यते । प्रवचनार्थं एकत्राप्यश्रद्धानवतो योगशतस्यापि निष्फलत्वात् ॥३०॥

**ભાવાર્થ–** બાળ અર્થાત્ અજ્ઞાની લૂંપાક વૃથા ખેદ કરે છે. શું કરતો? અવિરતિધર શ્રાવક મલિનારંભી છે માટે દ્રવ્યસ્તવનો અધિકારી છે. સાધુને આ મલિનારંભ નથી માટે સાધુ દ્રવ્યસ્તવના અધિકારી નથી. આવા સ્પષ્ટ અધિકારી ભેદને અતિશય નહિ જાણતો તે પ્રતિમા દ્વેષી છે. તેની સેંકડો વ્રતના પાલનથી પણ મુક્તિ થતી નથી. કેમકે પ્રવચનના એક અક્ષરની પણ અશ્રદ્ધાવાળાના સેંકડો યોગો પણ નિષ્ફળ છે. આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..૩૦

**उपोद्घातवचनकर्णिका–** द्रव्यस्तवे गुणानुपदर्शयति–

દ્રવ્યસ્તવમાં રહેલા ગુણોને દર્શાવે છે–

**वैतृष्ण्यादपरिग्रहस्य दृढता दानेन धर्मोन्नतिः,**

**सद्धर्मव्यवसायतश्च मलिनारम्भानुबन्धच्छिदा ।**

**चैत्यानत्युपनम्रसाधुवचसामाकर्णनात्**

**कर्णयोरक्ष्णोश्चामृतमज्जनं जिनमुखज्योत्स्नासमालोकनात् ॥३१॥**

**શ્લોકાર્થ–** (૧) દ્રવ્યસ્તવ કરવાથી ધનાદિની તૃષ્ણા નાશ પામે છે. તેથી અપરિગ્રહવ્રતની દઢતા થાય છે. (૨) દાન દેવાથી ધર્મોન્નતિ થાય છે. (૩) સદ્ધર્મવ્યવસાયથી મલિન-આરંભના અનુબંધનો છેદ થાય છે. (૪) ચૈત્યને નમન કરવા આવેલા સાધુઓના ઉપદેશવચનના શ્રવણથી કર્ણયુગલ અમૃતમગ્ન બને છે. (૫) અને પરમાત્માના વદનરૂપી ચંદ્રમાના દર્શનથી બે આંખમાં અમૃતસિંચન થાય છે...॥૩૧॥

## દ્રવ્યસ્તવમાં સમાવિષ્ટ ગુણપ્રદર્શન.

**व्याख्या–** अपरिग्रहस्य अपरिग्रहव्रतस्य दृढता भवति, कस्मात् । वैतृष्ण्यात् तृष्णाविच्छेदात् ।

**ભાવાર્થ–** (૧) અપરિગ્રહની=અપરિગ્રહવ્રતની દઢતા થાય છે. શાથી ? ધન ઉપરની આસક્તિનો નાશ થવાથી..

**व्याख्या–** तथा धर्मोन्नतिर्भवति । केन ? दानेन कृत्वा । तथा मलिना- **रम्भानुबन्धस्य च्छिदा छेदो भवति । कस्मात् ? सद्धर्मेति प्रासादादीतिकर्तव्यता सन्धाने सदारम्भाध्यवसायस्यैव प्राधान्यात् । इतरस्यानुषङ्गिकत्वात् ।**

**ભાવાર્થ–** તથા ધર્મોન્નતિ થાય છે. શાના વડે ? દાન દેવાથી. તથા મલિનારંભના અનુબંધનો છેદ થાય છે. શાના વડે ? સદ્ધર્મવ્યવસાયથી. જિનમંદિરને લક્ષ્યમાં રાખીને મારા જીવનનું આ ઉત્તમ કર્તવ્ય છે. એ પ્રમાણે અનુસંધાન(=માનસિક વિચારધારા) થતાં સદ્-આરંભના અધ્યવ-સાયની જ પ્રધાનતા છે. બીજા પુષ્પાદિના આરંભો તો આનુષંગિક=ગૌણ બની જાય છે.

**व्याख्या– तत्प्रवाहप्रवृत्त्यैव वंशतरणोपपत्तेरिति ।**

**ભાવાર્થ–** (૩) વળી જિનાલયના જીર્ણોદ્ધાર, નવા બાંધકામ ઈત્યાદિ

કાર્યોની પરંપરાને કારણે આ દ્રવ્યસ્તવ પોતાની વંશપરંપરાને પણ તરવાનું સાધન બને.

**व्याख्या**– तथा कर्णयोः अमृतमञ्जनं भवति । कस्मात् ? आकर्णनात् । केषां चैत्येति चैत्यानामर्हत्प्रतिमानां आनत्यर्थं नमनाय उपनम्राः उपनमनशीलाः ये साधवस्तेषां एकदेशदेशनोद्यतानां यानि वचांसि तेषां ।

**ભાવાર્થ**– (૪) જિનપ્રતિમાઓને નમસ્કાર કરવા માટે નમવાના સ્વભાવવાળા અને જિનમંદિરના એકસ્થાનમાં દેશના આપવા માટે તત્પર બનેલા સાધુઓના વચનો સાંભળવાથી બંને કાનોમાં અમૃતનું સિંચન થાય છે.

**व्याख्या**– च पुनः अक्ष्णोः अमृतमज्जनं भवति । कस्मात् ? जिनेति जिनमुखस्य भगवत्प्रतिमावदनेन्दोः ज्योत्सनाया लावण्यस्य समालोकनात्। कर्णयोर्नयनयोश्चामृतमज्जनं विगलितवेद्यान्तरोभयानन्दात्मा शान्तरसोद्बोध इति यावत् ॥३१॥

**ભાવાર્થ**– (૫) વળી બંને આંખોમાં અમૃતાંજન થાય છે. શેનાથી? જિનેશ્વર ભગવંતના મુખરૂપી ચંદ્રમાથી નીકળતા લાવણ્યના દર્શનથી. આમ પરમાત્માની વાણીના શ્રવણથી કર્ણયુગલ અમૃતનું પાન કરે છે. અને પરમાત્માના દર્શનથી નયનયુગલ અમૃતકુંડમાં મગ્ન બને છે. વળી પરમાત્માના દર્શનથી એકાગ્રતા આવે છે. ત્યારે બાકીનું બધું વિસરાઈ જાય છે. તથા ચક્ષુને પ્રભુદર્શનથી બાહ્યાનંદ અને હૃદય પરમાત્મા સ્વરૂપમાં લય થવાથી અભ્યંતર આનંદ પામે છે. આ બંને પ્રકારના આનંદમાં મસ્ત બનેલા આત્મામાં શાંતસુધારસનો આવિર્ભાવ થાય છે. અર્થાત્ શાંતરસની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે દ્રવ્યસ્તવન કરવાથી (૧) ધનાદિની તૃષ્ણાનો વિનાશ=અપરિગ્રહવ્રતની દૃઢતા. (૨) દાન દેવાથી ધર્મોન્નતિ. (૩) સદ્ધર્મવ્યવસાયથી મલિનારંભના અનુબંધનો વિચ્છેદ. (૪) જિનવાણી શ્રવણથી કર્ણયુગલ અમૃતપાન કરે છે. (૫) જિનમુખદર્શનથી નયનયુગલ અમૃતકુંડમાં મગ્ન બને છે. આ બધા દ્રવ્યસ્તવના લાભો છે. આ પ્રમાણે એકત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૩૧॥

उपोद्घातवचनकर्णिका– तथा– વળી દ્રવ્યસ્તવના બીજા લાભ બતાવે છે–

**नानासङ्घसमागमात्सुकृतवत्सद्गन्धहस्तिव्रज-**
**स्वस्तिप्रश्नपरम्परापरिचयादप्यद्भुतोद्भावना ।**
**वीणावेणुमृदङ्गसङ्गमचमत्काराच्च नृत्योत्सवे,**
**स्फारार्हद्गुणलीनताभिनयनाद्भेदभ्रमप्लावना ।।३२।।**

**શ્લોકાર્થ–** અનેકદેશના સંઘના સમાગમથી, ગંધહસ્તિ સમાન સજ્જનોની સાથે કલ્યાણકારીપ્રશ્નની ચર્ચાથી અદ્ભુતરસ ઉત્પન્ન થાય છે. તથા નૃત્યોત્સવના અવસરે વીણા-વેણુ-મૃદંગ વિગેરે સંગીતના ચમત્કારથી સ્ફાર(=વિશાળ) અરિહંતના ગુણોમાં લીનતારૂપ અભિનયદ્વારા ભેદનો ભ્રમ ભાંગી જાય છે... ।।૩૨।।

**સંઘ અને સજ્જનોની સંગતિ**
**વાજિંત્રાદિદ્વારા પ્રભુભક્તિ.**
**અરિહંતગુણમાં લીનતા.**
**ભેદભ્રમની વિનાશિતા.**

**व्याख्या–** अद्भुतोद्भावना अद्भुतरसस्य उद्भावना उद्बोधः भवति। कस्मात् ? नानासङ्घेति नानाप्रकारा अनेकदेशीया ये सङ्घास्तेषां समागमात् अपि । पुनः कस्मात् ? सुकृतेति सुकृतवन्तो ये सन्तः सज्जनाः ते एव गन्धहस्तिनो गन्धमात्रेण परवादिगजभञ्जनत्वात् तेषां व्रजः समूहस्तत्र या स्वस्तिप्रश्नस्य परम्परा तस्याः परिचयात् मेलापकात् सद्योगावञ्चकादिक्रमेणः परमः समाधिलाभ इति ।

**ભાવાર્થ–** (જિનમંદિર નિર્માણથી) અનેકદેશોના સંઘોનું આગમન થાય છે. તે સંઘોમાં સુકૃતવાળા સંતોરૂપ ગંધહસ્તીઓનો સમૂહ હોય છે. તે ગંધહસ્તીઓના સમૂહમાં કલ્યાણકારી પ્રશ્નોની પરંપરા ચાલે છે. એ પ્રશ્નોની પરંપરાથી થતા બોધથી [1]પણ અદ્ભુતરસ પ્રગટે છે. જેમ જંગલમાં

૧. અહીં "પણ" શબ્દનો અર્થ આ પ્રમાણે છે- પૂર્વના શ્લોકમાં કહ્યા પ્રમાણે જેમ પ્રભુના દર્શનથી શાંતરસ પ્રગટે છે તેમ આ શ્લોકમાં કહ્યા પ્રમાણે પ્રશ્નોની પરંપરાથી થતા બોધથી પણ અદ્ભુતરસ પ્રગટે છે.

ગંધહસ્તીની ગંધમાત્રથી અન્યહાથીઓ પલાયન થઈ જાય તેમ અહીં સંતોની ગંધમાત્રથી પરવાદીરૂપી હાથીઓ પલાયન થઈ જાય છે. માટે અહીં સંતોને ગંધહસ્તી કહ્યા છે. આ અદ્ભુતરસ [1]સદ્યોગાવંચક આદિના (=યોગાવંચક, ક્રિયાવંચક, ફલાવંચક) અનુક્રમથી પરમસમાધિની પ્રાપ્તિમાં કારણ બને છે.

**व्याख्या**– च पुनः । भेदभ्रमप्लावना भवति भेदभ्रमस्य भेदविपर्यस्य प्लावना परिगलनं । कस्मात् ? वीणेति वीणावेणुमृदङ्गसङ्गमेन तौर्यत्रिकसंपत्त्या यः चमत्कारः तस्मात् । च पुनः कस्मात् ? नृत्योत्सवे स्फारेति स्फारा येऽर्हद्गुणास्तल्लीनता विभावानुभावीभूतं यदभिनयनं तस्मात् । तथा च समापत्त्यादिभेदेनार्हद्दर्शनं स्यादिति भावः । समापत्तिलक्षणं योगग्रन्थप्रसिद्धम् ।।३२।।

**ભાવાર્થ**– વળી (જિનમંદિરમાં થતા) નૃત્યોત્સવમાં વીણા-વેણુ-મૃદંગના સંગમથી (ગુણોત્કીર્તન કરનારના ચિત્તમાં) ચમત્કાર થાય છે. એ ચમત્કારથી વિશાળ અરિહંતગુણોમાં લીનતા અનુભવાય છે. લીનતાના કારણે મુખાદિના તેવા પ્રકારના અભિનયો(=હાવભાવ) પ્રગટે છે. તેનાથી ભેદના વિપર્યયની પ્લાવના થાય છે. અર્થાત્ ભેદનો ભ્રમ ભાંગી જાય છે=આત્મા અને પરમાત્માના અભેદની અનુભૂતિ થાય છે. તથા સમાપત્તિ આદિ ભેદથી અરિહંતનું દર્શન થાય છે. તે સમાપત્તિનું લક્ષણ યોગગ્રંથમાં [2]પ્રસિદ્ધ છે.

---

૧. યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક એમ ત્રણ અવંચક છે. અવંચક એટલે નહિ છેતરનાર. યોગ એટલે સાધુઓનો યોગ. છેતરે નહિ તેવો સાધુઓનો યોગ તે યોગાવંચક. સુસાધુઓનો યોગ થાય અને મોક્ષ મેળવવાના લક્ષથી સુસાધુઓની સેવા કરવામાં આવે તો આ યોગ અવંચક બને. કુસાધુઓનો યોગ થાય, અથવા સુસાધુઓનો યોગ થાય, પણ તેમની સેવા ભૌતિકસુખ વગેરે મેળવવાના આશયથી કરવામાં આવે તો આ યોગ વંચક બને.

છેતરે નહિ તેવી સાધુઓને વંદન કરવું વગેરે ક્રિયા તે ક્રિયાવંચક છે. સાધુઓને વંદન કરવું વગેરે ક્રિયાથી છેતરે નહિ તેવા ફળની પ્રાપ્તિ તે ફલાવંચક છે. આ ત્રણમાં યોગ-અવંચક હોય તો બીજા બે પણ અવંચક જ હોય. યોગ વંચક હોય તો બીજા બે પણ વંચક જ હોય. આથી યોગ અવંચકને બરાબર જાણીને તેને મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૨. સમાપત્તિનું લક્ષણ- मणेरिवाभिजातस्य क्षीणवृत्तेरसंशयम्। तात्स्थ्यात्तदञ्जनत्वाच्च समापत्तिः प्रकीर्तिता इव (उपा. द्वात्रिं- २०/१०)

**વિશેષાર્થ–** જાત્યસ્ફટિકરત્ન હોય અને તેની ઉપરનાં મલાદિ આવરણો દૂર થયેલા હોય, તેવા મણિની સામે જપાકુસુમ મૂકવાથી જપાકુસુમનું પ્રતિબિંબ તે મણિમાં પડે છે, તેથી સ્ફટિકમાં જપાકુસુમનું તાત્સ્થ્ય છે તેમ દેખાય છે, અને તેના કારણે જપાકુસુમના વર્ણથી સ્ફટિક રંજિત થયેલું દેખાય છે, તે જપાકુસુમની સ્ફટિક સાથે સમાપત્તિ અર્થાત્ એકરૂપતાપત્તિ છે. તે રીતે જે જીવમાં કર્મો ક્ષીણ થઈ ગયાં છે, તે જીવના પરમાત્માની સાથે એકાકાર ઉપયોગવાળા ચિત્તમાં ઉપયોગાત્મના=ઉપયોગ સ્વરૂપે, પરમાત્મા તાત્સ્થ્ય બને છે, અને તેના કારણે પરમાત્માના સ્વરૂપથી તેનુ ચિત્ત રંજિત થાય છે, તન્મયભાવને પામે છે, તે સમાપત્તિ છે. આ પ્રમાણે બત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૩૨॥

**उपोद्घातवचनकर्णिका**– तथा–

હવે તે જ વિષયની પુષ્ટિ કરતાં કહે છે કે–

**पूजापूजकपूज्यसङ्गतगुणध्यानावधानक्षणे मैत्री**
**सत्त्वगणेष्वनेन विधिना भव्यः सुखी स्तादिति**
**वैरव्याधिनिरोधमत्सरमदक्रोधैश्च नोपप्लवस्तत्को**
**नाम गुणो न दोषदलनो द्रव्यस्तवोपक्रमे ॥३३॥**

**શ્લોકાર્થ–** પૂજા-પૂજક-પૂજ્યને સંગત એવા ગુણોના ધ્યાન પછીની જે અનુપ્રેક્ષા છે તે વખતે આ વિધિવડે(=દ્રવ્યસ્તવવિધિથી) "સર્વભવ્યજીવો સુખી થાવ." ઈત્યાદિરૂપ જીવસમુદાય પર મૈત્રી હોય છે. તથા વૈર, વ્યાધિ, વિરોધ, મત્સર, મદ અને ક્રોધનો ઉપદ્રવ થતો નથી. આ દ્રવ્યસ્તવના ઉપક્રમમાં(=આરંભમાં) દોષનાશક કયો ગુણ નથી ? અર્થાત્ દોષનાશક સર્વગુણો છે...॥૩૩॥

## પૂજા, પૂજક, પૂજ્યની એકસંગતિ,
## ધ્યાનક્ષણે મૈત્રીની અભિવ્યક્તિ.
## વૈરાદિ ઉપદ્રવોની સમાપ્તિ.

**व्याख्या**– इति सत्त्वगणेषु प्राणिसमूहेषु मैत्री भवति । इतीति किम् ? पूजेति पूजापूजकपूज्यसङ्गतास्त्रयान्वयिनो गुणास्तेषां यत् दृग्दृश्यद्रष्ट इष्ट-

-समापत्तिसमाधिफलं ध्यानं । ततो यदवधानमनुप्रेक्षा तत्क्षणे तदवसरे। अनेन द्रव्यस्तवविधिना भव्यः सर्वोऽपि सुखी स्तात् भवतु इति ।

**ભાવાર્થ–** આ પ્રમાણે સર્વજીવો પ્રત્યે મૈત્રી પ્રગટે છે. "ઇતિ" આ પ્રમાણે એટલે શું ? પૂજા, પૂજા કરનાર અને પૂજ્ય પરમાત્મા આ ત્રણેમાં જે ગુણો રહ્યા છે તે ગુણોનું દગ્(=દષ્ટિ), દશ્ય(=પરમાત્મા) દ્રષ્ટા=(ધ્યાન કરનાર) એ ત્રણેની સમાપત્તિરૂપ સમાધિ જેનું ફળ છે. એવું ધ્યાન થાય છે. અર્થાત્ પૂજા કર્યા પછી પૂજક ધ્યાન કરે છે એ ધ્યાનમાં 'દૃગ્, દૃશ્ય અને દ્રષ્ટા એ ત્રણે એકરૂપ બની જાય છે. ત્યારપછી અનુપ્રેક્ષાની અવસ્થા આવે છે.

તે અવસરે આ દ્રવ્યસ્તવવિધિ વડે(=શુભ અધ્યવસાયથી) ભાવપૂર્વક વિધિયુક્તક્રિયાના બળે) "સર્વભવ્યજીવો સુખી થાઓ" આ પ્રમાણે મૈત્રી ભાવની અભિવ્યક્તિ થાય છે.

**व्याख्या–** च पुनस्तथा उपप्लव उपद्रवो न भवति । वैरेति वैरं च व्याधिश्च विरोधश्च मत्सरश्च मदश्च क्रोधश्च तैः कृत्वा । तत्तस्मात् कारणात् द्रव्यस्तवोपक्रमे उपक्रम्यमाणे द्रव्यस्तवे को नाम गुणो न भवति ? अपि तु भूयानेव भवतीति भावः । कीदृशो गुणः ? दोषदलनो दोषोच्छेदकारी ॥३३॥

**ભાવાર્થ–** વળી દ્રવ્યસ્તવનમાં વીતરાગની પૂજાથી વૈર, વ્યાધિ, વિરોધ, મત્સર, મદ, ક્રોધ વગેરે દ્વારા ઉપદ્રવ થતો નથી. તે કારણથી દ્રવ્યસ્તવના ઉપક્રમમાં(=આરંભમાં) દોષનાશક ઘણા ગુણો છે. તે ગુણો દોષનો છેદ કરનાર છે. આ પ્રમાણે તેત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.. ॥૩૩॥

**उपोद्‌घातवचनकर्णिका–** उक्तशेषमाह–

હવે દ્રવ્યસ્તવના બાકી રહેલા લાભોને જણાવે છે–

**सत्तन्त्रोक्तदशत्रिकादिकविधौ सूत्रार्थमुद्राक्रियायोगेषु**
**प्रणिधानतो व्रतभृतां स्याद्भावयज्ञो ह्ययम् ।**
**भावापद्विनिवारणाद्बहुगुणे ह्यप्यत्र हिंसामतिर्मूढानां**
**महती शिला खलु गले जन्मोदधौ मज्जताम् ॥३४॥**

**શ્લોકાર્થ–** ઉત્તમશાસ્ત્રમાં કહેલી દશત્રિક વિગેરે વિધિવેળા સૂત્ર-અર્થ-ક્રિયારૂપ યોગોમાં પ્રણિધાન રાખવાથી વ્રતધરો(=શ્રાવકો) માટે આ દ્રવ્યસ્તવ નિશ્ચિત ભાવયજ્ઞ થાય છે. આ દ્રવ્યસ્તવ ભાવ આપત્તિનું નિવારણ કરે છે અર્થાત્ ભાવમાં આવતી આપત્તિનું નિવારણ કરે છે. તેથી તે બહુગુણવાળું છે. છતાં પણ આ દ્રવ્યસ્તવમાં મૂઢપુરુષોની હિંસાની બુદ્ધિ જન્મરૂપસમુદ્રમાં ડૂબતા તેઓના(=પ્રતિમાલોપકોના) ગળે મોટી શિલા સમાન છે...॥૩૪॥

## ભાવાપત્તિનાશક દ્રવ્યસ્તવની
## નિર્દૂષણતા બતાવી-યુક્તિપૂર્વક સમાધાન

**व्याख्या–** हि-निश्चितं व्रतभृतां देशव्रतिनां अयं द्रव्यस्तवः भावयज्ञः स्यात्, अभ्युदयनिःश्रेयसहेतुयज्ञरूपत्वात् । कस्मात् ? प्रणिधानतः ध्यानतः। केषु ? सत्तन्त्रेति सूत्रार्थेति (च) सच्छास्त्रे सत्तन्त्रे उक्तः पूजापूर्वाङ्गीभूतः ''दहतिग अहिगम पणगं'' इत्यादिना ऽभिहितो दशत्रिकादिविधिस्तस्मिन् विषये। सूत्रं चार्थश्च मुद्रा च क्रिया च तल्लक्षणेषु योगेषु । हि निश्चितं ।

**ભાવાર્થ–** દેશવિરતિધર શ્રાવકોનો આ દ્રવ્યસ્તવ ભાવયજ્ઞરૂપ થાય છે. કેમકે તે અભ્યુદય એને મોક્ષમાં કારણભૂત યજ્ઞ બને છે. અને તે ધ્યાનદ્વારા ભાવયજ્ઞ બને છે. "दशत्रिक अभिगम पंच" ઇત્યાદિ શાસ્ત્રવચનથી સૂચિત પૂજાની આગળ પાછળના અંગભૂત દશત્રિક વગેરે વિધિના અવસરે બોલાતા સૂત્રોમાં, તેના અર્થોમાં, તે વખતે રાખવાની મુદ્રામાં(યોગમુદ્રા-જિનમુદ્રા-મુક્તાશુક્તિમુદ્રામાં) અને કરવાની ક્રિયામાં ધ્યાન રાખવાથી આ દ્રવ્યસ્તવ પણ ભાવયજ્ઞ બની જાય છે.

**व्याख्या–** अत्र द्रव्यस्तवे या हिंसामतिरस्ति । कीदृशेऽत्र द्रव्यस्तवे ? बहुगुणे । कस्मात् ? जिनविरहप्रयुक्ततद्विनयासंपत्तिरूपा या भावापत् तस्या विनिवारणात् । अथवा भावापद्विनिवारणोचितगुणे इति पाठे वा भावापत्तस्या विनिवारणे उचित गुणे यस्मिन् ईदृशेऽपि खलु निश्चितं सा हिंसामतिर्मूढानां विपर्यस्तनां जन्मोदधौ संसारसमुद्रे मज्जतां गले महती शिला वर्त्तते ।

**ભાવાર્થ–** ભાવનિક્ષેપાનો=સાક્ષાત્ ભગવંતનો વિરહકાળ છે. તેથી તેમના વિનયનો લાભ મળતો નથી તે જ મોટામાં મોટી ભાવાપત્તિ છે.

તેનું નિવારણ કરવાથી દ્રવ્યસ્તવ બહુગુણવાળું છે. બહુગુણવાળા દ્રવ્યસ્તવમાં મૂઢજીવોની હિંસાની બુદ્ધિ ખરેખર જન્મરૂપી સમુદ્રમાં ડૂબતા તેમના ગળામાં મોટી શિલા છે.

**व्याख्या**– मज्जतां हि पापानां गले शिलारोप उचित एवेति सममलङ्कारः ''समं योग्यतया योगो यदि संभावितः क्वचित्'' इति काव्यप्रकाशकारः ॥३४॥

**ભાવાર્થ**– ખરેખર સંસારસમુદ્રમાં ડૂબતા તે પાપીના ગળામાં શિલાનું આરોપણ ઉચિત જ છે. આ પ્રમાણે "समम्" અલંકાર છે.

આ કાવ્યમાં "समम्" અલંકાર છે. (જો ક્યાંય સરખી યોગ્યતાથી યોગ સંભવિત=લોકસંમત હોય, (તો समम् અલંકાર કહેવાય. એમ કાવ્યપ્રકાશકાર કહે છે. આ પ્રમાણે ચોત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૩૪॥

**उपोद्घातवचनकर्णिका**– भावापद्विनिवारणगुणेन कृतां स्थापनामेव दृढयति–ભાવાપત્તિ નિવારણ કરવાના ગુણવડે કરાયેલી સ્થાપનાને જ દઢ કરતા કહે છે–

**सम्यग्दृष्टिरयोगतो भगवतां सर्वत्र भावापदं,**
**भेत्तुं तद्भवने तदर्चनविधिं कुर्वन्न दुष्टो भवेत् ।**
**वाहिन्युत्तरणोद्यतो मुनिरिव द्रव्यापदं निस्तरन्,**
**वैषम्यं किमिहेति हेतुविकलः शून्यं परं पश्यतु ॥३५॥**

**શ્લોકાર્થ**– ભગવાનના વિરહકાળમાં સર્વત્ર ભાવાપત્તિ છે. આ ભાવાપત્તિને જ ભેદવા સમ્યગ્દષ્ટિજીવ જિનપ્રતિમા પૂજા કરે છે. માટે તે સમ્યગ્દષ્ટિ જીવ દુષ્ટ (હિંસાદિ દોષયુક્ત) કહેવાતો નથી. જેમ કે દ્રવ્યાપત્તિને દૂર કરવા નદી ઉતરવા ઉદ્યત થયેલો સાધુ. અહીં ભાવાપત્તિ નિવારકપૂજા અને દ્રવ્યાપદ્ નિવારક નદી ઉત્તરણ એ બેમાં શું વિષમતા અર્થાત્ તફાવત છે ? તેનો પ્રત્યુત્તર આપવા અસમર્થ પ્રતિમાલોપક માત્ર શૂન્યને જુવે. અર્થાત્ દિગ્મૂઢ બની ઊભો રહે..॥૩૫॥

**ભાવાપત્તિનિવારણગુણથી કરેલી**
**સ્થાપનાની દૃઢતાદર્શન.**

**व्याख्या**– सम्यग्दृष्टिः दुष्टः दोषवान् न भवेत् । किं कुर्वन् ? तद्भवने भगवदायतने तदर्चनविधिं विहितां भगवत्पूजां कुर्वन् सन् । किं कर्तु ? भगवतां तीर्थकृतां अयोगतो विरहात् सर्वत्र स्थाने भावापदं भेत्तुं ।

**ભાવાર્થ**– પ્રભુના વિરહકાળમાં સર્વત્ર ભાવાપત્તિને દૂર કરવા માટે જિન-પ્રાસાદમાં વિહિત એવી જિનપૂજાને કરતો સમ્યગ્દષ્ટિ દોષવાન ગણાતો નથી.

**व्याख्या**– सम्यग्दृष्टिः क इव ? मुनिरिव यथा मुनिर्दुष्टो न भवेत् । किं कुर्वन् ? अन्यतो विहारायोगरूपां द्रव्यापदं निस्तरन् निस्तरणकामः । कीदृशो मुनिः ? वाहिन्या नद्या उत्तरणे उद्यतः कृतोद्यमः ।

**ભાવાર્થ**– અન્યસ્થળથી વિહારનો અસંભવાદિરૂપ દ્રવ્યઆપદાને ટાળવા નદી ઉતરતો સાધુ જેમ દોષપાત્ર નથી, તેમ જિનપૂજા કરતો સમ્યગ્દષ્ટિ જીવ દુષ્ટ=દોષપાત્ર ગણાતો નથી.

**व्याख्या**– इह उक्तस्थानयोः किं वैषम्यं अल्पव्ययबहुलाभयोराज्ञायोगस्य, तत्तदधिकार्योचितस्य च तुल्यत्वात् । एकत्र नित्यत्वं कारणनित्यत्वात्, अन्यत्र नैमित्तिकत्वं च निमित्तमात्रापेक्षणात् इत्यस्योपपत्तेरिति । इति पर्यनुयोगे हेतुविकलः प्रत्युत्तरदानासमर्थः लुम्पकः प्रतिमारिः परं केवलं शून्यं पश्यतु दिग्मूढस्तिष्ठत्वित्यर्थः ॥३५॥

**ભાવાર્થ**– અહીં ઉપર કહેલા સ્થાનમાં=દ્રવ્યાપદ્ દૂર કરવા સાધુ નદી ઉતરે છે તો ભાવાપદ્ દૂર કરવા સમ્યગ્દષ્ટિજીવ જિનપૂજા કરે છે. આ બંને સ્થળે અલ્પવ્યય અને બહુલાભમાં આજ્ઞાયોગ અને તે તે ક્રિયાના અધિકારીની ઉચિતતા તુલ્યરૂપે છે. જિનવિરહરૂપ ભાવાપત્તિ નિત્ય હોવાથી પૂજાકૃત્ય નિત્ય છે. વિહારમાં નદી ઉતરવી અસંભવરૂપ દ્રવ્યાપત્તિ ક્વચિત્ હોવાથી તન્નિમિત્તક નદી ઉત્તરણ પણ ક્વચિત્ છે. તેથી વિષમતા નથી.

આવા પ્રશ્નનો પ્રત્યુત્તર આપવા અસમર્થ એવો લુંપાક-પ્રતિમાનો શત્રુ કેવલ શૂન્યતાનું અવલોકન કરે, દિગ્મૂઢની જેમ રહે, ભ્રમિત ચિત્તવાળો બનીને રહે. આ પ્રમાણે પાંત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..૩૫

**उपोद्घातवचनकर्णिका**– वैषम्यहेतुमाशङ्क्य निराकरोति–

હવે વિષમતામાં હેતુની આશંકા કરીને આશંકા દૂર કરે છે–

**नो नद्युत्तरणे मुनेर्नियमनाद्वैषम्यमिष्टं यतः,**
**पुष्टालम्बनकं न तन्नियमितं किं तु श्रुते रागजम् ।**
**यस्मिन् सत्त्ववधे वदन्ति किल येऽशक्यप्रतीकारतां**
**तैर्निन्दामि पिबामि चाम्भ इति हि न्यायः कृतार्थः कृतः ॥३६॥**

**શ્લોકાર્થ–** મુનિને નદી ઉતરવામાં સંખ્યાનું નિયમન છે. જ્યારે શ્રાવકને પૂજા કરવામાં તેમ નથી. તેથી બન્ને વચ્ચે આ વિષમતા છે. આમ કહેવું જોઈએ નહિ, કેમકે સિદ્ધાંતમાં (નદી ઉતરવા અંગે) પુષ્ટ આલંબને સંખ્યાનિયમ નથી કર્યો. પણ રાગથી નદી ઉતરવા અંગે જ સંખ્યાનિયમ કર્યો છે. નદી ઉતરવામાં જીવવધ અશક્ય પરિહારરૂપ છે. એમ કહેનારાઓએ "પાણીને નિંદુ છું અને પીઉં છું." આ ન્યાયને સાર્થક કર્યો છે..॥૩૬॥

**રાગપ્રાપ્ત નદી ઉત્તરણમાં સંખ્યાનિયમ.**
**નદી ઉતરવામાં વૈષમ્યતાનો અભાવ.**
**છતાં લુંપાકનું જળની નિંદા કરું છું.**
**અને જલ પીવું છું. એવું વિધાન.**

**व्याख्या–** मुनेः नद्युत्तरणे नियमनात् सङ्ख्या नियमाभिधानात् श्राद्धस्य पूजायां तद्भावाद्धेतोः वैषम्यं इष्टं अस्ति इति नो नैव वाच्यं ।

**ભાવાર્થ–** મુનિને નદી ઉતરવામાં સંખ્યા નિયમ છે. જ્યારે શ્રાવકને પૂજા અંગે તેવો કોઈ નિયમ કહેલો નથી. આ હેતુથી તેમાં વિષમતા ઈષ્ટ છે. આ પ્રમાણે તમારે કહેવું ના જોઈએ.

**व्याख्या–** यतस्तन्नद्युत्तरणं पुष्टालम्बनकं ज्ञानादिलाभकारणं न नियमित-मस्ति किं तु श्रुते=सिद्धांते रागजं=रागप्राप्तं नद्युत्तरणं नियमितमस्ति ।

**ભાવાર્થ–** આગમમાં જ્ઞાનાદિ લાભનું પુષ્ટકારણ હોય તો નદી ઉતરવામાં સંખ્યાનું નિયમન કર્યું નથી. કિંતુ રાગથી નદી ઉતરવામાં સંખ્યાનું નિયમન કર્યું છે.

**व्याख्या–** इत्थमेव नखनिर्दलन प्राप्तोपघातनिषेधार्थं प्रोक्षणविधेरिव

द्रव्यस्तवविधिस्तु गृहिणोऽपूर्व एवेति साम्यायोगात् पुष्टालम्बनं तु वर्षास्वपि ग्रामानुग्रामविहारकरणमप्यनुज्ञातमिति कस्तत्र सङ्ख्यानियमः ?

**ભાવાર્થ–** જેમ આત્મોપઘાતને રોકવા નખ [1]નિર્દલનનો=કાપવાનો વિધિ શાસ્ત્રમાં બતાવ્યો છે. તેમ રાગથી નદી ઉતરવાની ક્રિયા ન થાય એ હેતુથી જ સિદ્ધાંતમાં નદી ઉતરવા અંગે સંખ્યાનિયમનો વિધિ છે. દ્રવ્યસ્તવનો વિધિ તો ગૃહસ્થને અપૂર્વ જ છે. તેથી તે સ્થળે સંખ્યાનિયમને અવકાશ જ નથી. તેથી સંખ્યા નિયમના બળ ઉપર વૈષમ્ય બતાવવું યોગ્ય નથી.

**व्याख्या–** तथा च स्थानाङ्गसूत्रं- ''वासावासं पज्जोसविआणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा गामानुगामं दुइज्जित्तए पंचहिं ठाणेहिं कप्पइ तं णाणट्ठयाए दंसणट्ठयाए'' इत्याद्यालापके ।

**ભાવાર્થ–** તથા પુષ્ટાલંબન હોય તો તેવા પ્રસંગોએ સાધુને ચોમાસામાં પણ ગામોગામ વિહાર કરવાની આજ્ઞા આપેલી છે. પછી ત્યાં સંખ્યાનિયમને અવકાશ જ ક્યાં છે ? આ અંગે સ્થાનાંગસૂત્રમાં આ સૂત્ર છે. વર્ષાવાસ રહેલા સાધુ કે સાધ્વીને ગ્રામાનુગ્રામ(=એક ગામથી બીજે ગામ) વિહાર કરવો કલ્પે નહિ, પરંતુ આ પાંચકારણથી કલ્પે છે. (૧) જ્ઞાન માટે, (૨) દર્શન માટે, (૩) ચારિત્ર માટે, (૪) પોતાના આચાર્ય કે ઉપાધ્યાય કાળ કરી જાય તો તથા (૫) બહાર(=પોતાના સ્થાનથી અન્યત્ર) આચાર્ય કે ઉપાધ્યાયની વેયાવચ્ચ કરવાનો પ્રસંગ હોય.

**व्याख्या–** तत्र च मालवादौ एकदिनमध्येऽपि बहुशो नद्युत्तरणं संभवतीति अशक्यपरिहारसमाधिमाश्रित्याह– अस्मिन्नद्युत्तरणे सत्त्ववधे जलादिजीवोपमर्द्दे येऽशक्यप्रतिकारतां वदन्ति तैर्लुम्पकैः अम्भः=जलं निन्दामि पिबामि चेति न्यायः कृतार्थः कृतः ॥३६॥

**ભાવાર્થ–** આ પ્રમાણે વિહાર કરવામાં માળવા વગેરે દેશોમાં એકજ દિવસમાં ઘણીવાર નદી ઉતરવાનો પ્રસંગ આવે. આમ અહીં કોઈ સંખ્યા નિયમ રહેતો નથી.

૧. નખ ન કાપે તો મોટા થયેલા નખ શરીરમાં વાગે તેથી પીડા થાય, એ પીડાને દૂર કરવા દોષો સેવવા પડે. આવું ન થાય એ માટે નખ કાપવાની વિધિ બતાવી છે.

**વાદીપક્ષ–** સત્ત્વાનુકંપી સાધુને નદી ઉતરીને અપકાયના જીવોની વિરાધના કરવાનું મન નથી. પણ અવશ્ય પ્રાપ્ત નદી ઉતરવામાં જીવવિરાધના અશક્યપરિહારરૂપ છે એમ લુંપાક બોલે છે. તેનો પ્રત્યુત્તર આપતા પ્રતિવાદી કહે છે.

**પ્રતિવાદીપક્ષ–** તમે તો "जलं निंदामि" એક બાજુ પાણીની નિંદા કરવી અને બીજી બાજુ પાણી પીવું એ ન્યાય ચરિતાર્થ કર્યો છે. એકબાજુ જીવહિંસાના નામમાત્રથી નિંદા કરવા માંડો છો તો બીજી બાજુ નદી ઉતરતી વખતે થતી જીવ વિરાધનાનો અશક્યપરિહારના નામે બચાવ કરવા મંડી પડો છો. આ પ્રમાણે છત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૩૬॥

**उपोद्घातवचनकर्णिका–** दृष्टान्तीकृत्य नद्युत्तरणेऽदुष्टत्वं न्यायेन साधयति–

"દૃષ્ટાન્ત તરીકે દર્શાવેલી નદી ઉત્તરણ ક્રિયા દુષ્ટ નથી." તેમ જણાવતાં ગ્રંથકાર કહે છે–

**यन्नद्युत्तरणं प्रवृत्तिविषयो ज्ञानादिलाभार्थिनां,**
**दुष्टं तद्यदि तत्र कः खलु विधिव्यापारसारस्तदा ।**
**तस्मादीदृशकर्मणीहितगुणाधिक्येन निर्दोषतां,**
**ज्ञात्वाऽपि प्रतिमार्चनात्पशुरिव त्रस्तोऽसि किं दुर्मते !॥३७॥**

**શ્લોકાર્થ–** જ્ઞાનાદિ લાભના અર્થી આત્માને નદી ઉતરવારૂપ પ્રવૃત્તિનો વિષય જો દુષ્ટ હોય તો ત્યાં વિધિવ્યાપારનું તાત્પર્ય શું ? તેથી આવા પ્રકારનાં કાર્યોમાં ઈષ્ટગુણની અધિકતાવડે આ કાર્યો નિર્દોષ છે. એમ સમજવા છતાં પણ હે દુર્મતિ ! તું પ્રતિમાપૂજાથી પશુની જેમ ત્રાસ કેમ પામે છે ?..॥૩૭॥

## મુનિને નદી ઉતરવામાં નિર્દોષતા.
## તેનું ન્યાયયુક્ત સમાધાન.

**व्याख्या–** यत् कर्तृपदं ज्ञानादिलाभार्थिनां प्रवृत्तिविषयो नद्युत्तरणं अस्ति। तत् यदि दुष्टं स्यात् । तदा तत्र । खलु इति निश्चये । विधिव्यापारस्य विध्यर्थस्य सारः कः तात्पर्यं किं स्यात् ।

**ભાવાર્થ–** જ્ઞાનાદિલાભના ઈચ્છુકજીવોની પ્રવૃત્તિનો વિષય નદી

ઉતરવાની ક્રિયા છે. તે જો દુષ્ટ હોય તો ત્યાં નિશ્ચે વિધિવ્યાપારનું= વિધ્યર્થનું તાત્પર્ય શું છે ?

**व्याख्या–** विध्यर्थो हि अनिष्टस्य बाधाय क्रियते । पापे च बलवत्यनिष्टे जायमाने तत्र विध्यर्थबाध एव स्यादिति ।

**ભાવાર્થ–** વિધ્યર્થ પણ અનિષ્ટના બાધને માટે(=અનિષ્ટને રોકવા માટે) કરવામાં આવે છે. જ્યારે પાપ બળવાન બને અને અનિષ્ટ પ્રાપ્ત થાય ત્યારે ત્યાં વિધ્યર્થનો બાધ થાય છે.

**વિશેષાર્થ–** હવે અહીં આપણે વિધ્યર્થ એટલે શું તે જોઈએ. (૧) પરિણામે બલવત્તર અનિષ્ટનું કારણ ન બનતી હોય, વળી (૨) પોતાના ઈષ્ટનું કારણ બનતી હોય અને (૩) પોતાના પ્રયત્નથી થઈ શકતી હોય આવી પ્રવૃત્તિ કરવી એ જ વિધ્યર્થ છે. પાપજનક પ્રવૃત્તિ ઈષ્ટનું કારણ હોય અને પ્રયત્ન સાધ્ય હોય, તો પણ પરિણામે અનિષ્ટ કરનારી હોય છે. તેથી તે પ્રવૃત્તિમાં વિધ્યર્થને સ્પષ્ટ બાધ છે. તેથી આ પ્રવૃત્તિઓ વિધિનો વિષય બની શકતી નથી. નદી ઉતરવાની ક્રિયા સ્વરૂપથી સાવદ્ય જરૂર છે. પણ શાસ્ત્રમાં જ્ઞાનાદિ કારણે તેનું વિધાન છે. તેથી નદી ઉતરવાની ક્રિયા બલવત્તર અનિષ્ટનું કારણ નથી. અહીં જ્ઞાનાદિગુણો અધિકતારૂપ ઈષ્ટની જ બળવત્તા છે. તે તે અધિકારીઓને આ નદી ઉતરવાની ક્રિયા ગુણકારી હોવાથી નિર્દોષ છે. તે વાત પ્રતિમાલોપકને પણ માન્ય છે.

**व्याख्या–** तस्मात् हे दुर्मते ! प्रतिमार्चनात् त्वं पशुरिव किमिति त्रस्तोऽसि भयं प्राप्तोऽसि ? । किं कृत्वा ? ईहितगुणाधिक्येन ईहितस्येष्टस्य गुणस्याधिक्येन निर्दोषतां स्वरूपतः सावद्यत्वेऽपि बलवदनिष्टाननुबन्धितां ज्ञात्वापि । कस्मिन् ? ईदृशेऽधिकार्युचिते नद्युत्तारादिकर्मणि इति विशेषदर्शिनस्त्रासप्रयोजककुमति-निरासान्न स्यादयं त्रास इति भावः । नद्युत्तारे उत्सर्गापवादसूत्रं वृत्तितो ज्ञेयम् ॥३७॥

**ભાવાર્થ–** તેથી હે દુર્મતિ ! અધિકારીને ઉચિત એવા નદી ઉતરવી વગેરે કાર્યો સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં તે કાર્યોથી ઈષ્ટગુણની અધિકતા થતી હોવાથી તે કાર્યો બલવત્તર અનિષ્ટનું કારણ નથી એમ જાણીને પણ

તું પ્રતિમાપૂજાથી પશુની જેમ કેમ ભય પામે છે ? જેઓ વિશેષજ્ઞ છે તેઓ તો ત્રાસમાં કારણભૂત દુર્બુદ્ધિ દૂર થવાથી કદી ત્રાસ પામતા નથી. આ પ્રમાણે ભાવ જાણવો. નદી ઉતરવામાં ઉત્સર્ગ-અપવાદ જણાવનાર સૂત્ર છે તે વૃત્તિથી જાણી લેવું. આ પ્રમાણે સાડત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૩૭॥

**उपोद्घातवचनकर्णिका**– दृष्टान्तान्तरेण समर्थनमाह-
દ્રવ્યસ્તવ-અન્તર્ગત હિંસાની અદુષ્ટતાનું બીજા દષ્ટાંતથી સમર્થન કરે છે.

**गर्त्तादङ्गविघर्षणैरपि सुतं मातुर्यथाऽहेर्मुखात्,**
**कर्षन्त्या न हि दूषणं ननु तथा दुःखानलार्चिर्भृतात् ।**
**संसारादपि कर्षतो बहुजनान् द्रव्यस्तवोद्योगिन-**
**स्तीर्थस्फातिकृतो न किञ्चन मतं हिंसांशतो दूषणम् ॥३८॥**

**શ્લોકાર્થ**– જેમ સાપના મુખમાંથી બચાવવા અંગના ઘસારા થવા છતાં ખાડામાંથી બાળકને-દિકરાને ખેંચતી માતાને દૂષણ લાગતું નથી. તેમ દુઃખ રૂપી અગ્નિની જ્વાલાથી ભરપૂર એવા સંસારમાંથી ઘણા લોકોને ખેંચી કાઢતા અને તીર્થની ઉન્નતિ કરતા દ્રવ્યસ્તવમાં પ્રવૃત્ત થયેલા પુરુષને હિંસાના અંશમાત્રથી કોઈ દૂષણ નથી..॥૩૮॥

## જિનશાસનની ઉન્નતિ કરનાર
## દ્રવ્યસ્તવમાં ઉધમવંત.
## શ્રાવકને હિંસાનો દોષ લાગતો નથી.
## તેનું દૃષ્ટાંતદ્વારા સમાધાન.

**व्याख्या**– यथा मातुर्न हि नैव दूषणं वर्त्तते । मातुः किं कुर्वन्त्याः ? अहेर्मुखात् सर्पस्य वदनात् सुतं कर्षन्त्याः । कैः ? गर्त्तात् विवरात् अतित्वरया अङ्गस्य विघर्षणैरपि कृत्वा । ननु निश्चये ।

**ભાવાર્થ**– જેમ સર્પના મુખમાંથી બચાવવા બાળકને ખાડામાંથી બહાર ખેંચતી માતા ખાડામાંથી એક જ ઝાટકે ખેંચવાથી બાળકના કોમળ અંગો પણ ઘસાય છે, છતાં દોષપાત્ર ઠરતી નથી. અહીં "ननु" નિશ્ચયાર્થમાં છે.

**व्याख्या**– तथा तीर्थस्फातिकृतः जिनशासनोन्नितिकारिणः श्रावकस्य दूषणं न मतं कथितं । केन ? हिंसांशतः हिंसांशेन कृत्वा स्वरूपहिंसाया दोषस्याबलत्वात् प्रशस्यफलसाधनतयाऽनुबन्धतोऽदोषत्वाद्वा ।

**ભાવાર્થ**– તેવી રીતે જિનશાસનની ઉન્નતિ કરનાર શ્રાવકને દૂષણ માનેલું નથી. શા કારણથી ? હિંસાના અંશ વડે કરીને, અર્થાત્ [1]સ્વરૂપ-હિંસારૂપ દોષ જરાપણ બળવાન નથી તેથી. અથવા દ્રવ્યસ્તવ ઉદ્દેશ્યને અનુરૂપ ફળનું સાધન હોવાના કારણે અનુબંધથી=ફળથી નિર્દોષ છે તેથી. (ઉદ્દેશ્ય એટલે અંતિમ લક્ષ્ય. ફળ એટલે અનંતરસાધ્ય. પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે. અને અનંતરસાધ્ય ચારિત્ર છે. આમ દ્રવ્યસ્તવ ઉદ્દેશ્યને અનુરૂપ ફળનું સાધન હોવાથી અનુબંધથી નિર્દોષ છે.)

**व्याख्या**– कीदृशस्य तीर्थस्फातिकृतः ? द्रव्यस्तवे उद्योगिन उद्यमवतः। पुनः कीदृशस्य ? बहुजनान् बीजाधानद्वारेण कर्षत उद्धरतः । कस्मात् ? संसारात् अपि । कीदृशात् ? दुःखानलार्चिर्भृतात् असुखाग्निज्वालापूरितात् ॥३८॥

**ભાવાર્થ**– દ્રવ્યસ્તવમાં ઉદ્યમ કરનારો, ઘણા જીવોને બોધિબીજ પમાડવા દ્વારા ઉદ્ધાર કરનારો તે શ્રાવક કેટલાક ભવ્યાત્માઓને દુઃખરૂપ અગ્નિની જ્વાલાથી ભરપૂર આ સંસારગર્તામાંથી ખેંચી કાઢે છે. આમ અનેક પ્રકારે શાસનપ્રભાવના કરનાર શ્રાવક અલ્પજીવોની વિરાધના કરવારૂપ અંગને ઘસરકો લગાડી દે છે. તેટલામાત્રથી દોષપાત્ર ઠરતો નથી. આ પ્રમાણે આડત્રીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૩૮॥

---

૧. હિંસાના ત્રણ પ્રકાર છે. તે આ રીતે [૧] **હેતુ**- પ્રમાદ કે જેને જૈન પરિભાષામાં અયતના કહે છે. તે હિંસાનો હેતુ છે. **તત્ત્વાર્થસૂત્ર**માં પ્રમાદના ત્રણ પ્રકાર કહ્યા છે. (૧) **સ્મૃતિ અનવસ્થાન**- વિકથા વગેરેના કારણે ચિત્ત વ્યાકુળ થઈ જવાથી કર્તવ્યનું વિસ્મરણ થઈ જવું. (૨) **કુશળનો અનાદર**- ઉત્સાહના અભાવે શાસ્ત્ર વિહિત શુભાનુષ્ઠાનોનું પાલન ન કરવું. (૩) **યોગ દુષ્પ્રણિધાન**- મન-વચન-કાયાની બધી જ શુભપ્રવૃત્તિઓ આર્તધ્યાનપૂર્વક અર્થાત્ ઉદ્વેગ પૂર્વક કરવી. (તત્ત્વાર્થસૂત્ર અ-૭, સુ.૨૮)

[૨] **સ્વરૂપ**- પ્રાણિવિનાશ હિંસાનું સ્વરૂપ છે. [૩] **અનુબંધ**- પાપકર્મના બંધથી ભાવિમાં પ્રાપ્ત થતા દુઃખો એ હિંસાનો અનુબંધ=ફળ છે.આ ત્રણ રીતે હિંસા જાણી શકાય છે.

**उपोद्घातवचनकर्णिका**— एतत्समर्थितदृष्टान्तन्यायं प्रकृते योजयितुमाह—

આનાથી(=પુત્રને ખેંચવાના દૃષ્ટાંતથી) સમર્થિત અન્ય દૃષ્ટાંતના (=રાજ્યપ્રદાનાદિરૂપ અન્ય દૃષ્ટાંતના) ન્યાયને(=નિર્દેશને) પ્રસ્તુત વિષયમાં લગાડતા ગ્રંથકાર કહે છે—

**एतेनैव समर्थिता जिनपतेः श्रीनाभिभूपान्वयव्योमेन्दोः**
**सुतनीवृत्तां विभजना शिल्पादिशिक्षापि च ।**
**अंशोऽस्यां बहुदोषवारणमतिश्रेष्ठो हि नेष्टोऽपरो,**
**न्यायोऽसावपि दुर्मतद्रुमवनप्रोद्दामदावानलः ॥३९॥**

**શ્લોકાર્થ**— ઉપર જણાવેલા પુત્રના દૃષ્ટાંતવડે નાભિરાજાના વંશરૂપી આકાશમાં ચંદ્રસમાન ઋષભદેવ જિનપતિએ "પુત્રોને જુદા જુદા દેશોની વહેંચણી કરી આપી. અને શિલ્પની કળા શિખવાડી" એ સમર્થિત થાય છે. અહીં એક અંશ(=ભાગ) બહુદોષને વારનારો હોવાથી અતિશ્રેષ્ઠ છે. જ્યારે બીજો અંશ(=ભાગ) હિંસાદિરૂપ ઈષ્ટ નથી. આ ન્યાય પણ કુમતિરૂપી વૃક્ષના વનને બાળવા માટે પ્રબલ દાવાનલ સમાન છે...॥૩૯॥

## શ્રી ઋષભદેવ ભગવંતની વ્યવહારિક પ્રવૃત્તિ તે સંબંધી નિર્દોષતાનું વર્ણન

**व्याख्या**— एतेन उपदर्शितेन सुतकर्षणदृष्टान्तेनैव जिनपतेः श्री ऋषभदेवस्य। सुतनीवृता सुतदेशानां विभजना शिल्पादिशिक्षाऽपि च समर्थिता विभज्य दानं शिल्पादीनां शिक्षाऽपि च प्रजानामिति शेषः। निर्दोषतयोपदर्शिता ।

**ભાવાર્થ**— ઉપર જણાવેલા પુત્રના દૃષ્ટાંતવડે શ્રી ઋષભદેવની (सुतनीवृत्ता =) પુત્રોને દેશોનો વિભાગ વહેંચી આપ્યો અને પ્રજાને શિલ્પ વગેરેની કળાનું શિક્ષણ આપ્યું એ નિર્દોષ છે એમ જણાવ્યું.

**व्याख्या**— कीदृशस्य जिनपतेः ? श्रीनेति श्रीनाभिभूपस्य योऽन्वयो वंशतदेवव्योम-अतिविशालत्वात्, तत्र इन्दुः परमसौम्यलेश्यत्वादिति विशेषणेन विशेष्यप्राप्तेः विशेष्यानुपादानान्नन्यूनत्वम् नीवृदन्वितस्य सुतपदस्य शिक्षायां पृथगन्वये सुतेभ्य इत्यध्याहारः कर्तव्य ।

**ભાવાર્થ–** કેવા પ્રકારના જિનપતિએ બતાવી ? શ્રી નાભિરાજાના વંશરૂપી આકાશ(=આકાશની જેમ વિશાળ વંશ) વિષે ઋષભદેવપ્રભુ પરમસૌમ્યલેશ્યાવાળા હોવાથી ચંદ્ર સમાન છે. કાવ્યમાં **"શ્રીનાભિભૂપ"** આ વિશેષણપદ જ **"ઋષભદેવ"** એવું વિશેષ્યપદનું અર્થથી બોધ કરાવવા સમર્થ છે. તેથી "ઋષભદેવ" એવું વિશેષ્યપદ ન હોવા છતાં ન્યૂનતા દોષ નથી. **"सुतनीवृत्त"** શબ્દમાં રહેલા "सुत" પદનો જ "शिक्षा" સાથે અલગ અન્વય કરવો હોય "सुत શબ્દથી 'सुतेभ्यः' (सुत=પુત્રોને) એવો અધ્યાહાર કરવો જોઈએ.

**व्याख्या–** अन्यथा विधेयाविमर्शदोषानुद्धारे सुष्ठु शोभना ता लक्ष्मीर्यत्रेति नीवृत्समानाधिकरणविशेषमेव व्याख्येयं । ''ता सा श्रीः कमलेन्दिरा'' इति हैमः ।

**ભાવાર્થ–** અન્યથા "વિધેય" પદનો બોધ ન થવારૂપ દોષ આવે તેથી આ સ્થાને ता=લક્ષ્મી. "સારી લક્ષ્મી છે જ્યાં(=જે દેશમાં) તે" સુત એવી વ્યુત્પત્તિ કરવી. પછી આ પદને 'निवृत्त' દેશપદનું વિશેષણ બનાવી કર્મધારય સમાસ કરવો. શ્રી હેમચંદ્રાચાર્યે કોષમાં લખ્યું છે કે "ता सा श्रीः कमलेन्दिरा"

**व्याख्या–** अस्यां सुतनीवृद्विभजनायां शिल्पादिशिक्षायां चाधिकारिणा भगवताऽयमतिश्रेष्ठोंऽशोऽभिहितः । किंविशिष्टोंऽशः ? बहुदोषस्य मात्स्य-न्यायेनान्यायप्रवृत्तिलक्षणस्य वारणं इतिरूपः । हि निश्चितं । अपरोऽन्यों-ऽशोऽनुषङ्गहिंसारूपो नेष्ट उपेक्षित इति यावत् ।

**ભાવાર્થ–** પુત્રોને રાજ્યની વહેંચણી કરવામાં અને પ્રજાને કલાઓનું શિક્ષણ આપવામાં બે અંશ છે. રાજ્યની વહેંચણી અને કલાશિક્ષણ ન થાય તો મત્સ્યગલાગલ ન્યાયથી અન્યાયવાળી, (હિંસા, અસત્ય, ચોરી, ભ્રષ્ટાચાર વગેરે) પ્રવૃત્તિરૂપ બહુદોષો છે. રાજ્યની વહેંચણી કરવાથી અને કલાઓનું શિક્ષણ આપવાથી આ બહુદોષોનું નિવારણ થાય તે એક અંશ છે. આનુષંગિક હિંસા થાય એ બીજો અંશ છે. રાજ્ય વહેંચણી અને કલાશિક્ષણમાં અધિકારી ઋષભદેવભગવંતે બહુદોષનિવારણરૂપ અંશને અત્યંત શ્રેષ્ઠ કહ્યો છે, અને આનુષંગિક હિંસારૂપ અંશની ઉપેક્ષા કરી છે.

**व्याख्या–** असौ अपि न्यायो निर्देशलक्षणः । दुर्मते द्रव्यस्तवानभ्युपगमरूपे द्रुमवने वृक्षसमूहे प्रोद्दामो बलवत्तरो दावानलो वाडवाग्निरेवास्ति उन्मार्गे प्रचलितस्य दुर्मतस्य भस्मीभावात् ॥३९॥

**ભાવાર્થ–** આ નિર્દેશલક્ષણન્યાય પણ દ્રવ્યસ્તવના અસ્વીકારરૂપ જે દુર્મત છે તે દુર્મતરૂપી વૃક્ષસમુદાય માટે પ્રબલતર દાવાનલ સમાન છે. કેમકે ઉન્માર્ગગામી દુર્મતિને=કુમતિને તે બાળીને રાખ કરનારો છે. આ પ્રમાણે ઓગણચાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૩૯॥

**उपोद्घातवचनकर्णिका–** महानिशीथाक्षराणि तत्प्रामाण्यज्ञापनपूर्वं दर्शयति–

મહાનિશીથના અક્ષરો પ્રમાણભૂત છે એમ બતાવવા પૂર્વક એ અક્ષરો બતાવે છે–

**किं योग्यत्वमकृत्स्नसंयमवता पूजासु पूज्या जगुः,**
**श्राद्धानां न महानिशीथसमये भक्त्या त्रिलोकीगुरोः ।**
**नन्दीदर्शितसूत्रवृन्दविदितप्रामाण्यमुद्राभृतो,**
**निद्राणेषु पतन्ति डिण्डिमडमत्कारा इवैता गिरः ॥४०॥**

**શ્લોકાર્થ–** દેશવિરતિધર શ્રાવકો ભક્તિથી ત્રણલોકના ગુરુની પૂજાના વિષયમાં યોગ્ય=અધિકારી છે. એમ ગણધરોએ મહાનિશીથશાસ્ત્રમાં શું કહ્યું નથી ? અર્થાત્ કહ્યું જ છે. વળી નંદીસૂત્રમાં દર્શાવેલા સૂત્રવૃંદમાં (=સૂત્ર સમૂહમાં) પ્રસિદ્ધ થયેલી પ્રામાણ્યમુદ્રાને ધારણ કરતી આ વાણી (ભાવથી) સૂતેલાઓ ઉપર પડહના પડઘમની જેમ પડે છે...॥૪૦॥

## મહાનિશીથસૂત્રકથિત
## પ્રામાણિકપણાની મહોરછાપ.

**व्याख्या–** महानिशीथसमये महानिशीथसिद्धांते पूज्या गणधराः अकृत्स्नसंयमवतां देशविरतानां श्रावकाणां योग्यत्वं किं न जगुः ? अपि तु जगुरेव ।

**ભાવાર્થ–** મહાનિશીથસિદ્ધાંતમાં ગણધરભગવંતોએ દેશવિરતિ શ્રાવકોની યોગ્યતા શું કહી નથી ? કહેલી જ છે.

**व्याख्या–** कया ? भक्त्या अतिशयितरागेण । कासु ? पूजासु पुष्पादिनाऽर्चनेषु । कस्य ? त्रिलोकीगुरोस्त्रिभुवनधर्माचार्यस्येति ।

**ભાવાર્થ–** ભક્તિવડે=અતિશયરાગવડે પરમાત્માની પુષ્પાદિ વડે પૂજા કરવા વિષે શ્રાવકની યોગ્યતા કહેલી છે. ત્રણ લોકના ગુરુ-પરમાત્માની પૂજા કરવામાં શ્રાવકને અધિકારી કહેલ છે.

**व्याख्या–** निद्राणेषु सुप्तप्रमत्तेषु डिण्डिमेति डिण्डिमस्य पटहस्य डमत्कारा इव पतन्ति । यथा गाढसुप्ताः सार्वभौमानां एताः गिरः कर्तृपदं, परिमोषिणः आकस्मिकभयङ्करभेरीभङ्गारशब्दश्रवणेन सर्वस्वनाशोपस्थित्या कांदिशीका भवन्ति तथोक्तमहानिशीथशब्दश्रवणेन लुम्पका अपीति ।

**ભાવાર્થ–** સંપ્રદાયવૃદ્ધોની આ વાણી ગાઢનિંદ્રામાં સૂતેલાને જગાડવામાં ડિંડિમ સમાન છે. જેમ ગાઢ નિંદ્રામાં સુતેલા ચોરો આકસ્મિક ભયંકર ભેરી-ભૃંગારના શબ્દશ્રવણથી સર્વનાશની ઉપસ્થિતિ થવાથી ભયભીત બને છે. એમ આ મહાનિશીથસૂત્રની (પ્રમાણભૂત) વાણીના શ્રવણથી પ્રતિમાલોપકો પણ ભયભીત થાય છે.

મહાનિશીથસૂત્ર અપ્રમાણ છે એવું કહેતા વાદીને તેનો જવાબ આપતા ગ્રંથકાર કહે છે–

**व्याख्या–** कथंभूता एषा गिरः ? नन्दीति नन्द्यां नन्दीसूत्रे दर्शितं यत्सूत्रवृन्दं तन्मध्ये विदिता प्रसिद्धा या प्रामाण्यमुद्रा महानिशीथप्रामाण्यदार्ढ्यं तद्बिभ्रति यास्ता इति ।

**ભાવાર્થ–** આ વાણી કેવા પ્રકારની છે ? નંદીસૂત્રમાં આચારાંગ વિગેરે સૂત્રોને પ્રમાણભૂત કહ્યા છે. તેમાં મહાનિશીથસૂત્રને પણ બતાવેલ છે. આથી મહાનિશીથ પ્રમાણભૂત છે. આથી મહાનિશીથસૂત્રની પ્રામાણિકતાને દૃઢ કરનારી આ વાણી છે.

**व्याख्या–** महानिशीथ आलापकोऽयं–"अकसिण पवत्तगाणं विरया-विरयाण एस खलु जुत्तो । जे कसिणसंजमविऊ पुप्फाईअं न कप्पए तओ ॥ बुज्झ गोअमा णीसंसयं देसविरयाणं तु विणिओगं उभयत्थवि" उभयत्र द्रव्यस्तवे भावस्तवे चेति ॥४०॥

**ભાવાર્થ–** મહાનિશીથસૂત્રનો આલાપક આ પ્રમાણે છે– અસંપૂર્ણસંયમ-વાળા(=દેશવિરત શ્રાવક)ને આ દ્રવ્યસ્તવ યોગ્ય છે. સંપૂર્ણસંયમને પ્રધાન સમજનારા સાધુઓને પુષ્પાદિ કલ્પતાં નથી. તેથી હે ગૌતમ! દેશવિરતોને ઉભયત્ર=દ્રવ્યસ્તવ-ભાવસ્તવ ઉભયમાં વિનિયોગ=પ્રવૃત્તિ છે, એમ તું સંશયરહિત જાણ. આ પ્રમાણે ચાળીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૪૦॥

**उपोद्घातवचनकर्णिका–** अभ्युच्चयमाह–

હવે આ વિશે સમુચ્ચય(=અધિક) કહે છે–

**यद्दानादिचतुष्कतुल्यफलता संकीर्त्तनं या पुनर्द्वौ,**
**श्राद्धस्य परो मुनेः स्तव इति व्यक्ता विभागप्रथा ।**
**यच्च स्वर्णजिनौकसः समधिकौ प्रोक्तौ तपःसंयमौ,**
**तत्सर्वं प्रतिमार्चनस्य किमु न प्राग्धर्मताख्यापकम् ॥४१॥**

**શ્લોકાર્થ–** દાનાદિ ચાર પ્રકારના ધર્મનું સરખુ ફળ મળે છે એમ જે કહેલું છે, તે તથા શ્રાવકને બે સ્તવ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ છે અને મુનિને પર(=ભાવ) સ્તવ છે. આ પ્રમાણે જે સ્પષ્ટ વિભાગ પાડેલો છે. તથા "સોનાના દહેરાસર કરતાં પણ તપ અને સંયમ અધિક ચડિયાતા છે." એવું જે કહ્યું છે, આ બધું પ્રતિમાપૂજન એ પૂર્વધર્મ છે, એમ શું સૂચવતું નથી ? અર્થાત્ તે પ્રતિમાપૂજન પૂર્વધર્મ છે એમ સૂચવે છે...॥૪૧॥

### શ્રી મહાનિશીથસૂત્રમાં ગણધર કથન.
### શ્રાવકોને કરણીય પ્રભુની પુષ્પાદિદ્વારા પૂજા.
### તથા દ્રવ્યસ્તવનો ઉપદેશ.

**व्याख्या–** दानादिचतुष्कस्य दानादिचतुष्टयस्य तुल्यफलतायाः यत् संकीर्त्तनं वर्त्तते । पुनः इति या विभागप्रथा विभागस्य विस्तारो वर्त्तते। इतीति किं ? श्राद्धस्य द्वौ द्रव्यस्तवभावस्तवौ उचितौ मुनेः साधोः परो भावस्तव एक एव इति ।

**ભાવાર્થ–** દાનાદિ ચાર પ્રકારના ધર્મોનું ફળ સરખું છે એમ કહેલું છે. વળી (મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે– "આખી પૃથ્વી જિનમંદિરોથી

મંડિત કરી દે કે દાનાદિ ચારનું સેવન કરે, તેવો પણ શ્રાવક બારમા અચ્યુતદેવલોકથી આગળ જતો નથી." મહાનિશીથના આ કથનથી દ્રવ્યસ્તવ અને દાનાદિ ચાર બારમા દેવલોક સુધી લઈ જવા સમર્થ છે એ રૂપ તુલ્યફળ છે. તેથી દાનાદિ ચારનું દ્રવ્યસ્તવની સાથે તુલ્યફળનું કથન કર્યું છે. શ્રાવકને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બંને કરવા યોગ્ય છે. જ્યારે મુનિભગવંતને એક ભાવસ્તવ જ કરવા યોગ્ય છે. આ પ્રમાણે વિભાગ પદ્ધત્તિ=વિભાગનો વિસ્તાર છે.

**व्याख्या–** यच्च तपःसंयमौ समधिकौ प्रोक्तौ, कस्मात् ? स्वर्णजिनौकसः सुवर्णजिनभवनकारणोत्कृष्टद्रव्यस्तवादपि पूर्वोक्तं तत्सर्वं कर्तृपदं प्रतिमार्चनस्य प्राग्धर्मताया भावस्तवेनान्वाचीयमानतायाः किमु ख्यापकं सूचकं न वर्त्तते? अपि तु वर्त्तत एव,

**ભાવાર્થ–** તપ અને સંયમધર્મ ચડિયાતા છે. સુવર્ણમય દહેરાસર બનાવવું વગેરે રૂપ ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવ કરતાં પણ ચડિયાતા છે. આ બધું [(૧) દાનાદિ ચારનું દ્રવ્યસ્તવની સાથે તુલ્યફળનું કથન, (૨) દ્રવ્યસ્તવ - ભાવસ્તવ એ બેમાંથી કોનું કયું સ્તવ કરવા યોગ્ય છે. એ કથન (૩) સુવર્ણમય જિનમંદિર નિર્માણથી પણ સંયમ-તપ ચડિયાતા છે આ બધું] કથન શું પ્રતિમાપૂજન એ પૂર્વધર્મ છે, ભાવસ્તવને અનુસરનારો છે એમ સૂચવતું નથી ? એમ જ સૂચવે છે.

भावस्तवेनान्वाचीयमानतायाः— આ પદોનો અર્થ આ પ્રમાણે છે- ભાવસ્તવની પ્રાપ્તિ થાય એ માટે કરવામાં આવતો પૂર્વધર્મ. પ્રતિમાપૂજન પૂર્વધર્મ છે. (ભાવસ્તવની પહેલાં થનારો ધર્મ છે.) ભાવસ્તવની(=સંયમની) પ્રાપ્તિ થાય એ માટે કરવામાં આવે છે.

**व्याख्या–** उत्कृष्टतमावधेरुत्कृष्टतरस्यैव युक्तत्वात्। हीनावधिकोत्कर्षोक्तेः अस्तुतित्वात् ।

**ભાવાર્થ–** ભાવસ્તવને ઉત્કૃષ્ટતમ બતાવવો હોય તો બીજા ઉત્કૃષ્ટતર સ્તવની અપેક્ષાએ જ બતાવવો યોગ્ય છે. હીનવસ્તુની અપેક્ષાએ ઉત્કૃષ્ટતમ બતાવવામાં તો સ્તુતિ જ નથી, બલ્કે લઘુતા છે.

**व्याख्या–** न हि सामान्यजनादाधिक्यवर्णनं चक्रवर्तिनः स्तुतिः, अपि तु महानरपतेराधिक्यात् तस्य स्तुतिर्भवेदिति ॥४१॥

**ભાવાર્થ–** અતિશય ઉત્કૃષ્ટની સ્તુતિ-તેનાથી અતિશય ઉતરતાની સાથે કરવી તે યોગ્ય નથી. કોઈ માણસ ચક્રવર્તીની સ્તુતિ કરતાં કહે કે "અમારા ચક્રવર્તી રાજા તો ભિખારી કરતાં પણ ચડિયાતા છે." તો તે સ્તુતિ નથી પણ લઘુતા જ છે. એને બદલે એમ સ્તુતિ કરે કે રાજાઓ કરતાં પણ અમારા ચક્રવર્તીરાજા ચડિયાતા છે. તો એ સ્તુતિ કહેવાય.

તેમ અહીં પણ સોનાના દેરાસર બંધાવવા વગેરે દ્રવ્યસ્તવ ઘણો સારો છે પણ તેના કરતાં પણ તપ-સંયમ ચડી જાય છે. અર્થાત્ પ્રશસ્ત ભાવસ્તવમાં દ્રવ્યસ્તવ કારણ છે. માટે દ્રવ્યસ્તવ પણ પ્રશસ્ત છે અને આદરણીય છે.

(જો દ્રવ્યસ્તવ પાપરૂપ હોય તો દ્રવ્યસ્તવથી ભાવસ્તવ ચઢિયાતો છે એવી સ્તુતિ કરી શકાય નહિ. મહાનિશીથમાં દ્રવ્યસ્તવથી ભાવસ્તવ ચઢિયાતો છે એવી સ્તુતિ કરી છે. માટે દ્રવ્યસ્તવ પાપરૂપ નથી, કિંતુ ધર્મરૂપ છે અને ભાવસ્તવની પહેલાંનો ધર્મ છે.). આ પ્રમાણે એકતાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૪૧॥

**उपोद्घातवचनकर्णिका–** महानिशीथेऽस्मदुक्त्याऽप्रामाण्याभ्युपगमे कुमतिनो दूषयन्नाह–

અમારા જ કેટલાક આચાર્યોના વચનને આગળ કરીને મહાનિશીથગ્રંથને અપ્રમાણભૂત તરીકે સ્વીકારતા પ્રતિમાલોપકોને દોષિત જણાવતાં ગ્રંથકાર કહે છે–

**प्रामाण्यं न महानिशीथसमये प्राचामपीत्यप्रियं,**
**यत्तुर्याध्ययने न तत्परिमितैः केषाञ्चिदालापकैः ।**
**वृद्धास्त्वाहुरिदं न सातिशयमित्याशङ्कनीयं क्वचित्,**
**तत्किं पाप तवापदः परगिरां प्रामाण्यतो नोदिताः ॥४२॥**

તમારા પૂર્વાચાર્યોને પણ મહાનિશીથશાસ્ત્ર પ્રમાણ તરીકે માન્ય નથી એવું પ્રતિમાલોપકનું વચન અપ્રિય છે. કેમકે કેટલાક આચાર્યોને જ ચોથા અધ્યયનમાં અમુક આલાપકો જ પ્રમાણ તરીકે માન્ય નથી. અર્થાત્

(બાકીના અધ્યયન અને આલાપકો તો માન્ય જ છે.) વળી જ્ઞાનવૃદ્ધો કહે છે—આ મહાનિશીથ અધ્યયન અતિશયવાળું છે. એટલે એના કોઈ પણ સ્થળે આશંકા કરવી નહિ. તેથી હે પાપી ! બીજાની વાણીને પ્રમાણ તરીકે સ્વીકારનાર તને શું આપત્તિ નથી આવતી ? અર્થાત્ અવશ્ય આવે છે..॥૪૨॥

શ્રી મહાનિશીથસૂત્રમાં કુમતિઓનું દૂષણ તથા તેનું કરેલુ સમાધાન.

**व्याख्या**— इति वचोऽप्रियमरमणीयं वर्त्तते । इतीति किं ? महानिशीथसमये प्राचामपि प्राचीनयुष्मत्सांप्रदायिकानां प्रामाण्यं प्रमाणता नास्तीति । यत् यस्मात् तुर्याध्ययने चतुर्थाध्ययने केषाञ्चिदार्याणां परिमितैर्द्वित्रैरालापकैस्तत्प्रामाण्यं नास्ति ।

**ભાવાર્થ**— "આ મહાનિશીથગ્રંથ તો તમારા પૂર્વાચાર્યોને પણ સંમત નથી." એવું વચન રમણીય નથી. આ બાબતમાં તું સાંભળ. અમારા જે પૂર્વાચાર્યોએ અપ્રમાણતા માની છે તે પૂર્વાચાર્યોએ પણ માત્ર ચતુર્થ અધ્યયનના કેટલાક આલાપકો અંગે જ અપ્રમાણતા માની છે. બાકીના આલાપકો અને અધ્યયનો તો એમને પણ માન્ય જ છે.

**व्याख्या**— पुनः वृद्धास्तु इति आहुः । इतीति किं ? इदं महानिशीथं सातिशयं समहत्प्रभावं अतिगंभीरार्थं क्वचिदपि स्थले न आशङ्कनीयमिति।

**ભાવાર્થ**— વૃદ્ધ(=બહુશ્રુત) આચાર્યો તો કહે છે કે આ મહાનિશીથ ગ્રન્થ મહાપ્રભાવિક અને ગંભીર અર્થોથી યુક્ત છે. તેથી આ ગ્રંથના કોઈપણ શબ્દ ઉપર અપ્રમાણ તરીકે આશંકા કરવી જોઈએ નહિ.

**व्याख्या**— तत् तस्मात् कारणात् हे पाप ! परगिरामुत्कृष्टवाचां अस्मत्संप्रदायशुद्धानां प्रामाण्यतः प्रामाण्याभ्युपगमेन तव आपदः किं न उदिताः ? अपि तु उदिता एव सन्ति । अभ्युपगमसिद्धांतस्वीकारे स्वतन्त्रसिद्धान्तभङ्गप्रसङ्गात्, अजां निष्काशयतः क्रमेलकागमन्यायापातात् ॥४२॥

**ભાવાર્થ**—તેથી તે કારણથી અર્થાત્ હે પાપી ! જો તું અમારા પૂર્વાચાર્યોના વચનના આધારે જ પ્રામાણ્યનો સ્વીકાર કરતો હો, તો તમારે મહાનિશીથગ્રંથને પ્રમાણભૂત જ માનવો પડશે. અને તેમ કરતાં તને શું

આપત્તિ નથી આવતી ? અવશ્ય આવે જ છે. અને પૂર્વે જણાવ્યું તેમ દ્રવ્યસ્તવ પર પણ આદર કરવો પડશે. આમ અમારાથી સ્વીકારાયેલા સિદ્ધાંતને સ્વીકારવાથી તેં સ્વીકારેલા સિદ્ધાંતને બાધ આવશે. તેથી તારે તો "બકરું કાઢતાં ઊંટ પેઠું" એ ન્યાય આવી પડ્યો. આ પ્રમાણે બેતાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૪૨॥

**उपोद्घातवचनकर्णिका–** महानिशीथ एवान्यथावचनमाशङ्कते-

"મહાનિશીથમાં જ દ્રવ્યસ્તવને બાધક વચન છે." એવી આશંકા પ્રતિમાલોપક કરે છે–

**भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलयाचार्यो जिनेन्द्रालये,**
**यद्यप्यस्ति तथाप्यदः सतम इत्युक्त्वा भवं तीर्णवान् ।**
**एतत् किं नवनीतसारवचनं नो मानमायुष्मतां,**
**यत्कुर्वन्ति महानिशीथबलतो द्रव्यस्तवस्थापनम् ॥४३॥**

**શ્લોકાર્થ–** પૂર્વપક્ષી કહે છે કે જ્યારે ભ્રષ્ટ(=લિંગમાત્રજીવી ચૈત્યવાસી) મુનિઓએ કુવલયાચાર્યને જિનાલય કરવા માટે પ્રાર્થના કરી ત્યારે કુવલયાચાર્ય "જો કે આ કાર્ય જિનાલય સંબધી છે તો પણ પાપયુક્ત છે." તેમ કહીને સંસારસાગર તર્યા. આ નવનીતતુલ્ય શ્રેષ્ઠવચનો આયુષ્યમાન એવા આપને શું માન્ય નથી ? જેથી મહાનિશીથના જ બળ ઉપર દ્રવ્યસ્તવની સ્થાપના કરો છો...॥૪૩॥

## જિનાલય કરવામાં કુવલયાચાર્યે આપેલો ઉપદેશ. તેમાં કુમતિઓએ કરેલી આશંકાનું સમાધાન.

**व्याख्या–** कुवलयाचार्यः पदैकदेशे पदसमुदायोपचारात् कुवलयाप्रभाचार्यः भवं संसारार्णवं तीर्णवान् । किं कृत्वा ? इत्युक्त्वा । इतीति किंः यद्यपि अद एतच्चैत्यालये वक्तव्यमस्ति तथापि सतमः सपापं इति ।

**ભાવાર્થ–** અહીં "કુવલયાચાર્ય" પદથી પદના એકદેશમાં પદસમુદાયના ઉપચારથી કુવલયપ્રભાચાર્ય એમ સમજવું. કુવલયપ્રભાચાર્ય ભવસાગર તર્યા. "જો કે જિનાલયને અંગે કહેવાનું છે છતાં તે કહેવામાં પાપ છે." આ પ્રમાણે કહીને કુવલયપ્રભાચાર્ય સંસારસાગરને પાર પામ્યા.

**व्याख्या–** कथंभूतः कुवलयप्रभाचार्यः ? अर्थितः प्रार्थितः । कैः ? भ्रष्टैः

लिङ्गमात्रोपजीविभिः । कस्मै ? चैत्यकृते स्वाभिमतचैत्यालयसंपादनाय इति ।

**ભાવાર્થ**–કુવલયપ્રભાચાર્ય કેવા છે ? લિંગમાત્રજીવી ભ્રષ્ટ્રાચારીઓ વડે પોતાને ઈષ્ટ દેરાસર બંધાવ-વાનો શ્રાવકોને ઉપદેશ આપવા માટે પ્રાર્થના કરાયેલા કુવલયપ્રભાચાર્ય છે.

**व्याख्या**– एतत् किं नवनीतसाराध्ययनवचनं आयुष्मतां भवतां नो मानं न प्रमाणं वर्त्तते ? यत् महानिशीथबलमवष्टभ्य द्रव्यस्तवस्थापनं कुर्वन्ति आयुष्मन्तः । यत्र हि वाङ्मात्रेणापि द्रव्यस्तवप्रशंसनं निषिधं तत्र कथं तत्कारणादिविहितं भविष्यतीति ? ॥४३॥

**ભાવાર્થ**– મહાનિશીથ અધ્યયનનું આ માખણ તુલ્ય વચન શું પ્રશસ્ત આયુષ્યવાળા તમને પ્રમાણભૂત નથી ? જેથી તમો મહાનિશીથના બળ ઉપર દ્રવ્યસ્તવની સ્થાપના કરો છો. જે ગ્રંથમાં વચનમાત્રથી પણ દ્રવ્યસ્તવનની પ્રશંસાનો નિષેધ કર્યો હોય, તે ગ્રંથમાં દ્રવ્યસ્તવ સંબંધી કરણ-કરાવણાદિનું વિધાન શી રીતે થઈ શકે છે ? આ પ્રમાણે તેતાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૪૩॥

**उपोद्घातवचनकर्णिका**– उत्तरयति–

હવે તેનો ઉત્તર આપે છે–

**भ्रान्त प्रान्तधिया किमेतदुदितं पूर्वापरानिश्चयात्,**

**येन स्वश्रमक्लृप्तचैत्यममता मूढात्मनां लिङ्गिनाम् ।**

**उन्मार्गस्थिरता न्यषेधि न पुनश्चैत्यस्थितिः सूरिणा,**

**वाग्भङ्गी किमु यद्यपीति न मुखं वक्रं विधत्ते तव ॥४४॥**

**શ્લોકાર્થ**– હે ભ્રાન્ત ! તુચ્છ બુદ્ધિવાળા એવા તારા વડે પૂર્વાપરનો નિશ્ચય કર્યા વિના આવું વચન કેમ કહેવાયું ? શ્રી કુવલયપ્રભાચાર્યે પૂર્વોક્ત વચનો દ્વારા પોતે શ્રમ કરી બનાવેલા ચૈત્યોની મમતાથી મૂઢ થયેલા લિંગમાત્રજીવીઓની ઉન્માર્ગમાં સ્થિરતાનો નિષેધ કર્યો છે. પણ ચૈત્યસ્થિતિનો (=ચૈત્યોની વ્યવસ્થાનો) નિષેધ કર્યો નથી. આ પ્રમાણે ચૈત્યસંબંધમાં "જો કે" એવો જે વચનપ્રયોગ છે તે તારા મુખને શું વક્ર કરતો નથી? અર્થાત્ કરે જ છે..॥૪૪॥

## કુવલયાચાર્યે કરેલું ઉન્માર્ગનું નિવારણ. સન્માર્ગની સ્થાપના

**व्याख्या–** हे भ्रान्त ! हे विपर्ययाभिभूत ! पूर्वापरग्रन्थतात्पर्यानिश्चयात् प्रान्तधिया हीनबुद्धिना त्वया एतत् किं उदितं कुत्सितं उक्तं ।

**ભાવાર્થ–** હે ભ્રાન્ત ! હે વિપરીતજ્ઞાનથી પરાભવ પામેલ ! ગ્રંથના પૂર્વાપર સંબંધનો નિશ્ચય ન કરવાના કારણે નીચબુદ્ધિવાળા એવા તેં આવું કુવચન-દુષ્ટવચન કેમ કહ્યું ?

**व्याख्या–** येन उक्तवचनेन कुवलयाचार्येण उन्मार्गस्थिरता अनायतन-प्रवृत्तिदार्ढ्यं न्यषेधि निवारिता। उन्मार्गस्थिरता केषां ? स्वश्रमेति स्वश्रमक्लृप्तानि यानि चैत्यानि तेषु या ममता तया मूढ आत्मा येषां ते तथा तादृशां लिङ्गिनां। कुवलयाचार्येण किं कुर्वता ? मनसि मठमिश्रित-चैत्यकर्तव्यतागोचरत्प्रतिज्ञां गलहस्तयता अर्थशक्त्याऽस्य विशेषणस्य अध्याहारः। पुनस्तेनाचार्येण चैत्य-स्थितिः सम्यग्भावितचैव्यप्रवृत्तिव्यवस्था न न्यषेधि ।

**ભાવાર્થ–** કેમકે તે કુવલયાચાર્યે 'यद्यपि अदः जिनेन्द्रालये अस्ति तथापि सतमः'(=જો કે આ જિનાલયને અંગે કહેવાનું છે તો પણ તે કહેવામાં પાપ છે) એવા વચનથી ઉન્માર્ગની સ્થિરતાનો=નહિ સેવવા યોગ્યપ્રવૃત્તિની દઢતાનો નિષેધ કર્યો છે.

પોતાના શ્રમથી બનાવેલા ચૈત્યોમાં મમતાથી મૂઢ થયેલા માત્ર વેષધારીઓની મઠમિશ્રિત ચૈત્યો કરવાની પ્રતિજ્ઞાને આ પાપસહિત છે એવા વચનથી ગળે પકડીને દૂર ફેંકતા એવા કુવલયાચાર્યે ઉન્માર્ગની સ્થિરતાનો(=નહિ સેવવા યોગ્ય પ્રવૃત્તિની દઢતાનો) જ નિષેધ કર્યો છે. પણ ચૈત્યસ્થિતિનો=સમ્યગ્ભાવિત ચૈત્યપ્રવૃત્તિની વ્યવસ્થાનો નિષેધ કર્યો નથી.

**व्याख्या–** इहार्थे यद्यपीति वाग्भङ्गी वचनरचना तव मुखं वक्रं किमु न विधत्ते ? अपि तु विधत्त एव ।

**ભાવાર્થ—** જો કે જિનાલયને અંગે કહેવાનું છે તો પણ તે કહેવામાં પાપ છે. એવો વચનપ્રયોગ તારા મુખને શું વક્ર કરતો નથી ? અર્થાત્ કરે જ છે.

**व्याख्या**– अप्राकरणिकस्य संबोध्य मुखवक्रीकरणस्य कार्यस्याभिधानेन प्रकृतवक्रोक्त्यभिधानादप्रस्तुतालङ्कारः ''अप्रस्तुतप्रशंसा या सा सैव प्रस्तुताश्रया'' इति लक्षणं ।

**ભાવાર્થ**– 'अप्राकरणिकस्य... अलङ्कारः।' અપ્રાકરણિકને સંબોધન કરીને મુખવક્રીકરણરૂપ કાર્યના અભિધાનવડે પ્રકૃત વક્રોક્તિનું અભિધાન હોવાથી અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે. અર્થાત્ પૂર્વપક્ષીના કથનના જવાબરૂપે ગ્રંથકારે કહ્યું છે. 'યદ્યપિ' એ વચનરચના શું તારું મુખ વક્ર કરતી નથી? એ અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે.

**વિશેષાર્થ**– જે વસ્તુની વાત ચાલતી હોય તેના સંબંધી જે કથન હોય તે પ્રાકરણિક કહેવાય. અને તેની સાથે સંબંધ વગરનું કોઈ કથન હોય તેને અપ્રાકરણિક કહેવાય. પ્રસ્તુતમાં મહાનિશીથસૂત્રમાં કુવલયાચાર્યના વચનનો અર્થ લુંપાકે ચૈત્યાલયને સાવદ્યરૂપે સ્થાપન કરવામાં કર્યો, તેથી ચૈત્યાલયને સાવદ્યરૂપે સ્થાપન કરવામાં 'जइ वि जिणालये...' એ વચન અપ્રાકરણિક બને છે, કેમ કે જિનાલયને સાવદ્યરૂપે સ્થાપન કરવામાં 'सावज्जमिणं' એટલું જ વચન ઉપયોગી છે. પરંતુ એટલું જ વચન ન કહેતાં 'जइ वि जिणालये तह वि सावज्जमिणं' એ પ્રકારના કુવલયાચાર્યના વચનમાં 'जइ वि जिणालये' એ વચન જિનાલયને સાવદ્ય સ્થાપન કરવામાં અપ્રાકરણિક બને છે, કેમ કે તે વચન જિનાલયને સાવદ્ય સ્થાપવામાં ઉપયોગી બનતું નથી. તેથી ગ્રંથકારે તે અપ્રાકરણિકને સંબોધન કરીને મુખવક્રીકરણરૂપ કાર્યનું અભિધાન પ્રસ્તુત શ્લોક-૪૩ ના ચરમપાદમાં બતાવ્યું છે. તે આ પ્રમાણે 'यद्यपि जिणालये' એ વચન તારા મુખને વક્રીકરણરૂપ કાર્યને કરે છે, અને તેના દ્વારા પ્રકૃતનું વક્રોક્તિથી અભિધાન છે. અર્થાત્ કુવલયાચાર્યના કથનથી પ્રકૃત એ છે કે ઉન્માર્ગની સ્થિરતાનો નિષેધ કરવો, તે પ્રકૃતનું વક્રોક્તિદ્વારા ગ્રંથકારે અભિધાન કરેલ છે. તે આ રીતે–

'यद्यपि' એ પ્રકારનું વચન તારું મુખ વક્ર કરે છે એ પ્રકારની વક્રોક્તિથી પ્રકૃતનું=જિનાલયવિષયક વર્તતા ઉન્માર્ગના નિષેધનું અભિધાન ગ્રંથકારે કરેલ છે. તેથી શ્લોકના ચરમપાદનું કથન અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે. (પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર મોતાકૃત અનુવાદમાંથી સાભાર સમુદ્ધૃત)

**व्याख्या**– तथा च ''जइ वि जिणालये तहवि सावज्जमिणं'' न स्वभावतश्चैत्यस्थितेः दुष्टत्वमाह, किं तु मठप्रवृत्युपाधिनेत्येव श्रद्धेयम् ॥४४॥

**ભાવાર્થ**– "જો કે જિનમંદિર વિષે કહેવાનું છે છતાં પણ તે સાવદ્ય છે." એમ કહીને આચાર્યે એ કહ્યું કે જિનમંદિર સંબંધી વ્યવસ્થા સ્વભાવથી દુષ્ટ નથી. પરંતુ જ્યારે તે વ્યવસ્થા 'મઠ' વિગેરે રૂપ બની જાય છે, ત્યારે તે દુષ્ટ છે. આ પ્રમાણે શ્રદ્ધા કરવી જોઈએ. આ પ્રમાણે ચુંમાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૪૪॥

**उपोद्घातवचनकर्णिका**– एवं व्याख्यानेन एवान्यत्रापि सूत्रस्य निःशक्तितत्वकरणेन प्रव्रज्यासार्थकतोपपत्तिरित्यनुशास्ति–

આ પ્રમાણે જ વ્યાખ્યાન કરવા વડે અન્યત્ર પણ સૂત્રને નિઃશંકિત કરવું જોઈએ. એમ કરવાથી જ પ્રવ્રજ્યાની સાર્થકતા ઉપપન્ન થાય છે. એવું અનુશાસન કરતા ગ્રંથકાર કહે છે–

**यत्कर्मापरदोषमिश्रिततया शास्त्रे विगीतं भवेत्,**
**स्वाभीष्टार्थलवेन शुद्धमपि तल्लुम्पति दुष्टाशयाः ।**
**मध्यस्थास्तु पदे पदे धृतधियः संबन्ध्य सर्वं बुधाः,**
**शुद्धाशुद्धविवेकतः स्वसमयं निःशल्यमातन्वते ॥४५॥**

**શ્લોકાર્થ**– જે ધર્મ સ્વરૂપથી શુદ્ધ હોવા છતાં બીજા દોષ સાથે મિશ્ર થવાથી શાસ્ત્રમાં નિષિદ્ધ થાય છે. ત્યારે દુષ્ટબુદ્ધિવાળાઓ પોતાને રુચિકર અર્થનો લેશ પ્રાપ્ત થવાથી તે શુદ્ધકર્મને લોપે છે. પણ ડગલે પગલે બુદ્ધિને ધારી રાખનારા મધ્યસ્થ પ્રાજ્ઞપુરુષો તો પૂર્વાપરનો સંબંધ જોડી શુદ્ધાશુદ્ધના વિવેકથી=નિશ્ચયથી પોતાના સિદ્ધાંતને શલ્યરહિત વિસ્તારે છે...॥૪૫॥

## દુષ્ટબુદ્ધિવાળા શુદ્ધને દોષાન્વિત કરે, માધ્યસ્થપુરુષો વિવેકપૂર્વક શલ્યરહિત કરે.

**व्याख्या**– यत्कर्म कर्तृपदं स्वरूपतः शुद्धमपि अपरदोषेण मिश्रिततया शास्त्रे विगीतं निषिद्धं भवेत् । दुष्टाशया लुम्पकाः शुद्धमपि तत्कर्म लुम्पन्ति। केन ? स्वाभीष्टार्थलवेन स्वाभिमतार्थलेशप्राप्त्या, छिद्रान्वेषिणां ईदृशछलस्य सुलभत्वात् ।

**ભાવાર્થ–** "यत्कर्म" કર્તાપદ છે. સ્વરૂપથી શુદ્ધ પણ ક્રિયા બીજાદોષથી મિશ્ર થવાના કારણે શાસ્ત્રમાં નિષેધ કરેલી છે. દુષ્ટાશયવાળા પ્રતિમાલોપકો શુદ્ધ પણ તે ક્રિયાને લોપે છે. પોતાને ઈષ્ટ અર્થનો લેશ પ્રાપ્ત થવાથી છિદ્રાન્વેષીઓ તે ક્રિયાને લોપે છે. કેમ કે છિદ્રાન્વેષીઓને આવું છલ સુલભ હોય છે.

**व्याख्या–** मध्यस्थास्तु गीतार्थाः पदे पदे स्थाने स्थाने धृतधियः संमुखीकृतविमर्शाः सन्तः सर्वं ग्रन्थं शनैः मन्दं मन्दं श्रोतृप्रज्ञानुसारेण संबन्ध्य शुद्धाशुद्धयोर्विवेकात् विनिश्चयात् । स्वसमयं स्वसिद्धान्तं । निःशल्यं शल्यरहितं । आतन्वते तात्पर्यविवेचने सूत्रं प्रमाणयन्ति, न तु शङ्कोद्भावनेन मिथ्यात्वं वर्द्धयन्तीति भावः ॥४५॥

**ભાવાર્થ–** ગીતાર્થો તો શાસ્ત્રના દરેક સ્થાનમાં યથાર્થ નિર્ણય કરવા માટે અર્થની સન્મુખ વિચાર કરે છે(=સાચો અર્થ સિદ્ધ થાય તેમ વિચાર કરે છે) એમ કરીને સંપૂર્ણ ગ્રન્થને ધીરે ધીરે શ્રોતાની બુદ્ધિ પ્રમાણે સંબંધિત કરે છે. આ રીતે શુદ્ધ-અશુદ્ધનો નિશ્ચય કરીને સ્વમતના સિદ્ધાંતોને શલ્યરહિત બનાવે છે, અર્થાત્ તાત્પર્યનું વિવેચન કરી સૂત્રને પ્રમાણવડે સિદ્ધ કરે છે. પરંતુ શંકા ઉત્પન્ન કરાવી મિથ્યાત્વની વૃદ્ધિ પમાડતા નથી. આ પ્રમાણે ભાવાર્થ જાણવો. આ પ્રમાણે પીસ્તાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૪૫॥

**उपोद्घातवचनकर्णिका–** एतेन प्रदेशान्तरविरोधोऽपि परिहृत इत्याह–

આનાથી પ્રસ્તુત સૂત્રમાં(=મહાનિશીથમાં) અન્ય સ્થળે દેખાતા વિરોધનો પણ પરિહાર કરીને ગ્રંથકાર કહે છે–

**तेनाकोविदकल्पितश्चरणभृद्यात्रानिषेधोद्यत–**
**श्रीवज्रार्यनिदर्शनेन सुमुनेर्यात्रानिषेधो हृतः ।**
**स्वाच्छन्द्येन निवारिता खलु यतश्चन्द्रप्रभस्यानतिः,**
**प्रत्यज्ञायि महोत्तरं पुनरियं सा तैः स्वशिष्यैः सह ॥४६॥**

**શ્લોકાર્થ–** ઉપર કહેલા હેતુથી "ચારિત્રધારી મુનિઓને યાત્રાનો નિષેધ કરવામાં તત્પર શ્રી વજ્રઆર્યના દૃષ્ટાંતથી સાધુઓને યાત્રાનો નિષેધ છે." એવી અજ્ઞની કલ્પિત ઉક્તિ પણ દૂર કરાયેલી છે. કેમકે શ્રી વજ્રઆર્યે

સ્વચ્છન્દતાથી જ ચંદ્રપ્રભસ્વામીના વંદનનો નિષેધ કર્યો હતો. અને પોતાના શિષ્યો સાથે મહોત્સવ પછી વંદન કરવાની પ્રતિજ્ઞા કરી હતી..૪૬

## શ્રી વજ્રાચાર્યના દૃષ્ટાંતથી યાત્રાનિષેધ તેનું નિરાકરણ.

**व्याख्या–** तेनोक्तहेतुना चरणभृतां यात्रानिषेधे उद्यताश्च ये श्रीवज्रार्याः श्रीवज्रसूरयश्च ते, तेषां निदर्शनेन दृष्टांन्तेन सुमुनेः सुसाधोः यात्रानिषेधो हतः निराकृतः । कीदृशो यात्रानिषेधः ? अकोविदकल्पितः अतात्पर्यज्ञेन रचितः । यतस्तत्र ग्रन्थे स्वाच्छन्द्येन आज्ञारहिततया गुरुभिः चन्द्रप्रभस्य चन्द्रप्रभस्वामिन आनतिर्निषिद्धा ।

**ભાવાર્થ–** તે ઉપર કહેલા હેતુથી સાધુઓને યાત્રા નિષેધ કરવામાં તત્પર શ્રી વજ્ર આચાર્યના દૃષ્ટાંતથી સાધુઓનો યાત્રા નિષેધ દૂર કરાયો છે. કેવા પ્રકારનો યાત્રા નિષેધ છે ? તાત્પર્યને નહિ જાણનારા મૂઢપુરુષોએ કલ્પેલો. કારણ કે તે ગ્રંથમાં શ્રીવજ્ર આચાર્યે જિનાજ્ઞાથી રહિતપણે ચન્દ્રપ્રભસ્વામીની યાત્રાનો જ નિષેધ કર્યો હતો નહિ કે સર્વથા.

**व्याख्या–** खलु निश्चयेन । पुनः अत्र महोत्तरं सङ्घयात्रोत्सवनिर्वृत्त्यनन्तरं तैः आचार्यैः स्वशिष्यैः सह सा इयं चन्द्रप्रभयात्रा प्रत्यज्ञायि अङ्गीकृता सा एव महोत्तरमिति ज्ञेयं ।

**ભાવાર્થ–** "खलु" શબ્દ નિશ્ચયાર્થે છે. સંઘયાત્રા મહોત્સવ પૂર્ણ થયા પછી આચાર્યે પોતાના શિષ્યોની સાથે ચંદ્રપ્રભસ્વામિની યાત્રા કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

**व्याख्या–** अत्र सावद्याचार्यवज्राचार्यसम्बन्धौ महनिशीथतो ज्ञेयौ । काव्यं- ''कुवलयप्रभचन्द्रमुनीशयोश्चरितयुग्ममिदं विनिशम्य भोः । कुमतिभिर्जनितं मतिविभ्रमं त्यजत युक्तिमदुक्तविभावकाः ॥१॥ प्रथमे ह्यनधिकारिकर्तृकत्व-विशिष्टचैत्यप्रवृत्त्यननुमोदने तात्पर्यं, द्वितीये चाविधियात्रानिषेध इति ॥४६॥

**ભાવાર્થ–** અહીં સાવદ્યાચાર્યનો સંબંધ મહાનિશીથથી જાણવો. અહીં કાવ્ય આ પ્રમાણે છે- "હે યુક્તિયુક્ત વચનોના વિચારકો ! કુવલયપ્રભસૂરિ અને વજ્રાચાર્ય એ બન્નેના આ ચરિત્રોને સાંભળીને કુમતિઓ દ્વારા પેદા કરાયેલા મતિભ્રમને છોડો." ॥૧॥

અહીં પ્રથમ ચરિત્રમાં અનધિકૃત વ્યક્તિઓ દ્વારા કરાતી ચૈત્યપ્રવૃત્તિની અનુમોદના ન કરવી એવું તાત્પર્ય છે.

**વિશેષાર્થ–** અર્થાત્ સાવદ્યાચાર્યે જિનાલય અંગે સાવદ્યવચન બોલવાની ના પાડી. એમાં "જિનાલય સાવદ્ય છે." એવો આશય નથી. પરંતુ અનધિકૃત વ્યક્તિઓ દ્વારા કરાતી ચૈત્યપ્રવૃત્તિની અનુમોદના ન કરવી. એવો આશય હતો. વળી દહેરાસર બંધાવવું વગેરે કાર્યોના અધિકારી ગૃહસ્થો છે. તેથી સાધુવેષમાં આ કાર્ય કરવા એ ઉન્માર્ગરૂપ છે. તેથી આ અનુચિત પ્રવૃત્તિને વેગ ન મળે એ કારણથી સાવદ્યાચાર્યે જિનાલય અંગે એક વચન બોલવાનો પણ નિષેધ કર્યો. તેથી કાંઈ દ્રવ્યસ્તવ કે જિનાલય સાવદ્ય તરીકે સિદ્ધ થતા નથી.

એજ પ્રમાણે બીજાચરિત્રમાં શ્રી વજ્રસૂરિએ તીર્થયાત્રાનો નિષેધ કર્યો. એમાં અવિધિથી તીર્થયાત્રાના નિષેધનું જ તાત્પર્ય હતું એમ જાણવું. આ પ્રમાણે છેતાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.. ॥૪૬॥

**उपोद्घातवचनकर्णिका–** सिंहावलोकितेन बिम्बनमनानुकूलव्यापारे यात्रापदार्थबाधमाशङ्क्य परिहरति–

હવે પ્રતિમાનમનને અનુકૂલ વ્યાપારમાં "સિંહાવલોકન ન્યાયથી" યાત્રા પદાર્થના બાધની શંકા કરી તેનો પરિહાર કરતાં ગ્રંથકાર કહે છે કે–

**नो यात्रा प्रतिमानतिर्व्रतभृतां साक्षादनादेशनात्,**
**तत्प्रश्नोत्तरवाक्य इत्यपि वचो मोहज्वरावेशजम् ।**
**मुख्यार्थैः प्रथिता यतो व्यवहृतिः शेषान् गुणान् लक्षयेत्,**
**सामग्र्येण हि यावताऽस्ति यतना यात्रा स्मृता तावता ॥४७॥**

**શ્લોકાર્થ–** તે પ્રશ્નોત્તર વાક્યમાં "વ્રતધારી મુનિઓને સાક્ષાત્ જિનબિંબને નમન-વંદન કરવારૂપ યાત્રાનો સાક્ષાત્ નિર્દેશ નથી. તેથી પ્રતિમાનમન સાધુઓની યાત્રારૂપ નથી." પ્રતિમાલોપકોનું આ પણ વચન મોહરૂપી જ્વરના આવેશથી બોલાયેલું છે. કેમ કે મુખ્યાર્થથી પ્રસિદ્ધ શબ્દપ્રયોગરૂપ વ્યવહાર સમગ્રગુણોને પણ સૂચવે છે. ખરેખર સામગ્રી વડે જેટલી યતના થાય, તેટલી સામગ્રીથી યાત્રા સૂચવી છે...॥૪૭॥

## વ્રતધારી મુનિઓને જિનબિંબ નમનનો અનાદેશ. તેવી કુમતિની વાણીનું સમાધાન.

**व्याख्या–** इति अपि वचो मोहज्वरावेशजं वर्त्तते कुमतीनां मोहरूपो यो ज्वरस्तदावेशस्तज्जं तत्पारवश्यप्रलापजनितमिति । इतीति किं ? प्रतिमानतिः यात्रा न भवति । केषां ? व्रतभृतां कस्मात् ? साक्षात् कंठपाठेन अनादेशनात् बिम्बप्रणतेरनुपदेशात् ।

**ભાવાર્થ–** આવા પ્રકારનું પણ વચન કુમતીઓના મોહરૂપી જ્વરના આવેશથી પ્રલાપ કરાયેલું છે. અહીં આવા પ્રકારનું એટલે શું ? "સાક્ષાત્ કંઠથી કથન કરવા દ્વારા જિનબિંબોને પ્રણામ કરવાનો આદેશ ન હોવાથી ચારિત્રધારી મુનિઓને પ્રતિમા નમનરૂપ યાત્રા થતી નથી."(=પ્રતિમા-નમનરૂપ યાત્રાનો નિષેધ છે.) આવા પ્રકારનું વચન.

**व्याख्या–** कस्मिन् ? तत्प्रश्नोत्तरवाक्ये शुकसोमिलादिकृतयात्रापदार्थ-प्रश्नानां थावच्चापुत्रभगवदाद्युत्तरवाक्ये ।

**ભાવાર્થ–** શેમાં આદેશ નથી ? પ્રશ્નોત્તર વાક્યમાં શુકપરિવ્રાજકે થાવચ્ચાપુત્રને અને સોમિલે ભગવાન મહાવીર સ્વામીને 'યાત્રા' પદના અર્થ અંગે પ્રશ્નો પૂછ્યા. તે વખતે થાવચ્ચાપુત્રે કે ભગવાને ઉત્તરમાં 'યાત્રા' પદના અર્થમાં પ્રતિમાનમનનો ઉપદેશ આપ્યો નથી.

**व्याख्या–** यतो व्यवहृतिः शब्दप्रयोगरूपो व्यवहारः शेषान् उक्तावशिष्टान् गुणान् लक्षयेत् । कथंभूता व्यवहृतिः ? मुख्यार्थैः प्रथिता प्रसिद्धा । हि यतः । यावता सामग्र्येण यावत्या सामग्र्या यतना भवति तावता यात्रा स्मृता ।

**ભાવાર્થ–** કેમકે શબ્દપ્રયોગરૂપ વ્યવહાર શેષગુણોને પણ જણાવે છે. કેવા પ્રકારનો વ્યવહાર ? મુખ્યાર્થોથી પ્રસિદ્ધ વ્યવહાર. અર્થાત્ મુખ્યાર્થને આશ્રયીને કરાયેલો શબ્દપ્રયોગ શેષગુણોનો પણ પ્રકાશ કરે છે. મુખ્યાર્થવાચી શબ્દ ગૌણાર્થને પણ જણાવે છે. (પ્રસ્તુતમાં 'યાત્રા' પદ યતનાની સામગ્રીમાં વપરાય છે. પ્રશ્નોત્તર વાક્યમાં તપ, સંયમ આદિનો મુખ્યાર્થરૂપે કરેલો નિર્દેશ વાસ્તવમાં યતનાની તમામ સામગ્રી 'યાત્રા' રૂપ છે તે સૂચવવા જ છે. તેથી પ્રતિમા નમન આદિ શેષ=અનુલ્લિખિત અર્થો પણ 'યાત્રા'

પદના અર્થ તરીકે સમાવેશ પામે છે.) આમ જેટલી સામગ્રી વડે જયણા થાય છે તેટલી સામગ્રી વડે યાત્રા કહેલી છે.

**व्याख्या–** तथा च ''किं ते भंते जत्ता ? सोमिला ! सुआ जं मे तवणियमसंयमसज्झायज्झाणावस्सयमाईसु जोएसु जयणा'' से तं जत्ता इत्यत्रादिपदस्वरसात्, यत्याश्रमोचितयोगमात्रयतनायां यात्रापदार्थो लभ्यते । अत एव सोमिलप्रश्नोत्तरे यात्रा ज्ञेया श्रुतार्थफलितत्वात् ॥४७॥

**ભાવાર્થ–** વળી તે વિષે કહ્યું છે કે, "હે ભગવંત ! આપની યાત્રા શું છે ? તપ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક આદિ યોગોમાં મારી યતના જ મારી યાત્રા છે. અહીં 'આદિ' પદના સ્વરસથી 'સાધુના યતનાથી યુક્ત તમામ યોગો યાત્રારૂપ છે' એમ અર્થ પ્રાપ્ત થાય છે. આથી જ સોમિલ પ્રશ્નોત્તરમાં યાત્રાનો જે શબ્દાર્થ છે તે ફળથી નિર્દેશવાળો છે. આથી પ્રતિમાનમન આદિ પણ યાત્રારૂપ છે. આ પ્રમાણે સુડતાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૪૭॥

**उपोद्घातवचनकर्णिका–** साक्षादादेशगतिमप्याह–

સૂત્રમાં પ્રતિમા નમનનો સાક્ષાત્ આદેશ પણ કર્યો છે. તે બતાવતા ગ્રંથકાર કહે છે કે–

**वैयावृत्त्यतया तपो भगवतां भक्तिः समग्राऽपि वा,**
**वैयावृत्त्यमुदाहृतं हि दशमे चैत्यार्थमङ्गे स्फुटम् ।**
**नैतत्स्यादशनादिनैव भजनाद्द्वाराऽपि किं त्वन्यथा,**
**सङ्घादेस्तदुदीरणे बत कथं न व्याकुलः स्यात्परः ॥४८॥**

**શ્લોકાર્થ–** અથવા ભગવાનની સમગ્રપ્રકારની ભક્તિ વેયાવચ્ચરૂપ હોવાથી તપરૂપ છે. પ્રશ્નવ્યાકરણ નામના દશમાઅંગમાં ચૈત્યસંબંધી વેયાવચ્ચ કરવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. તે અશન-પાન વિગેરે સંપાદન કરવાથી જ થાય છે એમ ન કહેવું જોઈએ. કેમ કે ભક્તિદ્વારા પણ થઈ શકે છે. અન્યથા સંઘ વગેરેની વેયાવચ્ચના કથનને સાંભળીને પ્રતિમાલોપક કેમ આકુળ ન થાય ? અર્થાત્ આકુલ થાય જ...॥૪૮॥

## પ્રતિમા-ભક્તિદ્વારા- પ્રતિમા વેયાવચ્ચ. એ પ્રશ્ન વ્યાકરણસૂત્રની સાક્ષી.

**व्याख्या**– वाऽथवा स्वस्वाधिकारौचित्येन कृतकारितानुमतिरूपा समग्राऽपि भगवतां भक्तिः तप एवोच्यते । कया ? वैयावृत्त्यतया भक्तेर्वैयावृत्त्यरूपत्वात् । तथा च तपःपदेन यात्रायाः साक्षादुपदेश एवेति भावः ।

**ભાવાર્થ**– અથવા પોતપોતાના અધિકારને ઉચિત હોય એવી કરણ, કરાવણ, અનુમોદનરૂપ ભગવાનની તમામ ભક્તિ તપ જ કહેવાય છે. કારણ કે ભક્તિ વેયાવચ્ચરૂપ છે. વેયાવચ્ચ અભ્યંતર તપરૂપ છે. તે રીતે (સોમિલ પ્રશ્નના ઉત્તરમાં) તપપદથી યાત્રાનો સાક્ષાત્ ઉપદેશ જ છે. આ પ્રમાણે ભાવાર્થ જાણવો.

**व्याख्या**– वैयावृत्त्यत्वमस्याः कुतः सिद्धमत आह– हि निश्चितं । दशमेऽङ्गे प्रश्नव्याकरणाख्ये स्फुटं प्रकटं चैत्यार्थं वैयावृत्त्यमुदाहृतं कथितमस्ति।

**ભાવાર્થ**– ભક્તિ વેયાવચ્ચરૂપ છે તે કેવી રીતે સિદ્ધ થયું એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે- પ્રશ્ન વ્યાકરણ નામના દશાંગમાં પ્રકટપણે ચૈત્યની (=પ્રતિમાની) વેયાવચ્ચ કરવાનું કહ્યું છે. ગાથામાં રહેલ "હિ" શબ્દ નિશ્ચિત અર્થમાં છે.

**व्याख्या**– एतद्वैयावृत्त्यं अशनादिनैव अशनादिसंपादनेनैव स्यात् इति न वक्तव्यं तर्हि किं तु भजनाद्वाराऽपि भक्तिद्वारेणाऽपि प्रत्यनीकनिवारणरूपे भक्तिव्यापारेऽपि वैयावृत्त्यमुदाहृतं । यत उत्तराध्ययने-''जक्खा हु वेयावडियं करंति तम्हा उ एए निहया कुमारा'' इत्यादि ।

**ભાવાર્થ**– આ વેયાવચ્ચ આહારાદિથી જ થાય એવું નથી. ભક્તિ વગેરે દ્વારા પણ વેયાવચ્ચ સંભવે છે. કેમકે प्रत्यनीकनिवारणरूपे=શાસન વિરોધીને અટકાવવાની પ્રવૃત્તિ વગેરે રૂપે ભક્તિને પણ વેયાવચ્ચ તરીકે ગણાવી છે. વળી ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે, "યક્ષો હરિકેશી મુનિની વેયાવચ્ચ કરે છે. તેથી આ કુમારો હણાયા."

**व्याख्या**– न च आदिशब्देन पानादिकमेव ग्राह्यं, किं तु भक्त्यादिकमपि। अन्यथा उक्तवैपरीत्ये परः कुमतिः कथं न व्याकुलो व्यग्रः स्यात् ? कस्मिन् ?

सङ्घादेः तदुदीरणे वैयावृत्त्योच्चारे। किं वक्ति ? अत्र प्रश्नव्याकरणपाठः— "अह केरिसए पुण आइ आराहए वयमिणं जे से उवहिभत्तपाणदाणसंगहणकुसले अच्चंतबालदुबलगिलाणवुड्ढखवगे पवत्तिआयरियउवज्झाए सेहे साहम्मिए तवस्सी-कुलगणसंघचेइयट्ठे य णिज्जरट्ठी वेयावच्चं अणिस्सियं दशविहं बहुविहं पकरेत्ति"। पाठे चेइयट्ठे चैत्यानि जिनप्रतिमा। एतासां ? (एतेषां) योऽर्थः प्रयोजनं स तथा तत्र निर्जरार्थी कर्मक्षयकामः वैयावृत्त्य व्यापृतकर्मरूपं उपष्टम्भनमित्यर्थः। अनिश्रितं कीर्त्त्यादिनिरपेक्षं दशविधं बहुविधं करोति ॥४८॥

**ભાવાર્થ–** આદિ શબ્દદ્વારા માત્ર પાન વિગેરે ગ્રહણ કરવા જોઈએ એવું નથી, ભક્તિ વગેરે પણ ગ્રહણ કરવાના છે. ઉક્તથી વિપરીતપણામાં એટલે કે "આદિ" પદથી, ભક્તિ આદિ ગ્રહણ કરવામાં ન આવે, પાન વગેરે જ ગ્રહણ કરવામાં આવે તો, સંઘ વગેરેની વેયાવચ્ચના કથનમાં કુમતિ એવો લુંપાક કેવી રીતે વ્યાકુળ ન થાય ? અર્થાત્ થાય જ. કેમકે અશનાદિદ્વારા સંઘાદિનું વેયાવચ્ચ અસંભવિત બને. કારણ કે અશનાદિ દ્વારા સંઘનું વેયાવચ્ચ બધાવડે હંમેશા સર્વ સામગ્રીથી કરી શકાય નહિ, પરંતુ ભક્તિ આદિથી સંઘનું વેયાવચ્ચ થઈ શકે.

પ્રશ્નવ્યાકરણનો પાઠ આ પ્રમાણે છે- કેવો પુરુષ આ અદત્તાદાન વિરમણ વ્રતને આરાધે છે ? જે વ્યક્તિ ઉપધિ તથા આહારપાણીના દાન અને સંગ્રહની વિધિમાં કુશળ હોય, અત્યન્તબાળ, દુર્બળ, ગ્લાન, વૃદ્ધ, વિકૃષ્ટ, ઉપવાસી, પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય, શૈક્ષ, સાધર્મિક, તપસ્વી, કુલ, ગણ, સંઘ અને ચૈત્યની નિર્જરાર્થી અનિશ્રિત દશવિધ બહુવિધ વેયાવચ્ચ કરતો હોય, તે આ ત્રીજા વ્રતને આરાધે છે. પાઠમાં ચૈત્યપદનો જિનપ્રતિમા અર્થ કર્યો છે.

(एतासां (? एतेषां ) योऽर्थ=प्रयोजनं स तथा तत्र=) તપસ્વી આદિનો જે અર્થ=પ્રયોજન તે તેવા=તપસ્વી-કુલ-ગણ-સંઘ-ચૈત્યાર્થ છે. તેમાં તપસ્વી, કુલ, ગણ, સંઘ-ચૈત્યાર્થમાં છે. નિર્જરાર્થી એટલે કર્મક્ષયની ઈચ્છાવાળો. વૈયાવૃત્ય એ વ્યાપૃતકર્મ(=ગુંથાયેલાના કાર્ય) રૂપ છે. અર્થાત્ વૈયાવૃત્ય ઉપષ્ટંભન છે=બીજાઓને ટેકારૂપ છે. અનિશ્રિત એટલે કીર્તિ આદિની અપેક્ષા વિના. દશવિધ એટલે આચાર્ય વગેરે દશની વેયાવચ્ચ. બહુવિધ

એટલે ભક્ત-પાન-આદિના દાનથી અનેક પ્રકારની વેયાવચ્ચ.

અત્યંત બાલાદિની વેયાવચ્ચ કરવાથી ત્રીજા વ્રતની આરાધના થાય છે તેમ કહ્યું, ત્યાં વેયાવચ્ચને ત્રીજા વ્રત સાથે શું સંબંધ છે ? તેનું તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિ ઉપધિ આદિના વિષયમાં વિધિને જાણનારી હોય તે વ્યક્તિ પોતાના સંયમમાં ઉપષ્ટંભન થાય તેટલી જ ઉપધિ આદિ લાવીને સ્વયં જ ઉપભોગ કરે પરંતુ અત્યંતબાલાદિની વેયાવચ્ચ ન કરે તો તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય. અને વેયાવચ્ચ કરે પરંતુ અનિશ્રિત ન કરે, પરંતુ નિશ્રાથી કરે, તો પણ તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય. તે આ રીતે- તીર્થંકરની આજ્ઞા છે કે અત્યંત નિર્દોષ ઉપધિ આદિનું ગ્રહણ કરવું. તે તે પ્રકારના સંયોગમાં નિર્દોષની પ્રાપ્તિ ન થાય તો જે પ્રકારનો અપવાદ ત્યાં ઉચિત હોય તે પ્રકારે અપવાદથી દોષિત પણ ગ્રહણ કરે, અને જો તે આજ્ઞા પ્રમાણે ન કરે તો તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય. અને તે રીતે નિર્દોષ લાવ્યા પછી પણ ભગવાનની આજ્ઞા છે કે શક્તિસંપન્ન વ્યક્તિએ અત્યંત બાલાદિની વેયાવચ્ચ કરીને પછી પોતાના માટે તેનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ તે ન કરે તો નિર્દોષ પણ ઉપધિ આદિના ઉપભોગમાં તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમ હોવાથી તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય.

પ્રશ્નવ્યાકરણના સૂત્રમાં દસવિધ વેયાવચ્ચ કહી તે આચાર્યાદિના દસ ભેદથી ગ્રહણ કરવાની છે. અને અત્યંતબાલાદિથી માંડીને ચૈત્યાર્થ સુધી ગ્રહણ કરીએ તો દસથી અધિક સંખ્યાની પ્રાપ્તિ થાય છે. તેથી ઉપદેશ રહસ્યની ગાથા-૩૪ માં જણાવ્યા મુજબ એ અર્થ પ્રાપ્ત થાય છે કે અત્યંત-બાલાદિથી માંડીને ચૈત્યને છોડીને બાકી બધાનો આચાર્યાદિ દસવિધમાં જ અંતર્ભાવ થાય છે. અને તેને આશ્રયીને જ પ્રશ્નવ્યાકરણમાં દશવિધ વેયાવચ્ચ કહેલ છે અને અધિક ભેદ પ્રશ્નવ્યાકરણમાં બાલાદિ શબ્દથી બતાવેલ છે તેને આશ્રયીને બહુવિધ વેયાવચ્ચ કહેલ છે. આ પ્રમાણે અડતાલીશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૪૮॥

**उपोद्घातवचनकर्णिका**– अर्थान्तरवादमाधिकृत्याह–

ચૈત્યપદના બીજા અર્થ અંગેના વાદને આગળ કરી ગ્રંથકાર કહે છે કે–

**ज्ञानं चैत्यपदार्थमत्र वदतः प्रत्यक्षबाधैकतो,**

**धर्मिद्वारतयामुनावधिकृते त्वाधिक्यधीरन्यतः ।**

**दोषायेति परः परः शतगुणप्रच्छादनात्, पातकी,**

**दग्धां गच्छतु पृष्ठतश्च पुरतः कां कांदिशीको दिशम् ॥४९॥**

**શ્લોકાર્થ–** અહીં ચૈત્યપદનો અર્થ જ્ઞાન છે એમ કહેનારા પ્રતિમા-લોપકને એકપક્ષે પ્રત્યક્ષબાધ છે. બીજા પક્ષે જો ધર્મીદ્વારથી મુનિને અધિકારી ગણીએ તો બીજીબાજુ આધિક્યપણાની બુદ્ધિ દોષ માટે થાય છે. આમ રહેલા સેંકડો ગુણોને છુપાવવાથી પાપી એવો પ્રતિમાલોપક ભયભીત બનેલો છે. પણ આગળ પાછળ બંને દિશા બળી ગયેલી છે તેથી કઈ દિશામાં નાશી જાય ? ॥૪૯॥

## ચૈત્યશબ્દનો અર્થ જ્ઞાન. એ પ્રશ્નવ્યાકરણમાં નિર્દેશ. એવી કુમતિની વાણીનું ખંડન.

**व्याख्या–** अत्र प्रश्नव्याकरणे चैत्यपदार्थं ज्ञानं वदतः लुम्पकस्य एकत एकस्मिन् पक्षे प्रत्यक्षबाधा प्रत्यक्षप्रमाणबाधः स्यात् । परिदृष्टविश्रामणादि वैयावृत्त्यस्य ज्ञानेऽनुपपत्तेर्हेतोः ।

**ભાવાર્થ–** પ્રશ્નવ્યાકરણનામના અંગસૂત્રમાં ચૈત્યપદનો અર્થ જ્ઞાન બોલતા પ્રતિમાલોપકને પ્રત્યક્ષબાધ છે. કેમકે જ્ઞાનની પગ દબાવવા આદિ સ્વરૂપ વેયાવચ્ચ સંભવતી નથી. (કેમકે જ્ઞાન ગુણ છે. વેયાવચ્ચ ક્રિયા છે. ગુણમાં ક્રિયા સંભવતી નથી. ગુણ અને ક્રિયા બન્ને દ્રવ્યને આશ્રયીને જ રહેલા છે.)

**व्याख्या–** अथ च धर्मिद्वारतया धर्मिणि धर्मोपचाराभिप्रायेण मुनौ साधौ अधिकृतेऽधिकारवशात् गृहीते तु अन्यतः पक्षान्तरे आधिक्यधीर्दोषाय स्यात् । मुनेर्बालादिपदैः गृहीतत्वात् चैत्यपदस्य पौनरुक्त्यमित्यर्थः ।

**ભાવાર્થ–** હવે ધર્મીદ્વાર દ્વારા અર્થાત્ જ્ઞાન ધર્મી છે તે જેમાં રહ્યો છે તે ધર્મીમાં અર્થાત્ જ્ઞાનીમાં ઉપચાર કરવાથી જ્ઞાની તરીકે મુનિરાજ અધિકારી બનશે. આમ માનવાથી બીજાપક્ષમાં પુનરુક્તિ દોષ થાય. કેમકે

"બાલ" વિગેરે પદથી મુનિપદનો સ્વીકાર થયેલો જ છે.

**व्याख्या**– इति पूर्वोक्तप्रकारेण परः कुमतिः कांदिशीको भयद्रुतः सन् कां दिशं गच्छतु ? मिथ्याभिशङ्की कुत्रापि गन्तुं न समर्थ इति भाव । कीदृशः परः कुमतिः ? परः शतानां गुणानां चैत्यशब्दनिर्देशप्रयुक्तानां प्रच्छादनात् निह्नवात् पातकी दुरितवान् कीदृशी दिशं पृष्ठतः पुरतश्च दग्धां अत्र दग्धदिक्त्वेन पूर्वोत्तरपक्षद्वयाध्यवसानादतिशयोक्तिः ॥४९॥

**ભાવાર્થ**– આ પ્રમાણે પૂર્વે કહેલા પ્રકારથી ભયભીત થયેલા કુમતિ કઈ દિશામાં જાય ? મિથ્યાશંકા કરનાર ક્યાંય જઈ શકતો નથી આ પ્રમાણે ભાવ જાણવો. વળી તે કુમતિ ચૈત્યશબ્દના નિર્દેશમાં યોજેલા સેંકડો ગુણોને છુપાવવાનો પ્રયત્ન કરે છે. તેથી પાપી છે. પણ તેમાં નિષ્ફળ જવાથી ભય પામેલો તેની આગળ અને પાછળની બન્ને દિશા સળગેલી છે, તેથી બિચારો ક્યાં જાય ?

આ શ્લોકમાં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ બંનેનું બળેલી દિશારૂપે નિશ્ચય કરેલ હોવાથી અતિશયોક્તિ અલંકાર છે. કેમકે કોઈ દિશા બળેલી નથી. પરંતુ પૂર્વપક્ષી લુંપાક બંને દિશાઓમાં(=પક્ષોમાં) વિચાર કરવા અસમર્થ છે. તેથી અતિશયોક્તિ કરીને ગ્રંથકાર કહે છે કે લુંપાકને બંને દિશાઓ બળેલી હોવાથી કઈ દિશામાં જવું એ પ્રમાણે તે વિહ્વલ બનેલો છે. આ પ્રમાણે ઓગણપચાશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.. ॥૪૯॥

**उपोद्घातवचनकर्णिका**– निश्चितार्थेऽनुपपत्तिमाशङ्क्य निराकरोति–

"ભક્તિ વેયાવચ્ચ સ્વરૂપ છે." એમ નિશ્ચિતાર્થમાં ગ્રંથકાર સ્વયં આશંકા ઊભી કરી તેનું નિરાકરણ કરતાં કહે છે કે–

**वैयावृत्त्यमथैवमापतति वस्तुर्ये गुणस्थानके,**
**यस्माद्भक्तिरभङ्गुरा भगवतां तत्रापि पूजाविधौ ।**
**सत्यं दर्शनलक्षणेऽत्र विदितेऽनन्तानुबन्धिव्ययात्,**
**नो हानिं त्वयि निर्मलां धियमिव प्रेक्षामहे कामपि ॥५०॥**

**શ્લોકાર્થ**– એવી રીતે=પૂર્વે કહેલા વેયાવચ્ચનો અર્થ ભક્તિ કરવામાં

તમને ચોથા ગુણસ્થાનકમાં વેયાવચ્ચનો પ્રસંગ આવે. કેમકે તે ગુણસ્થાનકે પણ પૂજાની વિધિમાં ભગવાનની અખંડભક્તિ રહેલી છે. તારી આ વાત સત્ય છે. ચતુર્થગુણસ્થાનકે પણ અનન્તાનુબંધી કર્મના ક્ષયથી સમ્યગ્દર્શનના લક્ષણભૂત વેયાવચ્ચ પ્રસિદ્ધ છે. અમે જેમ તારી નિર્મલબુદ્ધિને જોતા નથી, તેમ આ વિષયમાં કોઈપણ હાનિને જોતા નથી..।।૫૦।।

## વૈયાવચ્ચની ચતુર્થગુણસ્થાનકમાં કરેલી ઘટના.

**व्याख्या–** अथैवं चैत्यभक्तेर्वैयावृत्त्यत्वे पूर्वोक्ते सति तदा वो युष्माकं तुर्ये चतुर्थे गुणस्थानके वैयावृत्त्यमापतति प्रसज्यते । यस्मात् तत्र भगवताम् अर्हतां पूजाविधौ विहितार्चने अभङ्गुराऽभङ्गव्याप्या भक्तिर्वर्त्तते । सत्यमित्यर्द्धाङ्गीकारे ।

**ભાવાર્થ–** હવે ચૈત્યભક્તિ વેયાવચ્ચ છે એમ પૂર્વે કહેલ છે. તેથી તમને ચોથા ગુણસ્થાનકે વેયાવચ્ચ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. કેમકે તે ગુણસ્થાનકે પૂજાવિધિમાં ભગવાનની અખંડભક્તિ રહેલી છે. આ વાત અર્ધી સ્વીકારવામાં સત્ય છે.

**व्याख्या–** अत्र चतुर्थगुणस्थानके दर्शनलक्षणे सम्यक्त्वलक्षणीभूते वैयावृत्त्ये विदिते वयं अनन्तानुबन्धिनां व्ययात् क्षयोपशमात् कामपि हानिं न प्रेक्षामहे । कुत्र कामिव ? त्वयि विषये धियमिव यथा वयं त्वयि कामपि निर्मलां निःशङ्कितां धियं बुद्धिं न प्रेक्षामहे इत्युपमा ।

**ભાવાર્થ–** અહીં ચોથા ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ હોવાથી સમ્યગ્દર્શનના લક્ષણભૂત વેયાવચ્ચગુણ પ્રસિદ્ધ છે. જેમ અમે તારામાં નિર્મલ=નિઃશંકિત બુદ્ધિને જોતા નથી, તેમ ચોથા ગુણસ્થાનકે વેયાવચ્ચ હોવામાં કોઈ પણ હાનિને જોતા નથી. પ્રસ્તુત કાવ્યમાં હાનિ ન જોવામાં "પ્રતિમાલોપકોમાં જેમ નિર્મલબુદ્ધિ દેખાતી નથી." એવી ઉપમા આપી હોવાથી ઉપમા અલંકાર છે.

**व्याख्या–** चारित्रमोहनीयभेदानन्तानुबन्धिव्यये जायमानस्य वैयावृत्त्य-गुणस्याविरतसम्यग्दृशामपि संभवे बाधकाभावादित्यर्थः ।।५०।।

**ભાવાર્થ–** અહીં ચારિત્રમોહનીયના ભેદરૂપ અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થયે છતે ઉત્પન્ન થતા વેયાવચ્ચગુણનો અવિરતસમ્યગ્દષ્ટિઓમાં

પણ સંભવ હોવામાં કોઈ બાધક નથી. આ પ્રમાણે પચાશમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૫૦॥

**उपोद्घातवचनकर्णिका**– तथा सति तेषां चारित्रलेशसंभवेऽविरत्वानुपपत्तिरेव बाधिकेत्यत्राह–

ચતુર્થગુણસ્થાનકે વેયાવચ્ચનો સ્વીકાર કરવામાં તેઓને ચારિત્રનો આંશિક સંભવ થયે છતે અવિરતિ ન ઘટે એ જ બાધક છે. આ વાતનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે–

**श्राद्धानां तपसः परं गुणतया सम्यक्त्वमुख्यत्वतः,**
**सम्यक्त्वाङ्गमियं तपस्विनि मुनौ प्राधान्यमेषाऽश्नुते ।**
**धीर्लीलाङ्गतयोपसर्जनविधां धत्ते यथा शैशवे**
**तारुण्ये व्यवसायसंभृततया सा मुख्यतामञ्चति ॥५१॥**

**શ્લોકાર્થ**– શ્રાવકોને તપ ગૌણભાવે છે અને સમ્યક્ત્વ મુખ્યભાવે છે. તેથી શ્રાવકની તપરૂપ આ ભક્તિ સમ્યક્ત્વનું અંગ છે. અને તપસ્વી મુનિઓમાં તપરૂપ આ ભક્તિ પ્રધાનતાને પામે છે. શૈશવકાળમાં ક્રીડાનું અંગ હોવાથી બુદ્ધિ ગૌણભાવને ધારણ કરે છે. અને તે જ બુદ્ધિ યુવાનીમાં વ્યવસાયપૂર્ણ હોવાથી મુખ્યતાને ધારણ કરે છે...॥૫૧॥

## શ્રાવકનો તપથી ચડિયાતો ગુણ સમકિત.
## સમકિત અંગ બને ભક્તિ.

**व्याख्या**– श्राद्धानां दर्शनश्रावकाणां परं केवलं तपसो गुणतयाऽमुख्यतया इयं भक्तिः सम्यक्त्वाङ्गं वर्त्तते । सम्यक्त्वस्य प्रधानस्य अङ्गीभूता सम्यक्त्वफलेनैव फलवतीत्यर्थः । ''फलवत्सन्निधौ अफलं तदङ्गं'' इति न्यायात्।

**ભાવાર્થ**– દર્શનશ્રાવકોને=અવિરતસમ્યગ્દષ્ટિઓને તપ ગૌણ છે અને સમ્યક્ત્વ મુખ્ય છે. તેથી ગૌણ બનેલી ભક્તિ પ્રધાન બનેલા સમ્યક્ત્વના અંગસ્વરૂપ છે. તેથી ભક્તિ સમ્યક્ત્વના ફળ વડે જ ફળવાળી થાય છે, અર્થાત્ સમ્યક્ત્વના ફળમાં જ તેના ફળનો અંતર્ભાવ થાય છે. કારણ કે "ફળવાનની સંનિધિમાં તેનું અંગ અફળ છે." એવો ન્યાય છે. (જે મુખ્ય હોય તે ફળવાન બને છે. દર્શનશ્રાવકમાં સમ્યક્ત્વગુણ મુખ્ય છે

આથી સમ્યક્ત્વ ફળવાન છે. તેથી સમ્યક્ત્વની હાજરીમાં સમ્યક્ત્વનું અંગ ભક્તિ અફળ છે=અવિરતિનાશરૂપ ફળ આપવા સમર્થ નથી. આનો સાર એ આવ્યો કે ચતુર્થગુણસ્થાને રહેલ તપરૂપ ભક્તિ ચતુર્થગુણસ્થાને રહેલ અવિરતિનો બાધક બનતો નથી(=ચતુર્થગુણસ્થાનકે રહેલ જીવ વિરતિધર બનતો નથી.)

**व्याख्या–** तथा च तावता न अविरतत्वहानिः ''कार्षापणमात्रधनेन धनवान् एकगोमात्रेण गोमान्'' इति पञ्चाशकवृत्तौ अभयदेवसूरयः ।

**ભાવાર્થ–** ઉપર કહ્યું તે પ્રમાણે તેટલાથી=વિરતિના અંશરૂપ ભક્તિથી ચોથા ગુણસ્થાને અવિરતિની હાનિ થતી નથી, અર્થાત્ ચોથા ગુણસ્થાને રહેલો શ્રાવક વિરતિધર બની જતો નથી. માત્ર એક રૂપિયાથી ધનવાન બનાતું નથી અને માત્ર એક ગાયથી કાંઈ ગોવાળ થવાતું નથી. આ પ્રમાણે પંચાશકગ્રંથની ટીકામાં શ્રી અભયદેવસૂરિએ કહેલું છે.

**व्याख्या–** एतदेवाह-तपस्विनि प्रधानतपोयुक्ते मुनौ चारित्रिणि एषा भक्तिः प्राधान्यमश्नुते प्रधानभावं प्राप्नोति ।

**ભાવાર્થ–** આ જ વિષયને ગ્રંથકાર કહે છે- પ્રધાનતપયુક્ત મુનિમાં આ ભક્તિ પ્રધાનભાવને પામે છે=પ્રધાન બને છે.

**व्याख्या–** यथा शैशवे बाल्ये धीः बुद्धिः उपसर्जनविधां गौणभावं धत्ते । कया ? लीलाङ्गतया लीलायाः प्रधानीभूतायाः क्रीडाया अङ्गत्वेन कृत्वा । अथ तारुण्ये यौवनकाले च सा बुद्धिः मुख्यतां मुख्यभावं अञ्चति प्राप्नोति । क्या ? व्यवसायसंभृततया बलपराक्रमसध्रीचीनत्वेन कृत्वा ॥५१॥

**ભાવાર્થ–** અહીં દૃષ્ટાંત કહે છે. શૈશવકાળમાં બુદ્ધિ ગૌણપણે વર્તે છે કેમકે બાળપણમાં રમતગમત પ્રધાનપણે વર્તે છે અને બુદ્ધિ એ રમતગમત ક્રીડાનું એક અંગ હોવાથી ગૌણરૂપે છે. હવે યૌવનવયમાં તે જ બુદ્ધિ પ્રધાનભાવને ધારણ કરે છે. કેમકે તે બળ અને પરાક્રમથી યુક્ત હોય છે. આ પ્રમાણે એકાવનમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૫૧॥

**उपोद्घातवचनकर्णिका–** अत्र सूत्रनीत्या हिंसामाशङ्क्योद्वेगमभिनयति परः– સૂત્રાધારે દ્રવ્યસ્તવમાં હિંસાની આશંકા કરી આ હિંસાથી અત્યંત

ઉદ્વેગનો અભિનય કરતો પ્રતિમાલોપક કહે છે કે--

**अर्थं काममपेक्ष्य धर्ममथवा निघ्नन्ति ये प्राणिनः,**
**प्रश्नव्याकरणे हि मन्दमतयस्ते दर्शितास्तत्कथम् ।**
**पुष्पाम्भोदहनादिजीववधतो निष्पाद्यमानां जनैः,**
**पूजां धर्मतया प्रसह्य वदतां जिह्वा न नः कम्पताम्? ॥५२॥**

**શ્લોકાર્થ–** અર્થની, કામની કે ધર્મની અપેક્ષા કરીને જેઓ જીવહિંસા કરે છે. તેઓને "પ્રશ્નવ્યાકરણ" નામના અંગમાં મંદબુદ્ધિવાળા બતાવ્યા છે. તેથી તત્ત્વને નહિ જાણનારા લોકોથી પુષ્પ, પાણી અને અગ્નિના જીવોની હિંસાદ્વારા કરાતી પૂજાને બલાત્કારે ધર્મરૂપ કહેતા શું અમારી જીભ કંપે નહીં ? અર્થાત્ કંપે જ..૫૨

## પુષ્પાદિ જીવોના વધ દ્વારા થતી પૂજાથી ધર્મ કેમ સંભવે ? તેનું શાસ્ત્રીય સમાધાન.

**व्याख्या–** ये जना प्राणिनः सत्त्वान् निघ्नान्ति विनाशयन्ति । किं कृत्वा ? अर्थं वा कामं वा धर्मं वाऽपेक्ष्यापेक्षां कृत्वा । हि निश्चितं । प्रश्नव्याकरणे ते मन्दमतयो दर्शिताः । तत् तस्मात् नोऽस्माकं जिह्वा कथं न कम्पतां ? अपि तु कम्पतां ।

**ભાવાર્થ–** જે લોકો ધનની, કામની કે ધર્મની અપેક્ષા કરીને(=ધન માટે, વિષયસુખો માટે કે ધર્મ માટે) પ્રાણીઓનો વિનાશ કરે છે. તેમને 'પ્રશ્નવ્યાકરણ' નામના અંગમાં મંદબુદ્ધિવાળા બતાવ્યા છે. તેથી તત્ત્વને નહિ જાણનારા લોકોથી પુષ્પ-પાણી-અગ્નિ આદિના જીવોની હિંસા કરીને કરાતી પૂજાને બળાત્કારે ધર્મ તરીકે ગણાવતા અમારી જીભ કેમ કંપે નહિ ? અર્થાત્ કંપે જ.

**व्याख्या–** किं विधानामस्माकं ? प्रसह्य हठात् धर्मतया धर्मत्वेन पूजां वदतां । किंविधां पूजां ? निष्पाद्यमानां । कैः ? जनैः लोकैः अतत्त्वज्ञैः। कस्मात् ? पुष्पाम्भोदहनादिजीवानां यो वधः तस्मात् । धर्मिणां जिह्वा एव हि मृषा भाषितुं कम्पते इत्युक्तिः ॥५२॥

**ભાવાર્થ–** ધર્મીઓની જીભ જ ખરેખર જુઠું બોલવા માટે કંપે છે.

(હિંસા કરીને કરાતી પૂજા ધર્મ નથી. આથી તેવી પૂજાને ધર્મરૂપ કહેવી એ અસત્ય છે. આથી ધર્મીઓની જીભ અધર્મરૂપપૂજાને ધર્મરૂપ કહેવા દ્વારા જુઠું બોલવા માટે કંપે છે.) (इत्युक्तिः=)આ પ્રમાણે લુંપાકોનું કહેવું છે..॥૫૨॥

**उपोद्घातवचनकर्णिका–** अत्रोत्तरदातुः स्वस्य वैद्यताभिव्यक्तये भेषज-मुपदर्शयति–

અહીં ઉત્તરદાતા ગ્રંથકાર પોતાના વૈદ્ય તરીકેના અભિનયને પ્રગટ કરવાની ઈચ્છાથી પ્રતિમાલોપકની કંપતી જીભની દવા દર્શાવે છે–

**भोः ! पापा ! भवतां भविष्यति जगद्वैद्योक्तिशङ्काभृतां,**
**किं मिथ्यात्वमरुत्प्रकोपवशतः सर्वाङ्गकंपोऽपि न ।**
**यो धर्माङ्गतया वधः कुसमये दृष्टोऽत्र धर्मार्थिका,**
**सा हिंसा न तु सत्क्रियास्थितिरिति श्रद्धैव सद्भेषजम् ॥५३॥**

**શ્લોકાર્થ–** હે પાપીઓ ! જગતના જીવોના વૈદ્ય એવા પરમાત્માના વચનમાં શંકા ધારણ કરનારા તમારા સર્વાંગમાં મિથ્યાત્વરૂપી વાયુના પ્રકોપદ્વારા શું કંપ નહિ થાય ? કુશાસ્ત્રમાં જે વધ ધર્મના અંગ તરીકે બતાવ્યો છે તે વધ જ ધર્માર્થહિંસારૂપ છે. નહિ કે सत्क्रियास्थितिः=સત્ક્રિયાનો આચાર. આ શ્રદ્ધા જ ઉત્તમ ઔષધ છે..॥૫૩॥

**પરમાત્મારૂપી વૈદ્યે બતાવેલ શ્રેષ્ઠૌષધ.**
**કુશાસ્ત્રમાં પ્રરૂપિત હિંસા,**
**સત્ક્રિયાની સ્થિતિરૂપ નથી.**

**व्याख्या–** भोः पापा ! पापान्वेषिणः भवतां किं सर्वाङ्गकम्पोऽपि न भविष्यति ? अपि तु भविष्यत्येव । कस्मात् ? मिथ्येति मिथ्यात्वरूपो यो मरुद् वायुः तस्य प्रकंपवशतः । कथंभूतानां भवतां ? जगद्वैद्यस्य भगवतः उक्तौ शंकाभृतां, तत्र वयं के प्रतिकर्त्तारः ? वैद्यवचनशङ्कितस्य रोगिणो बह्मणापि प्रतिकर्तुमशक्यत्वात् ।

**ભાવાર્થ–** હે પાપગવેષક કુમતિઓ ! જગતના સર્વજીવો વિષે ધન્વંતરીવૈદ્ય સમાન પરમાત્માના વચનમાં શંકા રાખનારા તમને મિથ્યાત્વરૂપ

વાયુના પ્રકોપથી સર્વાંગ કંપ કેમ નહિ થાય ? અર્થાત્ થશે જ. ત્યાં વળી પ્રતિકાર કરનારા અમે કોણ ? કેમકે વૈદ્યના વચનમાં શંકા કરનાર રોગીને બ્રહ્મા પણ સારો કરી શકતો નથી. તેમ પરમાત્માના વચનમાં શંકા રાખનારનું મિથ્યાત્વ કોઈ દૂર કરી શકતું નથી.

**व्याख्या**– अत्र रोगौषधविवक्षायामाह- यो वधः कुसमये कुशास्त्रे धर्माङ्गतया दृष्टोस्ति । अत्र परीक्षकलोके स वध एव सा धर्मार्थिका हिंसा कथिताऽस्ति, अथ न तु सत्क्रिया स्थितिः हिंसा प्रोक्तास्ति अप्रमत्तयोगेन हिंसाया अनभ्युपगमात् ।

**ભાવાર્થ**– અહીં રોગના ઔષધને કહેવાની ઈચ્છા થયે છતે ગ્રંથકાર કહે છે- કુશાસ્ત્રમાં જીવવધને ધર્મરૂપ(=ધર્મના કારણ તરીકે) બતાવેલ છે, તેને પરીક્ષકો ધર્માર્થ (ધર્મ માટે) હિંસા કહે છે. પરંતુ સત્ક્રિયાની સ્થિતિને ધર્માર્થહિંસા કહી નથી. જેઓ જિનપૂજા વગેરે સત્ક્રિયારૂપ આચારનું અપ્રમત્તપણે પાલન કરે છે તેઓનું તે આચારપાલન અપ્રમત્તયોગરૂપ છે. અપ્રમાદથી થતા કાર્યમાં હિંસા સ્વીકારી નથી.

**व्याख्या**– इति पूर्वोक्तप्रकारेण श्रद्धैव सत् समीचीनं भेषजं वर्त्तते। अन्यथा ज्ञातासूत्रे परिखोदकशोधने सुबुद्धिर्मन्त्री महाहिंसको मन्दबुद्धिश्च स्यात्, परं शुभाध्यवसायेन शुद्ध एवेति ॥५३॥

**ભાવાર્થ**– આ પ્રમાણે પૂર્વે કહેલા પ્રકારવડે પરમાત્માના વચન ઉપર શ્રદ્ધા રાખવી તે જ પરમૌષધરૂપ છે. જો આ પ્રમાણે સ્વીકારવામાં ન આવે તો સુબુદ્ધિમંત્રીને પણ મહાહિંસક અને મંદબુદ્ધિવાળો માનવાની આપત્તિ આવે. સુબુદ્ધિમંત્રીએ રાજાને પુદ્ગલના સાચા સ્વરૂપનો ખ્યાલ આપવા ૪૯ દિવસની મહેનત દ્વારા ખાઈના પાણીને શ્રેષ્ઠપાણી બનાવ્યું હતું. અને રાજાને ખાતરી કરાવી હતી. આમ સુબુદ્ધિમંત્રીએ પણ ધર્મ માટે આરંભ=હિંસા કરી હતી. શુભ અધ્યવસાયવડે તે શુદ્ધ જ છે. આ પ્રમાણે ભાવાર્થ જાણવો. આ પ્રમાણે ત્રેપનમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૫૩॥

**उपोद्घातवचनकर्णिका**– यो धर्माङ्गतयेत्याद्युक्तमेवोपपादयति–

૫૩મા શ્લોકમાં "કુશાસ્ત્રમાં જે વધ ધર્મના અંગ તરીકે બતાવ્યો છે તે વધ જ ધર્માર્થ હિંસારૂપ છે." ઈત્યાદિ જે કહ્યું તેને યુક્તિસંગત ઠેરવતા ગ્રંથકાર કહે છે—

**यागीयो वध एव धर्मजनकः प्रोक्तः परैः स्वागमे,**
**नास्मिन्नौघनिषेधदर्शितफलं कार्यान्तरार्थाश्रिते ।**
**दाहे क्वापि यथा सुवैद्यकबुधैरुत्सर्गतो वारिते,**
**धर्मत्वेन धृतोऽप्यधर्मफलको धर्मार्थकोऽयं वधः ॥५४॥**

**શ્લોકાર્થ—** પરદર્શનકારોએ પોતાના આગમમાં યજ્ઞમાં કરાતી હિંસાને જ ધર્મજનક ગણાવી છે. જેમ સારા બુદ્ધિમાન વૈદ્યે દાહ દુઃખકારક હોવાથી તેનો નિષેધ કર્યો છે તેથી અન્યકાર્ય માટે પણ કરાતા દાહથી દુઃખની પ્રાપ્તિ થાય છે, તેમ આ યજ્ઞસંબંધી હિંસા પણ સંપત્તિની પ્રાપ્તિરૂપ બીજા કાર્યને વિષે છે. તેથી સામાન્યથી=ઉત્સર્ગથી હિંસાના નિષેધદ્વારા જે નરકાદિ ફળ બતાવ્યું છે તે ફળ આ યજ્ઞસંબંધી હિંસામાં નથી. એમ ન સમજવું જોઈએ. તેથી યજ્ઞસંબંધી વધ ધર્મરૂપ ગણાયો હોવા છતાં વાસ્તવિક રીતે તો અધર્મફળવાળો જ છે...॥૫૪॥

## યાગીયવધ-અધર્મફલજનક.

**व्याख्या—** परैः वैदिकैः स्वागमे यागीयः यागस्थलीयः वध एव धर्मजनकः प्रोक्तः "भूतिकामः पशुमालभेत" इत्यादिवचनात् । अस्मिन् दाहे(? वधे) ओघनिषेधेन सामान्यनिषेधेन दर्शितफलं निषेध्यप्रयोजनं दुर्गतिगमनलक्षणं न वर्त्तत इति न । द्वौ नञौ प्रकृत्यर्थं ब्रूवाते । कीदृशे दाहे(? वधे) कार्यान्तरं ओघनिषेधनिर्वाह्यमुक्तिरूपफलभिन्नं कार्यं भूतिप्राप्तिलक्षणं तस्य अर्थं आश्रिते ।

**ભાવાર્થ—** વેદાંતીઓએ પોતાના આગમમાં યજ્ઞસ્થળે કરેલા વધને જ ધર્મજનક કહેલો છે. "ભૂતિની(=ભૌતિક આબાદીની) ઈચ્છાવાળાએ પશુનો યજ્ઞ કરવો." એવું વચન છે. આ દાહમાં પરભવમાં દુષ્ટફળના આશયથી જે ઔત્સર્ગિક નિષેધ કરાયો છે તેના અપવાદરૂપ આ ભવસંબંધી યજ્ઞસંબંધી હિંસા બની ન શકે. તેથી આ ભવના હેતુથી કરાયેલી એ યાજ્ઞીયહિંસા પરભવમાં નરકાદિ ફળ આપનારી બને જ.

કેવા પ્રકારના દાહમાં ? ઔત્સર્ગિક હિંસાનિષેધમાં મોક્ષફળનો આશય છે. અને યાજ્ઞીયહિંસા આ ભવની આબાદી હેતુથી સૂચિત છે. આમ બન્ને સ્થળે આશયભેદ અને ફળભેદ હોવાથી પરસ્પર ઉત્સર્ગ-અપવાદભાવ ધારણ કરતા નથી. (कार्यान्तरं=ओघनिषेधनिर्वाह्यमुक्तिरूपफल-भिन्नं कार्यं भूतिप्राप्ति लक्षणं, तस्यार्थमाश्रिते=) ઓઘનિષેધથી નિર્વાહ્ય=નિષ્પાદ્ય જે મુક્તિરૂપ ફળ, તેનાથી ભિન્ન જે ભૂતિપ્રાપ્તિલક્ષણ કાર્ય તે કાર્યાન્તર છે. તે કાર્યાન્તરના (=ભૂતિપ્રાપ્તિના)અર્થને આશ્રિત (अस्मिन् दाहे?(વધે)) ओघनिषेधेन= सामान्य-निषेधेन दर्शितफलं=निषेध्यप्रयोजनं दुर्गतिगमन लक्षणं नेति न=) એવા આ યજ્ઞસંબંધી વધમાં ઓઘનિષેધથી=સામાન્યનિષેધથી દર્શિતફળ =નિષેધ્યફળ જે દુર્ગતિગમન તે ફળ નથી, એમ નહિ, અર્થાત્ છે જ.

**व्याख्या**– पुनः कीदृशे दाहे ? क्वापि यथा सुवैद्यकबुधैः उत्सर्गतो वारिते। एतेन उत्सर्गानिषेधानुगुणं दुःखरूपं फलं न भवतीति न, अतोऽयं धर्मार्थको वधः धर्मत्वेन धृतोऽपि भ्रान्तिविषयीकृतोऽपि अधर्मफलकोऽधर्महेतुर्वर्त्तते ।

**ભાવાર્થ**– ફરી કેવા પ્રકારનાં દાહમાં ? સુબુદ્ધિશાળી વૈદ્યો દાહ દુઃખદ છે એ આશયથી દાહનો નિષેધ કરે છે. પણ ગડ-ગૂમડાદિ રોગાદિ સારવાર માટે દાહ આપવામાં આવે તો પણ તે દાહથી દુઃખ તો થાય જ છે કેમકે રોગીની સારવાર માટે આપેલો દાહ દુઃખરૂપ ઉત્સર્ગનો બાધક નથી. આનાથી એ નિશ્ચિત થયું કે આ દાહમાં (उत्सर्ग-निषेधानुगुणं =) ઉત્સર્ગથી નિષેધને અનુગુણ=અનુકૂળ દુઃખરૂપ ફળ નથી એમ નહિ, અર્થાત્ છે જ. આથી આ યજ્ઞસંબંધી વધવખતે "આ વધ ધર્માર્થક છે, તેવી ભ્રાન્તિ હોય તો પણ વાસ્તવમાં તે અધર્મનું કારણ છે.

**વિશેષાર્થ**– સારા વૈદ્યો શરીરને ડામ આપવો જોઈએ નહિ તેમ ઉત્સર્ગથી કહે છે, કેમ કે શરીરને ડામ આપવાથી દુઃખ ઉત્પન્ન થાય છે. આમ છતાં કોઈને માનસિક ભ્રમાદિ રોગો પ્રગટ્યા હોય ત્યારે શરીરને ડામ આપવાથી તે રોગો મટે છે, તો પણ શરીરને ડામ આપવાથી દાહકૃત પીડા તો થાય છે. તેથી જેમ ભિન્ન કાર્યને આશ્રયીને દાહની વિધિ છે તે જ રીતે વેદશાસ્ત્રમાં મોક્ષરૂપ કાર્યના અર્થે હિંસાનો નિષેધ છે, તેથી સાધક આત્મા હિંસાનું વર્જન કરીને યમ-નિયમાદિની આચરણા વૈદિકશાસ્ત્ર

પ્રમાણે કરે છે. પરંતુ મોક્ષથી ભિન્ન એવી ભૌતિક કામનાથી યજ્ઞ કરવાનું કથન પણ વૈદિકશાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. તેથી ભૌતિક કામનાથી યજ્ઞ કરવામાં આવે તો, તેમાં થતી હિંસાથી તેના ફળરૂપ કર્મબંધ અને દુર્ગતિની પ્રાપ્તિ પણ થાય જ, કેમ કે કર્મબંધ અને દુર્ગતિના ફળના નિવારણ માટે મોક્ષાર્થી જીવોને આશ્રયીને હિંસાનો નિષેધ કરાયો, અને તે જ હિંસાનું સેવન ભૂતિકામના માટે જ્યારે થતું હોય ત્યારે તે હિંસાથી કદાચ વૈભવ પ્રાપ્તિ થતી હોય તો પણ દુર્ગતિની પ્રાપ્તિ પણ થાય. જેમ વૈદ્યના દૃષ્ટાંતમાં બતાવેલ કે ભ્રમાદિ રોગ ઉચ્છેદ કરવા માટે દાહનો પ્રયોગ કરવામાં આવે તો ભ્રમાદિ રોગનો ઉચ્છેદ થાય તો પણ દાહથી દુઃખરૂપ ફળ તો પ્રાપ્ત થાય જ છે. તે આ રીતે–

વેદમાં મોક્ષરૂપ કાર્ય માટે હિંસાનો નિષેધ કર્યો છે અને પશુને હોમવાની ક્રિયા એ મોક્ષરૂપ અર્થને સાધનારી નથી, એમ વેદના વાક્યથી જ નક્કી થાય છે, કેમકે ભૂતિની=ભૌતિક આબાદીની કામનાવાળાએ પશુનો યજ્ઞ કરવો જોઈએ, એવું વેદમાં કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે યજ્ઞની વિધિ ભિન્નાર્થક છે અને તેમાં હિંસાની પ્રાપ્તિ થાય છે, અને હિંસાનો નિષેધ ભિન્નાર્થક છે=મુક્તિઅર્થક છે. તેથી મુક્તિઅર્થક જેનો નિધેષ કરવામાં આવેલો હોય તેનું સેવન મુક્તિથી ભિન્ન કાર્ય સાધવા માટે કરવામાં આવે તો પણ, મુક્તિઅર્થક જેનો નિષેધ છે તેના સેવનથી જે દુર્ગતિગમનની પ્રાપ્તિ થતી હોય તે થાય જ છે. જ્યારે જિનપૂજામાં તેવું નથી. કેમ કે હિંસાનો નિષેધ મોક્ષાર્થક છે અને પૂજાનું વિધાન પણ મોક્ષાર્થક છે. તેથી એક ઉદ્દેશથી જ હિંસાનો નિષેધ અને હિંસાને અનુકૂળ એવી વિધિની પ્રાપ્તિ છે. અને તે પણ ફક્ત શબ્દરૂપે કથનમાત્ર નથી, પરંતુ જેમ હિંસાના ત્યાગથી શુભ અધ્યવસાય પ્રગટે છે અને તેનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેમ અધિકારી વિશેષને સ્વરૂપહિંસાવાળી એવી પૂજાથી જ મોક્ષને અનુકૂળ શુભ અધ્યવસાય પ્રગટી શકે છે, તેથી તે હિંસા દુર્ગતિગમનલક્ષણ ફળને પ્રાપ્ત કરાવનાર નથી. જ્યારે યાગીય હિંસામાં મોક્ષાનુકૂળ અધ્યવસાય પ્રગટતા નથી. તેથી જ મોક્ષના અર્થીને દુર્ગતિના કારણભૂત એવી હિંસાનો જે નિષેધ કરાયો તે હિંસા સંસારના વૈભવ અર્થે સેવવામાં આવે તો વૈભવ મળે તો પણ દુર્ગતિગમનપ્રાપ્તિરૂપ ફળ પણ પ્રાપ્ત થાય.

'अयं' આ ધર્માર્થકવધ ધર્મપણા વડે ધારણ કરાયેલો પણ=ભ્રાંતિનો વિષય કરાયેલો પણ, અધર્મરૂપી ફળવાળો છે એમ કહ્યું તેનો ભાવ એ છે કે, ભૂતિની કામનાથી કરાયેલો પશુનો યજ્ઞ પુણ્યરૂપ ધર્મનો જનક છે. તેથી આ ભવમાં કે પરભવમાં ભૂતિની=આબાદીની પ્રાપ્તિ થશે, એવો કોઈને ભ્રમ થઈ જાય તો પણ, પોતાના વૈભવને માટે પશુની હિંસા કરવાનો પરિણામ ત્યાં હોવાથી તે અધર્મનો હેતુ બને છે.

**व्याख्या–** आह च ''मिथ्यादृष्टिभिराम्नातो हिंसाद्यैः कलुषीकृतः । स धर्म इति वित्तोऽपि भवभ्रमणकारणम् ॥१॥ तस्माद्धर्मार्थं हिंसा यागादौ एव, न तु जिनपूजायामिति श्रद्धेयम् ॥५४॥

**ભાવાર્થ–** તેથી જ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, "મિથ્યાદષ્ટિઓ દ્વારા સર્જાયેલો તથા હિંસા વગેરેથી કલુષિત કરાયેલો ધર્મ ધર્મ તરીકે માન્ય હોય તો પણ સંસારભ્રમણનું કારણ બને છે." તે કારણથી "ધર્માર્થ હિંસા" યાગાદિમાં જ લાગી શકે છે. પણ જિનપૂજાને નહિ, આવી શ્રદ્ધા કરવી જોઈએ. આ પ્રમાણે ચોપનમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૫૪॥

**उपोद्घातवचनकर्णिका–** ननु भवतामपि सामान्यतो निषिद्धाया हिंसायाः फलं कथं न पूजास्थलीयायां हिंसायामत आह–

અહીં શંકા થાય છે કે, "સામાન્યથી નિષેધ કરાયેલી હિંસાનું ફળ પૂજામાં થતી હિંસામાં કેમ ન મળે ?" તેનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે કે–

**अस्माकं त्वपवादमाकलयतां दोषोऽपि दोषान्तरोच्छेदी**
**तुच्छफलेच्छया विरहितश्चोत्सर्गरक्षाकृते ।**
**यागादावपि सत्त्वशुद्धिफलतो नेयं स्थितिर्दुष्टतः,**
**श्येनादेरिव सत्त्वशुद्ध्यनुदयात्तत्संभवादन्यतः ॥५५॥**

**શ્લોકાર્થ–** અપવાદને જાણતા એવા અમને દોષ પણ બીજા દોષોનો નાશ કરનારો છે. વળી તે અપવાદ સેવન તુચ્છફળની ઈચ્છાથી રહિત છે. તેથી ઉત્સર્ગની રક્ષા કરવામાં જ પ્રવૃત્ત થયેલો છે. શ્યેનયાગની જેમ યજ્ઞ દુષ્ટ છે. તેથી તેનાથી સત્ત્વની શુદ્ધિ થતી નથી. વળી બીજા દ્વારા

સત્ત્વશુદ્ધિની સંભાવના છે. તેથી સત્ત્વશુદ્ધિફળની અપેક્ષાએ તેઓની આવી સ્થિતિ નથી..॥૫૫॥

## અપવાદ પણ ઉત્સર્ગની રક્ષા કાજે.

## સત્ત્વશુદ્ધિ જાપાદિદ્વારા ન શ્યેનાદિ વધદ્વારા.

**व्याख्या**– अस्माकं तु दोषोऽपि द्रव्यस्तवेऽधिकारिविशेषणीभूतोऽपि मलिनारम्भस्तत्कालीनः सदारम्भो वा उत्सर्गरक्षाकृते एव उत्सर्गरक्षार्थमेव प्रवर्त्तते। कीदृशानामस्माकं ? अपवादमाकलयतां उत्सर्गैकाधिकारिकमपवादं निम्नोन्नतन्यायेन तुल्यसङ्ख्याकं अभ्युपगच्छतामित्यर्थः ।

**ભાવાર્થ**–ઉત્સર્ગની સાથે એક અધિકારવાળા અને નિમ્ન-ઉન્નત ન્યાયથી =ઊંચા-નીચાના દૃષ્ટાંતથી તુલ્યસંખ્યાવાળા અપવાદને સ્વીકારતા એવા અમને દ્રવ્યસ્તવમાં અધિકારીના વિશેષણભૂત મલિનારંભરૂપ દોષ અથવા પૂજાકાલીન સદ્આરંભરૂપ દોષ પણ ઉત્સર્ગની રક્ષા માટે જ પ્રવર્તે છે.

**વિશેષાર્થ**– ઊંચા-નીચાની જેમ ઉત્સર્ગ અપવાદની સાપેક્ષ પ્રતીતિ. ઊંચાની અપેક્ષાએ નીચાની પ્રસિદ્ધિ છે અને નીચાની અપેક્ષાએ ઊંચાની પ્રસિદ્ધિ છે. આ રીતે ઉત્સર્ગ અપવાદ પણ તુલ્ય છે. અને અન્યોન્યથી પ્રસિદ્ધ છે. તાત્પર્યાર્થ- ઊંચા પર્વતોનું અસ્તિત્વ હોવાથી જગતમાં ભૂતલાદિની નીચા તરીકેની પ્રસિદ્ધિ છે. જેમ પર્વતની અપેક્ષાએ સપાટભૂમિ નીચી છે. એવી પ્રતીતિ થાય છે. એવી જ રીતે નીચી સપાટભૂમિથી પર્વત વગેરેની ઊંચા તરીકેની પ્રતીતિ થાય છે. આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે- જે જે આપેક્ષિક ભાવો છે, તેમાંથી એકનું જ્ઞાન થતાં અન્ય અપેક્ષાસંબંધીનું જ્ઞાન અવશ્ય થાય છે. જેમ કે (હ્રસ્વ-દીર્ઘ, દીર્ઘના જ્ઞાનમાં હ્રસ્વપદાર્થનું જ્ઞાન, હ્રસ્વપદાર્થના જ્ઞાનમાં દીર્ઘપદાર્થનું જ્ઞાન ઉપયોગી બને છે. તે જ રીતે ઉત્સર્ગ-અપવાદનું જ્ઞાન પણ પરસ્પર અપેક્ષાસંબંધથી જ પ્રયોજ્ય છે. આ રીતે ઉત્સર્ગ અને અપવાદ અન્યોન્યની પ્રતીતિમાં એકસરખા હેતુરૂપ છે. ઉપદેશ રહસ્યમાંથી સમુદ્ધૃત) અહીં તાત્પર્ય એ છે કે જેટલા ઉત્સર્ગ છે તેટલા જ અપવાદ છે, જેટલા અપવાદ છે તેટલા જ ઉત્સર્ગ છે.

**व्याख्या**– कीदृशो दोषः ? दोषान्तरस्यानुबंधहिंसारूपस्य उच्छेदी । पुनः कीदृशः ? तुच्छफलस्य भूत्यादिलक्षणस्य इच्छया विरहितश्च इत्यविरोधः।

**ભાવાર્થ–** કેવા પ્રકારનો દોષ ? મલિનારંભરૂપ દોષ અથવા પૂજા વખતે થતો સદ્આરંભદોષ અનુબંધહિંસારૂપ અન્યદોષનો ઉચ્છેદ કરનારો બને છે. વળી તે સંપત્તિરૂપ તુચ્છફળ તેની ઈચ્છાથી રહિત છે. તેથી કોઈ વિરોધ નથી.

**व्याख्या–** [1]यागादौ अपि इयं अस्मदुक्तजातीया स्थितिर्मर्यादा न वर्त्तते ।

**ભાવાર્થ–** યજ્ઞાદિમાં પણ અમે કહેલી આ(=ઉત્સર્ગ-અપવાદની) મર્યાદા નથી. (કેમકે દ્રવ્યસ્તવસંબંધી અપવાદિક આચરણા હિંસાયુક્ત હોવા છતાં ઉત્સર્ગની રક્ષા માટે જ છે. કારણ કે હિંસા નિષેધરૂપ ઉત્સર્ગ માટે છે અને દ્રવ્યસ્તવરૂપ અપવાદ પણ મોક્ષ માટે જ છે. વેદદર્શનમાં તો હિંસાનિષેધરૂપ ઉત્સર્ગ મોક્ષાર્થી માટે છે, યજ્ઞસંબંધી હિંસાના વિધાનરૂપ અપવાદ ભૌતિક સુખની ઈચ્છાવાળા માટે છે. આથી બંનેના પ્રયોજન ભિન્ન છે. તેથી બંને વચ્ચે પરસ્પર ઉત્સર્ગ-અપવાદભાવ[1] નથી.

**व्याख्या–** किं कृत्वा ? सत्त्वशुद्धिफलतः सत्त्वशुद्धिफलमाश्रित्य । कुतोः हेतोः ? सत्त्वशुद्ध्यनुदयात् मनःशुद्धेः कर्तुमशक्यत्वात् । कस्मादिव ? श्येनादेः श्येनयागादेरिव । कीदृशात् श्येनादेः? दुष्टः स्वरूपतो दुष्टात्।

**ભાવાર્થ–** યાગાદિથી ચિત્તની શુદ્ધિરૂપ ફલને આશ્રયીને પણ અમારા જેવી મર્યાદા નથી. અર્થાત્ પૂજાથી ચિત્ત શુદ્ધિ થાય છે, પણ યજ્ઞ વગેરેથી ચિત્ત શુદ્ધિ થતી નથી. શ્યેનયાગ વૈરીને મારવા માટે થતું હોવાથી સ્વરૂપથી દુષ્ટ છે. આથી શ્યેનયાગથી ચિત્તશુદ્ધિ થતી નથી. (એમ તમે પણ માનો છો.) જેમ સ્વરૂપથી દુષ્ટ શ્યેનયાગથી ચિત્તશુદ્ધિ થતી નથી. તેમ અન્યયજ્ઞોથી પણ (ભૂતિની કામના હોવાથી) ચિત્તશુદ્ધિ થતી નથી.

**व्याख्या–** पुनः कस्माद्धेतोः ? अन्यतो गायत्रीजपादेः तत्संभवात् सत्त्वशुद्धिसंभवात् न इयं स्थितिरिति ।

**ભાવાર્થ–** યજ્ઞ વિગેરેમાં અમારા જેવી મર્યાદા નથી તેમાં બીજો

૧. શ્રી હેમચન્દ્ર સૂરિ મહારાજે આજ વાત અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં કરતા કહ્યું છે કે "અન્યાર્થક ઉત્સર્ગનો અન્યાર્થક અપવાદ હોઈ શકે નહિ."

હેતુ જણાવે છે- જો એ યજ્ઞનું પ્રયોજન સત્ત્વશુદ્ધિ હોય તો એ સત્ત્વશુદ્ધિ તો ગાયત્રીજાપ વગેરે અહિંસક હેતુઓ દ્વારા પણ સંભવે છે. આમ યજ્ઞીયહિંસા સત્ત્વશુદ્ધિના નામે અપવાદની મર્યાદાને પામી શકતી નથી.

**व्याख्या–** ये हि प्रतिपादोक्तफलत्यागेन वेदोक्तमिति कृत्वा ज्योतिष्टोमादि-सत्त्वशुद्ध्यर्थमाद्रियन्ते, तैः श्येनयागोऽप्यभिचारफलत्यागेन सत्त्वशुद्ध्यर्थ-मादरणीय इति भावः । अस्माकं त्वनन्यगत्या आयव्ययतुल्यतयाऽपवादाश्रयणे सत्त्वशुद्धेर्नासंभवः ॥५५॥

**ભાવાર્થ–** ખરેખર જેઓ [1]પ્રતિપદોક્ત ફળની ઈચ્છાના ત્યાગથી માત્ર વેદમાં કહેલા જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞો સત્ત્વશુદ્ધિ માટે આદરે છે. તેઓએ અભિચાર=વૈરીને મારવાની ઈચ્છાનો ત્યાગ કરી શ્યેનયાગ સત્ત્વશુદ્ધિ માટે આચરવો જોઈએ. કેમકે ફલેચ્છાનો અભાવ બંને સ્થળે સમાન છે. આ પ્રમાણે ભાવાર્થ જાણવો.

**વિશેષાર્થ–** પૂર્વપક્ષી કહે છે કે, ભૂતિકામનાથી યજ્ઞ કરાય છે ત્યારે તે યજ્ઞ મોક્ષાર્થ પ્રવૃત્ત નહિ હોવા છતાં, જ્યારે યજ્ઞ કરતાં કરતાં વિવિદિષા પ્રગટે છે ત્યારે ભૂતિકામનાનો ત્યાગ થઈ જાય છે, તેથી તે યજ્ઞની ક્રિયા મોક્ષનું કારણ બને છે. માટે યાગીયહિંસા પણ મોક્ષાર્થક થવાને કારણે અપવાદિક બનશે. તેથી ગ્રંથકાર કહે છે કે, જો તેમ સ્વીકારીએ તો શ્યેનયાગ પણ પ્રથમ અભિચાર ફળ માટે કરવામાં આવે છે અને યજ્ઞ કરતાં કરતાં વિવિદિષા પ્રગટે તો ત્યાં અભિચારફળનો ત્યાગ થઈ શકે, તેથી શ્યનયાગ પણ મોક્ષનું કારણ બની શકે, અને તેમ સ્વીકારીએ તો શ્યેનયાગને દુષ્ટ કહી શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે, શ્યેનયાગ સ્વરૂપથી દુષ્ટ છે, માટે સત્ત્વશુદ્ધિનું કારણ બનતો નથી. તો ગ્રંથકાર કહે છે કે, જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ પણ સત્ત્વશુદ્ધિનું કારણ નથી તેમ માનવું જોઈએ. કેમ કે શ્યેનયાગમાં અભિચારફળની આકાંક્ષા છે તેથી તે સ્વરૂપથી દુષ્ટ છે, માટે સત્ત્વશુદ્ધિનું

૧. અમુક યજ્ઞનું આ ફળ છે, અમુક યજ્ઞનું આ ફળ છે, એમ નામ લઈને જે ફળ બતાવેલ હોય તે પ્રતિપદોક્ત ફળ છે.

કારણ બનતો નથી. તેમ જ્યોતિષ્ટોમાદિ યજ્ઞો ભૂતિકામના માટે કરાય છે, તેથી સત્ત્વશુદ્ધિનું કારણ બની શકે નહિ.

(જૈનો પણ સામાયિક આદિથી ચિત્તશુદ્ધિ કરી શકે છે તો પછી હિંસક એવું દ્રવ્યસ્તવ કરવાની શી જરૂર છે ? એવા પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે-) અમારે તો અન્ય વિકલ્પનો અભાવ હોવાથી અને આય-વ્યયની તુલના હોવાથી દ્રવ્યસ્તવરૂપ અપવાદના આશ્રયમાં સત્ત્વશુદ્ધિ સંભવે જ છે.

**વિશેષાર્થ–** ગ્રંથકાર કહે છે કે, અમારા મત પ્રમાણે મલિનારંભી દ્રવ્યસ્તવનો અધિકારી છે. તેમના માટે સત્ત્વશુદ્ધિનો બીજો કોઈ ઉપાય નથી, તેથી અનન્યગતિ હોવાને કારણે દ્રવ્યસ્તવમાં થતી હિંસા અને દ્રવ્યસ્તવમાં થતા લાભોની તુલના કરવામાં આવે છે.=દ્રવ્યસ્તવમાં થતાં લાભરૂપ આય અને દ્રવ્યસ્તવમાં થતી હિંસારૂપ વ્યયની તુલના કરવામાં આવે છે, અને જ્યારે વ્યય કરતાં આયની અધિક પ્રાપ્તિ થતી હોય અને વગર વ્યયે આયનો અસંભવ હોય ત્યારે અપવાદનો આશ્રય કરવામાં આવે છે, અને તે આશ્રયમાં સત્ત્વશુદ્ધિનો અસંભવ નથી=સત્ત્વશુદ્ધિ થાય છે.

શ્રાવક સંસારમાં જે મલિન આરંભ કરે છે તે જાણે છે કે આરંભ કરવાની પરિણતિ હજુ મારી ઉચ્છિન્ન થઈ નથી. આમ છતાં, નિરારંભી એવા મુનિઓ પ્રત્યે અને નિરારંભી જીવન જીવવાનો ઉપદેશ આપનાર એવા ભગવાન પ્રત્યે જેને અત્યંત પૂજ્યબુદ્ધિ છે, તેવો તે શ્રાવક, તેમના પ્રત્યેની ભક્તિ કરીને નિરારંભી જીવન જીવવાનું સત્ત્વ કેળવતો હોય છે. તેથી ભક્તિકાળમાં જે પુષ્પાદિના અવલંબનથી જ ભગવાન પ્રત્યે ભક્તિભાવ કેળવીને નિરારંભરૂપ તેમના માર્ગ પ્રત્યે પ્રસર્પણના પરિણામવાળો તે બને છે. તે વખતે થતા તે પુષ્પાદિના આરંભરૂપ વ્યય કરતાં સત્ત્વશુદ્ધિના અધિક લાભરૂપ આય પ્રાપ્ત થવાના કારણે, ત્યાં મનઃશુદ્ધિ પ્રગટે છે=નિરારંભ જીવન પ્રત્યેની અભિમુખ બુદ્ધિરૂપ મનઃશુદ્ધિ ત્યાં પ્રગટે છે. માટે અમને કોઈ દોષ નથી.

દ્રવ્યસ્તવ વગર માત્ર સામાયિકથી શુદ્ધિ તે જ કરી શકે કે જે અત્યંત સંક્ષેપપૂર્વક નિરવદ્ય જીવન જીવતો હોય, અને તેવો શ્રાવક પૂજાનો

અધિકારી નથી પણ અન્ય શ્રાવક માત્ર સામાયિકથી શુદ્ધિ કરી શકે નહિ, પરંતુ ઉચિત કાળે દ્રવ્યસ્તવથી જ શુદ્ધિ કરી શકે છે, તેથી 'અનન્ય ગતિ હોવાને કારણે' એમ કહેલ છે. (પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર મોતા કૃત અનુવાદમાંથી સાભાર સમુદ્ધૃત)

અને અમારે તો અન્ય વિકલ્પનો અભાવ હોવાથી આય-વ્યયની તુલના હોવાથી દ્રવ્યસ્તવરૂપ અપવાદના આશ્રયમાં સત્ત્વશુદ્ધિ સંભવે જ છે. આ પ્રમાણે પંચાવનમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૫૫॥

**उपोद्घातवचनकर्णिका**— अनन्यगतिकत्वे पूजादावन्यथासिद्धिं शङ्कते—

પૂજા વગેરેમાં અન્યવિકલ્પનો અભાવ નથી, અર્થાત્ અન્ય વિકલ્પ છે એવી શંકા પ્રતિમાલોપક કહે છે—

**नन्वेवं किमु पूजयापि भवतां सिध्यत्यवद्योज्झिताद्,**
**भावापद्विनिवारणोचितगुणः सामायिकादेरपि ।**
**सत्यं योऽधिकरोति दर्शनगुणोल्लासाय वित्तव्यये,**
**तस्येयं महते गुणाय विफलो हेतुर्न हेत्वन्तरात् ॥५६॥**

**શ્લોકાર્થ**— આમ તો તમારે પૂજાથી સર્યું ? પાપરહિત સામાયિક વગેરેમાં પણ ભાવ આપત્તિનું નિવારણ કરવામાં સમર્થ ઉચિતગુણ રહેલો છે. તે સિદ્ધ છે. પ્રતિમાલોપકના આ પ્રશ્ન સામે પ્રત્યુત્તર આપતાં કહે છે કે, "તમારી વાત સત્ય છે." છતાં પણ દર્શન(=સમ્યગ્દર્શન) ગુણની વૃદ્ધિ માટે જેઓ ધનવ્યય કરવાના અધિકારી છે, તેઓને આ પૂજા મોટાગુણનું કારણ બને છે, વળી હેત્વંતરથી હેતુ નિષ્ફળ નથી, અર્થાત્ સામાયિકરૂપ અન્ય હેતુ હોવા છતાં પૂજારૂપ હેતુ નિષ્ફળ નથી...॥૫૬॥

## દોષવાળી જિનપૂજા, નિર્દોષ સામાયિક ક્રિયા, એવી કુમતિની વાણીનું યુક્તિપૂર્વક સમાધાન.

**व्याख्या**— ननु एवं सत्त्वशुद्धेरन्यतः संभवे तर्हि भवतां स्वरूपतः सावद्यया पूजयाऽपि किं ? सृतमित्यर्थः । यतो जिनविरहप्रयुक्तभावापद्विनिवारणे जिने उचितगुणः सामायिकादेरपि सिध्यति । कीदृशात् सामायिकादेः ? अवद्योज्झितात्

पापरहितात्, तस्य सामायिकादेः पारमार्थिकविनयरूपत्वात् । आह च– ''**पुष्पामिषस्तुतिप्रतिपत्तीनां यथोत्तरं प्रामाण्यमिति** ।

**ભાવાર્થ– પ્રશ્ન-** તમારામાં પણ સત્ત્વશુદ્ધિ અન્ય અહિંસક સાધનોથી સંભવિત છે. તેથી સ્વરૂપ-પાપવાળી જિનપૂજાવડે શું ? અર્થાત્ જિનપૂજાથી સર્યું. કેમકે જિનવિરહના કારણે થયેલ ભાવાપત્તિનું[1] નિવારણ પરમાત્માના ઉચિત વિનયથી થઈ શકે છે. અને તે વિનય સામાયિકાદિથી પણ સિદ્ધ થાય છે. કેમકે આ સામાયિક જ પારમાર્થિક વિનયસ્વરૂપ છે. કહ્યું છે કે, **"પુષ્પ-નૈવેદ્ય-સ્તુતિ અને આજ્ઞાનો સ્વીકાર આ ચાર ભગવાનની પૂજામાં ઉત્તરોત્તર વધુ પ્રમાણભૂત છે."**

**व्याख्या**– उत्तरमाह-सत्यमित्यर्द्धाङ्गीकारे । यो दर्शनगुणोल्लासाय सम्यक्त्वगुणवृद्ध्यर्थं वित्तव्यये क्षेत्रे धनव्ययाय अधिकरोति अधिकारभाग्भवति, तस्य श्राद्धस्येयं पूजा महते गुणाय भवति, अधिकारीविशेषेण कारणविशेषात्।

**ભાવાર્થ– ઉત્તર-** "સત્યં" એ અવ્યય છે. અને અર્ધસ્વીકારમાં વપરાય છે. તમારી વાત સત્ય છે. સામાયિકથી જિનેશ્વરનો વિનય થાય અને ભાવાપત્તિનું નિવારણ કરી શકાય એ માન્ય છે. પણ પૂજા નિરર્થક છે એમ માન્ય ન કરી શકાય. વળી જે દર્શનગુણની વૃદ્ધિ માટે યોગ્યક્ષેત્રમાં (ધનવાવવાનો)ધનવ્યય કરવાનો અધિકારી છે તેને(=તે શ્રાવકને) જિનપૂજા મોટા ગુણને માટે થાય છે. અધિકારીવિશેષથી=ગૃહસ્થરૂપ અધિકારીવિશેષથી અને કારણવિશેષથી=શ્રેષ્ઠપાત્ર પરમાત્માની પૂજારૂપ વિશિષ્ટ સાધનના કારણે સમ્યગ્દર્શનની વૃદ્ધિમાં વિશેષતા સંભવે છે.

**व्याख्या**– अत एव द्रव्यस्तवः श्राद्धानां हस्तिशरीरतुल्यो भावस्तवश्च तेषां किञ्चित्कालीनसामायिकादिरूपस्तदक्षितुल्य इति ।

**ભાવાર્થ–** આ કારણથી જ શ્રાવકોનો દ્રવ્યસ્તવ હાથીતુલ્ય છે અને અમુક સમયની મર્યાદાવાળા સામાયિકાદિરૂપ ભાવસ્તવ તેની આંખ સમાન છે.

---

૧. સાક્ષાત્ ભગવાન હોય તો તેમને વંદનાદિ કરવા દ્વારા સારા ભાવો ઉત્પન્ન કરી શકાય છે, તે તેમના વિરહમાં દુષ્કર છે. માટે સાક્ષાત્ ભગવાનના વિરહના કારણે ભાવ આપત્તિ પ્રાપ્ત થઈ.

શ્રાવક સામાયિકથી પણ દ્રવ્યસ્તવ જેટલું જ ફળ મેળવી શકે છે. આવા પૂર્વપક્ષનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે-

**व्याख्या**— तुल्यफलत्वेऽप्याह- हेतुर्विफलो न भवति। कस्मात् ? हेत्वन्तरात्। तथा च सति दानादीनां सामायिकादीनां देवपूजायाश्च श्राद्धोचितफले तृणारणिमणिन्यायेन कारणत्वान्न दोषः ॥५६॥

**ભાવાર્થ**— જો સામાયિક અને પૂજા તુલ્યફળવાળા હોય તો, મોક્ષના કારણરૂપ દ્રવ્યસ્તવની અપેક્ષાએ હેત્વંતર (સામાયિક છે, હેત્વંતરરૂપ) સામાયિકથી દ્રવ્યસ્તવરૂપ હેતુ નિષ્ફળ નથી. (માટે જેમ શ્રાવકને સામાયિક કર્તવ્ય છે તેમ ઉચિત કાર્યરૂપ દ્રવ્યસ્તવ પણ કર્તવ્ય છે.)

હેત્વંતરથી હેતુ નિષ્ફળ નથી એમ સિદ્ધ થયે છતે શ્રાવકને યોગ્યફળમાં ધનાદિ, સામાયિકાદિ અને જિનપૂજા તૃણારણિમણિન્યાયથી કારણ હોવાથી દોષ નથી.

આશય એ છે કે, જેમ તૃણથી અગ્નિ પેદા થઈ શકે છે, અરણિના કાષ્ઠથી અગ્નિ પેદા થઈ શકે છે અને મણિથી અગ્નિ પેદા થઈ શકે છે, તેથી અગ્નિનો અર્થી જે વખતે જે ઉપલબ્ધ હોય તેનાથી અગ્નિ માટે યત્ન કરે છે. તેમ શ્રાવક પણ શ્રાવકાચારના ઉચિત ફળની પ્રાપ્તિ દાનાદિ, સામાયિકાદિ અને દેવપૂજાથી કરી શકે છે. તેથી ઉચિત કાળે તે દાનાદિમાં પ્રયત્ન કરે, તેમ ઉચિત કાળે સામાયિકમાં પણ યત્ન કરે અને ઉચિત કાળે દેવપૂજામાં પણ યત્ન કરે. પરંતુ એમ ન વિચારે કે, સામાયિકથી મને ફળની પ્રાપ્તિ થાય છે, તો દેવપૂજા કરવાની જરૂર નથી. કેમ કે, જેમ નિર્જરાનું કારણ શ્રાવક માટે સામાયિક છે તેમ દેવપૂજા પણ છે. માટે શ્રાવકને સામાયિકથી નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ હોવા છતાં દેવપૂજામાં યત્ન કરે તેમ સ્વીકારવામાં દોષ નથી. આ પ્રમાણે છપ્પનમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.

**उपोद्घातवचनकर्णिका**— आरम्भशङ्कायामत्र दोषानाह—

પૂજામાં આરંભની શંકા કરવાથી જે દોષો ઉત્પન્ન થાય છે તેને જણાવતાં કહે છે કે—

**अन्यारम्भवतो जिनार्चनविधावारम्भशङ्काभृतो,**
**मोहः शासननिन्दनं च विलयो बोधेश्च दोषाः स्मृताः ।**
**सङ्काशादिवदिष्यते गुणनिधिर्धर्मार्थमृद्धयर्जनं,**
**शुद्धालम्बनपक्षपातनिरतः कुर्वन्नुपेत्यापि हि ॥५७॥**

**શ્લોકાર્થ–** અન્યારંભ કરનાર અને જિનપૂજામાં જ આરંભની શંકા કરનારને (૧) અવિવેક (૨) શાસનની નિંદા (૩) બોધિનાશ. આ ત્રણ દોષો ઉત્પન થાય છે. સંકાશશ્રાવકની જેમ શુદ્ધ આલંબનના પક્ષપાતમાં આસક્ત વ્યક્તિ ધર્મ માટે જાણીને પણ ધનોપાર્જન કરે તો પણ ગુણનિધિ તરીકે સર્વજનને ઈષ્ટ થાય છે..॥૫૭॥

## ચૈત્યપૂજામાં આરંભની શંકા, તેનાથી ઉત્પન્ન થતાં દોષોનું વર્ણન.

**व्याख्या–** अन्यारम्भो जिनगृहातिरिक्तारम्भः तद्वतः । पुनः कीदृशस्य ? जिनार्चनविधौ विहितजिनपूजायां आरम्भशङ्कां बिभर्त्तीति आरम्भशङ्काभृत् तस्य । एवंविधस्य हीनश्रद्धस्य एते दोषाः सन्ति ।

**ભાવાર્થ–** જિનમંદિરથી અન્ય સાંસારિક કાર્યોમાં આરંભ કરનાર અને શાસ્ત્રવિહિત જિનપૂજામાં આરંભની શંકા કરનારા શ્રદ્ધાવિહીન મનુષ્યને આ દોષો લાગુ પડે છે.

**व्याख्या–** ते के ? मोहोऽनाभोगः स्वेष्टार्थभ्रंशात् । च पुनः शासन-निन्दनं, यत्तो लोका वदन्ति कीदृश एतेषां शासने धर्मो ये स्वेष्टदैवतमपि शङ्कितकलुषिता नाराधयन्तीति, ततो बोधेर्विलयश्चेति, एते दोषाः स्मृताः । हि निश्चितं ।

**ભાવાર્થ–** તે દોષો કયા છે ? (૧) પ્રથમ દોષ મોહ છે. મોહના કારણે તે જિનપૂજાદ્વારા થનારા ચિત્તશુદ્ધિરૂપ પોતાના ઈષ્ટાર્થના લાભથી ભ્રષ્ટ થાય છે. (૨) બીજો દોષ શાસનની નિંદા છે. બીજા લોકો ટીકા કરે કે, "આ લોકોનાં શાસનમાં ધર્મ કેવો છે કે જેથી આ લોકો શંકાથી કલુષિત અધ્યવસાયવાળા પોતાના ઈષ્ટદેવતાને પણ આરાધતા નથી." આ

પ્રમાણે બીજા લોકો દ્વારા શાસનનિંદામાં નિમિત્ત બને છે. (૩) ત્રીજો દોષ બોધિનાશ- પોતાની અનુચિતપ્રવૃત્તિદ્વારા શાસનની હીલનાના ફળરૂપે પોતાના સમ્યગ્દર્શનગુણનો નાશ કરે છે. આ દોષો કહેલા છે. અહીં "हि" નિશ્ચિતાર્થે છે.

**व्याख्या**– श्राद्धः गुणनिधिः गुणनिधानं इष्यते । किं कुर्वन् ? धर्मार्थं ऋद्ध्यर्जनं वित्तोपार्जनम् उपेत्यापि अङ्गीकृत्यापि । कुर्वन् किंवत् ? सङ्काशादिवत् सङ्काशश्रावकादिरिव । कीदृशः ? गुणनिधिः । शुद्धेति शुद्धालम्बने यः पक्षपातस्तत्र निरत इति हेतोः । संकाशश्रावको हि प्रमादाद्भक्षितचैत्यद्रव्य इत्यादि कथानकं ज्ञेयं ॥५७॥

**ભાવાર્થ**– ધર્મ માટે ધનોપાર્જનની પ્રવૃત્તિનો અંગીકાર કરનાર પણ શ્રાવક શુદ્ધ આલંબનના પક્ષપાતમાં રત હોવાના કારણે ગુણનિધાન તરીકે માન્ય છે. આ વિષે સંકાશશ્રાવકનું દૃષ્ટાંત છે. સંકાશશ્રાવકે પ્રમાદથી પૂર્વભવમાં દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું હતુ. ઈત્યાદિ સર્વ હકીકત કથાનકથી જાણવી.

સંકાશશ્રાવકના દૃષ્ટાંતથી ગ્રંથકાર એમ કહે છે કે, શ્રાવકને કેવળ દ્રવ્યસ્તવમાં થનારી આરંભવાળી પ્રવૃત્તિ ઈષ્ટ છે એમ નહિ, કિંતુ કોઈક વ્યક્તિ વિશેષને આશ્રયીને ધર્મ માટે થનારી વાણિજ્યાદિ સાવદ્યપ્રવૃત્તિ પણ ઈષ્ટ છે. કારણકે તેવી પ્રવૃત્તિમાં વિષયવિશેષનો પક્ષપાત હોય છે. અને એથી એવી પ્રવૃત્તિથી પાપક્ષયદ્વારા ગુણબીજનો લાભ થાય છે. આ પ્રમાણે સત્તાવનમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૫૭॥

**उपोद्घातवचनकर्णिका**– नन्वेवं मलिनारम्भो नाधिकारिविशेषणं, किंतु सदारम्भेच्छैवेति यतेरप्यधिकारः स्यादत आह–

પ્રતિમાલોપક શંકા કરે છે કે પૂજાના અધિકારીના વિશેષણ તરીકે "મલિનારંભ" વિશેષણ યોગ્ય નથી પણ "સદારંભની ઈચ્છા જ" વધુ યોગ્ય છે. તેથી સાધુનો પણ પૂજા અંગે અધિકાર થાય. આથી ગ્રંથકાર કહે છે કે–

**यः श्राद्धोऽपि यतिक्रियारतमतिः सावद्यसंक्षेपकृत्**
**भीरुः स्थावरमर्दनाच्च यतनायुक्तः प्रकृत्यैव च ।**

**तस्यात्रानधिकारितां वयमपि ब्रूमो वरं दूरतः,**
**पङ्कास्पर्शनमेव तत्कृतमलप्रक्षालनापेक्षया ॥५८॥**

**શ્લોકાર્થ–** જે શ્રાવક પણ [1]સાધુક્રિયામાં ઉત્સુકતાવાળો છે. [2]સાવદ્યક્રિયાનો સંક્ષેપ કરે છે. [3]સ્થાવર જીવોનું મર્દન કરવાના પાપથી ડરેલો છે. તથા સ્વભાવથી જ જયણાયુક્ત છે તે શ્રાવક પણ આ પૂજા અંગે અધિકારી નથી એમ અમે પણ કહીએ છીએ. કેમકે કાદવના સ્પર્શથી લાગેલા મલનું પ્રક્ષાલન કરવું તેના કરતાં તે કાદવના સ્પર્શથી જ દૂર રહેવું તે જ વધારે સારું છે.॥૫૮॥

## સાવદ્યકર્મનો સંક્ષેપ કરનાર પાપભીરુ શ્રાવક દ્રવ્યપૂજાનો અધિકારી નથી એમ દૃષ્ટાંતદ્વારા ઉપદેશ.

**व्याख्या–** यः श्राद्धोऽपि एवंविधः स्यात् । विशेषणद्वारेणाह । कथंभूतः श्राद्धः ? यतिक्रियारतमतिः यतिक्रियायां रता कर्तव्यत्वेन उत्सुका मतिः यस्य स तथा । पुनः कीदृशः ? सावद्यसंक्षेपकृत् सर्वसावद्यसंक्षेपकारकः पुनः कीदृशः ? स्थावराणां पृथिव्यादीनां मर्दनात् भीरुः । पुनः कीदृशः ? प्रकृत्यैव स्वभावेनैव च यतनायुक्तः इति । वयमपि तस्य श्रावकस्य अत्र पूजायां अनधिकारितां ब्रूमः ।

ભાવાર્થ– જે શ્રાવક આવા પ્રકારનો હોય તેને વિશેષણદ્વારથી કહે છે– શ્રાવક કેવા પ્રકારનો હોય ? સાધુક્રિયામાં આસક્તબુદ્ધિવાળો અર્થાત્ સાધુક્રિયા જ કર્તવ્ય તરીકે સ્વીકારી તે પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો હોય. સર્વ સાવદ્યયોગોને ઘટાડનારો, પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયજીવોની હિંસાથી કંપ પામતો, સ્વભાવથી જ જયણાયુક્ત હોય તેવો શ્રાવક પૂજાનો અધિકારી હોય એમ અમને માન્ય નથી.

**व्याख्या–** मलिनारम्भस्य नाशनीयस्याभावात् अनारम्भस्य च चारित्रेच्छायोगत एवोपपत्तेः । यतो दूरतः पङ्कास्पर्शनमेव वरं वर्त्तते । कया ? तत्कृतेति तत्कृतः पङ्कस्पर्शतो यो मलस्तस्य प्रक्षालनापेक्षयेति ।

**ભાવાર્થ–** કેમકે મલિનારંભથી છૂટવા માટે પૂજા કરવાની છે. તે મલિનારંભ તો તે શ્રાવકને નથી.

**પૂર્વપક્ષ–** પૂજા જેમ મલિનારંભના ત્યાગ માટે કરવાની છે. તેમ અનારંભની(=ચારિત્રની) પ્રાપ્તિ માટે પણ કરવાની છે. તેથી મલિન આરંભથી રહિત પણ શ્રાવકે પૂજા કરવી જોઈએ.

**ઉત્તરપક્ષ–** (अनारम्भस्य च चारित्रेच्छायोगत एवोपपत्तें=) મલિન આરંભથી રહિત શ્રાવકને અનારંભની=ચારિત્રની પ્રાપ્તિ ચારિત્રસંબંધી ઈચ્છાયોગથી જ(=ચારિત્રની તીવ્રભાવનાથી જ) થાય છે માટે તેને ચારિત્રની પ્રાપ્તિ માટે સાવદ્યપ્રવૃત્તિરૂપ પૂજા કરવાની જરૂર નથી. તેથી જ પ્રસ્તુતસ્થળે કાદવના મળને ધોવા કરતાં કાદવથી દૂર રહેવું એ જ સારું છે, એ ન્યાય લાગુ પડે છે.

**व्याख्या–** तस्मात्सदारम्भेच्छा मलिनारम्भश्चेति । उभयमेवाधिकारिविशेषणं श्रद्धेयमित्यर्थः । यतिक्रियाभ्यासेन श्रमणोपासकत्वं ज्ञेयं, न पुनरिदानतीनानां कुमतिनाम् अनुज्ञातं स्यात् स्वमतिविकल्पितत्वादिति ॥५८॥

**ભાવાર્થ–** મલિન આરંભથી રહિત શ્રાવક પૂજાનો અધિકારી નથી માટે કેવળ સદ્આરંભની ઇચ્છા કે કેવળ મલિનારંભ પૂજાના અધિકારમાં કારણભૂત વિશેષણ નથી, પરંતુ બંને છે. આથી સદારંભ ઇચ્છુક મલિનારંભી પૂજાનો અધિકારી છે. સાધુ અને મલિન આરંભથી રહિત શ્રાવક એ બે પૂજાના અધિકારી નથી. આ પ્રમાણે શ્રદ્ધા કરવી જોઈએ. એમ ભાવાર્થ જાણવો.

સાધુની ક્રિયાના અભ્યાસથી શ્રમણોપાસકપણું જાણવું. પણ હાલના કુમતિઓએ સાધુક્રિયાના અભ્યાસથી માનેલું શ્રાવકપણું માન્ય નથી. કારણ કે સ્વમતિથી કલ્પેલું છે. આ પ્રમાણે અઠ્ઠાવનમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૫૮॥

**उपोद्घातवचनकर्णिका–** सिंहावलोकितेन हिंसांशमतिमेव द्रव्यस्तवे निरस्यति–

સિંહાવલોકિત ન્યાયથી દ્રવ્યસ્તવમાં હિંસાના અંશની બુદ્ધિને દૂર કરે છે–

**धर्मार्थं सृजतां क्रियां बहुविधां हिंसा न धर्मार्थिका,**
**हिंसांशे न यतः सदाशयभृतां वाञ्छा क्रियांशे परम् ।**

**न द्रव्याश्रवतश्च बाधनमपि स्वाध्यात्मभावोन्नते-,**
**रारम्भादिकमुच्यते हि समये योगस्थितिव्यापकम् ॥५९॥**

**શ્લોકાર્થ–** ધર્મ માટે અનેક પ્રકારની ક્રિયા કરનારા શ્રાવકને ધર્માર્થે હિંસા થતી નથી. કેમકે તેઓ સદ્આશયવાળા હોય છે. તેથી તેમને હિંસાના અંશમાં(=વિભાગમાં) ઇચ્છા હોતી નથી. પરંતુ ક્રિયાના અંશમાં જ ઈચ્છા હોય છે. તથા પોતાના અધ્યાત્મભાવની ઉન્નતિ હોવાથી દ્રવ્યાશ્રવથી બાધ પણ નથી. કેમકે આગમમાં આરંભાદિને યોગસ્થિતિના વ્યાપક તરીકે કહેલા છે..॥૫૯॥

## શુભભાવવાળા ક્રિયાકરનાર શ્રાવકને દ્રવ્યસ્તવમાં હિંસાભાવ - તેનું યુક્તિપૂર્વક સમાધાન.

**व्याख्या–** धर्मार्थं बहुविधां बहुप्रकारां क्रियां पूजादिरूपां सृजतां कुर्वतां श्राद्धानां तदर्थिका धर्मार्थिका हिंसा न भवति । यत सदाशयभृतां शुभभाववतां श्राद्धानां हिंसांशे वाञ्छा न वर्त्तते । परं केवलं क्रियांशे वाञ्छा वर्त्तते । तेन चानुबन्धहिंसानिरासः, तदाशयश्च यतनोपबृंहितो ग्राह्य इति हेतुहिंसापि निरस्तैव, तथा च स्वरूपहिंसा एवास्ति ।

**ભાવાર્થ–** ધર્મ માટે અનેક પ્રકારની પૂજાદિરૂપ ક્રિયા કરતા શ્રાવકોને ધર્મ માટે હિંસા હોતી નથી. કેમ કે સદ્આશયવાળા તેઓને હિંસાના અંશની ઈચ્છા હોતી નથી. પરંતુ ક્રિયાંશ જ ઈષ્ટ હોય છે. આ વાતના ઉલ્લેખથી અનુબંધહિંસાનું ખંડન થાય છે. અર્થાત્ અનુબંધહિંસાનો નિષેધ થાય છે. તથા શ્રાવકોનો શુભાશય યતનાથી પુષ્ટ થયેલો ગ્રહણ કરવો. આ પ્રમાણે હેતુહિંસાનો પણ નિષેધ થયો. તેથી પૂજા વગેરે પ્રવૃત્તિમાં સ્વરૂપહિંસા જ રહે છે.

શ્રાવક પૂજા કરવામાં પરિમિત જળથી સ્નાન કરવું વગેરે યતનાવાળો હોય, યતનાના કારણે તેને હેતુહિંસા ન હોય. કારણ કે યતનાનો અભાવ એ હેતુહિંસા છે. તેથી જે શ્રાવકો યતનામાં બેદરકારીવાળા હોય તેમને હેતુહિંસા હોય. આમ છતાં જો તેને અયતના થવા બદલ ડંખ હોય તો શુભાશયના કારણે અનુબંધહિંસા ન હોય.

**व्याख्या–** तत्राह-द्रव्याश्रवतश्च ''स्वाध्येति' स्वस्य योऽध्यात्मभावस्तदुन्नतेर्बाधनमपि नास्ति । हि यतः समये सिद्धांते स्थितिव्यापकं यावद्योगास्तिष्ठन्ति तावत् आरम्भादिकमुच्यते इष्यते ''जावं च णं एयइ वेयइ तावं च णं आरंभइ सारंभइ समारंभइ ''इत्यादिवचनात् । यदि च द्रव्याश्रवमात्राद्बन्धः स्यात्तदा त्रयोदश गुणस्थानेऽपि स्यात्, न चैवमस्ति ॥५९॥

**ભાવાર્થ–** ત્યાં કહે છે કે આ સ્વરૂપહિંસારૂપ દ્રવ્યાશ્રવથી પોતાના અધ્યાત્મભાવની વૃદ્ધિ થતી હોવાથી તે સ્વરૂપહિંસા પણ બાધક નથી. કેમકે સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી આરંભ વિગેરે સ્વરૂપહિંસા હોય છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે, "જ્યાં સુધી આત્મા કંપન કરે છે ત્યાં સુધી આરંભ, સંરંભ, સમારંભ છે. ઈત્યાદિ જ્યાં સુધી યોગ ત્યાં સુધી આરંભાદિ ત્રણમાંથી કોઈને કોઈનું અસ્તિત્વ હોય જ. તેથી આરંભાદિ યોગના વ્યાપક છે. જો આરંભ વગેરે દ્રવ્યાશ્રવમાત્રથી પણ કર્મબંધ હોય તો તેરમા ગુણસ્થાનકે પણ કર્મબંધ થાય. પરંતુ તેમ નથી. આ પ્રમાણે ઓગણસાઈઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૫૯॥

**उपोद्घातवचनकर्णिका–** एवं व्यवस्थिते कूपनदिर्शनचिन्त्यतामाविर्भावयति–

આ પ્રમાણે નિર્ણય થતાં(=દ્રવ્યસ્તવમાં અંશમાત્ર પણ હિંસા નથી આ પ્રમાણે નિર્ણય થતાં) અહીં શંકા થાય કે તો પછી ગૃહસ્થના દ્રવ્યસ્તવમાં દર્શાવેલ કૂપદષ્ટાંત શી રીતે યોગ્ય ઠરે ? આ શંકા દૂર કરવા ગ્રંથકાર કૂપદષ્ટાંતની ચર્ચા કરે છે–

**पूजायां खलु भावकारणतया हिंसा न बन्धावहा**
**गौणीत्थं व्यवहारपद्धतिरियं हिंसा वृथा निश्चये ।**
**भावः केवलमेव एव फलदो बन्धोऽविरत्यंशजस्त्वन्यः**
**कूपनिदर्शनं तत इहाशङ्कापदं कस्यचित् ॥६०॥**

**શ્લોકાર્થ–** ખરેખર ! ભાવનું કારણ હોવાથી પૂજામાં રહેલી હિંસા કર્મબંધ કરનારી નથી. પૂજામાં પ્રશસ્ત હિંસાથી પુણ્ય બંધાય છે એવો વ્યવહારનય ગૌણ છે. અને નિશ્ચયનયથી તો હિંસા વૃથા-ફોગટ છે. કેમકે એક માત્ર ભાવ જ ફળદાયક છે. પૂજાના સમયે થતો અન્યબંધ અવિરતિને

કારણે છે. તેથી અહીં "કૂવાનું દૃષ્ટાંત" કેટલાકને આશંકાના સ્થાનરૂપ થાય છે..॥૬૦॥

**દ્રવ્યસ્તવ ભાવસ્તવકારણ. દુર્ગતાનારી સદ્ગતિ પામી.**

**व्याख्या–** खलु निश्चये । पूजायां स्नानादि सामग्र्यां हिंसा बंधावहा न भवति । कया ? भावेति भावस्य द्रव्यस्तवकारणाध्यवसायरूपस्य कारणतया कृत्वा दुर्गतनार्या, देवलोकगमनानुपपत्तेः ।

**ભાવાર્થ–** અહીં "खलु" નિશ્ચયાર્થે છે. પૂજામાં સ્નાનાદિ સામગ્રી દ્વારા થતી હિંસા અશુભ કર્મબંધ કરનારી નથી કારણ કે પૂજામાં રહેલી હિંસા દ્રવ્યસ્તવમાં કારણભૂત અધ્યવસાયનું કારણ બને છે. પૂજામાં થતી હિંસાથી (અશુભ) કર્મબંધ થતો હોય તો દુર્ગતનારી દ્રવ્યસ્તવના ભાવથી દેવલોકમાં ગઈ તે સંગત ન થાય.

**व्याख्या–** इत्थमियं व्यवहारपद्धतिः व्यवहारनयसरणिः गौणी प्रशस्तहिंसा वर्त्तते, या पुण्यबन्धहेतुत्वस्यापि घृतं दहतीति न्यायेनैवेष्टत्वात् ।

**ભાવાર્થ– પૂર્વપક્ષ-** આ રીતે તો પ્રશસ્તહિંસાને પુણ્યનું પણ કારણ ન માની શકાય. કારણ કે સર્વત્ર ભાવ જ પ્રધાન બને.

**ઉત્તરપક્ષ-** તમારું કહેવું બરોબર છે. અમે જે વાત કરી તે વ્યવહાર નયને અનુસરીને કરી. કેમકે "ઘી બાળે છે." એ ન્યાયથી જ પ્રશસ્તહિંસાને પુન્યબંધના હેતુ તરીકે ગણાવી શકાય. અર્થાત્ કારણમાં કાર્યનો ઉપચાર કરી હિંસાને કર્મબંધમાં હેતુ ગણી શકાય પણ આ ઔપચારિક હોવાના કારણે ગૌણ છે.

**વિશેષાર્થ–** ઘી બાળે છે એ સ્થળે પરમાર્થથી ઘી બાળતું નથી, પણ ઘીમાં રહેલા અગ્નિના પરમાણુઓ હાથ નાંખનારને બાળે છે, તે રીતે પ્રસ્તુતમાં પ્રશસ્તહિંસા પુણ્યબંધનું કારણ નથી, પણ પ્રશસ્ત હિંસા વખતે થતો શુભભાવ પુણ્યબંધનું કારણ છે. આમ છતાં વ્યવહારથી ઘી બાળે છે એ ન્યાયથી પ્રશસ્તહિંસા શુભભાવનું કારણ છે એમ કહેવાય છે.

**व्याख्या–** अथ निश्चये निश्चयनये तु विचार्यमाणे हिंसा वृथा एव अस्ति, अन्यतरबन्धस्यापि अहेतुत्वात् । केवलं एक एव भावः फलदो वर्त्तते

प्रशस्तोऽप्रशस्तो वा प्रशस्तमप्रशस्तं वा फलं जनयितुं समर्थ इत्यर्थः ।

**ભાવાર્થ–** હવે નિશ્ચયનયથી વિચારવામાં આવે તો હિંસા ફોગટ જ છે, કારણ કે શુભ-અશુભકર્મબંધનું કારણ નથી. માત્ર ભાવ જ ફળદાતા છે. પ્રશસ્તભાવ પ્રશસ્તફળ આપે છે. અપ્રશસ્તભાવ અપ્રશસ્તફળ આપે છે. આ પ્રમાણે ભાવાર્થ જાણવો.

**व्याख्या–** एवं विविक्तविवेकेऽविरत सम्यग्दृष्टेरपि पूजायां न बन्धः अविरत्यंशजस्तु बन्धोऽन्योऽस्ति पूजायोगाप्रयोक्तः। अन्यथा जिनवन्दनादौ अपि सः। तत इह कूपनिदर्शनं कस्यचित् यथाश्रुतज्ञस्य आशङ्कापदं आशङ्कास्थानं। एवं हि तदावश्यके द्रव्यस्तवीयप्रसङ्गसमाधानस्थले व्यवस्थितम् ॥६०॥

**ભાવાર્થ–** આમ નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવસ્થિત વિભાગનો વિવેક કરવામાં આવે તો અવિરતસમ્યગ્દષ્ટિને પણ પૂજામાં અલ્પ પણ બંધ નથી. જો કે સમ્યગ્દષ્ટિને પણ પૂજા કરતાં જ્ઞાનાવરણીય વગેરે અશુભકર્મનો બંધ થાય છે, પણ તે બંધ અવિરતિના કારણે થાય છે. પૂજાપ્રયુક્ત નથી=પૂજાના કારણે થતો નથી. આવો વિવેક કરવામાં ન આવે તો જિનવંદનાદિમાં પણ આપત્તિ આવે. કેમકે તે વખતે પણ અવિરતિના કારણે કર્મબંધ ચાલુ છે. તેથી(=સમ્યગ્દષ્ટિને પણ પૂજામાં અલ્પ પણ બંધ થતો નથી તેથી) પ્રસ્તુતમાં કૂપદષ્ટાંત પૂર્વાપરનો સૂક્ષ્મ વિચાર કર્યા વિના જેવું સાંભળ્યું તેવું જ જાણનાર કોઈકને શંકાનું સ્થાન બને. કૂપદષ્ટાંત જે રીતે ઘટે તે રીતે આવશ્યકસૂત્રમાં દ્રવ્યસ્તવના પ્રસંગે શંકાના સમાધાન સ્થળે નિશ્ચિત કર્યું છે. આ પ્રમાણે સાઈઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૬૦॥

**उपोद्घातवचनकर्णिका–** व्यवहारनयाश्रयणेऽपि स्वोत्प्रेक्षितं समाधानमाह–

વ્યવહારનયનો આશ્રય કરવામાં પણ પોતે ઉત્પ્રેક્ષા કરેલું સમાધાન બતાવે છે–

**अत्रास्माकमिदं हृदि स्फुरति यद्द्रव्यस्तवे दूषणं,**
**वैगुण्येन विधेस्तदप्युपहतं भक्त्येति हि ज्ञापनम् ।**

**कूपज्ञातफलं यतोऽविधियुताप्युक्तक्रिया मोक्षदा,**
**भक्त्यैव व्यवधानतः श्रुतधराः शिष्टाः प्रमाणं पुनः ॥६१॥**

**શ્લોકાર્થ–** અહીં અમારા હૃદયમાં આ પ્રમાણે સ્ફૂરણા થાય છે– દ્રવ્યસ્તવમાં વિધિની ન્યૂનતાના કારણે જે દોષ લાગે છે, તે પણ ભક્તિભાવથી દૂર થાય છે એમ જણાવવું એ કૂવાના દૃષ્ટાતનું ફળ છે. કેમ કે અવિધિથી કરેલી ઉક્તક્રિયા પરંપરાએ ભક્તિદ્વારા જ મોક્ષદાયી બને છે. આ વિષયમાં શ્રુતજ્ઞાની શિષ્ટપુરુષો પ્રમાણભૂત છે. ॥૬૧॥

## કૂપદૃષ્ટાંત વિવેચન. ભક્તિમાં શક્તિ.

**व्याख्या–** अत्रास्माकं इदं हृदि स्फुरति यद् द्रव्यस्तवे दूषणमस्ति तद्दूषणं विधेर्वैगुण्येन भक्तिमात्रेकतानतासंभविविधिवैकल्येन । तदपि विधि वैकल्यप्रयुक्तं द्रव्यस्तवदूषणमपि भक्त्या अधिकतरभक्तिभावेन उपहतं भवति इति हि ज्ञापनं कूपज्ञातस्य फलं अस्ति, कूपज्ञातेन एतत् ज्ञाप्यते इत्यर्थः । यतः अविधि युताऽपि क्रिया व्यवधानेन अतिपारंपर्येण भक्त्या एव कृत्वा मोक्षदा उक्ता । शिष्टाः पुनरत्र प्रमाणं सन्ति, शिष्टैकवाक्यतया पुनर्माभूदत्र स्वकपोलकल्पितत्वमात्रमिति भावः ॥६१॥

**ભાવાર્થ–** અહીં અમારા હૃદયમાં આ પ્રમાણે સ્ફૂરણા થાય છે– દ્રવ્યસ્તવમાં જે દોષ છે તે ભક્તિમાત્રમાં એકતાન થઈ જતાં વિધિમાં ન્યૂનતાના કારણે છે. તે દોષ પણ બળવાન ભક્તિભાવથી નાશ પામે છે. આ પ્રમાણે જણાવવું એ જ કૂપદૃષ્ટાંતનું ફલ છે, અર્થાત્ કૂપદૃષ્ટાંતથી આ જણાવાય છે. કેમ કે અવિધિયુક્ત પણ ક્રિયા પરંપરાએ મોક્ષદાયી કહેલી છે. અહીં શિષ્ટપુરુષો જ પ્રમાણભૂત છે. આ બાબતમાં અમારી કલ્પનામાત્ર સ્વકપોલકલ્પિત ન બની રહે પણ શિષ્ટોની સાથે એકવાક્યતા પામે, એ હેતુથી અમે અહીં શિષ્ટોને પ્રમાણ તરીકે સ્થાપીએ છીએ. આ પ્રમાણે ભાવ જાણવો. આ પ્રમાણે એકસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૬૧॥

**उपोद्घातवचनकर्णिका–** पूजायां हिंसासंभवोक्तिं विकल्प्य दूषयन्नाह–

પૂજામાં હિંસાનો સંભવ છે એવા વચનને બે વિકલ્પો કરીને દૂષિત

કરતા ગ્રંથકાર કહે છે કે–

**धर्मार्थः प्रतिमार्चनं यदि वधः स्यादर्थदण्डस्तदा,**
**तत्किं सूत्रकृते न तत्र पठितो भूताहियक्षार्थवत् ।**
**या हिंसा खलु जैनमार्गविहिता सा स्यान्निषेध्या**
**नाधाकर्मिकवन्निहन्तुमिह किं दोषं प्रसङ्गोद्भवम् ।।६२।।**

**શ્લોકાર્થ–** પ્રતિમાપૂજન જો ધર્માર્થ વધ હોય, તો તે અર્થદંડ છે. અને જો તે અર્થદંડરૂપ હોય તો સૂત્રકૃત્માં(=સૂત્રકૃતાંગમાં) ભૂતાહિયક્ષાર્થદંડની જેમ કેમ બતાવ્યો નથી ? જે જૈનમાર્ગવિહિતા હિંસા હોય તે હિંસા આધાકર્મિકની જેમ પ્રસંગથી ઉત્પન્ન થતાં દોષને દૂર કરવા શું સ્પષ્ટ નિષેધ્ય નથી ? અર્થાત્ નિષેધ્ય જ છે. ।।૬૨।।

## જિનપૂજામાં થતી હિંસા અનર્થદંડરૂપ કે અર્થદંડરૂપ ? એનું વિસ્તારપૂર્વક સમાધાન.

**व्याख्या–** यदि पूजायां हिंसा कुमतिना वाच्या तदा सा किमनर्थदण्डरूपा वा स्यात् अर्थदण्डरूपा वा स्यात् ? नाद्यः पक्षः क्षोदक्षमः प्रयोजनराहित्यासिद्धेः।

**ભાવાર્થ–** જો કુમતિઓ પૂજામાં હિંસા કહે છે તો શું તે હિંસા અનર્થદંડરૂપ(=પ્રયોજન વિના કરાતી) છે કે અર્થદંડરૂપ(=પ્રયોજનપૂર્વક છે.) તેમાં પ્રથમપક્ષ અમાન્ય છે. કેમકે ધર્મ વગેરે પ્રયોજનથી જ આ પૂજારૂપ હિંસા થાય છે. તેથી આ હિંસા પ્રયોજન વિનાની છે, એ તો અસિદ્ધ જ છે.

**व्याख्या–** अन्ते त्वाह- यदि प्रतिमार्चनं धर्मो वधः स्यादर्थदण्डत्वेन व्यवहार्यः स्यात्, तदर्थदण्डश्चेद्भवति तदा तत्र सूत्रकृतेऽर्थदन्डाधिकारे किं न पठितः ? । किंवत् ? भूताहियक्षार्थवत् खलु निश्चितं ।

**ભાવાર્થ–** બીજો પક્ષ અર્થદંડરૂપ તેના વિષે કહે છે– જો પ્રતિમાપૂજન ધર્માર્થે હિંસા તરીકે માન્ય હોય તો તે હિંસાને અર્થદંડ તરીકે વ્યવહાર કરવો જોઈએ. જો તમને પ્રતિમાપૂજન અર્થદંડ તરીકે સ્વીકૃત છે, તો અમારો તમને પ્રશ્ન છે કે સૂત્રકૃતાંગમાં અર્થદંડ અધિકારમાં તેનો ઉલ્લેખ

કેમ કર્યો નથી ? જેમ સૂત્રકૃતાંગમાં અર્થદંડના અધિકારમાં જેમ ભૂતાર્થદંડ, સાપાર્થદંડ, યક્ષાર્થદંડ વગેરે બતાવ્યા છે તેમ તેનો ઉલ્લેખ કેમ કર્યો નથી?

**व्याख्या–** या जैनमार्गविहिता हिंसा स्यात् तदा इह सा स्फुटं प्रकटं किं निषेध्या न स्यात् ? अपि तु स्यादेव । किं कर्तुं ? आधाकर्मिकवत् प्रसङ्गोद्भवं दोषं निहन्तुमिति ।

**ભાવાર્થ–** વળી જે જૈનમાર્ગમાં કહેલી હિંસા થતી હોત તો અહીં સ્પષ્ટપણે તેનો નિષેધ કેમ ન કર્યો ? જો તેમ હોત તો નિષેધ કરત. આધાકર્મિકદાનની જેમ હિંસાના પ્રસંગથી થતાં દોષોને હણવા માટે સ્પષ્ટ નિષેધ કરત.

**व्याख्या–** तत्र भूतो हि पाठो यथा ''**पढमे दंडसमादाणे अट्ठादंडवत्ति अहिज्जइ । से जहाणामए केई पुरिसे आयहेउं वा नाइहेउं वा आगारहेउं वा परिवारहेउं वा मित्तहेउं वा णागहेउं वा भूयहेउं वा जक्खहेउं वा तं दंडं तसथावरेहिं सयमेव निसिरइ**'' इत्यादि ।

**ભાવાર્થ–** અહીં આ સૂત્રમાં ભૂતાદિનું વર્ણન કરેલ છે. પ્રથમ દંડ સમાદાનમાં આઠ દંડ પ્રત્યય કહેવાયા છે. તે આ પ્રમાણે - કોઈ પુરુષ (૧) આત્મહેતુક=પોતાને માટે, (૨) જ્ઞાતિહેતુક (૩) આગાર(ઘર)હેતુક (૪) પરિવારહેતુક (૫) મિત્રહેતુક (૬) નાગહેતુક (૭) ભૂતહેતુક (૮) યક્ષહેતુક, ત્રસ અને સ્થાવર જીવો પર તે દંડ પોતે સ્વયં કરે, અથવા બીજા પાસે કરાવે અથવા અન્ય કરતાને સમનુજ્ઞા આપે. એમ કરવા દ્વારા તેને તે દંડને આશ્રયી સાવદ્ય(=પાપ) લાગે છે એમ કહ્યું છે.

**व्याख्या–** यदि हि जिनप्रतिमापूजार्थोऽपि वधोऽत्राधिकृतः स्यात्तदा ''**जिणपडिमाहेउं जिणहेउं वा**'' इत्यप्यभणिष्यत् सूत्रकारः तत्तु नोक्तं, तेन हिंसाऽपि सा पूजा न स्यादित्यर्थः ॥६२॥

**ભાવાર્થ–** જો જિનપ્રતિમા પૂજન માટે થતો વધ પણ અર્થદંડરૂપ હોત, તો સૂત્રકાર એવો ઉલ્લેખ પણ કરત કે, "જિનપ્રતિમાહેતુક કે જિનહેતુક". પરંતુ ત્યાં તેમ કહ્યું નથી તેથી જિનપૂજામાં હિંસા ન ગણાય. એમ અર્થ થાય. આ પ્રમાણે બાસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૬૨॥

उपोद्घातवचनकर्णिका– सूत्रान्तराक्षराण्याह–

અહીં અન્ય આગમોના વચનોથી સાક્ષી બતાવે છે–

**आनन्दस्य हि सप्तमाङ्गवचसा हित्वा परिव्राड्वर-**
**श्राद्धस्य प्रथितौपपातिकगिरा चैत्यान्तरोपासनाम् ।**
**अर्हच्चैत्यनतिं विशिष्य विहितां श्रुत्वा न यो दुर्मतिं,**
**स्वान्तान्मुञ्चति नाश्रयप्रियतया कर्माणि मुञ्चन्ति तम् ॥६३॥**

**શ્લોકાર્થ–** સાતમા "ઉપાસકદશા" નામના અંગના વચનથી આનંદે અને "ઔપપાતિક" ઉપાંગની પ્રસિદ્ધવાણીથી શ્રેષ્ઠપરિવ્રાજક શ્રાવકે(=અંબડ શ્રાવકે) અન્યધર્મની પ્રતિમાઓનો ત્યાગ કરી અરિહંતની પ્રતિમાને નામગ્રહણ કરવાપૂર્વક નમન કરવાની પ્રતિજ્ઞા કરેલી, એમ સાંભળવા છતાં પણ જે પોતાના ચિત્તમાંથી દુર્મતિને છોડવા તૈયાર નથી. આશ્રયપ્રિય હોવાથી જ્ઞાનાવરણીયાદિ કર્મો તેને છોડતા નથી...॥૬૩॥

## આનંદાદિ શ્રાવકના દૃષ્ટાંતો
## કુમતિની મૂઢતાસૂચક વ્યાખ્યાન.

**व्याख्या–** हि निश्चितं । यो लुम्पकः स्वान्तात् चित्तात् दुर्मतिं न मुञ्चति । किं कृत्वा ? आनन्दस्य पुनः परिवाड्वरश्राद्धस्य अम्बडस्य अर्हच्चैत्यनतिं अर्हत्प्रतिमानां नतिं विशिष्य नाम ग्राहं विहिता कर्तव्यत्वेन उक्तां श्रुत्वा । केन ? आनन्दश्रावकापेक्षया सप्तमाङ्गवचसा उपासक-दशाङ्गवचनेन । पुनः कया ? अम्बडश्रमणोपासकापेक्षया प्रथितेति प्रथिता प्रसिद्धा औपपातिकगीः औपपा-तिकोपाङ्गवाक् तया कृत्वा । किं कृत्वा ? चैत्यान्तरोपासनां हित्वा अन्यती-र्थिकचैत्य-तत्परिगृहीतार्हच्चैत्योपासनां त्यक्त्वा स्थितस्येति शेषः । कर्माणि ज्ञानावरणीयादीनि कतृपदं, तं लुम्पकं न मुञ्चन्ति ।

**ભાવાર્થ–** ઉપાસકદશા અંગના વચનથી આનંદ શ્રાવકે અને ઔપપાતિક ઉપાંગના વચનથી અંબડ પરિવ્રાજકે અન્યતીર્થિકોની પ્રતિમાની અને અન્યતીર્થિકોએ ગ્રહણ કરેલી(=પોતાના કબજામાં રાખેલી) જિનપ્રતિમાની ઉપાસના છોડીને જિનપ્રતિમાની ઉપાસના કરેલી એમ સ્પષ્ટ સાંભળવા

મળે છે. આનંદ અને અંબડપરિવ્રાજક એવા નામ ગ્રહણ કરવાપૂર્વક આ વિગત સાંભળવા મળે છે. આથી આવા આગમવચનો સાંભળીને પણ જે પોતાના ચિત્તમાંથી દુર્મતિને છોડતો નથી તેને જ્ઞાનાવરણીય વગેરે કર્મો છોડતા નથી.

**व्याख्या–** कया ? आश्रयप्रियतया आश्रयवल्लभत्वेन कृत्वा इति । परिव्राट्सु वरः प्रधानः यः श्राद्धः अम्बड इति समासः ।

**ભાવાર્થ–** તેને જ્ઞાનાવરણીય વગેરે કર્મો છોડતા નથી. તે અંગે કલ્પના કરીને ગ્રંથકાર કહે છે– જાણે કે આશ્રય(=લુંપાક) અતિશય પ્રિય છે એથી કર્મો તેને છોડતા નથી. વળી પરિવ્રાજકમાં શ્રેષ્ઠ જે શ્રાદ્ધ અંબડ. આ પ્રમાણે સમાસ જાણવો.

**व्याख्या–** अत्र हित्वेति ''मत्प्रसूतिमनाराध्य'' इत्यत्रेव अन्यथा भिन्न-कर्तृकक्त्वाप्रत्ययानुपपत्तेः, अथवाऽन्तर्भूतण्यर्थत्वात् हित्वेत्यस्य हापयित्वेत्यर्थः। एवंह्यभिमतानभिमतविधानहापनयोरेककर्तृकत्वेन क्त्वाप्रत्ययोपपत्तेः, आश्रितस्य प्रियतया अत्यन्ताभीष्टतया इवेत्यस्य गम्योत्प्रेक्षेयं । आश्रिता प्रिया यस्य तत्तयेति व्याख्याने गुणप्रिये इत्यादाविव विशेषणपरनिपात इति ।

**ભાવાર્થ–** અહીં "हित्वा" પદ સંબંધકભૂતકૃદંત છે. સામાન્યથી એક કર્તૃક પૂર્વોત્તરકાલીન બેક્રિયાનો નિર્દેશ કરતી વેળા પૂર્વકાલીન ક્રિયા જણાવવા 'त्वा' પ્રત્યય લગાડી સંબંધકભૂતકૃદંત બનાવે છે. છતાં રઘુવંશ કાવ્યના ૭૭ મા શ્લોકમાં "मत्प्रसूतिमनाराध्य" પ્રયોગને અનુસારે ઘણીવાર પૂર્વોત્તરકાલીન ક્રિયાના કર્તા ભિન્ન હોય તો પણ પૂર્વકાલીન ક્રિયા જણાવનાર ધાતુથી "त्वा" પ્રત્યય લાગી સંબંધકભૂતકૃદંતનો પ્રયોગ થાય છે.

એ જ પ્રમાણે "हित्वा" માં કર્તા તરીકે આનંદ શ્રાવક અને અંબડપરિવ્રાજક ઈષ્ટ છે. જ્યારે "विहिता" પદમાં વિધાનક્રિયાના કર્તા તરીકે પરમાત્મા ઈષ્ટ છે. આમ ભિન્નકર્તૃક બેક્રિયા હોવા છતાં સંબંધકભૂતકૃદંતનો પ્રયોગ દુષ્ટ નથી. અથવા "हित्वा" પદમાં "णिगन्त"=પ્રેરક અર્થ અંતર્ગત થયેલો છે. તેથી "हित्वा" છોડીને એમ નહિ પણ "हापयित्वा" છોડાવીને એવો અર્થ કરવો તેથી બંને સ્થળે પરમાત્મારૂપ એક કર્તા સંભવી શકે.

જેઓ જિનપ્રતિમા અંગે આગમના વચનો સાંભળી "પ્રતિમા પૂજ્ય નથી" એવો કદાગ્રહ છોડવા તૈયાર નથી તેવા પ્રતિમાલોપકને આશ્રયીને રહેલા કર્મો તેમને છોડવા તૈયાર નથી. કારણ કે આશ્રિતકર્મોને તે કદાગ્રહીઓ અત્યંત પ્રિય છે. અહીં "જાણે કે અત્યંતપ્રિય ન હોય." એવા અર્થનું સૂચક "इव" પદ અધ્યાહાર=ગમ્ય છે. તેથી "गम्योत्प्रेक्षा" અલંકાર છે. આશ્રિતો પ્રિય છે જેને એવી વ્યુત્પત્તિ કરવામાં ગુણપ્રિય વગેરે સમાસની જેમ વિશેષણપદ ઉત્તરપદમાં આવશે.

**व्याख्या**– तत्र सप्तमाङ्गालापको यथा- "तेणं से आणंदे गाहावई समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइअं सत्तसिक्खावइअं दुवालसविहं सावयधम्मं पडिवज्जइ २ समणं भगवं महावीरं वंदइ णमंसइ २ एवं वदासि - णो खलु मे भंते कप्पइ अज्जपभिइ अण्णउत्थिये वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहियाइं वा अरिहंतचेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा पुव्विं अणालत्तेणं आलवित्तए वा संलवित्तए वा तेसिं असणं वा ४ दाउं वा णणत्थ रायाभिओगेणं, गणाभिओगेणं, बलाभिओगेणं, देवयाभिओगेणं, गुरुनिग्गहेणं वित्तीकंतारेणं । कप्पइ मे समणे निग्गंथे फासुएणं एसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं वत्थपरिग्गहकंबलपायपुंछणेणं पीढफलगसिज्जा-संथारएणं ओसहभेसज्जेण य पडिलाभेमाणस्स विहरितए त्तिकट्टु । इमं एयारूवं अभिग्गहं गिण्हइ गिण्हइत्ता पसिणाइं पुच्छइ, पुच्छइत्ता अट्ठाइं आदियइत्ति ।"

**ભાવાર્થ**– તે વખતે આણંદગાથાપતિ શ્રમણભગવાન મહાવીરસ્વામીની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારનો શ્રાવકધર્મ સ્વીકારે છે. પછી તે આણંદ શ્રમણભગવાન મહાવીરસ્વામીને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે કહે છે- "હે ભદન્ત ! આજથી માંડીને મને (૧) અન્યતીર્થિકોને કે અન્યતીર્થિકોના દેવોને કે અન્યતીર્થિકોની માલિકીમાં રહેલી અરિહંતપ્રતિમાને વંદન નમસ્કાર કરવા, તથા (૨) પહેલા નહિ બોલાવતા એવા તેઓને એકવાર કે વારંવાર બોલાવવા તથા (૩) તેઓને અશન-પાન-ખાદિમ-સ્વાદિમ આપવા કલ્પતા નથી. પરંતુ આ છ આગારને છોડીને (૧) રાજાભિયોગ, (૨) ગણાભિયોગ, (૩) બળાભિયોગ, (૪) દેવતા અભિયોગ, (૫) ગુરુ નિગ્રહ અને (૬) વૃત્તિકાંતાર. મને પ્રાસુક-એષણીય

અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તથા વસ્ત્ર, પાત્ર, કંબળ, રજોહરણ તથા પીઠ, ફલક, શય્યા, સંસ્તારક તથા ઔષધ(=દવા) વગેરેથી શ્રમણ નિગ્રંથોને પ્રતિલાભવા કલ્પે છે. આવા પ્રકારના અભિગ્રહને ગ્રહણ કરી પ્રશ્નોને પૂછી અર્થોને સ્વીકારે છે.

**व्याख्या–** एतद्वृत्तिर्यथा नो खल्वित्यादि नो खलु मम भदंत भगवन्! कल्प्यते युज्यते, इत्यादि वृत्तौ । अत्रान्यतीर्थिकपरिगृहीत चैत्यनिषेधेऽनिश्रितार्हच्चैत्यवन्दनादि विधिः स्फूट एव ।

**ભાવાર્થ–** આની વૃત્તિ આ પ્રમાણે છે- "હે ભગવંત ! આજથી માંડીને નિરતિચાર સમ્યક્ત્વનું પાલન કરવા માટે અન્યતીર્થિકોને વંદન કરવું વગેરે કલ્પે નહિ. અન્યતીર્થિક તથા તેઓના કબજામાં રહેલી જિનપ્રતિમાઓ વંદન કે નમસ્કારને પાત્ર નથી. તેના વંદનનો નિષેધ કર્યો." એનાથી સ્પષ્ટ રીતે સૂચિત થાય છે કે અનિશ્રિત અરિહંતચૈત્ય વંદનાદિ વિધિદ્વારા અવશ્ય ઉપાસ્ય છે.

**व्याख्या–** औपपातिकालापको यथा ''अम्मडस्स णं णो कप्पइ अण्णउत्थिए वा अन्नउत्थियदेवयाणि वा अन्नउत्थिय परिग्गहिआणि अरिहंतचेइयाणि वा वंदित्तए वा णमंसित्तए वा जाव पज्जुवासित्तए वा णण्णत्थ अरहंत चेइयाणि व त्ति ।

**ભાવાર્થ–** ઔપપાતિકસૂત્રનાં આલાવાનો અર્થ આ પ્રમાણે છે- અંબડને અરિહંત અને અરિહંતચૈત્ય છોડીને અન્યતીર્થિકો અને દેવતાઓને અથવા તેઓએ કબજામાં રાખેલા અરિહંતચૈત્યોને વંદનાદિ કરવાનું કલ્પતું નથી.

**व्याख्या–** एतद्वृत्तिर्यथा - नण्णत्थ अरहंतेहि व त्ति न कल्प्यते इह योऽयं नेति प्रतिषेधः सोऽन्यत्रार्हद्भ्यः अर्हतो वर्जयित्वेत्यर्थः अत्रार्हच्चैत्यनतिरम्बडस्य कण्ठत एव विहितेति ।

**ભાવાર્થ–** આ સૂત્રની ટીકાના "नण्णत्थ अरहंतेहिंवत्ति" સૂત્રમાં જે નિષેધ છે, તે અરિહંત અને અરિહંતચૈત્ય છોડીને અન્યસંબંધી છે. અન્યતીર્થિક દેવતાઓના વંદનાદિના નિષેધમાં જિનાદિ સંબંધી પણ વંદનનો

નિષેધ ન થાય. એ કારણથી "णाणत्थ" એવો પાઠ છે. અહીં "અંબડને જિનપ્રતિમાને વંદન કરવાનું વિધાન" સ્પષ્ટ શબ્દોમાં છે.

**व्याख्या–** उत्तराध्ययनसत्के सम्यक्त्वपराक्रमाध्ययने स्फुटं । लुम्पकाः पूजाविधानं न पश्यन्ति तत्तु अयं स्थाणोरपराधो न, यदेनमन्धो न पश्यतीति स्वस्यैवापराधत्वात् । यतः सम्यक्त्वालापक एव सूक्ष्मदृष्ट्या दर्शनात् । सम्यकत्वपराक्रमाध्ययनेऽपि गुरुसाधर्मिकशुश्रूषाफलाभिधानेनैव पूजाफलाभिधानात् इति विभावनीयं सूरिभिः ॥६३॥

**ભાવાર્થ–** ઉત્તરાધ્યયનસૂત્રના સમ્યક્ત્વપરાક્રમ અધ્યયનમાં જિનપ્રતિમા પૂજાનું વિધાન પ્રગટ જ છે. "લુંપકો પૂજાના વિધાનને નજરે ન જોવે તેમાં સિદ્ધાંતનો શો દોષ ?" અંધપુરુષ ઠૂંઠાને જોઈ ન શકે તેમાં ઠૂંઠાનો વાંક નથી," પરંતુ અંધપુરુષનો જ દોષ છે. સૂક્ષ્મદૃષ્ટિથી જો જોશો, તો સમ્યક્ત્વના આલાપકમાં જ જિનપૂજાનું વિધાન પડેલું જોઈ શકશો. સમ્યક્ત્વપરાક્રમ અધ્યયનમાં પણ ગુરુ અને સાધર્મિકની શુશ્રૂષાના ફળના કથનમાં જ પૂજાના ફળનું કથન કર્યું છે એમ આચાર્યોએ વિચારવું જોઈએ. આ પ્રમાણે ત્રેસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..૬૩

उपोद्घातवचनकर्णिका–

હવે બીજા દૃષ્ટાંતો આપી સ્થાપનાને સિદ્ધ કરે છે–

**प्रश्नव्याकरणे सुवर्णगुलिकासम्बन्धनिर्धारणे,**
**शस्ते कर्मणि, दिग्द्वयग्रहरहःख्यातौ तृतीयाङ्गतः ।**
**सम्यग्भावितचैत्यसाक्षिकमपि स्वालोचनाज्ञाश्रुतौ,**
**सूत्राच्च व्यवहारतो भवति नः प्रीतिर्जिनेन्द्रे स्थिरा ॥६४॥**

**શ્લોકાર્થ–** "પ્રશ્નવ્યાકરણ" ગ્રંથમાં સુવર્ણગુલિકાનો સંબંધ નિર્ધારિત કરવાથી તથા "સ્થાનાંગ" નામના ત્રીજા અંગથી પ્રશસ્ત કાર્યોમાં બે દિશા (પૂર્વ અને ઉત્તર)નો પુરસ્કાર કરવામાં રહેલા તાત્પર્યની ખ્યાતિથી તથા વ્યવહારસૂત્રમાંથી સમ્યગ્ભાવિતચૈત્યની સાક્ષીએ પણ પોતાની આલોચનાનું શ્રવણ કરવાથી જિનેન્દ્ર પર=સ્થાપનાજિન ઉપર અમારી પ્રીતિ સ્થિર થાય છે...॥૬૪॥

## પ્રશ્નવ્યાકરણ અંતર્ગત સુવર્ણગુલિકા દૃષ્ટાંત પ્રશસ્તકાર્યોમાં દિગ્દ્વયગ્રહણમાં કારણ. આલોચના યોગ્યનો ક્રમનિર્દેશ.

**व्याख्या–** नः अस्माकं प्रीतिः जिनेन्द्रे स्थिराऽस्ति जिनेन्द्रे स्थापनाजिने स्थिरा अप्रतिपातिनी । कस्मिन् सति ? प्रश्नव्याकरणे सुवर्णगुलिकायाः सम्बन्धनिर्धारणे सति ।

**ભાવાર્થ–** અમારી પ્રીતિ જિનેન્દ્ર ઉપર અર્થાત્ સ્થાપનાજિન ઉપર સ્થિર થાય છે. અને તે "પ્રશ્નવ્યાકરણ" અંગમાં સુવર્ણગુલિકાનો સંબંધ છે. તેનો નિર્ધાર કરવાથી સ્થાપનાજિન ઉપર અમારી પ્રીતિ સ્થિર થાય છે.

**व्याख्या–** पुनः कस्यां सत्यां ? तृतीयाङ्गतः स्थानाङ्गतः शस्ते प्रशस्ते कर्मणि दिग्द्वयस्य पूर्वोत्तरादिग्रूपस्य यो ग्रहः पुरस्कारः तस्य या रहःख्यातिः तात्पर्यप्रतिपत्तिः तस्यां सत्यां समासान्तपदं ।

**ભાવાર્થ–** ફરી કયા કારણથી પરમાત્મા ઉપર પ્રીતિ સ્થિર થાય છે તે જણાવતાં કહે છે કે- પ્રશસ્ત કાર્યોમાં બે દિશાનો- પૂર્વોત્તરદિશાનો સ્વીકાર કરવા અંગે સ્થાનાંગસૂત્રમાં જે તાત્પર્યની ખ્યાતિ છે તેથી સ્થાપનાજિન ઉપર અમારી પ્રીતિ સ્થિર થાય છે.

**व्याख्या–** पुनः कस्यां सत्यां ? व्यवहारतः सूत्रात् व्यवहारसूत्रात् स्वालोचना सुष्ठु समीचीना या आलोचना तस्यां श्रुतौ-विधिश्रवणे सत्यां। कथं सम्यग्भावितानि अनायतनरूपवर्जनया सद्भावं प्रापितानि यानि चैत्यानि तानि साक्षीणि यत्र यस्यां क्रियायां इति क्रियाविशेषणं ।

**ભાવાર્થ–** ફરી વ્યવહારસૂત્રથી આલોચનાવિધિ સાંભળવાથી, સમ્યગ્ભાવિત=અનાયતનના વર્જનદ્વારા સદ્ભાવને પ્રાપ્ત કરાયેલા ચૈત્ય આગળ આલોચના લેવાથી શુદ્ધિ થઈ શકે છે.

**व्याख्या–** तूर्याश्रवद्वारे "**सुवन्नगुलिआए**" त्ति प्रतीके सिन्धुसौवीरदेशेषु विदर्भकनगरे उदायनराज्ञः प्रभावती राज्ञी देवदत्ता दासी देवनिर्मिता श्रीमहावीरप्रतिमा, तत्र देशान्तरागतश्रावकदत्तगुटिकाशतं, गुटिकायाः प्रभावात् कुब्जत्वं

हित्वा सुरूपा सुवर्णगुलिका जाता इति प्रसिद्धकथानकं ।

**ભાવાર્થ–** દશમા અંગના ચોથા આશ્રવદ્વારમાં સુવર્ણગુલિકાનું વ્યાખ્યાન છે. તે આ પ્રમાણે- સિંધુસૌવીર દેશમાં વિદર્ભક નગરને વિશે ઉદાયન નામે રાજા હતો. તેને પ્રભાવતી નામની રાણી હતી. તે રાણીને દેવદત્તા નામની એક દાસી હતી. પ્રભાવતીને દેવતાએ નિર્માણ કરેલી શ્રી મહાવીર ભગવંતની પ્રતિમા પ્રાપ્ત થઈ. તેની ઉપાસના કરતી દાસીને દેશાંતરથી આવેલા કોઈ શ્રાવકે સો ગુટિકા આપી.ગુટિકાના પ્રભાવથી તેનું કૂબડાપણું દૂર થયું. આથી તે સુરૂપવાળી થઈ, અને સુવર્ણગુલિકાના નામથી પ્રખ્યાત થઈ. ઈત્યાદિ વિસ્તારથી તે સ્થળે જોવું.

**व्याख्या–** दिग्द्वयाभिग्रहे स्थानाङ्गालापको द्वितीयस्थाने प्रथमोद्देशके यथा- "दोदिसाओ अभिगिज्झ कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा पव्वावित्तए पाईणं चेव उदीणं चेव" इत्यादि पूर्वा उत्तरा । अत्र हि दिग्द्वयाभिमुखीकरण-मर्हदर्हच्चैत्यानां भूम्नाऽभिमुखीकरणायैवेति । तद्विनयस्य सर्वप्रशस्तकर्मपूर्वाङ्गत्वात् । गृहस्थस्याधिकारिणो लोकोपचारतद्विनयात्मकपूजायाः प्रधानत्वमुचितमेवेति तात्पर्यमिति ।

**ભાવાર્થ–** પ્રશસ્તકાર્યમાં બે દિશાનો સ્વીકાર કરવા અંગે સ્થાનાંગ દ્વિતીયસ્થાનના પ્રથમઉદ્દેશામાં પાઠ આ પ્રમાણે છે- "પૂર્વ અને ઉત્તર આ બે દિશામાં રહીને નિગ્રંથ અને નિર્ગ્રંથીને દીક્ષા આપવી." અહીં પૂર્વ તથા ઉત્તરદિશા તરફ મુખ કરવાનું જે કહેલું છે તે જિનેશ્વર અને જિનમંદિરને સન્મુખ કરવા માટે જ છે. આ જિનાલયોને પીઠ કરવાને બદલે સન્મુખ કરવામાં એ જિનાલયોનો વિનય કરવાનો આશય છે. આ પ્રમાણે જિનાલયોનો વિનય કરવા પાછળ હેતુ એ છે કે - તેઓનો વિનય સર્વપ્રશસ્ત કાર્યોમાં મુખ્ય કારણ છે. જો સાધુઓને આ પ્રમાણે વિનય કરવાનો હોય તો અધિકારી ગૃહસ્થોએ પણ પૂજાદિ કરવા દ્વારા જિનબિંબાદિનો અવશ્ય લોકોપચાર વિનય કરવો જ જોઈએ. અને તેઓ માટે જિનબિંબ-પૂજા જ પ્રધાનપણે લોકોપચાર વિનય તરીકે ઉચિત છે. આ પ્રમાણે તાત્પર્ય જાણવું.

**व्याख्या–** व्यवहारालापको यथा– "**भिक्खु अन्नयरं अकिच्चट्ठाणं सेविज्जा**

आलोइत्तए'' इत्याद्यालापके ''सम्मं भावियाइं'' इति तासामपि देवताना-मभावेऽर्हत्प्रतिमानां पुरतः स्वप्रायश्चित्तदानपरिज्ञानकुशल आलोचयति स्वयमेव। अत्र ''सम्मं भाविआइं'' ति विशेषणेनैव देवतानां चैत्यानां च ''अहं च भोगरायस्स'' इत्यत्र पुत्र्या इवाक्षेपात् विशेष्याद्वयानुरोधेनावृत्तिं कृत्वा व्याख्येयं। सम्यग्भावितप्रतिमापुरस्कारश्च मनःशुद्धेर्विशेषायैवेति ॥६४॥

**ભાવાર્થ–** વ્યવહાર સૂત્રનો આલાપક આ પ્રમાણે છે- અકૃત્યસ્થાનનું સેવન કર્યા બાદ ભિક્ષુક આલોચના કરવાને ઈચ્છે છે આ પ્રમાણે સર્વ હકીકત જાણવી. સમ્યગ્પ્રકારેભાવિત ચૈત્ય ઉપલબ્ધ ન બને તો દેવની આરાધના કરી તેની પાસે પ્રાયશ્ચિત્ત લેવું. આવા દેવોનાં અભાવમાં પ્રાયશ્ચિત દેવાની વિધિના જ્ઞાનમાં કુશળ સાધુએ પોતાની મેળે જ જિનપ્રતિમા આગળ આલોચના કરવી. "अहं च भोगरायस्स" આ ગાથા રહનેમિને રાજીમતી કહી રહી હોવાથી અહીં "પુત્રી" પદનો અધ્યાહારથી આક્ષેપ થાય છે.

તે જ પ્રમાણે "सम्मं भाविआइं" એ પદ વિશેષણ છે. તેથી વિશેષ્ય તરીકે દેવતા અને ચૈત્યની ઉપસ્થિતિ થાય છે. આ બંને પદો 'सम्यग्भावितं' પદના વિશેષ્ય છે.

અહીં બંને વિશેષ્યની આવૃત્તિ કરીને વ્યાખ્યા કરવી જોઈએ. તેથી સમ્યગ્ભાવિત જિનપ્રતિમા આગળ આલોચના કરવી એવો તાત્પર્યાર્થ નીકળે છે. અહીં આલોચના કરતી વખતે મનઃશુદ્ધિમાં વિશેષતા લાવવા જ જેમ બે દિશાની સન્મુખ આલોચના કરવાનું કહ્યું છે તેમ સમ્યગ્ભાવિત જિનપ્રતિમાની આગળ આલોચના કરવાનું કહ્યું છે. આ પ્રમાણે જાણવું.આ પ્રમાણે ચોસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૬૪॥

હવે દ્રૌપદીનું દષ્ટાંત આપી લુંપાકમતિની મૂઢતાને પ્રગટ કરે છે-

**तीर्थेशप्रतिमार्चनं कृतवती सूर्याभवद्भक्तितो,**
**यत् कृष्णा परदर्पमाथि तदिदं षष्ठाङ्गविस्फूर्जितम् ।**
**सच्चक्रे खलु या न नारदमृषिं मत्वाव्रतासंयतं,**
**मूढानामुपजायते कथमसौ न श्राविकेति भ्रमः ॥६५॥**

**શ્લોકાર્થ–** દ્રૌપદીએ સૂર્યાભદેવની જેમ ભક્તિથી જિનેશ્વર ભગવંતની પ્રતિમાનું પૂજન કર્યું હતું. પ્રતિવાદીના દર્પને નાશ કરનાર આ વચન છટ્ઠા અંગનું(=જ્ઞાતાધર્મકથાનું) છે. જે દ્રૌપદીએ નારદઋષિને વ્રત અને સંયમ વિનાના માની નારદનો સત્કાર નહોતો કર્યો. "એ દ્રૌપદી શ્રાવિકા નથી." એવો ભ્રમ મૂઢજીવોને કેવી રીતે ઉત્પન્ન થતો હશે ? ॥૬૫॥

## દ્રૌપદીએ કરેલી જિનપૂજા.
## દ્રૌપદીએ નારદની નહિ કરેલી સત્કારપૂજા.
## ઉભયવાતદ્વારા લુંપાકની મૂઢતાનું પ્રદર્શન.

**व्याख्या–** यत् कृष्णा द्रौपदी भक्तितः भक्त्या तीर्थेशानां भगवतां प्रतिमानां अर्चनं पूजनं कृतवती चकारेत्यर्थः । किंवत् ? सूर्याभवत् राजप्रश्नीयोपाङ्गाभिहितव्यतिकरसूर्याभदेववत् । तत् इदं तदर्थाभिधायकं षष्ठाङ्गविस्फूर्जितं परदर्पमाथि वर्त्तते षष्ठाङ्गस्य ज्ञाताधर्मकथाध्ययननाम्नोऽङ्गस्य विस्फूर्जितं सम्यग्व्याख्यानविलसितं इति समासः । परेषां कुवादिनां दर्पमहङ्कारं मथ्नातीत्येवंशीलं इति समासः ।

**ભાવાર્થ–** જે દ્રૌપદીએ જિનેશ્વરભગવંતની ભક્તિથી પૂજા કરી હતી. રાજપ્રશ્નીય ઉપાંગમાં જેનું વર્ણન કરેલું છે. તે સૂર્યાભદેવની જેમ દ્રૌપદીએ ભક્તિથી પૂજા કરી એવા અર્થવાળુ જ્ઞાતાધર્મકથા નામના છટ્ઠા અંગનું કથન લુંપાકમતિવાળાના ગર્વને ઓગાળી નાંખવા સમર્થ છે.

અહીં પરવાદી મિથ્યાગર્વરૂપ એવો કુતર્ક કરે છે કે દ્રૌપદીએ ભલે પ્રતિમાપૂજા કરી હોય પરંતુ તેણીને પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત થયું ન હતું. તેનો પ્રત્યુત્તર આપતા ગ્રંથકાર કહે છે કે–

**व्याख्या–** तस्याः पञ्चमगुणस्थानं नास्ति चेदत्राह-या द्रौपदी नारदं ऋषिं न सच्चक्रे न सत्कृतवती । किं कृत्वा ? नारदं ऋषिं अव्रतासंयतं मत्वा ज्ञात्वा । मूढानां इति भ्रमः कथमुपजायते ? इतीति किं ? असौ श्राविका नेति ।

**ભાવાર્થ–** તે દ્રૌપદીને પાંચમું ગુણસ્થાન નથી એમ જો તમે કહેતા હો તો સાંભળો. જે દ્રૌપદીએ નારદઋષિનો અસંયત સમજી સત્કાર ન

કર્યો, તે દ્રૌપદી શ્રાવિકા નથી એવો ભ્રમ મૂઢજીવોને કેમ ઉત્પન્ન થાય છે ? (કેમ કે "અસંયતનું બહુમાન ન કરવું." એવું જ્ઞાન જૈનશાસનના પરમાર્થને પામેલા આત્મા સિવાય અન્ય કોઈને સંભવતું નથી.)

**व्याख्या–** पूजाद्यनन्तरमेव तया सम्यकत्व लब्धमित्यपि । सूत्राक्षरदर्शनं विना ध्यान्ध्यकरणमात्रं ।

**ભાવાર્થ–** દ્રૌપદીએ પૂજા કર્યા બાદ સમ્યક્ત્વ મેળવ્યું હોય એમ શું ન બની શકે ? તેનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે કે-સૂત્રાક્ષરના દર્શન વિના કરેલી તમારી આ કલ્પના બુદ્ધિની અંધતામાત્રનું ફળ છે.

**व्याख्या–** न च निदानफलभोगानन्तरमेव तस्या देशविरतिसंभव इत्यपि सुवचनं ।

**ભાવાર્થ– પ્રશ્ન-** દ્રૌપદીએ પૂર્વભવમાં "પાંચપતિ મળજો" એવું નિયાણું કરેલું હતું. વળી નિયાણાનું ફળ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેણીને દેશવિરતિ પણ પ્રાપ્ત ન થાય. કેમકે નિયાણું ગુણપ્રાપ્તિમાં પ્રતિબંધક છે. તેથી પાંચ પતિની પ્રાપ્તિ પછી જ દ્રૌપદીને દેશવિરતિની પ્રાપ્તિ થઈ હશે તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે–

**व्याख्या–** तत्प्रतिबन्धकत्वे तस्य पार्यन्तिकफलं विना कृष्णादेरिव तज्जन्मन्येव विरतिलाभासंभवादिति, यत्किञ्चिदेतत् ॥६५॥

**ભાવાર્થ–** જો નિયાણું વિશિષ્ટ ગુણની પ્રાપ્તિમાં પ્રતિબંધક હોત તો જ્યાં સુધી (तस्य=) તે નિયાણાનું છેવટનું ફલ ન મળે, ત્યાં સુધી દ્રૌપદી વિરતિને પામી ન શકત. જેમ કૃષ્ણમહારાજાએ નિદાન કર્યું હતું તે પ્રતિબંધક હતું. તેથી વાસુદેવપણાની પ્રાપ્તિ છતાં વિરતિની પ્રાપ્તિ થઈ નહિ. નરકાદિ ફળ ભોગવ્યા પછી જ વિરતિ પ્રાપ્ત કરી શકશે. જ્યારે દ્રૌપદીને તો નિદાનના નારકાદિ પર્યન્તના ફળ ભોગવ્યા વિના જ તે જ ભવમાં સર્વવિરતિરૂપ ચારિત્રધર્મની પ્રાપ્તિ થઈ ગઈ તેથી તેણીને તે નિદાન પ્રતિબંધક નહોતું. તેથી વિવાહની પૂર્વાવસ્થામાં પણ તેને શ્રાવિકા તરીકે સ્વીકારવામાં કોઈ દોષ નથી. આમ દ્રૌપદીએ "શ્રાવિકા અવસ્થામાં જિનપ્રતિમાપૂજા કરેલી." એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે પાસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૬૫॥

उपोद्घातवचनकर्णिका— प्रतिबन्धैहिकार्थत्वं द्रौपदीकृतपुजायां निरस्यति-

"દ્રૌપદીએ પૂજા આ લોકના હેતુથી કરી હતી." એવી પ્રતિમાલોપકની આશંકાને પ્રતિબંધીતર્ક દ્વારા નિર્મૂળ કરે છે–

**तत्पाणिग्रहणोत्सवे कृतमिति प्रौढ्या प्रमाणं न चेत्,**
**स्वःसन्निर्मितवन्दनादिकमपि स्थित्युत्सवे किं तथा ।**
**क्लिष्टेच्छाविरहो द्वयोरपि समस्तुल्यश्च भक्तेर्गुणो,**
**नागादिप्रतिमार्चनादिह खलु व्यक्ता विशेषप्रथा ॥६६॥**

**શ્લોકાર્થ–** દ્રૌપદીએ પોતાના પાણિગ્રહણનાં ઉત્સવમાં ઉત્કંઠાપૂર્વક તીર્થંકરની પ્રતિમાની પૂજા કરી હતી. તેથી જો તે પ્રમાણ ન હોય તો [1]ઇંદ્રમહોત્સવ પ્રસંગે સૂર્યાભ વિગેરે દેવોએ કરેલા વંદનાદિ પણ અપ્રમાણભૂત કેમ નહિ ? ક્લિષ્ટઈચ્છાનો(=કામ ભોગની ઈચ્છાનો) અભાવ બંનેનો અર્થાત્ સૂર્યાભદેવ અને દ્રૌપદીનો સરખો હતો. તથા બંનેનો ભક્તિગુણ પણ સમાન હતો. કારણ કે નાગાદિપૂજનથી દ્રૌપદીની જિનપૂજામાં વિશેષદૃષ્ટિની ઉપસ્થિતિ સ્પષ્ટ જણાય છે. ॥૬૬॥

## દ્રૌપદીએ પાણિગ્રહણ મહોત્સવમાં કરેલ જિનપૂજન, ઈહલૌકિક માંગણી અભાવદર્શક.

**व्याख्या**— पाणिग्रहणोत्सवे द्रौपद्या प्रौढ्या औत्सुक्येन तत् तीर्थेशप्रतिमार्चनं कृतं इति चेत्प्रमाणं नास्ति,

**ભાવાર્થ**— પાણિગ્રહણમહોત્સવમાં ઘણી ઉત્સુકતાથી દ્રૌપદીએ જિનપ્રતિમાની પૂજા કરી. તેથી પ્રતિમા પૂજનીય તરીકે પ્રમાણિત થતી નથી. એમ પ્રતિમાલોપક કહે છે. તેનો પ્રત્યુત્તર આપતા ગ્રંથકાર કહે છે કે–

**व्याख्या**— तदा स्वःसदा सूर्याभादिना निर्मितं वन्दनादिकमपि स्थित्युत्सवे इन्द्रमहोत्सवस्थितिकाले प्रौढ्यैवेति किं तथा किं प्रमाणं अस्ति ? वन्दनादिकमपि अप्रमाणं भवेदित्यर्थः ।

---

૧. સૂર્યાભ વગેરે દેવો વિમાનના અધિપતિ તરીકે ઉત્પન્ન થાય ત્યારે તે અધિપતિદેવોનો ઈંદ્રનો અભિષેક કરવાનો દેવોનો કલ્પ છે. આ કલ્પને ઈંદ્રમહોત્સવ કહેવાય છે.

**ભાવાર્થ–** જો વિવાહોત્સવે આ પૂજા થયેલી છે એટલામાત્રથી જો તમે પૂજાને પ્રમાણભૂત માનતા ન હો તો ઈંદ્રમહોત્સવ અવસરે સૂર્યાભ વિગેરે દેવોએ કરેલી વંદનાદિ ક્રિયા પ્રમાણભૂત નહિ સ્વીકારી શકાય. અર્થાત્ વંદનાદિ પણ અપ્રમાણ થાય. આ પ્રમાણે અર્થ જાણવો.

**व्याख्या–** द्वयोरपि सूर्याभद्रौपद्योः क्लिष्टेच्छा कामभोगादीच्छा तस्या विरहः समः सदृशोऽस्ति । पुनर्भक्तेः गुणोऽपि द्वयोस्तुल्यः अस्ति एव । कथमिति चेत् खलु निश्चितं इह द्रौपद्या जिनार्चने विशेषप्रथा विशेषदृष्टिः व्यक्ता प्रगटा वर्त्तते, नागादिप्रतिमार्चनात् ।

**ભાવાર્થ–** સૂર્યાભદેવે જે વંદનાદિ કૃત્ય કર્યા તે ઈંદ્રમહોત્સવને આશ્રયી હતા. પણ કામભોગની ઈચ્છાથી નહોતા. તે જ રીતે દ્રૌપદીની જિનપૂજા વિવાહોત્સવ પ્રસંગે હોવા છતાં કામભોગાદિની ઈચ્છાથી રહિત હતી. તેથી બંનેમાં કામભોગાદિની ઈચ્છાનો અભાવ સમાન છે. વળી ભક્તિનો ગુણ પણ બંનેનો સરખો જ છે. આથી નિશ્ચિત થાય છે કે નાગાદિપ્રતિમાની પૂજાથી જિનપ્રતિમાની પૂજામાં દ્રૌપદીની વિશેષદષ્ટિ હતી. અર્થાત્ નાગાદિપ્રતિમાની પૂજા ભક્તિથી ન હતી, અને જિનપ્રતિમાની પૂજા ભક્તિથી હતી આમ વિશેષદષ્ટિ હતી.

**व्याख्या–** यतो नागादिप्रतिमार्चने भद्रया सार्थवाह्या पुत्रप्रार्थनादि कृतं श्रूयते । तथाहि- ''ततेणं सा भद्दा सत्थवाही धणेणं सत्थवाहेणं'' इत्यादौ । अत्र तया नागादिपूजनं कृत्वा पुत्रादि याचितं, तद्वत् द्रौपद्या जिनप्रतिमा अर्चित्वा वरोपयाचितं न कृतमिति ॥६६॥

**ભાવાર્થ–** ભદ્રાસાર્થવાહીએ નાગ વગેરેની પૂજા કરી પુત્રની પ્રાર્થનાદિ કરેલ એમ આગમમાં સંભળાય છે. તે ભદ્રાસાર્થવાહીએ ધનસાર્થવાહ વડે ... ઈત્યાદિ પાઠ છે. અહીં તેણીએ નાગાદિપૂજન કરીને પુત્રાદિની યાચના કરેલી. તેની જેમ દ્રૌપદીએ જિનપ્રતિમાની પૂજા કર્યા પછી આવી કાંઈપણ માંગણી કરી નહોતી. અર્થાત્ દ્રૌપદીની પૂજા પારમાર્થિક હતી. આ પ્રમાણે છાસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૬૬॥

**उपोद्घातवचनकर्णिका–** अतिदेशशेषमाह–

હવે તે વિષયમાં અતિદેશ શેષ દર્શાવે છે– (એક સ્થળે દર્શાવેલી વાતનો અન્યત્ર સંબંધ જોડવો તે અતિદેશ.)

**एतेनैव समर्थिताऽभ्युदयिकी धर्म्या च कल्पोदिता,**
**श्रीसिद्धार्थनृपस्य यागकरणप्रौढिर्दशाहोत्सवे ।**
**श्राद्धः खल्वयमादिमाङ्गविदितो यागं जिनार्चां विना,**
**कुर्यान्नान्यमुदाहृता व्रतभृतां त्याज्या कुशास्त्रस्थितिः ॥६७॥**

**શ્લોકાર્થ–** શ્રી સિદ્ધાર્થરાજાએ કરેલા દશાહ્નિકા મહોત્સવ અંગે કલ્પસૂત્રમાં બતાવેલી ધર્મમય અને અભ્યુદયકારી યાગની પ્રૌઢતાનું આનાથી જ અર્થાત્ દ્રૌપદીના કથાનકથી જ સમર્થન થાય છે. "આચાર" નામના પ્રથમ અંગમાં જેનો શ્રાવક તરીકે ઉલ્લેખ છે તે સિદ્ધાર્થરાજા જિનપૂજારૂપ યાગને છોડી બીજા કોઈપણ પ્રકારનો યજ્ઞ કરે નહિ. કેમકે વ્રતધારીઓને કુશાસ્ત્રના આચારો ત્યાગ કરવા યોગ્ય કહેલા છે..॥૬૭॥

**દ્રૌપદીના દૃષ્ટાંતથી વીરપ્રભુના પિતાએ કરેલ**
**જિનપૂજા સ્વરૂપ યાગ, દર્શાવે કુશાસ્ત્રસ્થિતિ ત્યાગ.**

**व्याख्या–** दशाहोत्सवे दशदिवसमहे श्रीसिद्धार्थनृपस्य श्रीसिद्धार्थनाम्नो राज्ञो भगवत्पितुः यागकरणस्य प्रौढिः प्रौढता समर्थिता उपपादिताऽस्ति । केन ? एतेनैव द्रौपदीचरितसमर्थनेनैव ।

**ભાવાર્થ–** શ્રી મહાવીર પરમાત્માના પિતાશ્રી સિદ્ધાર્થરાજાએ દશદિવસના મહોત્સવપૂર્વક યાગ કરવાની પ્રૌઢતાનું સમર્થન કર્યું હતુ. તે દ્રૌપદીચારિત્રના સમર્થન વડે જ યાગની પ્રૌઢતા બતાવી છે.

**व्याख्या–** किं विशिष्टा ? अभ्युदयिकी अभ्युदयनिर्वृता । पुनः किंविशिष्टा ? धर्म्या धर्मादनपेता । च पुनः किंविशिष्टा ? कल्पोदिता कल्पसूत्र प्रोक्ता ।

**ભાવાર્થ–** તે યજ્ઞની પ્રૌઢતા અભ્યુદયકારી, ધર્મયુક્ત છે અને તે કલ્પસૂત્રમાં કહેલી છે.

**व्याख्या–** खलु निश्चितं अयं-सिद्धार्थराजः आदिमाङ्गविदितः श्राद्धः श्रीपार्श्वापत्यीयश्रमणोपासकः अन्यं लोकप्रसिद्धं यागं न कुर्यात् ? कां विना ।

जिनार्चां विना । यतः व्रतभृतां कुशास्त्रस्थितिस्त्याज्या उदाहृता कथिता । अन्यश्च यागः कुशास्त्रीय इति ।

**ભાવાર્થ–** અહીં નિશ્ચિતાર્થ જણાવે છે– આ સિદ્ધાર્થરાજાનો પ્રથમાંગમાં શ્રાવક તરીકે ઉલ્લેખ કરેલો છે. વળી તે પાર્શ્વનાથ ભગવાનના ઉપાસક શ્રાવક છે, તેથી તે જિનપૂજા વિના લોકપ્રસિદ્ધ અન્ય યાગ કરે નહિ. કેમકે વ્રતધારી શ્રાવક કુશાસ્ત્રના આચારને કરે નહિ. જિનપૂજા સિવાયના યજ્ઞો કુશાસ્ત્રમાં કહેલા છે. આ પ્રમાણે સિદ્ધાર્થરાજાએ કરેલા યાગો જિનપ્રતિમાપૂજારૂપ જ હતા.

**व्याख्या–** कल्पसूत्रपाठः– ''जाए अ दाएअ भाए अ'' इत्यादि प्रसिद्धः यागान् देवपूजा इति श्रीसिद्धार्थेन परमश्राद्धेन पूजा कृता । अस्य श्रमणोपासकत्वं आचाराङ्गे उक्तं अनशनं कृत्वा अच्युतदेवलोकदेवः ततो महाविदेहे मुक्तिं गमिष्यति ॥६७॥

**ભાવાર્થ–** કલ્પસૂત્રનો પાઠ આ પ્રમાણે છે– સિદ્ધાર્થરાજાએ યાગ-દાન તથા દ્રવ્યના ભાગ આપ્યા ઈત્યાદિ પાઠ જાણવો. આમ પરમશ્રાવક શ્રીસિદ્ધાર્થરાજાએ જિનપ્રતિમાપૂજનરૂપ યાગોને કર્યા હતા. શ્રી સિદ્ધાર્થરાજા શ્રાવક હતા તે આચારાંગમાં જણાવેલું છે. તે અનશન કરી અચ્યુતદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહમાં મુક્તિ પામશે. આ પ્રમાણે સડસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૬૭॥

**उपोद्घातवचनकर्णिका–** सर्वं लुम्पकमतमुपसंहरन्नाह–

પ્રતિમાલોપકના મતનો ઉપસંહાર કરતાં કહે છે કે–

**इत्येवं शुचिसूत्रवृन्दविदिता निर्युक्तिभाष्यादिभिः,**
**सन्न्यायेन समर्थिता च भगवन्मूर्त्तिः प्रमाणं सताम् ।**
**युक्तिस्त्वन्धपरंपराश्रयहता मा जाघटीद्**
**दुर्धियामेतद्दर्शनवञ्चिता दृगपि किं शून्येव न भ्राम्यति ॥६८॥**

**શ્લોકાર્થ–** ઉપર પ્રમાણે પવિત્રસૂત્રસમુદાયદ્વારા પ્રસિદ્ધ થયેલી, નિર્યુક્તિ ભાષ્ય વગેરેથી તથા ઉત્તમન્યાયવડે સમર્થિત(=સિદ્ધ કરેલી) પરમાત્માની પ્રતિમા સજ્જનોને પ્રમાણભૂત છે. અંધપરંપરાનો આશ્રય કરવાથી હણાયેલી

દુર્જનોની યુક્તિ તો ન ઘટો, પણ જિનપ્રતિમાના દર્શનથી વંચિત રહેલી દૃષ્ટિ પણ જાણે શૂન્ય થઈને શું ભમતી નથી ? અર્થાત્ અવશ્ય ભમે છે.॥૬૮॥

## લુંપકમતનો ઉપસંહાર.
## જિનપૂજકની ભવ્યતાદર્શન.

**व्याख्या**– भगवन्मूर्त्तिः सतां शिष्टानां प्रमाणं वर्त्तते आराध्यत्वादिना। कथंभूता भगवन्मूर्तिः ? इत्येवं शुचिसूत्रवृन्दविदिता निर्दोषसूत्रसमूहे उक्ता प्रसिद्धा । पुनः किंविशिष्टा ? समर्थिता निष्कलङ्कनिश्चयविषयीकृता । कैः ? निर्युक्तिभाष्यादिभिः । च पुनः केन ? सन्न्यायेन सद्युक्त्या सत्प्रकरणेन चेति ।

**ભાવાર્થ**– શિષ્ટપુરુષોને પરમાત્માની પ્રતિમા આરાધના કરવા યોગ્ય હોવાથી પ્રમાણરૂપ છે. તે ભગવાનની પ્રતિમા કેવી છે ? નિર્દોષસૂત્રસમૂહમાં પ્રસિદ્ધિ પામેલી, નિષ્કલંક તરીકે નિશ્ચિત કરાયેલી છે અને તે નિર્યુક્તિભાષ્ય વગેરેથી સારી યુક્તિથી સમર્થિત હોવાથી જિનપ્રતિમા શિષ્ટપુરુષોને આરાધનીય છે.

**व्याख्या**– दुर्धियां दुष्टबुद्धीनां युक्तिस्तु मा जाघटीत् मा सुतरां घटिष्ट। कीदृशी युक्तिः ? अन्धपरंपराश्रयहता सती युक्तिनिरासपरम्परायां युक्तिग्रहण-स्यानुपपन्नत्वात् । एतद्दर्शनेन भगवन्मूर्तिदर्शनेन वञ्चिता दृगपि दृष्टिरपि शून्या इव किं न भ्राम्यति ? अपि तु भ्राम्यति ।

**ભાવાર્થ**– દુર્જનોની અંધપરંપરાવડે હણાયેલી યુક્તિ તો સુતરાં ન ઘટો. પ્રતિમાલોપકની અંધપરંપરા આશ્રયણીય છે એવી સ્વીકૃતિરૂપયુક્તિ તો સ્વીકારથી જ હણાયેલી છે. કેમકે યુક્તિઓને દૂર કરવાની પરંપરામાં ઉત્પન્ન થયેલાઓ યુક્તિગ્રહણ કરે તે જ અસંગત છે. ભગવાનની પ્રતિમાના દર્શનથી વંચિત થયેલી તેમની દૃષ્ટિ પણ જાણે શૂન્ય હોય તેમ ભમ્યા કરે છે.

**व्याख्या**– तिलकयुतललाटभ्राजमानाः स्वभाग्याङ्कुरमिव समुदीतं दर्शयन्ते जनानाम् । स्फुरदगुरुमालासौरभोद्गारसाराः कृतिजिनवरपूजादेवरूपा महेभ्याः ॥१॥

**ભાવાર્થ**– તિલકયુક્ત લલાટથી શોભતા, સ્ફુરાયમાન અગુરુધૂપ તથા

પુષ્પમાળાના સુરભિમય ઉદ્ગારથી શ્રેષ્ઠતા પામેલા, તથા જિનપૂજા કરેલા દેવતુલ્ય મોટા શ્રેષ્ઠીઓ (લલાટમાં રહેલા તિલકના બહાને) લોકોને જાણે સારી રીતે ઉદય પામેલા પોતાના ભાગ્યના અંકુરને જ બતાવી રહ્યા છે.॥૧॥

**व्याख्या**— आनन्दमान्तरमुदाहरन्ती, रोमाञ्चिते वपुषि सस्पृहमुल्लसन्ती। पुंसां प्रकाशयति पुण्यरमासमाधिसौभाग्यमर्चनकृतां निभृता दृगेव ॥२॥

**ભાવાર્થ**— અંતરમાં રહેલા આનંદને બહાર પ્રગટ કરતી, રોમાંચિત થયેલા શરીરમાં સ્પૃહાસહિત ઉલ્લાસ પામતી, નિશ્ચલનયનો જાણે પુરુષોની પ્રતિમાપૂજનથી પ્રગટેલા પુન્યરૂપી લક્ષ્મીની સમાધિના સૌભાગ્યને પ્રકાશિત કરે છે.॥૨॥

**व्याख्या**— स्पृशति तिलकशून्यं नैव लक्ष्मीर्ललाटं, मृतसुकृतमिव श्रीः शौचसंस्कारहीनम् । अकलितभजनानां वल्कलान्येव वस्त्राण्यपि च शिरसि शुक्लं छत्रमप्युग्रभारः ॥३॥

**ભાવાર્થ**— જેમ શબના પવિત્રતા અને સંસ્કારથી રહિત શણગારને શોભા સ્પર્શતી નથી(=શબને શણગાર શોભતો નથી.) તેમ જેઓની પરમાત્માની ભક્તિ નથી, તેઓના તિલક વિનાના લલાટને લક્ષ્મી સ્પર્શતી નથી. ઝાડની છાલ જ વસ્ત્ર હોય, અને માથે સફેદછત્ર હોય, તો તે છત્ર માત્ર ભારરૂપ જ છે. પણ શોભારૂપ નથી.॥૩॥

**व्याख्या**— अकृतार्हतपूजस्य तस्करस्येव लोचने । शौचनेनैव संस्पृष्टे गुप्तपातकशङ्किते ॥४॥ ॥६८॥

**ભાવાર્થ**— જિનેશ્વર ભગવંતના અપૂજકની, ગુપ્તપાપથી શંકિત બનેલી આંખો ચોરની આંખોની જેમ માત્ર શોકથી જ સ્પર્શ પામેલી હોય છે. ॥૪॥ આ પ્રમાણે અડસઠમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...૬૮

**प्राप्या नूनमुपक्रिया प्रतिमया नो काऽपि पूजाकृता,**
**चैतन्येन विहीनया तत इयं व्यर्थेति मिथ्यामतिः ।**
**पूजा भावत एव देवमणिवत् सा पूजिता शर्मदे-**
**त्येतत्तन्मतगर्वपर्वतभिदा वज्रं बुधानां वचः ॥६९॥**

**શ્લોકાર્થ–** ચૈતન્યરહિત(=જડ) પ્રતિમાની પૂજા કરવા છતાં કોઈપણ પ્રકારનો ઉપકાર પ્રાપ્ત થતો નથી. તેથી આ પ્રતિમા વ્યર્થ છે એવી બુદ્ધિ ખોટી છે. પ્રતિમાપૂજા (હૃદયમાં રહેલા) પૂજાના ભાવથી જ ચિંતામણિ રત્નની જેમ સુખ દેનારી છે. પ્રાજ્ઞપુરુષોનાં(=વિદ્વાનોનાં) આ વચન પ્રતિમાલોપકના મતરૂપી ગર્વપર્વતને ભેદી નાંખવા વ્રજ સમાન છે..૬૯

## "જિનપૂજા વ્યર્થ છે" એવો પ્રલાપ કરનાર લુંપકની વાણી મિથ્યા. "જિનપૂજા સુખદાયી છે" એવી વિદ્વાનોની વાણી સત્ય.

**व्याख्या–** नूनं निश्चितं । पूजां करोतीति पूजाकृत् तेन पूजाकृता नरेण काऽपि उपाक्रिया उपकारता न प्राप्या । कया ? प्रतिमया कृत्वा। कीदृश्या प्रतिमया चैतन्येन विहीनया । ततः तस्मात् कारणात् इयं पूजा व्यर्था इति मिथ्यामतिः प्रतिमा नेति मृषा गीर्वर्त्तते ।

**ભાવાર્થ–** "નૂનં" નિશ્ચિતાર્થસૂચક છે. પૂજા કરનાર મનુષ્યને ચૈતન્યથી રહિત પ્રતિમાથી કોઈ પણ જાતનો ઉપકાર પ્રાપ્ત થતો નથી, અર્થાત્ પ્રતિમા પૂજા કરનાર ઉપર કોઈપણ પ્રકારનો ઉપકાર કરતી નથી તેથી "જિન પ્રતિમાની પૂજા" ફોગટ છે અને એથી "પ્રતિમા" વ્યર્થ છે એવી પ્રતિમાલોપકની વાણી ખોટી છે.

**व्याख्या–** यतो भावतः सा प्रतिमा पूजिता सती देवमणिवत् शर्मदा सुखदा एवास्ति । इति बुधानामेतद्वचः तन्मतगर्वपर्वतभिदा वज्रं वर्त्तते ।

**ભાવાર્થ–** કેમકે ભાવથી પૂજાયેલી જિનપ્રતિમા ચિંતામણિરત્નની જેમ સુખ દેનારી જ છે આ પ્રમાણે વિદ્વાનોનું વચન છે. અને તે વચન પ્રતિમાલોપકના મતરૂપી ગર્વપર્વતને ભેદવામાં વજ્રસમાન છે. તે બાબતને જણાવનાર કાવ્ય નીચે મુજબ છે.

**व्याख्या–** काव्यं–"एवं युक्त्या शंभोर्भक्त्या सूत्रव्यक्त्या लुम्पा-काश्चित्तोद्रिका मायासिक्ताः क्लृप्तारिक्ताः किंपाकाः । एतत्पुण्यं शिष्टैर्गुण्यं निर्वैगुण्यं सद्बोधैस्तत्त्वं बोध्यं नीत्या शोध्यं नैवायोध्यं निःक्रोधैः ॥१॥

**ભાવાર્થ–** આ પ્રમાણે શંભુ(=અરિહંત પરમાત્મા)ની ભક્તિથી રચેલી અને સૂત્રથી વ્યક્ત થતી યુક્તિથી ચિત્તમાં વ્યાકુળ બનેલા માયાવી તથા

વિષવૃક્ષ સમાન પ્રતિમાલોપકો સર્વથા ખાલી કલ્પેલા છે, અર્થાત્ યુક્તિવિનાના છે. સદ્બોધવાળા, ઉપશાંત શિષ્ટપુરુષોએ આ પવિત્ર તત્ત્વને ગુણકારી અને દોષરહિત જાણવું. તથા તેમાં રહેલી ક્ષતિને નીતિથી શોધવી અર્થાત્ પ્રમાર્જન કરવી પણ યુદ્ધ કરવું જોઈએ નહિ. ॥૧॥

**व्याख्या–** आत्मारामे शुक्ला श्यामे हृद्विश्रामे विश्रान्तास्त्रुट्यद्बन्धाः श्रेयः सन्धाश्चित्सम्बन्धादभ्रान्ताः । अर्हद्भक्ता युक्तौ रक्ता विद्यासक्ता येऽधीता निष्ठा तेषामुच्चैरेषा तर्कोल्लेखा निर्णीता ॥२॥ इति सर्वमपि लुम्पकमतं निराकृतम् ॥६९॥

**ભાવાર્થ–** શ્યામલતા(=કપટ)વિનાના ઉજ્જ્વળ(=નિર્મળ) અને મનોહર વિશ્રામવાળા આત્મારામમાં વિશ્રામ કરેલા, તથા તૂટતા કર્મબંધવાળા, તથા શ્રેય(કલ્યાણ)મોક્ષની પ્રતિજ્ઞાવાળા, જ્ઞાનના સંબંધથી અભ્રાન્ત, યુક્તિમાં રત અર્થાત્ યુક્તિપ્રિય અને વિદ્યામાં આસક્ત એવા જે અરિહંતના ભક્તો છે, તેઓએ નિર્ણય કરેલા તર્કોના ઉલ્લેખો અત્યંત પરિચિત છે. ॥૨॥ આ પ્રમાણે પ્રતિમાલોપકના સઘળા ય મતનું ખંડન કર્યું.

## ॥ इति लुम्पकमतं निराकृतम् ॥

*इति न्यायविशारद-न्यायाचार्य-महोपाध्याय-श्रीमद्यशोविजय–
गणिपुंगवरचितस्य पौर्णिमगच्छीयश्रीमद्भावप्रभसूरिकृत
लघुवृत्ति समेतस्य प्रतिमाशतकग्रंथस्य
श्रीमदार्हतीयप्रतिकृत्युत्थापनलुप्तशिवपथस्य लुम्यकमतस्य
खंडनदर्शके प्रथमविभागे अध्यात्मयोगीराजकृपया
प्रथमोल्लास-गुर्जरानुवादः संपूर्णः ।*

न्यायविशारद-न्यायाचार्य-श्रीमद्यशोविजय-वाचकपुंगव-सङ्कलितं
पौर्णिमागच्छीय श्रीमद्भावप्रभसूरिकृत लघुवृत्तिसमेतं

## ॥ प्रतिमा-शतकम् ॥

द्वितीयः विभागः द्वितीयोल्लासः ।

# ધર્મસાગર મતનું ખંડન
# જિનપૂજન મંડન.
# સર્વજ્ઞ-પૂજા-સ્તવ કીર્તન

**उपोद्घातवचनकर्णिका**— अथ वृषोदन्वदनुसारिणो मतमुपन्यस्य दूषयति—
હવે ઉપાધ્યાય ધર્મસાગરના મતનો ઉપન્યાસ કરી તેમાં દોષ દર્શાવે છે—

**वन्द्याऽस्तु प्रतिमा तथापि विधिना सा कारिता मृग्यते,**
**स प्रायो विरलास्तथा च सकलं स्यादिन्द्रजालोपमम् ।**
**हन्तैवं यतिधर्मपौषधमुखश्राद्धक्रियादेर्विधे-**
**र्दौर्लभ्येन तदस्ति किं तव न यत्स्यादिन्द्रजालोपमम् ॥७०॥**

**શ્લોકાર્થ— પૂર્વપક્ષ-** "પ્રતિમા ભલે વંદનીય થાઓ" પણ તે વિધિપૂર્વક કરાવેલી શોધવી જોઈએ. વર્તમાનમાં તે પ્રતિષ્ઠાવિધિ મળવી દુર્લભ છે. તેથી પ્રતિમાસંબંધી બધું જ ઈંદ્રજાળતુલ્ય છે.

**ઉત્તરપક્ષ-** જો એમ હોય તો ખેદની વાત છે કે-સાધુ ધર્મની તથા શ્રાવકની પૌષધક્રિયા વગેરેની વિધિ પણ વર્તમાનકાળમાં દુર્લભ છે. તેથી એવું શું છે ? કે જેથી તારા માટે બધી ક્રિયાઓ ઈન્દ્રજાલ સમાન નથી..॥૭૦॥

## વર્તમાનમાં વિધિની દુર્લભતા.

**व्याख्या**— ननु वितर्के प्रतिमा वन्द्याऽस्तु उक्ताक्षरशतैः तथाव्यवस्थितेः इत्यन्वयः । तथाहि सा प्रतिमा विधिना कारिता मृग्यते गवेष्यते सम्यग्भावितानामेव

प्रतिमानां भावग्रामत्वेनाभिधानात् इत्यन्वयः ।

**ભાવાર્થ–** "નનુ" શબ્દ વિતર્ક અર્થમાં છે. **ધર્મસાગર ઉપાધ્યાય-** ઉપર કહેલી સેંકડો સાક્ષી અને યુક્તિઓથી પ્રતિમા પૂજનીય તરીકે સિદ્ધ થાય છે. અહીં વિતર્ક કરે છે કે-પરંતુ જે પ્રતિમા વિધિમુજબ ઘડાયેલી હોય તથા વિધિમુજબ પ્રતિષ્ઠા કરાવેલી હોય, એ જ પ્રતિમા વંદનીય છે. કેમ કે સિદ્ધાંતમાં सम्यग्भावित પ્રતિમાને જ ભાવગ્રામ(=કારણ) તરીકે જણાવેલી છે.

**व्याख्या–** स विधिः प्रायो विरलोऽस्ति, ऐदंयुगीनानां प्रायोऽविधि-प्रवृत्तत्वस्य प्रत्यक्षसिद्धत्वात् इत्यन्वयः । तथा च तदा सकलं प्रतिमागतं पूजाप्रतिष्ठावन्दनादिकं इन्द्रजालोपमं स्यात्, महतोऽप्याडम्बरस्यासत्यालम्बनत्वात् इत्यन्वयः ।

**ભાવાર્થ–** પ્રતિમા સંબંધી વિધિ પ્રાયઃ દુર્લભ છે. કેમકે આધુનિક જમાનાના લોકો પ્રાયઃ કરીને અવિધિમાં જ પ્રવૃત્ત થયેલા પ્રત્યક્ષ જણાય છે. આ પ્રમાણે અન્વય જાણવો. તેથી પ્રતિમા સંબંધી પૂજા-પ્રતિષ્ઠા-વંદનાદિ સર્વકરણી ઈન્દ્રજાલ સમાન થાય. કેમકે મોટોઆડંબર પણ અસત્યનું આલંબન લે છે.

(પ્રતિમા પોતે જ અવિધિથી કરેલી હોવાથી અસત્ હોય, એથી તેને આશ્રયી કરેલી પૂજાદિકરણી કેવી રીતે સત્ય ઠરે ?)

**व्याख्या–** अथोत्तरं– हन्तेति अवधारणे । एवं तर्हि तत्किमस्ति यत्तव इन्द्रजालोपमं न स्यात् ?

**ભાવાર્થ–** અહીં ઉત્તર આપતા કહે છે કે-ખેદની વાત છે કે આ પ્રમાણે જો છે તો શું પ્રતિમાની જેમ તારી સર્વકરણી ઈંદ્રજાલ સમાન ન થાય ? અર્થાત્ થાય.

**व्याख्या–** किंवत् ? प्रतिमावत् । केन ? विधेर्दौर्लभ्येन, तस्य दुःषमायां दुर्लभत्वात् । कीदृशस्य विधेः ? यतीत्यादि यतिधर्मश्चारित्राचारः, पौषधः श्राद्धानां पर्वदिनानुष्ठानं, तन्मुखा तदादिर्या विधिः, आदिनाऽपुनर्बन्धकाद्युचि-ताचारपरिग्रहः तस्येति, न्यायस्य समानत्वात् ॥७०॥

**ભાવાર્થ–** કારણ કે ચારિત્રાચાર, ચૌદશ વગેરે પર્વતિથિમાં આચરણીય પૌષધ વગેરે શ્રાવકની ક્રિયા, અને અપુનર્બંધક આદિના ઉચિત આચારોની વિધિ દુર્લભ છે. કારણ કે પાંચમાં આરામાં વિધિ દુર્લભ છે. આ સર્વ પણ પ્રતિમાની જેમ વિધિની દુર્લભતાના કારણે અસત્ છે. તેથી તમારા આચારોનો જે આડંબર છે, તે પણ ઈંદ્રજાલની જેમ વ્યર્થ થાય. કેમકે બંને સ્થળે ન્યાય સમાન છે. આ પ્રમાણે સિત્તેરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૭૦॥

**उपोद्घातवचनकर्णिका**– तदाह–

હવે તે જ વાતને વિશેષથી જણાવે છે–

**योगाराधनशंसनैरथ विधेर्दोषः क्रियायां न चेत्,**
**तत्किं न प्रतिमास्थलेऽपि सदृशं प्रत्यक्षमुद्वीक्ष्यते ।**
**किं चोक्ता गुरुकारितादिविषयं त्यक्त्वाग्रहं भक्तितः,**
**सर्वत्राप्यविशेषतः कृतिवरैः पूज्याकृतेः पूज्यता ॥७१॥**

**શ્લોકાર્થ–** જો યોગ, આરાધના અને બહુમાન દ્વારા કરાતી ક્રિયામાં દોષ નથી એમ જ કહેતા હો તો પછી પ્રતિમા સ્થળે પણ રહેલી સાક્ષાત્ સમાનતાને તમે કેમ જોતા નથી. વળી શ્રેષ્ઠપંડિતોએ "ગુરુ વડે કરાવાઈ છે કે નહિ." ઈત્યાદિ આગ્રહ છોડીને ભક્તિપૂર્વક સર્વત્ર અવિશેષપણે (=સામાન્યથી) પૂજ્યની પ્રતિમા પૂજ્ય છે. એમ કહેલું છે..॥૭૧॥

## વિધિકારિત પ્રતિમાની પૂજ્યતા વર્ણન.

**व्याख्या–** अथ विधेः क्रियायां चेत् न दोषोऽस्ति । कैः ? योगेत्यादि योगः विधिकर्त्रनुकूलपरिवारसंपत्तिः, आराधनमात्मनैव निर्वाहः, शंसनं च बहुमानः तैः, उपलक्षणादद्वेषश्च तैः कृत्वा ।

**ભાવાર્થ– યોગ**=વિધિકરનારને અનુકૂલપરિવારની પ્રાપ્તિ. **આરાધના** =પોતે વિધિક્રિયા કરે. **શંસન**=બહુમાન, વિધિક્રિયાની કે તે કરનારની પ્રશંસા તથા ઉપલક્ષણથી વિધિક્રિયામાં પ્રવૃત્ત થયેલા ઉપર તથા વિધિક્રિયા ઉપર દ્વેષાભાવ. અર્થાત્ વિધિનો યોગ, વિધિની આરાધના, વિધિ ઉપર બહુમાન, અને વિધિ ઉપર અદ્વેષ આ ચાર કારણસર ચારિત્રાચાર વિગેરેમાં

દોષ નથી. એમ જો તમે કહેતા હો તો ઉત્તર આ પ્રમાણે છે–

**व्याख्या–** तर्त्कि विधियोगादिनाऽदुष्टत्वं प्रतिमास्थलेऽपि सदृशं न उद्वीक्ष्यते विलोक्यते ? उद्वीक्षणीयमिदमपि इति परजिनार्चाविषये द्वेषस्त्याज्यस्तत्र कुन्तलाज्ञातं ।

**ભાવાર્થ–** તો પછી વિધિયોગાદિના કારણે પ્રતિમા સ્થળે પણ દોષાભાવ સમાન છે એમ કેમ જોતા નથી ? ત્યાં પણ દોષનો અભાવ છે તેમ જોવું જોઈએ. આ પ્રમાણે બીજાએ કરેલી પ્રતિમાપૂજા ઉપર દ્વેષ કરવો જોઈએ નહિ. તે વિષયમાં કુંતલાનું[1] દૃષ્ટાંત છે.

**व्याख्या–** अथाभ्युच्चयमाह- किं च कृतिवरैः मुख्यपण्डितैः पूज्याकृतेः पूज्यस्य भगवत आकृते प्रतिमायाः पूज्यता उक्ता । कस्मिन् ? भक्तितः भक्तिमात्रेण अविशेषतः विशेषौदासीन्येन सर्वत्रापि चैत्ये । किं कृत्वा ? आग्रहं कदाग्रहं अभिनिवेशं त्यक्त्वा । कीदृशमाग्रहं ? गुर्वित्यादि, गुरवो मातृपितृ-पितामहादयः तैः कारितादिः विषयो यस्य स तं । कालाद्यालम्बनेनेत्थमेव बोधिसौलभ्योपपत्तेः ।

**ભાવાર્થ–** હવે પ્રસ્તુત વિષયમાં વિશેષ કહે છે- આ પ્રતિમા મારા માતા-પિતા, દાદા વગેરે ગુરુએ (પ્રતિષ્ઠિત) કરાવી છે માટે પૂજનીય છે. આ પ્રતિમા મારા માતા-પિતા વગેરે ગુરુએ કરાવી નથી માટે પૂજનીય નથી. ઈત્યાદિ કદાગ્રહ ન રાખવો, કિંતુ ગુરુએ કરાવી છે કે બીજાએ કરાવી છે એ વિષયમાં ઉદાસીનભાવ રાખીને દરેક જિનપ્રતિમા ઉપર સમાનરૂપે ભક્તિભાવ રાખવો. આ પ્રમાણે સર્વ પ્રતિમા પૂજનીય છે એમ મુખ્યપંડિતોએ કહ્યું છે. કારણ કે કાળ આદિના આલંબનથી આ પ્રમાણે જ બોધિ સુલભ થાય.

**व्याख्या–** तथा च श्राद्धविधिपाठः- प्रतिमाश्च विविधास्तत्पूजाविधौ सम्यक्त्वप्रकरणे इत्युक्तं ''गुरुकारियाइ केइ अन्ने सयंकारियाइ तं बिंति । विहिकारियाइ अन्ने पडिमाए पूअणविहाणं ॥१॥

---

१. જિનભક્ત કુંતલારાણીએ પોતાનાથી જ જિનભક્તિમાં રક્ત બનેલી બીજી રાણીઓએ કરેલી સુંદર જિનપૂજા ઉપર ઈર્ષ્યા કરી. તો બીજાભવમાં કુતરીનો અવતાર પામી.

**ભાવાર્થ–** તથા શ્રાદ્ધવિધિનો પાઠ આ પ્રમાણે છે– પ્રતિમા અનેક પ્રકારની છે. સમ્યક્ત્વપ્રકરણમાં પ્રતિમા પૂજાવિધિ સ્થળે આ પ્રમાણે કહેલું છે- "કેટલાક કહે છે કે "ગુરુકારિત" તો કેટલાક કહે છે કે "સ્વયંકારિત" તો અન્ય કહે છે કે "વિધિકારિત" પ્રતિમાનું પૂજન કરવું જોઈએ."

**व्याख्या–** केचिद्गुरवो मातृपितृपितामहादयस्तैः कारितायाः प्रतिमायाः पूजाविधानं ब्रुवन्ति एवं अन्ये तु स्वयंकारिताया प्रतिमायाः पूजाविधानं ब्रुवन्ति । एवं अन्ये तु त्रिधिकारितायाः प्रतिमायाः पूजाविधानं ब्रुवन्ति । कर्तव्यमिति शेषः ।

**ભાવાર્થ–** અહિ વ્યાખ્યા આ પ્રમાણે છે- ગુરુ=માતા-પિતા, દાદા વગેરે વડીલો, તેઓએ ભરાવેલી પ્રતિમાનું પૂજન કરવું એમ કેટલાક કહે છે. તો બીજા કહે છે કે, પોતે ભરાવેલી પ્રતિમાનું જ પૂજન થાય. અન્ય કહે છે કે, "વિધિથી ભરાવેલી પ્રતિમાનું જ પૂજન થાય છે."

**व्याख्या–** अवस्थितपक्षस्तु गुर्वादिकृतत्वस्यानुपयोगित्वात् ममत्वा-ग्रहरहितेन सर्वप्रतिमा अविशेषेण पूजनीयाः, सर्वत्र तीर्थकृदाकारोपलम्भेन तद्बुद्धेरुपजायमानत्वात् ।

**ભાવાર્થ–** અવસ્થિતપક્ષ=મધ્યસ્થપક્ષ આ છે. ગુરુએ ભરાવેલી છે ઈત્યાદિ આગ્રહ પ્રતિમાપૂજન માટે ઉપયોગી નથી. તેથી મમત્વ અને આગ્રહને ત્યજી સર્વપ્રતિમાને ભેદભાવ વિના સામાન્યરૂપે પૂજવી. કેમકે દરેક પ્રતિમામાં તીર્થંકરનો આકાર જ નજરે પડે છે. તેથી દરેક પ્રતિમામાં "આ તીર્થંકર છે" એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

**व्याख्या–**अन्यथा हि स्वाग्रहवशादर्हद्बिम्बेऽप्यवज्ञामाचरतो दुरन्तसंसार-परिभ्रमणलक्षणो बलाद्दण्डः समाढौकते । एवमविधिकृतामपि पूजयतस्तद-नुमतिद्वारेण आज्ञाभङ्गलक्षणदोषापत्तिर्न स्यात्, आगमप्रामाण्यात् ।

**ભાવાર્થ–** નહિ તો ખરેખર પોતાના આગ્રહના વશથી એક પ્રતિમાની પૂજા કરનાર, બીજી પ્રતિમાની અવજ્ઞા કરવાથી અનંતસંસારમાં પરિભ્રમણ કરવારૂપ મોટોદંડ તેના ઉપર બળાત્કારથી લદાયેલો છે.

**પ્રશ્ન–** આ પ્રમાણે તો અવિધિથી કરાયેલી પ્રતિમાની પૂજા કરવાથી

અવિધિની અનુમોદના થશે તેથી આજ્ઞાભંગનો દોષ ઉપસ્થિત થશે. તે દોષ જીવને શું સંસારમાં પરિભ્રમણ કરાવનાર નથી ?

**ઉત્તર- અહિ અવિધિથી કરાયેલી પ્રતિમાની પૂજ્યતામાં આગમપ્રમાણ છે.**

**व्याख्या**– तथाहि श्रीकल्पभाष्ये- ''निस्सकड'' इत्यादि गाथार्थः निश्राकृते गच्छप्रतिबद्धेऽनिश्राकृते च तद्विपरीते चैत्ये सर्वत्र तिस्रः स्तुतयो दीयन्ते । अत्र प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलाया अतिक्रमः स्यात्, तदा प्रतिचैत्यमेकैकापि स्तुतिर्दातव्येत्यादि ज्ञेयमिति ॥७१॥

**ભાવાર્થ**– શ્રી કલ્પભાષ્યમાં જણાવ્યું છે કે- નિશ્રાકૃત=કોઈક અમુક ગચ્છને પ્રતિબદ્ધ તથા અનિશ્રાકૃત=કોઈપણ ગચ્છસાથે પ્રતિબદ્ધ નહીં એવા દરેકચૈત્યમાં ત્રણ ત્રણ સ્તુતિઓ કહેવી. દરેકચૈત્યમાં ત્રણ સ્તુતિ દેવા જેટલો સમય ન હોય તો દરેકચૈત્યમાં એક એક સ્તુતિ કહેવી. ઈત્યાદિ જાણવું.આ પ્રમાણે એકોતેરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.. ॥૭૧॥

**उपोद्घातवचनकर्णिका**– एतत्सर्वं मनसिकृत्याह–

આ બધી વાત મનમાં ધારી કહે છે–

**चैत्यानां खलु निश्रितेतरतया भेदेऽपि तन्त्रे स्मृतः;**
**प्रत्येकं लघुवृद्धवन्दनविधि साम्ये तु यत्सांप्रतम् ।**
**इच्छाकल्पितदूषणेन भजनासंकोचनं सर्वतः,**
**स्वाभीष्टस्य च वन्दनं तदपि किं शास्त्रार्थबोधोचितम् ॥७२॥**

**શ્લોકાર્થ**– ચૈત્યોના નિશ્રિત અને અનિશ્રિતરૂપ ભેદ હોવા છતાં શાસ્ત્રમાં પ્રત્યેકચૈત્યમાં નાના અને મોટા વંદનની વિધિ સમાનપણે બતાવી છે. વર્તમાનકાળમાં ઈચ્છાથી કલ્પિત દૂષણવડે જે સર્વજ્ઞભક્તિમાં સંકોચ કરવો, અને જે પોતાને ઈષ્ટ પ્રતિમાને જ વંદન કરવું, તે શું શાસ્ત્રાર્થ બોધને ઉચિત(=યોગ્ય) છે ? અર્થાત્ ઉચિત નથી..॥૭૨॥

## વર્તમાનમાં સર્વત્ર પ્રાયઃ તુલ્યતા

**व्याख्या**– खलु निश्चये चैत्यानां निश्रितेतरतया निश्रितानिश्रिततया भेदेऽपि । तन्त्रे शास्त्रे प्रत्येकं लघुवृद्धवन्दनविधिः स्मृतं । अथ साम्ये तु

प्रायस्तुल्यत्वे तु सांप्रतं विषमदुःषमाकाले यत् भजनायाः संकोचनं संक्षेपणं कृतमस्ति । केन ? इच्छाकल्पितं यद्दूषणं अन्यगच्छीयत्वादिकं तेन कृत्वा बहुभिः अंशै लुम्पकतां समाश्रितमित्यर्थः । च पुनः यत् स्वाभीष्टस्य स्वेच्छामात्रविषयस्य वन्दनं स्मृतं तदपि किं शास्त्रार्थबोधस्य उचितं ? नैवोचितमस्ति कतिपयमुग्ध-वणिग्धंधनमात्रफलत्वादिति भावः ।।७२।।

**ભાવાર્થ–** ચૈત્યના નિશ્રિત અને અનિશ્રિત એવા ભેદ હોવા છતાં પણ શાસ્ત્રમાં પ્રત્યેકના લઘુ અને મોટા વંદનની વિધિ કહેલી છે. સર્વત્ર પ્રાયઃ સરખાપણું હોવા છતાં વિષમદુઃષમાકાલે આ ચૈત્ય પરગચ્છનું છે વિગેરે સ્વેચ્છાથી કલ્પિત દૂષણો પ્રગટ કરી પ્રભુભક્તિમાં જે સંક્ષેપ કરેલ છે તે ઘણે અંશે પ્રતિમાલોપકના મતને જ મળતો આવે છે. વળી પોતાની ઈચ્છાનો વિષય બનતી પ્રતિમાને જ વંદન કરવું, અર્થાત્ પોતાના મનથી નિશ્ચિત કરેલી અમુક જ પ્રતિમાને વંદન કરવું, તે પણ શું આ શાસ્ત્રાર્થબોધને ઉચિત છે ? અર્થાત્ શાસ્ત્રાર્થબોધને ઉચિત નથી જ. આ કલ્પના માત્ર થોડા મુગ્ધવાણિયાઓને ખુશ કરવામાં ધંધારૂપ ફળવાળી છે. આ પ્રમાણે ભાવાર્થ જાણવો. આ પ્રમાણે બોતેરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..।।૭૨।।

**उपोद्घातवचनकर्णिका**– उक्तार्थे काकुव्यङ्ग्यमेव कंठेन स्पष्टीकर्तुमाह-

ઉપર કહેલા અર્થમાં કાકુવ્યંગને જ કંઠવડે સ્પષ્ટ કરવા કહે છે–

**चैत्यानां न हि लिङ्गिनामिव नतिर्गच्छान्तरस्योचिते-**
**त्येतावद्वचसैव मोहयति यो मुग्धाञ्जनानाग्रही ।**
**तेनावश्यकमेव किं न ददृशे वैषम्यनिर्णायकं,**
**लिङ्गे च प्रतिमासु दोषगुणयोः सत्त्वादसत्त्वात्तथा ।।७३।।**

**શ્લોકાર્થ–** બીજા ગચ્છના સાધુની જેમ બીજા ગચ્છના ચૈત્યને પણ નમસ્કાર કરવો ઉચિત નથી. એવા વચનથી જે કદાગ્રહી જીવ મુગ્ધ(=ભોળા) લોકોને ભરમાવે છે તેણે લિંગમાં (સાધુવેશમાં) ગુણદોષ હોવાથી અને પ્રતિમામાં ગુણદોષ ન હોવાથી લિંગ અને પ્રતિમા વચ્ચે ભિન્નતાનો નિર્ણય કરાવતા આવશ્યકનિર્યુક્તિગ્રંથને કેમ જોયો નહિ ?..।।૭૩।।

## પ્રતિમા અને દ્રવ્યલિંગીમાં વિષમતાદર્શન.

**व्याख्या**– इति एतावद्वचसा कृत्वा यो मुग्धान् जनान् मोहयति विपर्यासयति । इतीति किं ? गच्छान्तरस्य चैत्यानां नतिर्नहि उचिता । केषामिव लिङ्गानामिव गच्छान्तरस्येति संबध्यते ।

**ભાવાર્થ**– જેમ અન્યગચ્છના સાધુઓને વંદન કરવું ઉચિત નથી, તેમ અન્યગચ્છની પ્રતિમાઓને વંદન કરવું ઉચિત નથી. કેમ કે તે પ્રતિમા અન્યગચ્છની છે. આ પ્રમાણે સંબંધ જાણવો.

**व्याख्या**– अत्र पञ्चावयवप्रयोग एवं कर्तव्यः– गच्छान्तरीया प्रतिमा न वन्दनीया, गच्छान्तरपरिगृहीतत्वात्, यो यो गच्छान्तरपरिगृहीतः स सोऽवन्दनीयः, यथाऽन्यगच्छसाधुरिति । पुनः अस्मद्गुरुर्भियदुक्तं तत्सत्यं ।

**ભાવાર્થ**– અહીં શ્લોકમાં અનુમાન પ્રયોગના બે અવયવ પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત છે. અહીં પાંચે અવયવપૂર્વક અનુમાનનો પ્રયોગ આ પ્રમાણે છે– અન્યગચ્છની પ્રતિમા વંદનીય નથી. કેમકે તે પ્રતિમા અન્યગચ્છની છે. જેમકે અન્યગચ્છનો સાધુ. તેથી અન્યગચ્છની પ્રતિમા વંદનીય નથી એમ સિદ્ધ થાય છે. આ સાંભળી ભોળા લોકો ભરમાઈ જાય છે કે, "અમારા ગુરુદેવે પ્રમાણસિદ્ધ વાત કરી છે" તેથી તે વાત સાચી જ છે.

**व्याख्या**– यः कीदृशः ? आग्रही अभिनिवेशमिथ्यात्ववान् तेन किमावश्यकमेव आवश्यकनिर्युक्त्याख्यं शास्त्रमेव न ददृशे न दृष्टं ? कीदृशं आवश्यकं ? वैषम्यनिर्णायकं । कस्मात् ? लिङ्गे च दोषगुणयोः सत्त्वात् तथा प्रतिमासु दोषगुणयोरसत्त्वात् अजीवत्वात् भावारोपोऽस्त्वन्यः ॥७३॥

**ભાવાર્થ**– આ વચન કહેનાર આભિનિવેશિકમિથ્યાત્વથી ઘેરાયેલો છે. તેથી તેમણે પ્રતિમા અને લિંગમાં વિષમતાનો નિર્ણય કરનાર આવશ્યકનિર્યુક્તિ ગ્રંથ જોયો નથી લાગતો નહિતર આવું ન બોલત. લિંગમાં દોષ અને ગુણ બંને છે જ્યારે પ્રતિમામાં તે બંનેનો અભાવ છે. લિંગ અને પ્રતિમા વચ્ચે આટલો ભેદ છે. આ પ્રમાણે તોતેરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૭૩॥

**उपोद्घातवचनकर्णिका**– उक्तमेव विवेचयन् वादिनो मुग्धतां दर्शयति–

આ જ વાતનો વિસ્તાર કરતા ગ્રંથકાર વાદી (ઉપાધ્યાય ધર્મસાગરજી)ના મુગ્ધપણાનું દર્શન કરાવે છે–

**लिङ्गे स्वप्रतिबद्धबुद्धिकलनाद्भाज्या भवेद्वन्यता,**
**सैकान्तात्प्रतिमासु भावभगवद् भूयो गुणोद्बोधनात् ।**
**तुल्ये वस्तुनि पापकर्मरहिते भावोऽपि चारोप्यते,**
**कूटद्रव्यतया धृतेऽत्र न पुनर्मोहस्ततः कः सताम् ।।७४।।**

**શ્લોકાર્થ–** લિંગમાં પોતાના સંબંધી ધર્મના જ્ઞાનથી વંદનીયતાની ભજના(=વિકલ્પ) છે. જ્યારે પ્રતિમામાં ભાવભગવંત સંબંધી ઘણાગુણોના બોધથી તેમાં એકાંતે વંદનીયતા છે. પાપકર્મરહિત તુલ્યવસ્તુમાં ભાવનો આરોપ થઈ શકે છે. પણ કૂટદ્રવ્યમાં(=અપ્રધાન દ્રવ્યમાં) ભાવનો આરોપ થઈ શકતો નથી. તેથી ઉત્તમપુરુષોને મોહ ક્યાંથી હોઈ શકે ?..।।૭૪।।

## વંદનીયતામાં અપ્રગટ દોષો બાધક નથી.

**व्याख्या–** लिङ्गे वन्द्यता भाज्या भजनीया भवेत् । कस्मात् ? स्वप्रति० स्वप्रतिबद्धः स्वसम्बन्धी यो धर्मः सन् असत्त्वात् तत्फलनात् तत्स्मरणाद् एकसम्बन्धीज्ञानेऽअपरसम्बन्धीस्मृतिन्यायाद् लिङ्गात् स्वप्रतिबद्धसद्धर्मोपस्थितौ तदालम्बनतया तस्य वन्द्यता, असद्धर्मोपस्थितौ च तदालम्बनतया निन्द्यता इत्यर्थः ।

**ભાવાર્થ–** લિંગમાં વંદનીયતા ભજનીય(=વિકલ્પે) છે. તે આ પ્રમાણે– એકસંબંધીના જ્ઞાનમાં અન્યસંબંધીનું સ્મરણ થાય એવો ન્યાય છે. આ ન્યાય પ્રમાણે સાધુના લિંગના દર્શન થાય ત્યારે, જો લિંગની સાથે જોડાયેલા સદ્ધર્મનું સ્મરણ થાય તો તે સદ્ધર્મના આલંબનથી તે સાધુ વંદનીય બને, અને જો અસદ્ધર્મનું સ્મરણ થાય તો તેના આલંબનથી તે સાધુ નિંદનીય બને=અવંદનીય બને.

**व्याख्या–** प्रतिमासु सा वन्द्यता एकान्तादस्ति । कस्मात् ? भावभगवत्सम्बन्धिनो ये भूयांसो गुणास्तेषामुद्बोधनात् ।

**ભાવાર્થ–** તે પ્રતિમામાં એકાંતે વંદનીયતા છે. કારણ કે પ્રતિમામાં

તો ભાવાવસ્થામાં રહેલા ભગવાનમાં જે ઘણા ગુણો છે તે ગુણોનું સ્મરણ થાય છે.

**પ્રશ્ન-** આ પ્રતિમા પથ્થરમાંથી બનેલી હોવાથી તેમાં ગુણો જ ક્યાં છે ? જેથી ગુણોનું સ્મરણ થાય. તેનો જવાબ આપતા ગ્રંથકાર કહે છે કે–

**व्याख्या–** च पुनः । तुल्ये उभयाभावेन आकारसाम्यवति पापकर्मरहिते सावद्यचेष्टारहिते एवंविधे वस्तुनि भावोऽपि आरोप्यते ।

**ભાવાર્થ–** પરમાત્માના આકાર સાથે પ્રતિમાની સામ્યતા છે. વળી આ પ્રતિમામાં સાવદ્ય અને નિરવદ્ય ક્રિયાનો અભાવ હોવાથી પ્રતિમા પોતે પાપકર્મથી રહિત છે. તેથી આવા પ્રકારની વસ્તુમાં ભાવનું (=પરમાત્માના ગુણોનું) આરોપણ થઈ શકે છે. તેથી પ્રતિમાના દર્શનથી પરમાત્માના ગુણોનું સ્મરણ થઈ શકે છે.

**व्याख्या–** पुनः कूटद्रव्यतया धृते अत्र वस्तुनि भावो नारोप्यते अङ्गारमर्दके इव भावाचार्य गुण इति । ततः कारणात् सतां शिष्टानां कः मोह अस्ति ॥७४॥

**ભાવાર્થ–** પણ ખોટાદ્રવ્ય તરીકે ધારણ કરેલ વસ્તુમાં ભાવનું આરોપણ કરવામાં આવતું નથી. જેમકે અંગારમર્દક નામના આચાર્ય. અંગારમર્દક દ્રવ્યાચાર્ય હતા. પણ ખોટા દ્રવ્યાચાર્ય હતા. જે આચાર્ય હમણાં ભાવ આચાર્ય ન હોય, કિંતુ દ્રવ્યાચાર્ય હોય, પણ ભવિષ્યમાં ભાવ આચાર્ય બની શકે તેવા હોય તે સાચા દ્રવ્યાચાર્ય છે. પણ જે દ્રવ્ય આચાર્ય ભવિષ્યમાં કોઈ પણ રીતે ભાવાચાર્ય બનવાની લાયકાત ન ધરાવતા હોય તે દ્રવ્યાચાર્ય ખોટા દ્રવ્યાચાર્ય છે. અંગારમર્દક ભવિષ્યમાં ભાવ આચાર્ય બનવાની લાયકાતથી રહિત હતા. આથી તે ખોટા દ્રવ્યાચાર્ય હતા. એથી તેમાં ભાવનું(=ભાવાચાર્યના ગુણોનું) આરોપણ ન થઈ શકે. તે કારણથી શિષ્ટપુરુષોને શું મોહ હોય ? આ પ્રમાણે ચુમ્મોતેરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૭૪॥

**उपोद्घातवचनकर्णिका–** एवं सति प्रतिष्ठावैयर्थ्यमित्याशङ्क्य समाधत्ते-

આ પ્રમાણે હોય તો પ્રતિષ્ઠા વ્યર્થ છે એવી શંકા કરીને સમાધાન

કરતા ગ્રંથકાર કહે છે કે–

**नन्वेवं प्रतिमैकतां प्रवदतामिष्टा प्रतिष्ठाऽपि का,**
**सत्यं सात्मगतैव देवविषयोद्देशेन मुख्योदिता ।**
**यस्याः सा वचनानलेन परमा स्थाप्ये समापत्तितो,**
**दग्धे कर्ममले भवेत्कनकता जीवायसः सिद्धता ॥७५॥**

**શ્લોકાર્થ–** એવી રીતે આકારમાત્રથી પ્રતિમાની એકતા અર્થાત્ (આકારમાત્રથી એકસરખી વંદનીય બને) એમ કહેતા એવા તમોને પ્રતિમાની કઈ પ્રતિષ્ઠા ઈષ્ટ છે ? અર્થાત્ કોઈપણ પ્રતિષ્ઠા ઈષ્ટ નથી. સત્યં, દેવ=અરિહંત પરમાત્મા, તેને ઉદ્દેશીને આત્મામાં થતી પ્રતિષ્ઠા જ મુખ્યપ્રતિષ્ઠા કહી છે. આ પ્રતિષ્ઠાથી સ્થાપ્યમાં સમાપત્તિને પ્રાપ્ત કરી વચનાગ્નિથી કર્મમલ બળી જવાથી જીવરૂપી લોખંડનું સિદ્ધપણારૂપ સુવર્ણપણાની પ્રાપ્તિરૂપ શ્રેષ્ઠ પ્રતિષ્ઠા થાય છે. અર્થાત્ જીવરૂપી કંચન પ્રકાશિત થાય છે.

## પ્રતિષ્ઠાફળવિષયક પરમતનું ખંડન. સત્યપ્રતિષ્ઠાનું મંડન.

**व्याख्या–** ननु एवं आकारमात्रेण प्रतिमायाः एकतां वंद्यताप्रयोजिकां वदतां युष्माकं प्रतिष्ठाऽपि का इष्टा स्यात् ? न काचिदित्यर्थः । तद्वैयर्थ्यं स्यादिति ।

**ભાવાર્થ–** જો આકારમાત્રથી પ્રતિમાની એકતા વંદનીય હોય તો તમને પ્રતિષ્ઠા પણ કઈ ઈષ્ટ થાય ? કોઈ પ્રતિષ્ઠા ઈષ્ટ ન થાય. અર્થાત્ પ્રતિષ્ઠા વ્યર્થ થશે. (કારણ કે પ્રતિષ્ઠા વિના જ પ્રતિમા એક સરખા આકારના કારણે વંદનીય બની ગઈ છે.) તેનો ઉત્તર આપતા કહે છે કે-

**व्याख्या–** अत्रोत्तरं–सत्यं सा प्रतिष्ठा देवविषयोद्देशेन आत्मनि अधिगता एव आत्मनिष्ठा एव मुख्या प्रतिष्ठा कथिताऽस्ति, विधिना जनितस्य आत्मगतातिशयस्य अदृष्टाख्यस्य पूजाफलप्रयोजकत्वात् ।

**ભાવાર્થ–** અહીં ઉત્તર આ પ્રમાણે છે-તે પ્રતિષ્ઠા જ સત્ય છે કે અરિહંત પરમાત્માની આત્મામાં જ પ્રતિષ્ઠા થાય. અને તેને જ મુખ્યપ્રતિષ્ઠા કહેલી છે. કેમકે પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં પ્રગટેલો અદૃષ્ટ(=પુણ્ય) નામનો

અતિશય વિશેષ જ પૂજાના ફળનો પ્રયોજક છે=રચનાર છે. (ઉત્પન્ન કરનાર છે.)

**व्याख्या–** अत एवात्मगतातिशयस्य समानाधिकरणपार्यन्तिकमुक्ति-फलकत्वमप्युपपद्यते ।

**ભાવાર્થ–** આ કારણથી પૂજાના ફળનો આધાર પણ આત્મા છે. અને પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થતો અતિશયનો આધાર પણ આત્મા હોય તે ઉચિત છે. વળી પ્રતિષ્ઠાવિધિથી પ્રગટ થયેલો અતિશય પૂજાના ફળનો પ્રયોજક છે. આ વાત આપણ બંનેને માન્ય છે.

તમે જો અતિશયને પ્રતિમામાં માનશો તો અતિશયરૂપ કારણ ભિન્નાધાર(=પ્રતિમામાં) રહેલું છે. અને પૂજાનું ફળરૂપ કાર્ય ભિન્નાધિકરણ (=આત્મામાં) ઉત્પન્ન થાય છે. આમ તમારા મતે કાર્ય અને કારણના અધિકરણ ભિન્ન માનવા પડશે જે તમને ઈષ્ટ નથી. કેમકે તમે કાર્ય અને કારણનું અધિકરણ એક માનો છો. તેથી પૂજાના ફળરૂપ કાર્ય અને તેમાં પ્રયોજક અતિશય બંનેનું અધિકરણ આત્મા છે એમ માનવું એ વધુ યોગ્ય છે. તેથી આત્મામાં રહેલો આ અતિશય પોતાને સમાનાધિકરણ (સમાન આધારવાળો) મોક્ષરૂપ અંતિમફળ દેનારો બને છે. એમ સંગત થશે.

**व्याख्या–** तदाह- यस्याः प्रतिष्ठायाः सकाशात् सा प्रतिष्ठा परमा भवेत् । किं स्वरूपा प्रतिष्ठा ? जीवायसः जीवरूपलोहस्य सिद्धतारूपा कनकता । कस्याः ? स्थाप्ये परमात्मनि समापत्तितः समापत्तिमासाद्य । कस्मिन् सति कर्ममले दग्धे सति । केन वचनानलेन नियोगवाक्याग्निना ॥७५॥

**ભાવાર્થ–** તેને જણાવતાં કહે છે કે આત્મામાં થયેલી પરમાત્માની આ પ્રતિષ્ઠા ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા છે. જીવરૂપી લોખંડની સિદ્ધસ્વરૂપ કનકતારૂપ પ્રતિષ્ઠાથી સ્થાપ્ય=પરમાત્મા સાથે આત્માની સમાપત્તિ(=આત્મામાં પરમાત્મા સ્વરૂપની આપત્તિ(પ્રાપ્તિ)) થાય છે. અને તે વચનરૂપી અગ્નિદ્વારા અર્થાત્ આગમમાં કહેલા વિધિવચનોદ્વારા કર્મમળ બળી જવાથી થાય છે. અર્થાત્ કર્મમળ બળી જવાથી જીવરૂપ લોખંડ સિદ્ધસ્વરૂપી સુવર્ણપણાને પામે છે. અર્થાત્ જીવ મોક્ષસુખને પામે છે. આ પ્રમાણે પંચોતેરમા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૭૫॥

**उपोद्घातवचनकर्णिका—** नन्वेवमात्मनः प्रतिष्ठितत्वेऽपि प्रतिमाया अप्रतिष्ठितत्वं स्यात्, प्रतिष्ठाकर्तृगतादृष्टक्षये प्रतिमायाः पूज्यताऽनापत्तिश्चेत्यत आह-

અહીં શંકા થાય છે કે- આત્મામાં પરમાત્માની પ્રતિષ્ઠા થતી હોય, તો પણ પ્રતિમા અપ્રતિષ્ઠિત જ રહી. તેથી પ્રતિમા પૂજનીય કેવી રીતે બને ? એમ ના કહેશો કે પ્રતિષ્ઠા કરનાર આત્મામાં પ્રગટેલો અદૃષ્ટનો પ્રતિમામાં ઉપચાર કરવામાં આવે છે. આ અદૃષ્ટના બળ ઉપર જે વ્યક્તિ પ્રતિમાને પૂજે તેને ફળ મળે છે. એટલે પ્રતિમા પૂજનીય બની શકે છે. કારણ કે એમ કહેવામાં પ્રતિષ્ઠા પછી પ્રતિષ્ઠા કરનાર જીવ મોક્ષમાં જાય, અથવા અદૃષ્ટના ફળને ભોગવી લે, અથવા મિથ્યાત્વ વિગેરે ભાવથી પ્રતિષ્ઠા કરનારમાં રહેલા અદૃષ્ટનો નાશ થયા પછી પ્રતિમા અપૂજ્ય બની જશે. કારણ કે આત્મગત અદૃષ્ટ નષ્ટ થયું હોવાથી પ્રતિમામાં ઉપચાર પણ ન સંભવે. કારણ કે મુખ્યના અભાવમાં ઉપચારનો અસંભવ છે. આ આપત્તિ છે. આ શંકાના સમાધાનમાં ગ્રંથકાર કહે છે—

**बिम्बेऽसावुपचारतो निजहृदो भावस्य संकीर्त्यते,**
**पूजा स्याद्विहिता विशिष्टफलदा द्राक् प्रत्यभिज्ञाय यां ।**
**तेनास्यामधिकारिता गुणवतां शुद्धाशयस्फूर्त्तये,**
**वैगुण्ये तु ततः स्वतोऽप्युपनतादिष्टं प्रतिष्ठाफलम् ॥७६॥**

**શ્લોકાર્થ—** પોતાના હૃદયના ભાવના ઉપચારથી પ્રતિમામાં એ પ્રતિષ્ઠા કહેલી છે. આ પ્રતિષ્ઠાની જલદી પ્રત્યભિજ્ઞા કરીને કરેલી પૂજા વિશેષફળ આપનારી થાય છે. તેથી શુદ્ધાશયની સ્મૃતિ માટે ગુણવાનો પ્રતિષ્ઠાના અધિકારી છે. વૈગુણ્યમાં(=પ્રતિષ્ઠાવિધિ સામગ્રીના અભાવમાં) તે જ પ્રત્યભિજ્ઞાથી જ સ્વતઃ ઉપસ્થિત થયેલા ભાવથી પ્રતિષ્ઠાનું ફળ ઈષ્ટ છે...॥૭૬॥

## પૂજાફળમાં પ્રયોજક પ્રત્યભિજ્ઞા

**व्याख्या—** बिम्बेऽसौ प्रतिष्ठा संकीर्त्यते । कस्मात् ? निजहृदो निजहृदय-सम्बन्धिनो भावस्य अध्यवसायस्य उपचारात् । यां द्राक् शीघ्रं प्रत्यभिज्ञाय पूजा कृता विहिता विशिष्टफलदा स्यात् विशिष्टं फलमाकारमात्रालम्बनाध्यवसाय-

फलातिशायि, तथा च प्रतिष्ठितविषयकं यथार्थं प्रत्यभिज्ञानमेव पूजाफल-प्रयोजकमिति ।

**ભાવાર્થ–** પોતાના હૃદયમાં રહેલા ભાવના ઉપચારથી બિંબમાં આ પ્રતિષ્ઠા કહેવાય છે. પ્રતિમામાં કરેલી આ પ્રતિષ્ઠાનું શીઘ્ર પ્રત્યભિજ્ઞાન કરીને કરાયેલી પૂજા વિશિષ્ટ ફળદાયી બને છે. અહીં પ્રતિમામાં આકારમાત્રની તુલ્યતાથી ઊભા થયેલા અધ્યવસાયો સામાન્ય કોટિના છે. જ્યારે "આ પરમાત્માથી પ્રતિષ્ઠિત છે" ઈત્યાદિ પ્રત્યભિજ્ઞાથી પ્રગટ થતા અધ્યવસાયો પ્રબળતર બને છે. અને તે જ અધ્યવસાયની પ્રબળતા પૂજાફળને આપનારી છે. આમ પ્રતિષ્ઠિત પરમાત્મા સંબંધી યથાર્થ પ્રત્યભિજ્ઞા જ પૂજાફળમાં પ્રયોજક છે=પૂજાફળનું નિયામક છે.

**व्याख्या–** तेन अस्यां प्रतिष्ठायां गुणवतां प्रशस्तगुणानां कर्तृणां अधिकारिताऽस्ति । कस्यै ? शुद्धा० शुद्धस्य विशिष्टस्य आशयस्य स्फूर्त्तये उपस्थितये विशिष्टगुणवत्प्रतिष्ठिता इयमिति प्रत्यभिज्ञाने विशिष्टाध्यवसायस्य प्रत्यक्षसिद्धत्वात् ।

**ભાવાર્થ–** તે કારણથી આ પ્રતિષ્ઠામાં પ્રશસ્ત ગુણવાળા કર્તાની અહીં અધિકારિતા છે. અર્થાત્ પ્રતિષ્ઠા કરવાના અધિકારી વિશિષ્ટ ગુણસંપન્ન આચાર્ય વગેરે છે. કારણ કે તેથી વિશિષ્ટ અધ્યવસાયની ઉપસ્થિતિ થાય છે. "આ પ્રતિષ્ઠા વિશિષ્ટ ગુણવાન પુરુષે કરેલી છે" એવા પ્રત્યભિજ્ઞાનમાં વિશિષ્ટ અધ્યવસાય થાય એ પ્રત્યક્ષ સિદ્ધ છે. તેથી શ્રેષ્ઠફળની પ્રાપ્તિ થાય છે.

**શંકાકાર**-પરમાત્માની પ્રત્યભિજ્ઞામાત્રથી વિશિષ્ટભાવ અને ફળ કહેવામાં કોઈ કારણ ?

**સમાધાનકાર**-"આ પ્રતિમા અરિહંતસ્વરૂપ છે ઈત્યાદિ પ્રત્યભિજ્ઞાન થવાથી વધુ શુભઅધ્યવસાય પ્રગટે એ પ્રત્યક્ષસિદ્ધ છે." "આ પરમાત્માનો આકાર છે." એ અને "આ પરમાત્મમય છે." આ બે જ્ઞાનમાં ઘણો મોટો તફાવત છે. એકમાં પરમાત્માનો પરોક્ષબોધ છે. બીજામાં પરમાત્માનો સાક્ષાત્કાર છે. અને સ્વાભાવિક છે કે પરમાત્માના સાક્ષાત્કારમાં વધુ ઉંચા

અધ્યવસાયો જાગે. તથા વધુ ઉંચા અધ્યવસાયો વધુ શ્રેષ્ઠફળ આપે એ પણ સર્વમાન્ય વાત છે. આમ પ્રત્યભિજ્ઞાન પૂજાના ફળમાં પ્રયોજક બને છે. આ પ્રત્યભિજ્ઞાનમાં પરમાત્માની પ્રતિમામાં કરેલી પ્રતિષ્ઠા પ્રયોજક છે. તેથી પ્રતિમામાં પણ પ્રતિષ્ઠા ઈષ્ટ છે. અને પરમાત્માને આત્મભવનમાં હૃદયસિંહાસન પર પ્રતિષ્ઠિત કરતી વખતે જ વચનોચ્ચાર આદિ વિધિથી પ્રતિમામાં પણ તે પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

**व्याख्या–** अथ वैगुण्ये तु प्रतिष्ठाविधि सामग्र्यसंपत्तौ तु ततः प्रत्यभिज्ञानात्। स्वतोऽपि उपनतात् बाह्यसामग्रीं विना मनसोऽप्युपस्थितात् प्रतिष्ठाफलमिष्टं ।

**ભાવાર્થ–** હવે 'वैगुण्ये'=(પ્રતિષ્ઠાવિધિ આદિના અભાવમાં) પ્રતિષ્ઠાવિધિ અંગેના બાહ્યકારણની અભાવદશામાં, પ્રતિમામાં મનથી પણ પ્રતિષ્ઠા આદિનું સ્મરણ થઈ શકે છે. આનો ભાવ એ થયો કે અયથાર્થ પ્રતિષ્ઠાવિધિ સ્થળે(=વિધિપૂર્વક પ્રતિષ્ઠા ન થઈ હોય ત્યાં) પણ શુદ્ધપ્રતિષ્ઠાવિધિ આદિની માનસિક કલ્પના કરી પ્રત્યભિજ્ઞા કરી શકાય છે, અને તેના દ્વારા પ્રતિષ્ઠાફળની પ્રાપ્તિ ઈષ્ટ છે.

**व्याख्या–** कटुकदिगम्बरप्रतिष्ठितद्रव्यलिङ्गिद्रव्यनिष्पन्नव्यतिरिक्ताः सर्वा अपि प्रतिमा वन्दनीया इति । वचनप्रतिष्ठाऽपि फलावहेत्याम्नायविदः । त्रयानादरोऽपि कर्तृगतोत्कटदोषज्ञानाच्छुद्धाशयापरिस्फूर्तिः । अत एव साधु-वासक्षेपादवन्दनीयाः तिस्रोऽपि वन्दनीयतां नातिक्रामन्तीति सूरिश्रीहीरनाम-धेयानामाज्ञास्ति ॥७६॥

**ભાવાર્થ–** આમ જ્યારે પ્રતિષ્ઠાવિધિ અંગેના બાહ્યકારણના અભાવમાં અથવા પ્રતિષ્ઠા કરનાર ગુણવાનવ્યક્તિની દુર્લભતામાં [1]કટુકે(=કડવામત-વાળાએ) અને [2]દિગંબરે પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા તથા [3]દ્રવ્યલિંગી વેષધારીના પૈસાથી બનેલી પ્રતિમા આ ત્રણને છોડીને બાકીની બધી પ્રતિમા વંદનીય છે. તેથી વચનપ્રતિષ્ઠા (મંત્રોચ્ચાર આદિથી કરેલી પ્રતિષ્ઠા પણ ફળદાયી છે એમ સંપ્રદાયજ્ઞોનો મત છે. ઉપરના ત્રણનો અનાદર એટલા માટે કરવામાં આવે છે કે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનારમાં ઉગ્રદોષોનું જ્ઞાન થવાથી અશુદ્ધાશય સ્ફૂરાયમાન થાય છે. અર્થાત્ શુભ અધ્યવસાયો પ્રગટી શકતા નથી. તેથી

જ અવંદનીય આ ત્રણે પ્રતિમા સાધુના વાસક્ષેપથી વંદનીય બની જાય છે. આ પ્રમાણે સૂરિચક્રવર્તી જગદ્ગુરુ શ્રી હીરસૂરિ મહારાજાની આજ્ઞા છે. આ પ્રમાણે ૭૬ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૭૬॥

**उपोद्घातवचनकर्णिका–** एतेनैव शङ्काशेषोऽपि सुनिरस्य एवेत्याह-

આ ચર્ચાથી બાકીની શંકા પણ સહેલાઈથી દૂર થઈ શકે છે તેમ જણાવતા કહે છે કે–

**चैत्येऽनायतनत्वमुक्तमथ यत्तीर्थान्तरीयग्रहात्,**
**तत्किं तन्ननु दुर्मतिग्रहवशाद्दुष्टं श्रयामीति चेत् ।**
**साम्राज्ये घटमानमेतदखिलं चारित्रभाजां भवेत्,**
**पार्श्वस्थस्त्वसती सतीचरितवन्नो वक्तुमेतत्प्रभुः ॥७७॥**

**શ્લોકાર્થ–** અન્યતીર્થિકના તાબામાં રહેલા ચૈત્યને અનાયતન કહ્યું છે. તેથી દુર્મતિ-પાર્શ્વસ્થ વિગેરેના કબજામાં રહેલા ચૈત્યનો શું કામ આશ્રય કરું ? આ પ્રમાણે જે તું કહે છે તે વાત ચારિત્રસંપન્ન સાધુઓના સામ્રાજ્યમાં ઘટી શકે છે તેવી છે. જેમ અસતીસ્ત્રી સતીઓના ચારિત્રને વર્ણવી શકતી નથી. તેમ પાર્શ્વસ્થ ઉપરની વાત કહેવા સમર્થ થઈ શકતો નથી...॥૭૭॥

## વર્તમાનકાળમાં પાર્શ્વસ્થની પ્રધાનતા

**व्याख्या–** अथ यद्यस्मात् कारणात् चैत्येऽनायतनत्वमुक्तं । कस्मात् ? तीर्था० तीर्थान्तरीयस्य ग्रहः परिग्रहस्तस्मात् तत्तर्हि "ननु" इति आक्षेपे अहं तच्चैत्यं किं श्रयामि । कीदृशं चैत्यं ? दुष्टं दोषयुक्तं कस्मात् ? दुर्म० दुर्मतीनां दुर्बुद्धिनां पार्श्वस्थादीनां ग्रहः तद्वशात् इति चेत् ।

**ભાવાર્થ– ધર્મસાગર ઉપાધ્યાય મત-** અન્યતીર્થિકના કબજામાં રહેલા ચૈત્યોને અનાયતન કહેલા હોવાથી અન્યતીર્થિકના કબજામાં રહેલા ચૈત્યો વંદનીય નથી ઈત્યાદિ વચન હોવાથી, પાર્શ્વસ્થાદિ સાધુના તાબામાં રહેલા હોવાથી દોષયુક્ત બનેલા પાર્શ્વસ્થાદિના ચૈત્યોનો હું આશ્રય કેમ કરું ? કેમકે પરતીર્થિકોની જેમ તે પાર્શ્વસ્થાદિ પણ ભ્રષ્ટાચારી છે.

અહીં તેનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે કે–

**व्याख्या–** उत्तरमाह-त्वया उच्यमानमेतदखिलं घटमानं युक्तं भवेत् ।

कस्मिन् ? चारित्रभाजां साम्राज्ये सम्राड्भावे प्रवर्त्तमाने सति । विधिगुण-पक्षपातस्य सर्वेषां सुकरः, पार्श्वस्थस्तु भवान् अर्थशून्यधर्मसागरः पार्श्वस्थमध्यवर्त्ती एतन्निर्दिष्टं असती सतीचरितवत् सतीचरित्रं नो वक्तुं प्रभुः न समर्थः स्यात् ।।૭૭।।

ભાવાર્થ– તમે કહેલી સર્વવાતો ચારિત્રસંપન્ન આચાર્યોના સામ્રાજ્યમાં ઘટી શકે. કેમકે તે કાળે સર્વત્ર સંઘમાં વિધિગુણનો પક્ષપાત સર્વને સુલભ હતો. પણ તમારી કહેલી વાતો ઘટી શકતી નથી. કેમકે તમો તો પાર્શ્વસ્થાઓની મધ્યમાં રહેલા છો. અને અર્થશૂન્ય ધર્મસાગર છો. (ધર્મસાગર એવું તમારું નામ અર્થથી શૂન્ય છે.) તેથી પાર્શ્વસ્થ સમાન જ છો. તેથી જેમ અસતીસ્ત્રી સતીસ્ત્રીના ચારિત્રને કહેવા માટે સમર્થ નથી, તેમ તમે આ(=પાર્શ્વસ્થાદિના કબજામાં રહેલી પ્રતિમા વંદનીય નથી, એમ) કહેવા સમર્થ નથી. આ પ્રમાણે ૭૭મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...।।૭૭।।

उपोद्घातवचनकर्णिका– उपसंहरति–

ઉપસંહાર કરે છે–

**सर्वासु प्रतिमासु नाग्रहकृतं वैषम्यमीक्षामहे,**
**पूर्वाचार्यपरम्परागतगिरा शास्त्रीययुक्त्याऽपि च ।**
**इत्थं चाविधिदोषतापदलनं शक्ता विधातुं विधि-**
**स्वैरोज्जागररागसागरविधुज्योत्स्नेव भक्तिप्रथा ।।७८।।**

શ્લોકાર્થ– ઉપાધ્યાય ધર્મસાગરજી કદાગ્રહથી(=સ્વમતિ કલ્પનાથી) પ્રતિમાઓમાં ભેદને જુએ છે. અમે પૂર્વાચાર્યની પરંપરાની વાણીથી અને શાસ્ત્રયુક્તિથી પણ (આ બે કારણોથી) બધી પ્રતિમાઓમાં કોઈ પણ ભેદને જોતા નથી. આ પ્રમાણે પૂજાવિધિમાં યથેચ્છ વૃદ્ધિ પામતા રાગરૂપ સાગર માટે ચાંદની જેવી ભક્તિપ્રથા અવિધિના દોષના તાપને દળી નાંખવા સમર્થ છે...।।૭૮।।

## પ્રતિમાની પૂજ્યતામાં નિશ્રિતાદિ ભેદો અપ્રયોજક.

व्याख्या– वयं सर्वासु निश्रितानिश्रितादिभेदभिन्नासु प्रतिमासु आग्रहकृतं स्वमत्येक्षितं वैषम्यं विषमत्वं न ईक्षामहे सर्वत्र साम्यमेव प्रमाणयाम इति ।

कया ? पूर्वाचार्यपरंपरया आगता या गीः तथा परंपरा-गमेनेत्यर्थः । च पुनः शास्त्रीया या युक्तिस्तयापि ।

**ભાવાર્થ–** અમે નિશ્રિત કે અનિશ્રિતાદિ ભેદથી ભિન્ન પ્રતિમામાં આગ્રહથી કોઈપણ ભેદને જોતા નથી. પરંતુ ગીતાર્થ પરંપરાથી જે આવેલા વચનો છે તેના દ્વારા તથા શાસ્ત્રીય યુક્તિ દ્વારા સર્વત્ર સમાનતાને જ પ્રમાણ કરીએ છીએ=સમાનતાને જ જોઈએ છીએ.

**व्याख्या–** इत्थं च एवं व्यवस्थिते च भक्तिप्रथा प्रथमाना भक्ति शक्ता समर्था वर्त्तते । कीदृशी भक्तिप्रथा ? विधि विधौ विधाने स्वैरोज्जागरो यथेच्छ-प्रवृद्धिमान् यो राग एव सागरस्तस्मिन् विधुज्योत्स्ना इव चन्द्रचन्द्रिका इव । किं कर्तुं ? विधातुं ? किं प्रति ? अविधिदोषतापस्य परितापकारिणोऽविध्यनु-मोदनप्रसंगस्य दलनं ॥७८॥

॥ इति धर्मोत्तरसागरीयमतं निराकृतम् ॥

**ભાવાર્થ–** આ પ્રમાણે નિશ્ચિત થયે છતે પૂજાની વિધિમાં યથેચ્છ વૃદ્ધિ પામતા રાગરૂપ સાગરને હિલોળે ચડાવતી ચાંદની જેવો ભક્તિનો ઉલ્લાસ અવિધિદોષરૂપ તાપને=પરિતાપ કરનારા અવિધિની અનુમોદનાના પ્રસંગને દળી નાખવા સમર્થ છે.

**વિશેષાર્થ–** અહીં ભક્તિઉલ્લાસના બે લાભ જણાવ્યા છે. ભક્તિ-ઉલ્લાસથી (૧) પૂજાવિધિનો રાગ વૃદ્ધિ પામે છે, અને (૨) અવિધિદોષ દૂર થાય છે=અવિધિની અનુમોદના થતી નથી. આ પ્રમાણે ઉપાધ્યાય ધર્મસાગરના મતનું નિરાકરણ કર્યું. આ પ્રમાણે ૭૮ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૭૮॥

**उपोद्घातवचनकर्णिका–** उपस्थितानां भक्त्या प्रणुन्न इव भगवत्प्रतिमा-मेवाभिष्टौति–

હવે ઉપસ્થિત થયેલી ભક્તિથી જાણે પ્રેરાયેલા જ ન હોય તેમ ગ્રંથકાર ભગવંતની પ્રતિમાની સ્તુતિ કરે છે–

**उत्फुल्लामिव मालतीं मधुकरो रेवामिवेभः प्रियां,**
**माकन्दद्रुममञ्जरीमिव पिकः सौन्दर्यभाजं मधौ ।**

**नन्दच्चन्दनचारुनन्दनवनीभूमिमिव द्योःपतिस्तीर्थेशप्रतिमां**
**नहि क्षणमपि स्वान्ताद् विमुञ्चाम्यहम् ॥७९॥**

**શ્લોકાર્થ–** જેમ ભમરો વિકસિત માલતી પુષ્પને એકક્ષણ પણ છોડતો નથી. જેમ ગજરાજ ક્ષણવાર પણ રેવાનદીને છોડતો નથી. જેમ કોકિલ વસંતઋતુમાં સૌંદર્ય પામતી આમ્રવૃક્ષની મંજરીને ક્ષણવાર છોડતી નથી. અને જેમ ઈંદ્ર આનંદદાયક ચંદનોથી મનોહર બનેલી નંદનવનની ભૂમિને ક્ષણવાર પણ છોડતો નથી. તેમ હું તીર્થંકર ભગવંતની પ્રતિમાને મારા હૃદયમાંથી ક્ષણવાર પણ છોડતો નથી...॥૭૯॥

## ભક્તિભાવથી પ્રેરાયેલા ગ્રંથકારની અંતઃકરણથી પ્રતિમાની અદ્ભૂત સ્તવના.

**व्याख्या–** अहं तीर्थेशप्रतिमां क्षणमपि स्वान्तात् चित्तात् न मुञ्चामि न त्यजामि, किन्तु विषयान्तरसञ्चारविरहेण सदा ध्यायामीति ध्वन्यते । कां इव ? उत्तफुल्लां मालतीं मधुकर इव, भ्रमर इव, स हि मालतीगुणज्ञस्तदसंपत्तावपि तत्पक्षपातं न परित्यजति ।

**ભાવાર્થ–** હું અન્યવિષયોમાં રખડતા મનને છોડી સતત તીર્થેશપ્રતિમાનું જ ધ્યાન ધરું છું, કાવ્યનો આ ધ્વનિ છે. અહીં ગ્રંથકારે ચાર ઉપમા આપી છે. જેમ ભમરો વિકસિત માલતીને છોડતો નથી. કેમકે ભમરો માલતીના ગુણને જાણનારો છે અને કદાચ ક્યારેક માલતી પુષ્પનો સંગ ન થાય તો પણ તેના પ્રત્યેનો પક્ષપાત(=અવિહડ સ્નેહ) તે છોડતો નથી. તેમ હું પણ પ્રતિમાના ઉપકારને જાણતો હોવાથી પળભર માટે પણ તે પ્રતિમાથી અલગ થવા ઈચ્છતો નથી.

**व्याख्या–** तथा प्रियां मनोहारिणीं रेवामिव इभः हस्ती, तस्य तद्गहनक्रीडयैव रत्युत्पत्तेः । तथा माकन्दद्रुममञ्जरीं सहकारतरुमञ्जरीं । कीदृशी ? मधौ वसन्ते सौन्दर्यं भजतीत्येवंशीलां । पिक इव कोकिल इव । स हि सहकारमञ्जरीकषायकण्ठः कलकाकलीकलकलैर्मदयति च यूनां मन इति ।

**ભાવાર્થ–** તથા હાથી મનને હરનારી પ્રિય રેવાનદીને ભૂલી શકતો નથી. કેમકે હાથીને રેવાનદીના ઊંડાજળમાં ક્રીડા કરવાથી જ આનંદ થાય

છે. તેમ કરુણાસાગર પરમાત્માના ચિંતનરૂપી જળમાં ડૂબકી લગાવવાથી જ આનંદ થાય છે. તેથી પળભર પણ પરમાત્માની પ્રતિમા વિના મને ગમતું નથી.

તથા કોકિલ વસંતઋતુમાં સૌંદર્યને પામવાના સ્વભાવવાળી આમ્રતરુ મંજરીને સદા યાદ કરે છે. કેમકે કોકિલ આમ્રતરુની મંજરીથી આકર્ષણ પામેલી મધુરધ્વનિમય કોલાહલ અને અસ્પષ્ટ સૂક્ષ્મ અવાજવડે યુવાનોના મનને મદવાળું-મદોન્મત્ત બનાવે છે. તેમ હું પણ જિનપ્રતિમાના સૌંદર્યથી આકર્ષિત થયેલો ગુણગાન કરતા થાકતો નથી. મધુરકંઠથી પ્રભુભક્તિના સ્તવનો સાંભળી શ્રદ્ધાળુ જીવો નાચી ઉઠે છે.

**व्याख्या–** तथा द्योःपतिरिन्द्रः नन्दद्भिश्चन्दनैश्चार्वी या नन्दनवनीभूमीमिव । स हि प्रियाविरहतापमपि तश्चारिमचमत्कारदर्शनाद्विस्मरतीति । अत्र रसनोपमालङ्कारः ॥७९॥

**ભાવાર્થ–** વળી સ્વર્ગપતિ ઈંદ્ર ચંદનથી શોભતા નંદનવનની ભૂમિને તજે નહીં. કેમકે તે ઈંદ્ર, ઈંદ્રાણી વગેરે પ્રિયાના વિરહના તાપને પણ નંદનવનની ભૂમિ ઉપર રહેલા સુંદરભાવોના ચમત્કારોના દર્શનથી ભૂલી જાય છે. તેમ હું પણ જિનપ્રતિમાના મનોરમ્યભાવના દર્શનથી પરમાત્માના વિરહના સંતાપને પણ ભૂલી જાઉં છું. આ પ્રમાણે ભાવાર્થ જાણવો.

આમ ચાર પ્રકારની ઉપમા દ્વારા ગ્રંથકારે પ્રતિમાની વિશિષ્ટતા - અલૌકિકતા જણાવી. અહીં રસનાઉપમાઅલંકાર છે. આ પ્રમાણે ૭૯ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૭૯॥

હવે ગ્રંથકાર ભવ્યજીવોને ઉપદેશ આપવાપૂર્વક ભગવંતની પ્રતિમાની સ્તુતિ કરે છે–

**मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिः शम-**
**श्रोतोनिर्झरिणी समीहितविधौ कल्पद्रुवल्लिः सताम् ।**
**संसारप्रबलान्धकारमथने मार्त्तण्डचण्डद्युतिर्जैनीमूर्तिरुपास्यतां**
**शिवसुखे भव्याः पिपासाऽस्ति चेत् ॥८०॥**

**શ્લોકાર્થ–** હે ભવ્યજીવો ! જો તમને શિવસુખની પિપાસા હોય તો

તમે શ્રીતીર્થંકરભગવંતની પ્રતિમાની ઉપાસના કરો. જે પ્રતિમા શિષ્ટ પુરુષોના [1]મોહરૂપી પ્રચંડ દાવાનલને શમાવવામાં મેઘવૃષ્ટિ સમાન છે. [2]સમતારૂપી પ્રવાહને માટે નદી સમાન છે. [3]વાંછિતદેનારી કલ્પવેલડી છે. [4]સંસારરૂપી પ્રબલ અંધકારને દૂર કરવા તીવ્રકાંતિમય સૂર્ય સમાન છે..॥૮૦॥

## ઉપમાદર્શક પદાર્થો દ્વારા પ્રતિમા ગુણગાન.

**व्याख्या–** भो भव्या भवद्भिः एतादृशी जैनी जिनसम्बन्धिनी मूर्तिः उपास्यतां सेव्यतां, कीदृशी जैनी मूर्तिः ? मोहो० मोह एव य उद्दामो दवानलः सकलशमवनप्लोषकत्वात्तस्य प्रशमने पाथोदवृष्टिः मेघवृष्टिः ।

**ભાવાર્થ–** હે ભવ્યજીવો ! આ પ્રકારની=જિનપ્રતિમાની ઉપાસના કરો. પરમાત્માની મૂર્તિ કેવા પ્રકારની છે તે જણાવે છે. સમગ્ર શમરૂપ વનને ભસ્મીભૂત કરતો હોવાથી મોહને પ્રચંડ દાવાનલની ઉપમા આપી છે. પ્રતિમા પોતાના દર્શનદ્વારા મોહરૂપી દાવાનલને શમાવવા મેઘવૃષ્ટિ સમાન છે.

**व्याख्या–** पुनः कीदृशी ? समी० समीहितस्य वाञ्छितस्य विधौ विधाने सतां शिष्टानां कल्पद्रुवल्लिः सुरतरुलता, अविलम्बेन सर्वसिद्धि-करत्वात् । पुनः कीदृशी ? संसार० संसार एव यः प्रबलान्धकार उत्कटं तमः तस्य मथने अपनयने मार्त्तण्डस्य सूर्यस्य चण्डद्युतिः तीव्रप्रभाविवेकवासरतारुण्ये मोहच्छायाया अनुपलम्भात् इति ।

**ભાવાર્થ–** વળી તે જિનપ્રતિમા કેવી છે તે જણાવે છે– શમરસના પ્રવાહને વહેવડાવતી હોવાથી પ્રતિમાને શમપ્રવાહવાળી નદીની ઉપમા આપી છે. વળી તે જિનપ્રતિમા કેવી છે તે જણાવે છે– વળી શિષ્ટપુરુષોની શીઘ્રપણે ઈચ્છાપૂર્તિ કરતી હોવાથી કલ્પવેલડી સમાન છે. કેમકે જિનપ્રતિમા સર્વસિદ્ધિ કરનારી છે. વળી તે પ્રતિમા કેવી છે તે જણાવે છે– સંસાર એ જ પ્રબલ અંધકાર છે. તેને દૂર કરવામાં સૂર્યના તીવ્રકિરણ સમાન છે. પ્રતિમાની હાજરીમાં વિવેકરૂપી દિવસનો મધ્યભાગ હોય છે. અર્થાત્ પ્રતિમાના કારણે પ્રબળ વિવેક પ્રગટે છે. તેથી મોહની છાયા પણ પ્રગટ થતી નથી. આ પ્રમાણે ભાવાર્થ જાણવો.

**व्याख्या–** चेत् यदि शिवसुखे मुक्तिशर्मणि वः युष्माकं पिपासा उत्कटेच्छाऽस्ति । रूपकमलङ्कारः ॥८०॥

**ભાવાર્થ–** જો તમને મોક્ષની ઉત્કટેચ્છા હોય તો જિનપ્રતિમાની ઉપાસના કરો. અહીં રૂપક અલંકાર છે. આ પ્રમાણે ૮૦ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૮૦॥

*न्यायविशारद-न्यायाचार्य-श्रीमद्यशोविजयगणिपुंगव-संकलितस्य-पौर्णिमगच्छीय-श्रीमद्भावप्रभसूरिकृतस्य-लघुवृत्तिसमेतस्य प्रतिमाशतकग्रन्थस्य धर्मसागरीय मत-सर्वज्ञार्चास्तुतिदर्शके द्वितीयविभागे - अध्यात्मयोगीराजकृपया द्वितीयोल्लासगुर्जरानुवादः संपूर्णः ।*

न्यायविशारद-न्यायाचार्य-श्रीमद्यशोविजयगणिपुंगव-
संकलितस्य-पौर्णिमगच्छीय-श्रीमद्भावप्रभसूरिकृतं-
लघुवृत्तिसमेतं

# ।। प्रतिमाशतकम् ।।

तृतीय विभागः तृतीयोल्लासः ।

## પાર્શ્વચન્દ્રમતનું નિરાકરણ

## જિનપૂજનથી પુન્યકર્મબંધ કહેનાર વાદીનું નિરાકરણ

## જિનપૂજા-સ્તવના ગ્રંથકારની પ્રશસ્તિ

।। अथ पाशचन्दमतं निराकरोति ।।

## હવે પાર્શ્વચંદ્રમતનું ખંડન

उपोद्घातवचनकर्णिका— एवं वृत्तद्वयेन भगवन्मूर्तिं स्तुत्वा वादान्तरमारभते—

આ પ્રમાણે બે શ્લોક દ્વારા જિનપ્રતિમાની સ્તવના કરીને હવે બીજા વાદનો પ્રારંભ કરે છે–

**श्राद्धेन स्वजनुःफले जिनमतात्सारं गृहीत्वाऽखिलं,**
**त्रैलोक्याधिपूजने कलुषता मोक्षार्थिना मुच्यताम् ।**
**धृत्वा धर्मधियं विशुद्धमनसा द्रव्यस्तवे त्यज्यताम्**
**मिश्रोऽसाविति लम्बितः पथि परैः पाशोऽपि चाशोभनः ।।८१।।**

**શ્લોકાર્થ–** શ્રદ્ધાળુશ્રાવકે જિનમતમાંથી સંપૂર્ણ સારને ગ્રહણ કરીને પોતાના માનવભવના ફળરૂપ ત્રિલોકના નાથની પૂજાપ્રત્યેના મલીનભાવને (=શંકા) છોડી દેવો જોઈએ. વળી દ્રવ્યસ્તવમાં ધર્મબુદ્ધિને ધારણ કરીને આ દ્રવ્યસ્તવ મિશ્ર છે, ધર્મ અને અધર્મ ઉભયરૂપ છે. એવા પ્રકારના બીજાઓએ(=પાર્શ્વચંદ્રાદિએ) મોક્ષમાર્ગમાં જે પાશ નાંખ્યો છે તેને પણ છોડી દેવો જોઈએ. આ પાશ પણ સુંદર નથી. મિશ્ર(=પ્રતિમાપૂજક અને પ્રતિમા અપૂજક)..।।૮૧।।

## દ્રવ્યસ્તવ મિશ્રરૂપ છે એવા પાર્શ્વચંદ્રીયમતનું ઉન્મૂલન.

**व्याख्या–** श्राद्धेन श्रद्धावता उपासकेन मोक्षार्थिना सता त्रैलोक्याधिपूजने कलुषता सशङ्कता मुच्यतां त्यजतां त्रैलोक्याधिपस्य त्रिजगतोऽधिकं रक्षितुः, अत एव सर्वाराध्यस्य पूजने इति समासः ।

**ભાવાર્થ–** મોક્ષમાર્ગના ઉપાસક શ્રાવકે ત્રિલોકના નાથની પૂજાને વિશે શંકા છોડી દેવી જોઈએ. વીતરાગ પરમાત્મા ત્રણે જગતનું અત્યંત રક્ષણ કરનારા હોવાથી ત્રિલોકના અધિપતિ છે આથી જ સર્વજીવોને તેની આરાધના કરવા યોગ્ય છે. તેથી તેની પૂજામાં શંકા ન રાખવી.

**व्याख्या–** किं कृत्वा जिनमतात् जैनप्रवचनात् अखिलं सारं तात्पर्यं गृहीत्वा । कीदृशे त्रैलोक्याधिपपूजने स्वजनुःफले स्वजनुषो मानुजावतारस्य फले । पुनः श्राद्धे न अशोभनः पाशोऽपि त्यज्यतां द्रव्यस्तवे धर्मधियं धर्मत्वबुद्धिं धृत्वा । येन ? विशुद्धमनसा विशुद्धेन मनसा कृत्वा । कीदृशः पाशः ? परैः कुमतिभिः पथि मार्गे इति लम्बितः । इतीति किं ? असौ द्रव्यस्तवः मिश्रः धर्माधर्मोभयरूपः इति पाशचन्द्राभ्युपगम्य पाशत्वेनाध्यवसानं मुग्धजनमृगपातनध्रौव्यमभिव्यनक्ति ॥८१॥

**ભાવાર્થ–** શ્રદ્ધાળુ શ્રાવકે મોક્ષાર્થી બનીને જૈનપ્રવચનમાંથી સંપૂર્ણ તાત્પર્યને ગ્રહણ કરીને પોતાના માનવભવના ફળરૂપ ત્રિલોકના નાથની પૂજામાં શંકાને છોડી દેવી જોઈએ. તથા શ્રાવકે વિશુદ્ધમનથી દ્રવ્યસ્તવમાં ધર્મબુદ્ધિ ધારણ કરીને કુમતિઓએ મોક્ષમાર્ગમાં પાથરેલા "આ દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ છે." એવા અસુંદરપાશને પણ છોડી દેવો જોઈએ. આ દ્રવ્યસ્તવ ધર્માધર્મ ઉભયરૂપ છે એવો પાર્શ્વચંદ્રનો મત પાશ તરીકે જ નિશ્ચિત થયો છે. કારણ કે તેની માન્યતામાં અજ્ઞાનલોકોરૂપી મૃગલાઓ ફસાય છે. પાર્શ્વચન્દ્રનો મત પાશરૂપ છે એવો નિશ્ચય 'મુગ્ધજનરૂપ મૃગલાઓ એ પાશમાં અવશ્ય પડે છે=ફસાય છે એ અર્થ' અભિવ્યક્ત કરે છે. આ પ્રમાણે ૮૧ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.॥૮૧॥

**उपोद्घातवचनकर्णिका–** उक्तं मिश्रत्वमेव पक्षचतुष्टयेन विकल्प्य खण्डयितुमुपक्रमते–

ઉપર જે મિશ્રપણું કહ્યું તેનું ચારપક્ષથી વિભાગ કરી ખંડન કરવા માટે આરંભ કરે છે–

**भावेन क्रियया तयोर्ननु तयोर्मिश्रत्ववादे चतुर्भङ्ग्यां**
**नादिम एकदाऽनभिमतं येनोपयोगद्वयम् ।**
**भावो धर्मगतः क्रियेतरगतेत्यल्पो द्वितीयः**
**पुनर्भावादेव शुभात् क्रियागतरजोहेतुस्वरूपक्षयात् ॥८२॥**

**શ્લોકાર્થ–** ભાવ અને ક્રિયા આ બે પદથી ધર્મ અને અધર્મના મિશ્રવાદમાં ચાર ભાંગા બને છે. (૧) ભાવ શુભ અને અશુભ. (૨) ભાવ શુભ અને ક્રિયા અશુભ. (૩) ભાવ અશુભ અને ક્રિયા શુભ અને (૪) ક્રિયા જ શુભ અને અશુભ. આમાં પ્રથમ ભાંગો ઘટતો નથી. કેમકે એકી સાથે બે ઉપયોગ સંભવતા નથી. ભાવશુભ અને ક્રિયા અશુભ એવો બીજો ભાંગો પણ યુક્તિ આગળ ટકી શકે તેવો નથી. કેમકે શુભ ભાવથી જ ક્રિયામાં રહેલા કર્મબંધનું સ્વરૂપ નાશ પામે છે..॥૮૨॥

## ધર્માધર્મની ચતુર્ભંગી દર્શન.
## તે દ્વારા પાર્શ્વચન્દ્રમતનું ખંડન.

**व्याख्या–** ननु इति पूर्वपक्षे । भावेन क्रियया च तयोः भावक्रिययोः द्रव्यस्तवे तयोः धर्माधर्मयोर्मिश्रत्वे चतुर्भङ्ग्यां । कोऽर्थः ? चतुर्भङ्गाः, सन्ति-भावो धर्मगतः भावोऽधर्मगतः १, भावो धर्मगतः क्रियाऽधर्मगता २, भावोऽधर्मगतः क्रिया धर्मगता ३, क्रिया धर्मगता क्रियाऽधर्मगता ४ इति । एषु चतुर्भङ्गेषु आदिमः पक्षो भावेन भावस्य मिश्रत्वमित्याकारो न घटते । कस्माद्धेतोः ? येन एकदा उपयोगद्वयं अनभिमतं अनिष्टं, द्रव्यस्तवारम्भोप-योगयोर्योगपद्याभावात् न भावयोर्मिश्रत्वं । अनारम्भे हि यत्नवान् न आरम्भे उपयुज्यते स्थैर्येऽतिचारभियोऽप्यभावादिति सूक्ष्मदृष्ट्या भावनीयमिति प्रथमभङ्गः १ ।

**ભાવાર્થ–** અહીં "ननु" શબ્દ પૂર્વપક્ષના અધિકારમાં છે. "દ્રવ્યસ્તવ ધર્માધર્મ ઉભયરૂપ છે" એવો પૂર્વપક્ષ છે.

**પૂર્વપક્ષનું સ્વરૂપ-** તે પૂર્વપક્ષનું સ્વરૂપ આ પ્રમાણે છે- ભાવ અને

ક્રિયા આ બે પદથી દ્રવ્યસ્તવમાં ધર્મ અને અધર્મના મિશ્રવાદમાં ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે– (૧) ભાવધર્મ સંબંધી અને ભાવ અધર્મસંબંધી, (૨) ભાવ ધર્મસંબંધી અને ક્રિયા અધર્મસંબંધી, (૩) ભાવ અધર્મસંબંધી, અને ક્રિયા ધર્મસંબંધી, (૪) ક્રિયા ધર્મસંબંધી અને ક્રિયા અધર્મસંબંધી. આ ચાર ભાંગામાં પ્રથમ ભાંગો ભાવધર્મસંબંધી અને ભાવ અધર્મસંબંધી ઘટતો નથી. કેમકે એકીસાથે બે ઉપયોગ ઈષ્ટ નથી. દ્રવ્યસ્તવનો ઉપયોગ અને આરંભનો ઉપયોગ એ બે ઉપયોગ એકી સાથે થતા ન હોવાથી બેભાવોનું મિશ્રપણું ન હોય. દ્રવ્યસ્તવકાળે અનારંભમાં પ્રયત્ન કરી રહેલા શ્રાવકનો આરંભમાં ઉપયોગ હોતો નથી. આથી યુગપત્ બંને ભાવનો અભાવ હોય છે. જ્યારે પૂજા વગેરેમાં સ્થિરતાયોગ પ્રાપ્ત થાય છે ત્યારે અતિચારનો પણ ભય રહેતો નથી. આ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. આ પ્રમાણે પ્રથમ ભાંગો જાણવો.

**પ્રશ્ન-** પૂજામાં શુભભાવની આવશ્યકતા અમને માન્ય છે. પણ પુષ્પાદિને કારણે પૂજા સાવદ્યક્રિયા બને છે. આમ શુભભાવ અને અશુભક્રિયા આ બે રૂપ બીજાભાંગાથી દ્રવ્યસ્તવ મિશ્રરૂપ છે.

**સમાધાન-** ગ્રંથકાર તેનું સમાધાન કરતાં જણાવે છે કે–

**व्याख्या–** भावो धर्मगतः क्रिया इतरगता आरम्भाख्याऽधर्मगता पुनरयं भङ्गोऽल्पः अक्षोदक्षमः ? इत्यर्थः । कुतः ? शुभात् भावात् एव क्रियागतं यत् रजोहेतुस्वरूपं अशुभभावद्वारकत्वं तस्य क्षयात् । क्रिया हि अशुभभावद्वारा अधर्मस्य शुभभावद्वारा च धर्मस्य कारणं न स्वरूपतः ॥८२॥

**ભાવાર્થ–** ભાવધર્મ સંબંધી અને ક્રિયાઆરંભ નામના અધર્મથી યુક્ત એવો બીજો ભાંગો પણ યુક્તિ આગળ ટકી શકે તેવો નથી. કારણ કે શુભભાવદ્વારા જ ક્રિયામાં અશુભભાવદ્વારા સંભવતી કર્મબંધની કારણતા નાશ પામે છે. અને ક્રિયા અશુભભાવદ્વારા અધર્મનું અને શુભભાવદ્વારા ધર્મનું કારણ છે. પણ ક્રિયા સ્વરૂપથી ધર્મનું કે અધર્મનું કારણ નથી. આ પ્રમાણે ૮૨ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૮૨॥

**उपोद्घातवचनकर्णिका–** द्वितीयपक्षानभ्युपगमे एव वादिनोऽनिष्टा-

पत्तिमाह–

ઉપર કહેલા બીજા પક્ષનો સ્વીકાર ન કરવામાં વાદીને આવતી અનિષ્ટાપત્તિ બતાવે છે–

**वाहिन्युत्तरणादिके परपदे चारित्रिणामन्यथा,**
**स्यान्मिश्रत्वमपापभावमिलितां पापक्रियां तन्वताम् ।**
**किंचाऽऽकेवलिनं विचार्य समये द्रव्याश्रवं भाषितं,**
**शुद्धं धर्ममपश्यतस्तनुधियः शोकः कथं गच्छति ॥८३॥**

**શ્લોકાર્થ–** અમારો ઉપર કહેલો મત ન સ્વીકારવામાં આવે તો અપવાદમાં (अपापभावमिलितां=)કેવળ ધર્મભાવથી યુક્ત એવી નદી ઉતરવી વગેરે સાવદ્યક્રિયાને કરતા ભાવસાધુઓને મિશ્રપણું(ધર્મ-અધર્મ બંને) થાય. વળી સિદ્ધાંતમાં કેવલી સુધી દ્રવ્યાશ્રવ બતાવ્યો છે. તે વચનને વિચારી શુદ્ધધર્મને ન જોતા એવા તુચ્છ બુદ્ધિવાળા જીવોનો શોક શી રીતે દૂર થાય ? અર્થાત્ ન જ થાય..॥૮૩॥

## શુભાશુભ ભાવ મિશ્રતા વિકલ્પ અસિદ્ધ.

**व्याख्या–** अन्यथा उक्ताभ्युपगमे स्वरूपत एवाश्रवत्वाभिमतस्याधर्मत्वोक्तौ चारित्रिणां भावसाधूनां मिश्रत्वं स्यात् । कस्मिन् ? वाहिन्युत्तरणादिके नद्युत्तारप्रमुखे परपदेऽपवादमार्गे । चारित्रिणां किं कुर्वतां ? । पापक्रियां नद्युत्तारादिरूपां कुर्वतां । कीदृशीं पापक्रियां ? । अपा० अपापौ धर्मैकस्वभावो यो भावः पुष्टालम्बनाध्यवसायः तन्मिलितामिति ।

**ભાવાર્થ–** જો અમારા ઉપરના પક્ષનો સ્વીકાર કરવામાં ન આવે અને એથી સ્વરૂપથી જ આશ્રવ તરીકે અભિમત(=માન્ય) ક્રિયાને અધર્મરૂપ કહેવામાં આવે તો અપવાદમાં (अपापभावमिलितां=) પુષ્ટ આલંબનના અધ્યવસાયવાળો અને કેવળ ધર્મસ્વરૂપ એવો જે ભાવ તે ભાવથી યુક્ત એવી નદી ઉતરવી વગેરે સાવદ્યક્રિયાને કરતા ભાવસાધુઓને મિશ્રપણું થાય.

**व्याख्या–** अत्र मिश्रत्वं मिश्रपक्षाश्रयणं परस्यापि न इष्टं, साधूनां धर्मैकपक्षाभ्युपगमात् । तस्मात् न धर्मभावे स्वरूपतः । सावद्यक्रियामिश्रणं

द्रव्यस्तव इति गर्भार्थः ।

**ભાવાર્થ–** અર્થાત્ પુષ્ટાલંબન હોવાથી મારે આ અપવાદ સેવવાનો છે ઈત્યાદિ અધ્યવસાય ધર્મરૂપ છે. આ ભાવ શુભ છે. નદી ઉતરવાની ક્રિયા હિંસારૂપ છે, સ્વરૂપથી સાવદ્ય આશ્રવરૂપ છે. તેથી અહીં પણ શુભભાવથી મિશ્રિત સ્વરૂપથી પાપક્રિયા હોવાથી મિશ્રધર્મ છે. પણ તે વાત તમને પણ ઈષ્ટ નથી. કેમકે તમોએ પણ સાધુને એકમાત્ર ધર્મપક્ષ જ હોય તેમ સ્વીકાર કર્યો છે. તે કારણથી અહિ સાધુને મિશ્રપક્ષનું દૂષણ ટાળવા અને ધર્મપક્ષ સ્થાપવા જે કારણ આગળ કરશો તે દ્રવ્યસ્તવસ્થળે પણ લાગુ પડશે. તેથી શુભભાવની ઉપસ્થિતિમાં દ્રવ્યસ્તવમાં સ્વરૂપથી સાવદ્યક્રિયાના સંયોગથી મિશ્રતા ઉભી થતી નથી. એવો ગર્ભિત અર્થ=ભાવાર્થ જાણવો.

**व्याख्या–** अभ्युच्चयमाह-किं चाकेवलिनं केवलिपर्यन्तं समये सिद्धांते द्रव्याश्रवं भाषितं विचार्य तावत् शुद्धं धर्मं अपश्यतः तनुधियः तुच्छबुद्धेः नरस्य शोकः धर्मपक्षस्थानोच्छेदजनितवैक्लव्यलक्षणः कथं गच्छतु ? न कथंचित् । अत एव सुन्दरर्षिरयोगि केवलिष्वेव सर्वथा संवरो मत इति सूक्ष्माघ्राणेन आकेवलं देशविरतिमेव संभावयति ''जाव च णं एस जीवे एयइ वेयइ ताव च णं आरंभइ त्ति'' एवं द्रव्यभावमिश्रता केवलिन्यपि संजाता पाशोऽपि सोरस्ताडं शोचयन् केन वार्यतामिति तेन मिश्रत्वं न ॥८३॥

**ભાવાર્થ–** અહીં વિશેષ કહે છે–વળી આગમમાં કેવલી સુધી દ્રવ્યાશ્રવ કહેલો છે. તે વચનને વિચારીને પણ કેવલી સુધી શુદ્ધધર્મને નહીં જોતો તુચ્છબુદ્ધિવાળાનો ધર્મપક્ષના સ્થાનના ઉચ્છેદથી ઉત્પન્ન થયેલ ન્યૂનતારૂપ શોક શી રીતે દૂર થઈ શકે ? અર્થાત્ દૂર ન જ થઈ શકે. તેથી જ અયોગી કેવલીઓને જ સર્વતઃ સંવર હોય.'' આ વચનને આગળ કરીને સુંદરઋષિ સૂક્ષ્મબુદ્ધિથી કેવલી અવસ્થા સુધી દેશવિરતિની(=કર્મબંધથી દેશથી જ વિરતિની) જ સંભાવના કરે છે.

જ્યાં સુધી જીવ કંપન વેજન કરે છે. ત્યાં સુધી આરંભ કરે છે. ઈત્યાદિ વચનથી દ્રવ્યાશ્રવ કહ્યો છે. આમ સયોગી કેવલીમાં પણ દ્રવ્યભાવની મિશ્રતા થઈ. પાશ(=પાર્શ્વચન્દ્ર) ને છાતી કુટીને શોક કરતાં કોણ વારી

શકે ? તેથી મિશ્રપણું નથી એમ સિદ્ધાંત છે. આ પ્રમાણે ૮૩ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૮૩॥

**उपोद्घातवचनकर्णिका**— वादी प्रसङ्गं समाधत्ते—

વાદી ઉપર કહેલા પ્રસંગનું સમાધાન કરે છે—

**वाहिन्युत्तरणादिकेऽपि यतनाभागे विधिर्न क्रिया-**
**भागेऽप्राप्तविधेयता हि गदिता तन्त्रेऽखिलैस्तान्त्रिकैः,**
**हिंसा न व्यवहारतश्च गृहिवत् साधोरितीष्टं तु नो,**
**मिश्रत्वं ननु नो मते किमिह तद्दोषस्य संकीर्त्तनम् ॥८४॥**

**શ્લોકાર્થ**— નદી ઉતરવી વગેરે અપવાદમાર્ગે પણ જે જયણાનું પાલન છે તેની અપેક્ષાએ વિધિ છે. પરંતુ નદી ઉતરવાની ક્રિયાના અંશે વિધિ નથી. બધા જ સિદ્ધાંત સ્થાપકોએ તંત્રશાસ્ત્રમાં અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવવામાં વિધિ કહી છે. તથા વ્યવહાર નયથી ગૃહસ્થની જેમ સાધુને હિંસા નથી. આમ અમને પણ ત્યાં મિશ્રપક્ષ ઈષ્ટ નથી જ. તેથી અમારા મતમાં શા માટે દોષનો ઉલ્લેખ કરો છો ?..॥૮૪॥

## જયણાશુદ્ધિથી નદીઉત્તરણક્રિયા શુદ્ધ.

**व्याख्या**—वादी स्वमतं समर्थयति, तदाह-वाहिन्युत्तरणादिके नद्युत्तरणादि-केऽपि कर्मणि यतनाभागे विधिरस्ति, अप्राप्तत्वात्। क्रियाभागे तु न विधिरस्ति। हि यतः तन्त्रे शास्त्रे अखिलैः तान्त्रिकैः अप्राप्तविधेयता गदिता। ''अप्राप्तप्रापणं विधिः'' इति मिमांसाव्यवस्थितेः। अयं चेह न्यायोऽस्माभिराश्रयते, यतना च भाव इति न तेन मिश्रता अन्येनैव मिश्रणसंभवात्।

**ગાથાર્થ**— पार्श्वचन्द्रमत-वादी પોતાના મતનું સમર્થન કરે છે. તે આ પ્રમાણે કહે છે— અપવાદમાર્ગે નદીઉત્તરણ વગેરે ક્રિયાઓમાં પણ યતના અંશે વિધિ છે. કારણ કે યતના અંશમાં વિધિ અપ્રાપ્ત છે. ક્રિયાઅંશમાં વિધિ નથી. કેમકે શાસ્ત્રમાં સર્વ શાસ્ત્રકારોએ અપ્રાપ્તમાં વિધિનું કથન કહેલું છે. "અપ્રાપ્તને પ્રાપ્ત કરાવે તે જ વિધિ છે" એવી વિચારપૂર્વક કરેલા નિર્ણયની વ્યવસ્થા છે. અમો પણ આ જ ન્યાયને નદીઉત્તરણ વિગેરે

આપવાદિક ક્રિયા અવસરે સ્વીકારીએ છીએ. તેથી તે વેળા આદરવા યોગ્ય જયણાનો અંશ જ વિધિરૂપ છે. અને જયણા ભાવરૂપ છે. તેથી તે જયણાના કારણે મિશ્રતા નથી. કેમકે શુભભાવમાં મિશ્રતા ક્રિયાવડે જ સંભવે છે.

**व्याख्या**– तर्हि नद्युत्तारादिक्रिययैव मिश्रता स्यात् ।

ભાવાર્થ– **પૂર્વપક્ષ**–નદી ઉતરતી વખતે થતી સ્વરૂપ સાવદ્ય ક્રિયાથી તો મિશ્રતા આવશે ને ?

**व्याख्या**– तत्राह-गृहीवत् साधोः हिंसा नद्युत्तारादिक्रिया न भवति । कस्मात् ? व्यवहारतः व्यवहारनयाश्च गृहिसाध्वोः यतनाऽयतनाभ्यामेव व्यवहारविशेषादिति । ततो हिंसा मिश्रणाभावात् नो नैव मिश्रत्वं इष्टं अस्ति । ननु इत्याक्षेपे । नः अस्माकं किं इह तद्दोषस्य संकीर्त्तनं, भवतां द्रव्यस्तवे तु साधूचितयतनाऽभावादवर्जनीयेव हिंसेति मिश्रपक्ष इति वादिन उल्लेखः । अथ अग्रेतनकाव्ये उत्तरम् ॥८४॥

**ભાવાર્થ– ઉત્તરપક્ષ**–તેનો જવાબ આપતા કહે છે કે– ગૃહસ્થની જેમ સાધુને વ્યવહારનયથી નદીઉત્તરણાદિ ક્રિયા હિંસારૂપ બનતી નથી. કેમકે ગૃહસ્થની તે ક્રિયા જયણા વિનાની છે. સાધુની તે ક્રિયા જયણાપૂર્વક છે. આમ જયણા અને અજયણાથી જ સાધુ અને ગૃહસ્થના વ્યવહારમાં ભેદ પડે છે. આમ હિંસાના મિશ્રણનો અભાવ હોવાથી સાધુની નદી ઉત્તરણ આદિ ક્રિયામાં મિશ્રણતા નથી. અહીં "નનુ" શબ્દ આક્ષેપાર્થ છે. તેથી અહીં અમારા મતમાં દોષ કેમ જણાવો છો ? તમારે તો દ્રવ્યસ્તવમાં ગૃહસ્થ સાધુને ઉચિત જયણા રાખતો ન હોવાથી હિંસાનો અંશ અનિવાર્ય જ છે. તેથી મિશ્રપક્ષનો પરિહાર દુઃશક્ય છે. તેનો ઉત્તર આગળના શ્લોકમાં આપે છે. આ પ્રમાણે ૮૪ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૮૪॥

**उपोद्घातवचनकर्णिका**– एतद्दूषयति-

પાર્શ્વચન્દ્રના પક્ષમાં દૂષણ આપી ગ્રંથકાર વાદીના મતને દૂષિત કરે છે–

**हिंसा सद्व्यवहारतो विधिकृतः श्राद्धस्य साधोश्च नो,**
**सा लोक व्यवहारतस्तु विदिता बाधाकरी नोभयोः ।**

**इच्छाकल्पनयाऽभ्युपेत्य विहिते तथ्या तदुत्पादनोत्पत्तिभ्यां तु भिदा न का पि नियतव्यापारके कर्मणि ॥८५॥**

**શ્લોકાર્થ–** વિધિ કરનાર શ્રાવક અને સાધુને સદ્વ્યવહારથી હિંસા નથી. લોકવ્યવહારની અપેક્ષાએ તે હિંસા ગૃહસ્થ તથા સાધુ બંનેને બાધક થતી નથી. યથેચ્છ કલ્પનાથી હિંસા સ્વીકારીએ તો વિહિત નિયતવ્યાપારવાળી(=અવર્જનીયહિંસાયુક્ત) ક્રિયામાં તદ્દુત્પાદન-તદ્દુત્પત્તિ બન્ને પ્રકારથી કોઈ તાત્ત્વિક ભેદ નથી...॥૮૫॥

### જયણાયુક્ત શ્રાદ્ધક્રિયા
### સાધુક્રિયા તુલ્ય.

**व्याख्या–** ग्रन्थकारो वादीमतं दूषयति-विधिं करोतीति विधिकृत् तस्य विधिकृतः श्राद्धस्य साधोश्च हिंसा नो नैव भवति । कस्मात् ? सद्व्यवहारतः सिद्धान्तव्युत्पन्नजनव्यवहारतः प्रमत्तयोगेन प्राणव्यपरोपणस्यैव तन्मते हिंसात्वात् स्वगुणस्थानोचितयतनया प्रमादपरिहारस्य चोभयोरविशेषात् धर्मकर्मणि हिंसा नास्त्येवेतिस्थितं ।

**ભાવાર્થ–** ગ્રંથકાર વાદીના મતને દૂષિત કરે છે– જે વિધિને કરે તે વિધિકાર કહેવાય. વિધિને આદરનાર શ્રાવક અને સાધુને સિદ્ધાંતકુશળ લોકના વ્યવહારથી હિંસા થતી જ નથી. સિદ્ધાંતમાં કુશળલોક વ્યવહારના મતમાં "પ્રમાદથી જીવ વધ કરવો" એ જ હિંસારૂપ છે. કેમકે શ્રાવક અને સાધુ એ બંને પોતાના ગુણસ્થાનને ઉચિત યતના કરે છે. તેથી તે બંનેમાં પ્રમાદનો ત્યાગ સમાન છે. તેથી બંનેમાં ધર્મકર્મમાં હિંસા હોતી જ નથી. આ પ્રમાણે તાત્પર્ય પ્રાપ્ત થયું.

**व्याख्या–** अथ लोकव्यवहारतस्तु बाह्यलोकव्यवहारापेक्षया सा परप्राण-व्यपरोपणरूपा हिंसा उभयोर्गृहीसाध्वोर्बाधाकारी न मिश्रपक्षप्रवेशकारी न स्यात्।

**ભાવાર્થ–પ્રશ્ન**-શ્રાવકમાં સાધુના જેવી જયણા કે સાધુ જેવો અપ્રમાદભાવ તો નથી જ. **ઉત્તર**-તેનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે કે– પોતપોતાના વિષયમાં અપ્રમાદી ગૃહસ્થ અને સાધુના ધર્મકાર્યોમાં હિંસા નથી એ પ્રમાણે સુનિશ્ચિત થયું. બાહ્યલોકવ્યવહારની અપેક્ષાવડે પરજીવવધરૂપ હિંસા ગૃહસ્થ

અને સાધુ બન્નેની દ્રવ્યસ્તવ અને નદીઉત્તરણ ક્રિયામાં છે. પણ તેનાથી કાંઈ મિશ્રપક્ષમાં પ્રવેશરૂપ બાધા નથી. કેમકે શ્રાવક અને સાધુ અપ્રમાદી છે. તેથી હિંસાના આશ્રય નથી.

**व्याख्या**– अथ तदुत्पादनोत्पत्तिभ्यां तु भिदा काऽपि तथ्या नास्ति । कस्मिन् ? इच्छाकल्पनया स्वरसपूर्वया इच्छया अभ्युपेत्य विहिते =नित्यव्या-पारके अवर्जनीयहिंसासम्बन्धे कर्मणि, अपि तु स्वकपोलकल्पनया मुग्धमनो-विनोदमात्रमिति भावः ॥८५॥

**ભાવાર્થ– પાર્શ્વચન્દ્રીય મત**- ધર્મક્રિયામાં થતી જીવહિંસા પણ વાસ્તવિક રીતે તો હિંસારૂપ જ છે. કેમકે ગૃહસ્થ એ હિંસા કરે છે માટે હિંસાનો ઉત્પાદક છે. સાધુને ક્રિયામાં આશય ન હોવા છતાં કથંચિત્ હિંસા થઈ જાય છે. અર્થાત્ હિંસાની માત્ર ઉત્પત્તિ છે. તેનો જવાબ આપતા ગ્રંથકાર કહે છે કે-

ઉત્પાદન અને ઉત્પત્તિ વડે હિંસામાં ભેદ પાડવો કોઈપણ રીતે તથ્ય નથી. શેમાં ? હિંસાના અંશનો સ્વીકાર કરીને સ્વરસપૂર્વક ઈચ્છાથી કરાતી નિયતવ્યાપારવાળી વિહિતપ્રવૃત્તિમાં હિંસા અવર્જનીય છે. આવી અવર્જનીય હિંસાથી સંબંધિત ક્રિયામાં ઉત્પાદન અને ઉત્પત્તિથી હિંસામાં ભેદ પાડવો વાસ્તવિક નથી.

વિશેષાર્થ- ગૃહસ્થને વિહિત જિનપૂજા અને સાધુને આપવાદિકમાર્ગે વિહિત નદીઉત્તરણ આ બંને નિયત ચેષ્ટાવાળા છે. વિહિત છે તેમજ હિંસા અવર્જનીયરૂપ છે. તેથી બંને સ્થળે સમાનતા હોવાથી ભેદ પાડવો યોગ્ય નથી. તેથી તમારી કપોળકલ્પનામાત્ર મુગ્ધજીવોને આનંદ આપનારી છે. આ પ્રમાણે ભાવ જાણવો. આ પ્રમાણે ૮૫ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૮૫॥

**उपोद्घातवचनकर्णिका**– अपवादप्राये कर्मणि न विधिः, किंतु यतनाभाग एव स्वच्छन्दप्राप्ततया तत्र मिश्रत्वं स्यादत्राह–

પાર્શ્વચન્દ્રીય મતકાર કહે છે કે–વિધિ અપવાદસ્વરૂપ કર્મમાં હોતી નથી, કિંતુ અપવાદ કાળે થતી ક્રિયાના યતના અંશને વિષે જ હોય છે. આપવાદિક ક્રિયાઓમાં પ્રવૃત્તિ સ્વેચ્છાથી પ્રાપ્ત છે. તેથી તે ક્રિયાઓમાં

મિશ્રપણું પ્રાપ્ત થાય છે. આનો પ્રત્યુત્તર આપતા ગ્રંથકાર કહે છે–

**पूर्णेऽर्थेऽपि विधेयता वचनतः सिद्धा लिङ्गर्थात्मिका,**
**भागे बुद्धिकृता यतः प्रतिजनं चित्रा स्मृता साऽऽकरे ।**
**नो चेज्जैनवचः क्रिया नयविधिः सर्वश्च मिश्रो भवेदित्थं**
**भेदमयं न किं तव मतं मिश्राद्वयं लुम्पति ।।८६।।**

**શ્લોકાર્થ–** યતનાને કારણે પૂર્ણઅર્થમાં ક્રિયામાં પણ લિંગર્થરૂપ (=વિધ્યર્થરૂપ) વિધેયતા વચનમાત્રથી જ સિદ્ધ છે. અંશે બુદ્ધિકૃત વિધેયતા રહેલી છે. તે વિધેયતા સ્યાદ્વાદરત્નાકરમાં પ્રત્યેક માનવની અપેક્ષાએ જુદી જુદી હોઈ શકે તેમ બતાવ્યું છે. જો તમે આ વાત ન સ્વીકારો તો જૈનસિદ્ધાંત અને ક્રિયાનયની બધી વિધિ મિશ્ર થાય. તેથી માત્ર મિશ્ર ધર્મ જ રહે. આ માત્ર મિશ્રપક્ષ તમારા(=પાર્શ્વચન્દ્રના) ભેદમય(=ધર્મ-અધર્મ અને મિશ્ર) પક્ષનો શું લોપ ન કરે ? અર્થાત્ અવશ્ય લોપ કરે..।।૮૬।।

## યતનાયુક્ત દ્રવ્યસ્તવની વિધેયતા.

**व्याख्या–** पूर्णेऽर्थेऽर्यमाणे यतनाविशिष्टे कर्मणि लिङ्गर्थात्मिका, लिङ्गर्थस्वरूपा विधेयता सिद्धाऽस्ति । केन ? वचनतः श्रुतिमात्रेण प्रवर्त्तनाया एव तदर्थत्वात् । या च बुद्धिकृता विधेयता विषयता विशेषरूपाऽस्ति सा भागे भवतु, न तावता क्षतिः । यतः प्रतिजनं प्रतिपाद्यं चित्रा स्थिता स्मृता । कस्मिन् ? आकरे स्याद्वादरत्नाकरे स्वपरव्यवसायि ज्ञानं प्रमाणमिति ।

**ભાવાર્થ–** યતનાયુક્તક્રિયા પૂર્ણઅર્થરૂપ છે, અને તેવી ક્રિયાની વિધેયતા શાસ્ત્રમાત્રથી સિદ્ધ છે. કારણ કે પ્રવર્તના જ તે વિધ્યર્થપ્રયોગોના અર્થરૂપ છે.

પોત પોતાની બુદ્ધિને અનુરૂપ વિશેષરૂપ એકભાગમાં વિધેયતા સ્વીકારવાથી દોષ નથી આવતો. કારણ કે શ્રોતાની પોતપોતાની બુદ્ધિને અનુરૂપ વિધેયતા ભિન્ન ભિન્ન હોય છે. તેમ સ્યાદ્વાદરત્નાકરમાં બતાવ્યું છે.

સ્યાદ્વાદરત્નાકરમાં પ્રમાણનું લક્ષણ જણાવતા કહ્યું છે કે– 'स्वपरव्यवसायिज्ञानं प्रमाणम्'=સ્વપરનો બોધ કરતું જ્ઞાન પ્રમાણ છે. (અર્થાત્ જે જ્ઞાન પોતાનો અને વસ્તુનો બોધ કરાવે તે જ્ઞાન પ્રમાણરૂપ છે.)

આ સ્થળે વિશેષણ અંશ અને વિશેષ્ય અંશ એમ બે અંશ છે. તેમાંથી જે અંશ પ્રસિદ્ધ હોય તે સિવાયનો અંશ વિધેય તરીકે સંમત છે. ઉભયાંશની અપ્રસિદ્ધિમાં ઉભયાંશ વિધેય બને છે.

**व्याख्या–** नो चेदेवं यतना क्रियाभागाभ्यां मिश्रत्वं तदा तत्प्रतिपादकं जैनं वचः क्रियानयविधिश्च सर्वो मिश्रो भवेत् । इत्थं च धर्मपक्षोऽपि ताभ्यां भागाभ्यां मिश्रो भवेदिति मिश्राद्वयं स्यात्, इतरद्वयलोपेन तदेक शेषात् । तथा च तन्मिश्राद्वयं तव मतं भेदमयं पक्षत्रयप्रतिपादकं कथं न लुम्पति ? **स्वशस्त्रं स्वोपघातायेति न्यायस्तवापन्न इति भावः** । इति द्वितीयभङ्गः समर्थितः ...२ ॥८६॥

**ભાવાર્થ–** જો તમે આમ ના સ્વીકારો તો દ્રવ્યસ્તવમાં "યતના" અને "ક્રિયા" આ બે અંશને આગળ કરી મિશ્રપણું સ્વીકારતાં દ્રવ્યસ્તવાદિ અંગેના ભગવાનના વચનો, તથા ક્રિયાનયને માન્યવિધિઓ આ બધાને મિશ્ર માનવાની આપત્તિ આવે. આમ ધર્મપક્ષ પણ જયણા અને ક્રિયા આ બે ભાગથી મિશ્ર બને. કારણ કે ધર્મપક્ષ અને અધર્મપક્ષ એ બેનો લોપ થવાથી મિશ્રપક્ષ જ બાકી રહે. આ રીતે તો તમારા ધર્માદિ ત્રણપક્ષના સ્થાપક વચનને જ બાધ આવે. આથી તમારે માટે તો પોતાનું શસ્ત્ર પોતાનો ઘાત કરે એવો ન્યાય થયો. આ પ્રમાણે ભાવ જાણવો. આ પ્રમાણે બીજા ભંગનું સમર્થન કર્યું..૨ આ પ્રમાણે ૮૬ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૮૬॥

**उपोद्घातवचनकर्णिका–** तृतीयपक्षमधिकृत्याह–

"અશુભભાવ અને શુભક્રિયા" મિશ્રપક્ષ સ્થાપક ત્રીજા ભાંગાને વિશે કહે છે–

**भावोऽधर्मगतः क्रियेतरगतेत्यत्रापि भङ्गे कथं,**
**मिश्रत्वं तमधर्ममेव मुनयो भावानुरोधाद् विदुः ।**
**भक्त्यार्हत्प्रतिमार्चनं कृतवता न स्पृश्यमानः**
**पुनर्भावश्चित्तमिवाग्रहाविलधिया पापेन संलक्ष्यते ॥८७॥**

**શ્લોકાર્થ–** "(ભાવ અધર્મસંબંધી અને ક્રિયા ધર્મસંબંધી)" આ ત્રીજા

વિકલ્પમાં પણ મિશ્રપણું કેવી રીતે ઘટશે ? કેમકે વિદ્વાનમુનિઓ ભાવના અશુભપણાથી તેને અધર્મ જ કહે છે. જેમ દુરાગ્રહથી મલિન બુદ્ધિવાળા પુરુષોનું ચિત્ત પાપથી સ્પર્શ પામેલું જણાય છે, તેમ ભક્તિથી જિનપ્રતિમા પૂજા કરતા ભવ્યજીવોનો ભાવ પાપના સ્પર્શવાળો થતો નથી..॥૮૭॥

## અશુભ ભાવ-શુભક્રિયા મિશ્રતાનું
## ખંડન - તૃતીયપક્ષ

**व्याख्या**—भावोऽधर्मगतः, क्रिया इतरगता धर्मगता इत्यत्रापि तार्तीयिके भङ्गे मिश्रत्वं कथं स्यात् ? यतो भावानुरोधात्तं अधर्ममेव मुनयो विदुः दुष्टभावपूर्विकाया विहितक्रियाया अपि प्रत्यवायबहुलत्वेनाधर्मत्वात् । अत एव निह्नवादीनां निर्ग्रन्थरूपस्य दुरन्तरसंसारहेतुत्वेनाधर्मत्वमिति ।

**ભાવાર્થ**– "ભાવ અધર્મગત અને ધર્મગતક્રિયા અહીં ત્રીજા વિકલ્પમાં મિશ્રપણું ક્યાંથી થાય ? કેમકે ભાવના અશુભપણાથી જ તેને મુનિઓ અધર્મ કહે છે. દુષ્ટભાવપૂર્વક કરેલી વિહિત ક્રિયા પણ ઘણા અનર્થોને કરનારી છે. તેથી તે અધર્મરૂપ છે. આથી જ નિહ્નવ વગેરેનું નિર્ગ્રંથરૂપ(પણું) દુરંતસંસારના કારણરૂપ બને છે તેથી તે અધર્મરૂપ જ છે.

**व्याख्या**– अथ भक्त्या उपलक्षणात् विधिना च अर्हत्प्रतिमार्चनं कृतवतां भव्यप्राणिनां भावः पापेन न स्पृश्यमानः संलक्ष्यते । व्यतिरेक दृष्टांतमाह किमिव चित्तमिव, यथाऽऽग्रहाविलधियां अभिनिवेशमलीमसबुद्धिनां चित्तं पापेन स्पृश्यमानं संलक्ष्यते तथा न भक्तिकृतां भाव इति योजना ।

**ભાવાર્થ**– હવે ભક્તિથી અને વિધિવડે જિનપૂજા કરતાં ભવ્યજીવોનો ભાવ પાપવડે સ્પર્શ પામતો જોવામાં આવતો નથી. તેથી અશુભભાવ અને શુભક્રિયાના મિશ્રણવાળો ત્રીજો ભાંગો ઘટતો જ નથી. હવે પાપભાવ ન દેખાવામાં વ્યતિરેક દૃષ્ટાંત જણાવે છે. જેવી રીતે અભિનિવેશથી કલુષિત બુદ્ધિવાળાનું ચિત્ત પાપથી સ્પર્શ પામેલું જોવા મળે છે તેમ ભક્તિ કરનારનું ચિત્ત પાપથી સ્પર્શ થયેલું જોવા મળતું નથી. આ પ્રમાણે યોજના કરવી.

**व्याख्या**– अथ पुष्पाद्युपमर्दयामि ततः प्रतिमां पूजयामि इति भावः पापस्पृष्टो लक्ष्यते एवेति चेत् तर्हि नदीजलजीवान् उपमृद्नामि इति । ततो

नदीमुत्तीर्य विहारं कुर्वे इति साधोऽपि दुष्टः स्यात् इति तृतीयभङ्गः निराकृतः ३ ॥८७॥

**ભાવાર્થ–પ્રશ્ન**-"હું પુષ્પ વિગેરેની હિંસા કરું છું. અને પ્રતિમાનું પૂજન કરું છું." આવા પ્રકારનો પ્રતિમાપૂજન કરનાર શ્રાવકનો ભાવ પાપથી ખરડાયેલો સ્પષ્ટ દેખાય છે. તેનો પ્રત્યુત્તર આપતા ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે તો "હું નદીના પાણીના જીવોનું ઉપમર્દન કરું છું. અને પછી નદી ઉતરી વિહાર કરૂં છું." એવા પ્રકારનો સાધુનો ભાવ પણ દુષ્ટ થાય. આ પ્રમાણે ત્રીજા વિકલ્પનું નિવારણ કર્યું. આ પ્રમાણે ૮૭ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..૮૭

**उपोद्घातवचनकर्णिका**– तुरीयं विकल्पमपि निराकुर्वन्नाह-

ચોથા વિકલ્પનું પણ નિરાકરણ કરતા કહે છે–

**धर्माधर्मगते क्रिये च युगपद्दत्तो विरोधं मिथो,**
**नाप्येते प्रकृतस्थले क्वचिदतस्तुर्योऽपि भङ्गो वृथा ।**
**शुद्धाशुद्ध उदाहृतो ह्यविधिना योगोऽर्चनाद्यश्च यः**
**सोऽप्येको व्यवहारदर्शनमतो नैव द्वयोर्मिश्रणात् ॥८८॥**

**શ્લોકાર્થ**– એક સાથે ધર્મગતક્રિયા અને અધર્મગતક્રિયા આ ચોથો વિકલ્પ છે. તેમાં બંને ક્રિયા પરસ્પર વિરોધ ધારણ કરે છે. તેથી તે બંને ક્રિયા પ્રસ્તુત પ્રતિમાપૂજન સ્થળે તો ક્યારેય નથી. આથી ચોથો વિકલ્પ પણ વ્યર્થ છે. અવિધિવડે જિનપૂજાદિનો જે શુદ્ધાશુદ્ધ યોગ કહેવાયો છે તે પણ વ્યવહારનયથી જ કહેવાયો છે. તેથી એક જ છે. પણ બંને ક્રિયાના મિશ્રણથી નથી...॥૮૮॥

## શુભાશુભક્રિયા મિશ્રતા વિરુદ્ધ.

**व्याख्या**– धर्माधर्मगते च क्रिये मिथो युगपत् विरोधं दत्तः, भिन्नविषयक्रियाद्वयस्य एकसमयनिषिद्धत्वात् । अपि पुनः एते धर्माधर्मगतक्रिये कर्तृपदं प्रकृतस्थले द्रव्यस्तवस्थाने क्वचित् न स्तः । अतः कारणात् तुर्योऽपि भङ्गो वृथाऽस्ति मिश्रपक्षसमर्थनाय मृषोपन्यास इति ।

**ભાવાર્થ**– એકી સાથે ધર્મગતક્રિયા અને અધર્મગતક્રિયા પરસ્પર વિરોધ

ધારણ કરે છે. કારણ કે એક સમયે ભિન્નવિષયવાળી બે ક્રિયાઓનો શાસ્ત્રમાં નિષેધ છે. વળી આ ધર્મસંબંધી ક્રિયા અને અધર્મસંબંધી ક્રિયા પ્રસ્તુત દ્રવ્યસ્તવ સ્થાને ક્યારે ય ન હોય. આ કારણથી ચોથો ભાંગો પણ નકામો છે. મિશ્રપક્ષનું સમર્થન કરવા માટે ખોટો ઉપન્યાસ કર્યો છે.

**व्याख्या**– शुद्धाशुद्धयोगः शास्त्रोक्त एवेति तत्र तुर्यभङ्गावकाशः किं न स्यादत्राह-हि निश्चितं अविधिना जिनार्चनाद्यश्च यः शुद्धाशुद्धो योग उदाहृतः कथितोऽस्ति, सोऽपि योगः व्यवहारदर्शनमतः अस्ति, द्वयोर्मिश्रणात् नैवास्ति शुद्धाशुद्धयोर्विरोधात् इति दत्तो मिश्रपक्षजलाञ्जलिरिति चतुर्थभङ्गो निराकृतः ॥८८॥

**ભાવાર્થ**– કોઈ શંકા કરે કે શાસ્ત્રમાં શુદ્ધાશુદ્ધ યોગ કહેલો છે તો પછી, ચોથો વિકલ્પ કેમ ન ઘટે ? અહીં ગ્રંથકાર કહે છે-અવિધિથી થતા જિનપૂજાદિ યોગો શુદ્ધાશુદ્ધયોગરૂપે જે દર્શાવ્યા છે તે માત્ર વ્યવહારનયનો મત છે. કેમકે ભ્રમ અને પ્રમારૂપ અંશથી યુક્ત જ્ઞાનના શુદ્ધાશુદ્ધ અંશે જ અહીં યોગમાં શુદ્ધાશુદ્ધ મિશ્રતા સંભવે છે. પણ શુદ્ધયોગ અને અશુદ્ધયોગના મિશ્રણથી થતા નથી. કેમકે એક જ સ્થળે શુદ્ધયોગ અને અશુદ્ધયોગ સંભવતો નથી. આમ પાર્શ્વચન્દ્રમતના ચારે વિકલ્પરૂપ પાયા તૂટી ગયા. તેથી મિશ્રપક્ષને જલાંજલિ આપી દીધી. આમ ચોથાવિકલ્પનું પણ નિરાકરણ થઈ ગયું. આ પ્રમાણે ૮૮મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૮૮॥

**उपोद्घातवचनकर्णिका**– निश्चयतस्तु शुद्धाशुद्धयोगो नास्त्येवेत्याह-

નિશ્ચયનયના મતે તો શુદ્ધાશુદ્ધયોગ નથી જ. તે જણાવતાં કહે છે કે–

**भावे द्रव्यतया द्विधा परिणतिः प्रस्पन्दरूपाः स्मृता,**
**योगस्तत्र तृतीयराश्यकथनाद्येषु नो मिश्रता ।**
**नैवान्त्येष्वपि निश्चयादिति विषोद्गारः कथं ते भ्रमो,**
**निष्पीता किमु न क्षमाश्रमणगीः सद्भाष्यसिन्धोः सुधा ॥८९॥**

**શ્લોકાર્થ**– પરિણતિ અને પ્રસ્પંદરૂપ અનુક્રમે ભાવ અને દ્રવ્ય એમ

બે પ્રકારના યોગો કહ્યા છે. ત્યાં ત્રીજી રાશિના યોગો કહ્યા નથી. આથી આદ્ય(=ભાવ) યોગમાં મિશ્રતા નથી. એ જ પ્રમાણે નિશ્ચયથી અન્ત્ય(=દ્રવ્ય) યોગમાં પણ મિશ્રતા નથી. તો પણ તને આવા પ્રકારનો વિષના ઉદ્ગારરૂપ ભ્રમ કેમ છે ? શું વિશેષ આવશ્યકભાષ્યરૂપ સાગરમાંથી અમૃતપાન સમાન શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણીનું પાન નથી કર્યું ?..॥૮૯॥

## નિશ્ચયથી શુભાશુભમિશ્રયોગની અસંગતિ.

**व्याख्या–** परिणतिः मनोवाक्काययोगनिबन्धाध्यवसायरूपं भावकरणं परिणतिः मनोवाक्कायद्रव्योपष्टम्भजनिता या बाह्यक्रियाः परिस्पन्दरूपास्तल्लक्षणाः योगाः भावद्रव्यतया द्विधा स्मृताः । परिणतिरपि द्विधा योगा अपि द्विधा इत्यर्थः।

**ભાવાર્થ–** મન-વચન-કાયાનાં યોગોમાં કારણભૂત અધ્યવસાયરૂપ ભાવપરિણતિ છે. મન-વચન-કાયદ્રવ્યના સહારે ઉત્પન્ન થતી બાહ્યક્રિયા પરિસ્પદનરૂપ છે. આ બે અનુક્રમે ભાવયોગ અને દ્રવ્યયોગરૂપ છે. પરિણતિ પણ બે પ્રકારે છે. અને શુભયોગ તથા અશુભયોગ એમ યોગ પણ બે પ્રકારે છે.

**व्याख्या–** तत्र आद्येषु भावयोगेषु मिश्रता नो भवति । कस्मात् ? तृतीयराशेः अकथनात् शुभान्यशुभानीति द्विविधान्येवाध्यवसायस्थानान्युक्तानि, न तु तृतीयो राशिरिति । अन्त्येषु द्रव्ययोगेष्वपि निश्चयात् मिश्रता नैव भवति इत्येवं ते तव को भ्रमो भ्रान्तप्रयोगो विषोद्गारं अस्ति ।

**ભાવાર્થ–** ત્યાં પ્રથમ ભાવયોગમાં શુભાશુભમિશ્રરૂપ મિશ્રતા થતી નથી. તેથી ભાવયોગ મિશ્રરૂપ નથી. કારણ કે શુભાશુભ મિશ્રરૂપ ત્રીજો પ્રકાર બતાવ્યો નથી. આ પ્રમાણે બે પ્રકારના જ અધ્યવસાયસ્થાનો કહેલા છે. દ્રવ્યયોગમાં પણ નિશ્ચયનયના મતે મિશ્રતા સંભવતી નથી. આ પ્રમાણે અર્થનું સ્પષ્ટીકરણ કરાયેલું હોવાથી આ બાબતમાં તને ભ્રાન્તવચનરૂપ વિષનો ઓડકાર કેમ છે ?

**व्याख्या–** किमु क्षमाश्रमणगीः जिनभद्रक्षमाश्रमणवाणी न निष्पीता ?। कीदृशी वाणी ? सद्भा० सद्भाष्यं यद्विशेषावश्यकं तदेव सिन्धुः समुद्रः तस्य

**व्याख्या–** कथंभूतैरस्माभिः ? स्वात्मेति स्वात्मा एवारामोऽत्यन्तसुखहेतुत्वात् नन्दनवनं यत्र तादृशः, स्वात्मानं आरामयति समन्तात् क्रीडयति तादृशो वा यः समाधिः शुभोपयोगरूपः संप्रज्ञातः अपश्चिमविकल्पनिर्वचनद्रव्यार्थिकोपयोगजनितो लेशतो वा संप्रज्ञातो लयरूपः तेन बाधितो बाधिताऽनुवृत्त्या स्थापितो भवः संसारो यैस्तादृशैरिति । पुनः कथंभूतैरस्माभिः निश्चयं नयं प्राप्तैः, कर्तरि क्तप्रत्ययः । क्वचित् ''**समाध्यबाधितसुखैः** इति पाठान्तरम् ॥९७॥

**ભાવાર્થ–** કેવા પ્રકારના અમારા વડે ? "स्वात्म" इति, આત્મા સુખનું કારણ હોવાથી આત્માને નંદનવનની ઉપમા આપી છે. જેમાં આત્મા જ નંદનવન સમાન બને છે એવી સમાધિ, અથવા પોતાના આત્માને જ ચોતરફ ક્રીડા કરાવનારી સમાધિ, સમાધિ શુભોપયોગરૂપ છે. અર્થાત્ આત્મામાં જ રમતો અને આત્માને આનંદ ઉપજાવતો શુભોપયોગ સમાધિ છે. આને સંપ્રજ્ઞાત પણ કહે છે. સમાધિના છેલ્લા વિકલ્પભૂત અને વચનરહિતના-અર્થાત્ ચરમવિકલ્પથી ઉલ્લેખનીય દ્રવ્યાર્થિક ઉપયોગથી ઉત્પન્ન કરાયેલો લેશથી લયરૂપ સંપ્રજ્ઞાતસમાધિ જ નિશ્ચયભક્તિ છે.

આ સમાધિથી અમોએ સંસારને બાધિતરૂપે સ્થાપ્યો છે=અમને સંસાર જ ભાસતો નથી. અર્થાત્ પરમાત્મસ્વરૂપના ધ્યાનમાં મસ્તી માણતા આત્મરમણતારૂપ સમાધિમાં ચડી ગયા. વળી નિશ્ચયનયને પામેલા અમારા વડે, અર્થાત્ નિશ્ચયનયની ભક્તિને પામેલા અમારા વડે. (આવા અમારા વડે, દૂષ્ય, દૂષક, દૂષણ એ ત્રણ જોવાતા જ નથી. અહીં કર્તરિમાં 'क्त' પ્રત્યય લાગ્યો છે. કોઈક સ્થળે "સમાધિ વડે અબાધિત સુખવાળા" આ પ્રમાણે પાઠાન્તર છે. આ પ્રમાણે ૯૭ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.॥૯૭॥

**उपोद्घातवचनकर्णिका–** अथ साक्षात्स्तुतिमेवाह–

હવે ગ્રંથકાર શ્લોકોદ્વારા સાક્ષાત્ સ્તુતિ કરતાં કહે છે–

**दर्शं दर्शमवापमव्ययमुदं विद्योतमाना लसद्विश्वासं,**

**प्रतिमामकेन रहित ! स्वां ते सदानन्द ! याम् ।**

**सा धत्ते स्वरसप्रसृत्वरगुणस्थानो चितामानमद्विश्वा सम्प्रति**
**मामके नरहित ! स्वान्ते सदानं दयाम् ॥९८॥**

**શ્લોકાર્થ–** હે સર્વપાપમુક્ત પ્રભુ ! હે સદાનંદમય નાથ ! તમારી પ્રતિમા જોઈ જોઈ હું મારા હૃદયમાં વ્યય ન પામે તેવો=(અક્ષય) હર્ષ પ્રતિક્ષણ વધતા વિશ્વાસપૂર્વક પામ્યો છું. હે મનુષ્યને હિતકારી પ્રભુ! વિશ્વથી નમાયેલી અને વિશેષથી શોભતી તે પ્રતિમા હાલમાં મારા હૃદયમાં ઉપાધિરહિત વર્ધમાનગુણસ્થાનને યોગ્ય દાનસહિત દયાને પુષ્ટ કરે છે..॥૯૮॥

## "દયા સાધન પ્રતિમા"

## શ્રી શંખેશ્વરસ્વામીની હર્ષોલ્લાસપૂર્વક ભક્તિસ્વરૂપ દર્શન.

**व्याख्या–** हे [1]अकेन रहित ! सर्वदुःखविप्रमुक्त !। अत एव हे सदानन्द! ध्वंसाप्रतियोग्यानन्द ! ते तव प्रतिमां त्वन्मूर्त्तिं या दर्शं दर्शं दृष्ट्वा दृष्ट्वा प्रतिक्षणप्रवर्धमानशुभपरिणामोऽहं अव्ययमुदं विगलितवेद्यान्तरपरब्रह्मास्वाद-सोदरशान्तरसास्वादं अवाप प्रापं । कस्मिन् ? मामके स्वान्ते मम हृदये । कथं ? लसद्विश्वासं लसन् विश्वासो यत्र यस्यां क्रियायां ।

**ભાવાર્થ–** હે સર્વદુઃખથી મુક્ત પ્રભુ ! અને તેથી જ સદા આનંદમય =ક્યારેય નાશ ન પામે એવા આનંદને અનુભવનારા હે પ્રભુ ! તમારી પ્રતિમાને વારંવાર જોતાં જોતાં ક્ષણે ક્ષણે મારા શુભપરિણામો પ્રવર્ધમાન બનતા ગયા, આત્મા શુભપરિણામમય બનવાથી બાહ્યપદાર્થોની અંદર હર્ષ કે ભયાદિની લાગણીઓ રહેતી નથી. પરિણામે મારા હૃદયમાં શ્રેષ્ઠ આત્મસ્વરૂપના સંવેદનની અનુભૂતિ કરાવનાર પ્રશમરસના પરમ આસ્વાદની પ્રાપ્તિ થઈ. કેવી રીતે ? અખૂટ વિશ્વાસદ્વારા. જે વિશ્વસનીય વસ્તુ છે તેમાં વિશ્વાસ રાખવાથી જ પરમાનંદરૂપ સમાધિની પ્રાપ્તિ થાય છે.

**व्याख्या–** कीदृशीं प्रतिमां ? स्वां सद्भावस्थापनामित्यर्थः । हे नरहित ! मनुष्यहितकारिन् ! सा तव प्रतिमा सम्प्रति दर्शनजन्यभावनाप्रकर्षकाले सदानं दयां अभयदानसहितं दयावृत्तिं पोषयति ।

**ભાવાર્થ–** તે પ્રતિમા સદ્ભાવસ્થાપનારૂપ છે. હે મનુષ્યનું હિત

१. अकेन=दुःखेन.

કરનારા પ્રભુ ! તારી પ્રતિમા હમણાં દર્શનથી પ્રગટેલી ભાવનાના પ્રકર્ષકાળે મારી અભયદાન સહિત દયાવૃત્તિને પુષ્ટ કરે છે.

**व्याख्या**– कीदृशीं दयां ? स्वरस० स्वरसप्रसृत्वरं अनुपाधि प्रवर्धमानं यद्गुणस्थानं तदुचितां तदनुरूपां अनुग्राह्यानुग्राहकतयोर्द्वयोस्तुल्यवृत्तित्वात् । सा कीदृशी ? आनमद्विश्वा आनमत् विश्वं यां सा तथा । अत एव विद्योतमाना विशेषेण भ्राजमाना ।

**ભાવાર્થ**– તે દયા કેવા પ્રકારની છે ? પરોપાધિ વિના સ્વતઃ પ્રવર્ધમાન ગુણસ્થાનને ઉચિત દયા જાણવી. કેમકે દયાનો અનુગ્રહકર્તા પરમાત્મા છે. અને તે ઉચિત પ્રવૃત્તિ કરનારા છે. તેથી જે કાળે જે ગુણમાં જે દ્રવ્યાદિમાં રહેલા પુરુષને જે યોગ્ય હોય તે કાળે તે ગુણમાં, તે દ્રવ્યમાં રહેલા તે યોગ્ય પુરુષને તે યોગ્યનો નિર્દેશ કરવારૂપ પ્રવૃત્તિ કરે છે. આ જ પરમાત્માની અનુગ્રાહક યોગ્યતા છે. તે જ રીતે પરમાત્માના અનુગ્રહને ઝીલનાર આત્મા પણ અપ્રમત્ત અવસ્થામાં હોવાથી સ્વોચિત દયા વગેરે જ અનુગ્રહકર્તા પાસેથી ગ્રહણ કરશે. આ જ તેની અનુગ્રાહ્ય યોગ્યતા છે. આ રીતે અનુગ્રાહકયોગ્યતા અને અનુગ્રાહ્યયોગ્યતા આ બન્ને સમાનરૂપે ઉચિતવૃત્તિવાળી છે. વળી તે દયા વિશ્વથી નમાયેલી છે. તેથી જ (વિદ્યોતમાન=) વિશેષથી શોભતી છે.

**व्याख्या**– **यमकालङ्कारः ''अर्थे सत्यर्थभिन्नानामावृत्तिर्यमकं''** इति लक्षणम् ॥९८॥

**ભાવાર્થ**– આ શ્લોકમાં યમક અલંકાર છે. આ અલંકારનું લક્ષણ આ છે. "અભિધેયનો સદ્ભાવ હોય ત્યારે ભિન્ન અર્થવાળા શબ્દોનો અક્ષરોનો પૂર્વના ક્રમથી ફરીથી આવર્તન યમક કહેવાય." અર્થાત્ એક જ શ્લોકમાં શબ્દો અથવા અક્ષરોની પુનરાવૃત્તિ હોય, પણ અર્થમાં ભિન્નતા હોય તે યમક અલંકાર છે. આ પ્રમાણે ૯૮ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૯૮॥

**त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरं,**
**त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा ।**

**तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्मदस्मत्पदोल्लेखः**
**किञ्चिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम् ।।९९।।**

**શ્લોકાર્થ–** તમારા બિંબને હૃદયમાં ધારણ કર્યા પછી બીજું કોઈ પણ આકાર તથા બીજા કોઈપણ રૂપની સ્ફૂરણા થતી નથી. પછી તારા રૂપનું ધ્યાન ધરવાથી પૃથ્વી ઉપર રૂપમાત્રની પ્રસિદ્ધિ રહેતી નથી. તેથી તારા અને મારા વચ્ચેની અભેદબુદ્ધિના ઉદયથી "તું-હું" એવા પદનો ઉલ્લેખ પણ રહેતો નથી. પણ કાંઈક શ્રેષ્ઠ અગોચર પરમચૈતન્યમય જ્યોતિ સ્ફૂરાયમાન થાય છે...।।૯૯।।

**ધ્યાનનું શ્રેષ્ઠાલંબન પ્રતિમા-પરમચૈતન્યમય જ્યોતિની સ્ફૂરણા.**

**व्याख्या–** तव बिम्बं त्वद्बिम्बं तस्मिन् हृदि विशेषेण धृते सति प्रागेव सुतरां रूपान्तरं आकारान्तरं न स्फुरति न स्मृतिकौटिमाटीकते, त्वद्बिम्बेन त्वदन्यस्य स्मृतिपथारोहायोगात् त्वद्बिम्बमेव च तादृशं प्रकृतिरमणीयं येनान्य-बिम्बमेव दृक्पथे नागन्तुं दीयते ।

**ભાવાર્થ–** હે જિનેશ્વરપ્રભુ ! તારું બિંબ હૃદયરૂપી સિંહાસન ઉપર બિરાજમાન કરવાથી બીજા તમામ રૂપોનું વિસ્મરણ થઈ જાય છે. તારું બિંબ મને તારી જ યાદ અપાવે છે. તારી યાદ, તારી ભક્તિમાં લીન બનેલા મને જગતના અન્ય કોઈ પદાર્થોની યાદ આવતી નથી. કેમકે તારું બિંબ સ્વભાવથી જ ખૂબ રમણીય છે. જેથી બીજા બિંબોને દૃષ્ટિપથ પર આવવા દેતું નથી.

**व्याख्या–** ततः त्वद्बिम्बालम्बनध्यानानन्तरं त्वद्रुपेऽनुस्मृते ध्याते सति भुवि रूपमात्रप्रथा न भवेत्, सर्वेषां रूपाणां ततो निकृष्टत्वात्, सर्वोत्कृष्टत्वेनैव च त्वद्रूपस्य ध्येयत्वात् ।

**ભાવાર્થ–** આ પ્રમાણે તારા બિંબના આલંબનધ્યાનથી આગળ વધતા તારારૂપનું ધ્યાન પ્રાપ્ત થાય છે. અને તે વખતે પૃથ્વી ઉપરના સઘળારૂપો અદૃશ્ય થાય છે. કેમકે તે સઘળા રૂપો તારા રૂપ આગળ તુચ્છ છે. અને તારું રૂપ સર્વોત્કૃષ્ટ છે. તેથી ધ્યેય બને છે.

**व्याख्या–** ततः तस्मात् तवद्रूपध्यानात् द्रव्यगुणपर्यायसादृश्येन निश्चयतः

શ્રાવકમાર્ગને પણ સર્વદુઃખના ક્ષયના માર્ગ તરીકે દર્શાવ્યો છે. આ જ પ્રમાણે જેમ મિથ્યાદૃષ્ટિ જીવોની દ્રવ્યથી પણ દેખાતી વિરતી વાસ્તવમાં અવિરતિ જ છે. કેમકે તેઓમાં સમ્યક્ત્વનો અભાવ છે. (અને તેથી આ દ્રવ્યતઃ વિરતિ પણ તે મિથ્યાત્વીઓને બાળ જીવ તરીકેનો વ્યપદેશ કરાવવામાં જ કારણભૂત છે. તે જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવની ધર્મકાર્યોમાં દ્રવ્યની અવિરતિ દેખાય છે. પરંતુ પોતાનામાં રહેલા વિરતિના અંશને કારણે તેઓ આંશિક પંડિત તરીકેનો વ્યપદેશ પામે છે. અને આ વ્યપદેશમાં તે સમ્યગ્દૃષ્ટિ જીવોમાં રહેલી આ દ્રવ્યતઃ અવિરતિ પ્રતિબંધક બનતી નથી. કેમકે આ અવિરતિ માત્ર દ્રવ્યરૂપ હોવાથી જ નિષ્ફળ છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિશ્રાવકોમાં રહેલો વિરતિઅંશ ભાવથી છે જ્યારે અવિરતિ અંશ માત્ર દ્રવ્યથી=વ્યવહારથી છે. કેમકે તેઓનો વિરતિ પ્રત્યે ઝુકાવ છે, હાર્દિક રાગ છે. જ્યારે અવિરતિ પ્રત્યે ડંખ છે, અણગમો છે. માત્ર કેટલીક મજબૂરીઓ અને નબળાઈઓ જ તેમને અવિરતિમાં જકડી રાખે છે. ઈત્યાદિ મુદ્દા ખૂબ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા. એટલો ખ્યાલ રાખવો કે અવિરતિના પ્રાણાતિપાત વગેરે અઢારસ્થાનકોમાંથી કોઈ એક અંશની હાજરી હોય, તો પણ તેના વિરોધીધર્મ અંશની જો ઉત્કટતા હોય, તો તે ધર્મઅંશ પેલા પાપસ્થાનને દબાવી પોતે જ ઉત્કૃષ્ટપણે વર્તે છે. અર્થાત્ ઉત્કટ ધર્મઅંશની હાજરીમાં રહેલા પાપસ્થાનરૂપી દોષો હણાઈ જાય છે, અને તેથી તે ધર્મપક્ષ તરીકે માન્ય બને છે.

**व्याख्या–** ततोऽस्य गृहिणः विशेषेक्षिणां विशेषदर्शिनां पूजापौषधयोस्तुल्यता किमु न व्यक्ता ? अपि तु व्यक्ताऽस्ति । कस्मात् ? वाग्व्यवहारतो मिश्रपक्षस्य निश्चयतश्च धर्मत्वस्य हेतोरिति । सूत्रकृते हि पक्षत्रयव्याख्यानं मूलवृत्तितो ज्ञेयं ॥९१॥

**ભાવાર્થ–** તેથી વિશેષ જોનારા પુરુષોની દૃષ્ટિએ ગૃહસ્થોની પૂજા અને પૌષધમાં શું તુલ્યતા સ્પષ્ટ નથી ? અર્થાત્ સ્પષ્ટ જ છે. માત્ર વચનવ્યવહારથી કહેવાતો મિશ્રપક્ષ પણ નિશ્ચયથી તો ધર્મરૂપ જ છે. એમ સૂત્રકૃતાંગમાં ત્રણપક્ષનું વ્યાખ્યાન કરેલું છે. તે ત્યાંથી મૂળવૃત્તિથી જાણી લેવું. આ પ્રમાણે ૯૧ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૯૧॥

**उपोद्घातवचनकर्णिका**– अत्र हि कुतीर्थिकदृष्ट्यनुगत आचारोऽधर्मः स्वसमयानुगतश्च धर्मः प्रतीयते इति एतत्सर्वमभिप्रेत्य भक्तिरागप्रतिबन्द्या द्रव्यस्तवे धर्मपक्षं बलात्परमङ्गीकारयन्नाह–

અહીં અધર્મપક્ષમાં પરપાખંડી અને મિથ્યાત્વીઓનો જ સમાવેશ કર્યો છે. તેથી બાકી રહેલા અવિરતસમ્યક્ત્વી વગેરેનો અર્થથી ધર્મપક્ષમાં જ સમાવેશ કર્યો છે. તેથી કુતીર્થિકઆદિ ગત આચાર અધર્મ છે. અને સ્વસિદ્ધાંતને અનુગત આચાર ધર્મરૂપ છે એમ પ્રતીત થાય છે. આ સર્વવાત સ્વીકારી ભક્તિરાગની પ્રતિબન્દિથી દ્રવ્યસ્તવમાં ધર્મપક્ષનો બીજા પાસે બળાત્કારે સ્વીકાર કરાવતા કહે છે–

**हिंसांशो यदि दोषकृत्तव जड द्रव्यस्तवे केन तन्-**
**मिश्रत्वं यदि दर्शनेन किमु तद्भोगादिकालेऽपि न ।**
**भक्त्या चेन्ननु साऽपि का यदि मतो रागो भवाङ्गं तदा,**
**हिंसायामपि शस्तता नु सदृशीत्यत्रोत्तरं मृग्यते ॥९२॥**

**શ્લોકાર્થ**– હે જડ ! જો તારા મતે હિંસાનો અંશ જો દ્રવ્યસ્તવમાં દોષ(=મિશ્રપણું) કરનાર છે. તો કોની સાથે તેનું મિશ્રપણું થાય ? જો સમકિતની સાથે મિશ્રપણું હોય તો વિષય વગેરેના ભોગાદિકાળમાં તે મિશ્રપણું કેમ ન થાય ? અને જો ભક્તિ સાથે મિશ્રપણું હોય તો તે ભક્તિ કેવી ? "જો રાગરૂપ હોય તો તે સંસારનું કારણ થાય, પ્રશસ્તરાગરૂપ હોવાથી ભક્તિ સંસારનું કારણ નથી પણ પ્રશંસનીય છે." એમ કહેશો, તો દ્રવ્યસ્તવમાં રહેલી હિંસા પણ સમાનપણે પ્રશસ્ત કેમ ન કહેવાય. અહીં તમે શી રીતે ઉત્તર આપશો.. ॥૯૨॥

## [1]શ્રમણોપાસકને દ્રવ્યસ્તવનો અધિકાર નથી એમ પાર્શ્વચન્દ્રમતનું નિરાકરણ કરવા

૧. પાર્શ્વચન્દ્રકલ્પિત છ પુરુષવિભાગ- "આનાથી છ પુરુષોના પ્રદર્શન દ્વારા શ્રમણોપાસકને દ્રવ્યસ્તવનો અધિકાર નથી." એમ દર્શાવતા પાર્શ્વચન્દ્રના મતનું નિરાકરણ કર્યું. પાર્શ્વચન્દ્રનો મત આ પ્રમાણે છે. (૧) સર્વતઃ અવિરત. (૨) અવિરત (૩) વિરતાવિરત (૪) સર્વતઃ વિરતાવિરત (૫) શ્રમણોપાસક = દેશવિરત અને (૬) સર્વવિરત. આમ છ પ્રકારના પુરુષો છે.

## ગ્રંથકારે કહેલા કાવ્યનો નિર્દેશ.

**व्याख्या–** हे जड ! यदि द्रव्यस्तवे हिंसांशो दोषकृत् मिश्रत्वकृत् स्यात्, तदा केन तन्मिश्रत्वं भवेत् । न तावद्देशसंयमेन चतुर्थगुणस्थानेऽगतेः । यदि च दर्शनेन सम्यक्त्वेन मिश्रत्वं तदा भोगादिकालेऽपि तन्मिश्रत्वं किं न स्यात् ?

**ભાવાર્થ–** હે જડ ! જો દ્રવ્યસ્તવમાં હિંસાનો અંશ દોષકારક એટલે મિશ્રત્વ કરનારો હોય તો તે મિશ્રપણું કોની સાથે થાય ? દ્રવ્યસ્તવમાં રહેલી હિંસાને દેશસંયમ સાથે મિશ્ર થયેલી માની શકાય નહિ, કેમકે ચોથાગુણસ્થાનકે રહેલાના દ્રવ્યસ્તવમાં એ મિશ્રપણું ઘટી શકતું નથી. જો સમ્યગ્દર્શનની સાથે મિશ્રપણું થાય તો તેને ભોગાદિકાલે પણ મિશ્રપણું કેમ ન ઘટે ?

**व्याख्या–** चेद्यपि भक्त्या मिश्रत्वं त्वयोच्यते, तर्हि सापि भक्तिरपि च का ? यदि रागो मतस्तदा भवाङ्गं रागद्वेषयोरेव संसारमूलत्वात् तदा द्वाभ्यां संसारान्तर्गताभ्यां अधर्मपक्ष एवोत्कटः स्यादिति को मिश्रावकाशः ?

**ભાવાર્થ–** જો તમે ભક્તિ સાથે મિશ્રપણું કહેતા હો તો તે ભક્તિ પણ કેવી ? જો ભક્તિ રાગરૂપ છે એમ માનો તો તે સંસારનું કારણ બને. કેમકે રાગદ્વેષ સંસારના મૂળ કારણો છે. તેથી ભક્તિ અને હિંસાનું મિશ્રણ રાગ અને દ્વેષના મિશ્રણરૂપ હોવાથી સંસારનું પ્રબળ કારણ બને છે. તેથી તે મિશ્રણ ઉત્કટ અધર્મરૂપ જ બને તો પછી મિશ્રનો અવકાશ ક્યાંથી સંભવે ?

**व्याख्या–** प्रशस्तरागत्वाद्भक्तिर्न भवाङ्गमिति चेत्तर्हि द्रव्यस्तवानुगता हिंसायामपि शस्तता सदृशी अस्ति । अत्र तव किमुत्तरमिति मृग्यते, तत्र च सम्यगुत्तरं वर्षसहस्रेणापि न परेण दातुं शक्यमिति मोक्षार्थिभिरस्मदुक्त एव पन्थाः श्रद्धेयः । एतेन षट्पुरुषीप्रदर्शनेन श्रमणोपासकानां न द्रव्यस्तवाधिकार इति कापुरुषस्य पाशस्य मतं निरस्तं ।

**ભાવાર્થ– શંકાકાર-ભક્તિ એ પ્રશસ્તરાગ છે. તેથી સંસારકારણ નથી.**

**સમાધાન-** જો ભક્તિ પરમાત્માને અનુલક્ષીને કરાતી હોવાથી પ્રશસ્ત

છે. તો પરમાત્માને અનુલક્ષીને કરાતા દ્રવ્યસ્તવમાં રહેલી હિંસા પણ પ્રશસ્ત કેમ ન ગણાય ? અહીં તારો શો જવાબ ? આ પ્રમાણે શી યાચના કરીએ. પાર્શ્વચન્દ્રના મતવાળાઓ હજાર વર્ષ સુધી વિચાર કરીને પણ આ પ્રશ્નનો જવાબ આપવાને શક્તિમાન નથી. આથી મોક્ષાર્થીઓએ અમે કહેલો જ માર્ગ શ્રદ્ધા કરવા યોગ્ય છે. આ પ્રમાણે કાયરપુરુષ પાર્શ્વચન્દ્રમતનું નિરાકરણ કર્યું.

**व्याख्या**– अत्र काव्यानि-

अयमितिविशदो विचारमार्गः,
स्फुरति हृदि प्रतिभाजुषां मुनीनाम् ।
जडमतिवचनैस्तु विप्रलब्धाः
कति न जडास्तदहो कलिर्बलीयान् ॥१॥

**ભાવાર્થ**– આ અત્યંત વિશદ(=સ્પષ્ટ) માર્ગ પ્રતિભાસંપન્ન મુનિઓના હૃદયમાં સ્ફુરી રહ્યો છે. તો પણ જડ બુદ્ધિવાળાના વચનોથી કેટલા જડપુરુષો શું ઠગાતા નથી ? અર્થાત્ ઘણા જડપુરુષો ઠગાઈ રહ્યા છે. તે કારણથી ખરેખર ! કલિકાલ જ બળવાન છે. અર્થાત્ આ કલિકાલનો જ પ્રભાવ છે.॥૧॥

**व्याख्या**– निजमतिरुचितप्रकल्पितार्थै-
र्विबुधजनोक्तितिरस्क्रियापराणाम् ।
श्रुतलवमतिदृप्तपामराणां,
स्फुरिततन्त्रमुदीक्ष्य विस्मिताः स्मः ॥२॥

**ભાવાર્થ**–પોતાની બુદ્ધિને ગમતા કલ્પિતઅર્થોથી પ્રાજ્ઞપુરુષોના વચનોનો તિરસ્કાર કરવામાં તત્પર, લેશમાત્ર શ્રુતબુદ્ધિથી અતિગર્વિત બનેલા પામરોના તન્ત્ર=યુક્તિહીન શ્રુતના કણની સ્ફૂરણા જોઈને અમે વિસ્મિત થયા છીએ.॥૨॥

**व्याख्या**– विधिवदनुपदं विवृण्वते ज्ञाननय-
गमभङ्गगभीरमाप्तवाक्यम् ।
कथमिव भगवद्भिर्निश्चितार्थं,
तदिदमधौतयुतैर्जनैर्गृहीतम् ॥३॥

**ભાવાર્થ–** નય, ગમ અને ભંગથી ગંભીર બનેલા અને ભગવાને નિશ્ચિત કરેલા અર્થથી યુક્ત આપ્તવાક્યનું સુજ્ઞપુરુષો પદે પદે વિધિવત્ વિવરણ કરે છે. આવા આપ્તવાક્યને અધૌતયુત=મલિનતાથી યુક્ત લોકોએ કેવી રીતે ગ્રહણ કર્યું ? ॥૩॥

**व्याख्या–** शिष्ये मूढे गुरौ मूढे,
श्रुतं मूढमिवाखिलम् ।
इति शङ्का-पिशाचिन्यः,
सुखं खेलन्तु बालिशैः ॥४॥

**ભાવાર્થ–** "શિષ્ય મૂઢ હોય અને ગુરુ મૂઢ હોય તો સંપૂર્ણ શ્રુતપણ જાણે કે મૂઢ બની જાય છે." તેથી શંકાડાકણ ભલે બાલિશોની સાથે સુખેથી રમે.॥૪॥

**व्याख्या–** स्फूटोदर्के तर्के स्फुटमभिनवे स्फुर्जति सता,
म्रियं प्राचां वाचां न गतिरिति मूढः प्रलपति ।
न जानीते चित्रां नयपरिणतिं नापि रचनां,
वृथा गर्वग्रस्तः छलमखिलमन्वेष्टि विदुषाम् ॥५॥

**ભાવાર્થ–** સ્પષ્ટ પરિણામવાળો આ નવો તર્ક સ્પષ્ટ પ્રકાશતો હોવાથી સજ્જન=પૂર્વપુરુષોની વાણીનું કોઈ સ્થાન નથી એમ મૂઢ મતિવાળો જીવ પ્રલાપ કરે છે. પરંતુ તે વિચિત્ર નયપરિણતિને તથા સૂત્રોની વિચિત્ર રચનાઓને સમજતો નથી. અને ફોગટ ગર્વધારણ કરી વિદ્વાનોના સર્વ છિદ્રોને શોધ્યા કરે છે.॥૫॥

**व्याख्या–** शोभते न विदुषां प्रगल्भता,
पल्लवज्ञजडरागि पर्षदि ।
पञ्जरे बहुलकाकसंकुले,
सङ्गता न हि मरालललना ॥६॥

**ભાવાર્થ–** "થોડું ઘણું પણ અધકચરું જ્ઞાન ધરાવનારા ઉપર જડરાગવાળાઓની અર્થાત્ દૃષ્ટિરાગીઓની સભામાં વિદ્વાનોની ચતુરાઈ(=વિદ્વત્તા) શોભતી નથી. ઘણા કાગડાઓથી ભરેલા પાંજરામાં રાજહંસી શોભતી નથી.॥૬॥

**व्याख्या**– कृष्णतासिततयोः स्फुटान्तरे,
गीर्गभीरिमगुणे च भेदिनि ।
यस्य हंसशिशुकाकशङ्किता,
तं धिगस्तु जननीं च तस्य धिक् ॥७॥

**ભાવાર્થ**– કાળાશ અને સફેદાઈમાં સ્પષ્ટ અંતર હોવા છતાં તથા વાણી અને ગંભીરતા ગુણો સ્પષ્ટ ભેદવાળા હોવા છતાં જેને હંસના બચ્ચામાં કાગડાની શંકા થાય છે તેને ધિક્કાર છે અને તેની જનનીને પણ ધિક્કાર છે. ॥૭॥

**व्याख्या**– अस्तु वस्तु तदर्थो यथा तथा,
पण्डिताय जिनवाग्विदे नमः ।
शासनं सकलपापनाशनं,
यद्वशं जयति पारमेश्वरम् ॥८॥ इति ॥९२॥

**ભાવાર્થ**– નયોથી વસ્તુ જેમ હો તેમ ભલે હો. નયોથી પ્રભુવાણીને જાણનારા પંડિતને નમસ્કાર થાઓ. સમગ્ર પાપનાશક પરમાત્માનું શાસન આ પંડિતોના વશથી જ જય પામે છે.॥૮॥ આ પ્રમાણે ૯૨ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો. ॥૯૨॥

**इति पाशदोषाकरस्य मतं निरस्तम् ॥**

**उपोद्घातवचनकर्णिका**– अत्रातिदेशेन कुमतिशेषं, निराकुवन्नाह–

અહીં અતિદેશથી બાકી રહેલા કુમતોનું નિરાકરણ કરતાં કહે છે–

**एतेनेदमपि व्यपास्तमपरे यत्प्राहुरज्ञाः परं,**
**पुण्यं कर्म जिनार्चनादि न पुनश्चारित्रवद्धर्मकृत् ।**
**तद्वत्तस्य सहागता कलयतः पुण्यार्जनद्वारतो,**
**धर्मत्वं व्यवहारतो हि जननान्मोक्षस्य नो हीयते ॥९३॥**

**શ્લોકાર્થ**– આનાથી "જિનાર્ચન વગેરે પુણ્યક્રિયા છે." પણ ચારિત્રની જેમ ધર્મનું કારણ નથી. આવું બીજા અજ્ઞાનીપુરુષો કહે છે. તેનું પણ અહીં નિરાકરણ કર્યું. કેમકે ચારિત્રની જેમ રાગસહિત એવી જિનપૂજાદિ

ક્રિયામાં વ્યવહારથી ધર્મપણાની હાનિ(=ક્ષતિ) આવતી નથી. કારણ કે જિનપૂજાદિ ક્રિયા પુણ્યાર્જનદ્વારા મોક્ષજનક છે...॥૯૩॥

## જિનપૂજનકર્મ પુણ્યરૂપ ન ચારિત્રની જેમ ધર્મરૂપ ક્હેનારાના મતનું ખંડન.

**व्याख्या–** एतेन शुद्धजिनपूजाया धर्मत्वव्यवस्थापनेन इदमपि व्यापस्तं निराकृतम्, यदपरेऽज्ञा अनधिगतसूत्रतात्पर्याः प्राहुः । किं प्राहुः ? जिनार्चनादि पुण्यं कर्म न पुनश्चारित्रवत् धर्मकृत् धर्मकारणं । व्यपासनहेतुमतिदेशप्राप्तं स्फुटयति- हि-यतः तस्य जिनार्चनादिकर्मणः तद्वत् चारित्रवत् सरागतां कलयतः रागसहितस्य व्यवहारतो धर्मत्वं न हीयते । कस्मात् ? पुण्यार्जनद्वारतः शुभाश्रवव्यापारकत्वेन मोक्षस्य जननात् ।

**ભાવાર્થ–** "જિનપૂજા ધર્મરૂપ જ છે" એમ નિશ્ચિત કરવાથી જેમણે સૂત્રોના તાત્પર્યને જાણ્યું નથી એવા અજ્ઞાનીઓ "જિનપૂજા વગેરે પુણ્યક્રિયા છે, પણ ચારિત્રની જેમ ધર્મનું કારણ નથી" એવું જે કહે છે તેનું નિરાકરણ કર્યું=ખંડન કર્યું.

અહીં અતિદેશથી પ્રાપ્ત થયેલા નિરાકરણના હેતુને સ્પષ્ટ કરે છે– અજ્ઞાનીઓના મતનું નિરાકરણ કરવાનું કારણ એ છે કે, ચારિત્રની જેમ રાગસહિત એવી જિનપૂજાદિ ક્રિયામાં વ્યવહારથી ધર્મપણાની હાનિ(=ક્ષતિ) આવતી નથી. કારણ કે જિનપૂજાદિ ક્રિયા પુણ્યાર્જનદ્વારા=શુભાશ્રવરૂપ વ્યાપારદ્વારા મોક્ષજનક છે.

**व्याख्या–** यदुवाच वाचकः -

जिनभवनं, जिनबिम्बं, जिनपूजां जिनमतं च यः कुर्यात् ।
तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ॥१॥ इति ॥९३॥

**ભાવાર્થ–** વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ પણ કહ્યું છે કે, જે માનવ, "[1]જિનભવન, [2]જિનબિંબ, [3]જિનપૂજા, [4]જિનમત(=જિનાગમ, જૈનસિદ્ધાંત) જે કરે છે, તેના હસ્તકમળમાં દેવલોક અને મોક્ષસંબંધી સુખરૂપ ફળો રહેલા છે. આ પ્રમાણે ૯૩ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૯૩॥

**उपोद्घातवचनकर्णिका**– लोकोत्तरलौकिकत्वाभ्यां धर्मपुण्यरूपत्वं तु पूजायामिष्यत एवेत्याह-

"લોકોત્તરપણાને પામેલી પૂજા ધર્મરૂપ છે, અને લૌકિકપણાને પામેલી પૂજા પુણ્યરૂપ છે." એ વાત અમને પણ ઈષ્ટ છે. એમ બતાવતા કહે છે–

**या ज्ञानाद्युपकारिका विधियुता शुद्धोपयोगोज्जवला,**
**सा पूजा खलु धर्म एव गदिता लोकोत्तरत्वं श्रिता,**
**श्राद्धस्यापि सुपात्रदानवदितस्त्वन्यादृशीं लौकिकीमाचार्या**
**अपि दानभेदवदिमां जल्पन्ति पुण्याय नः ॥९४॥**

**શ્લોકાર્થ**– શ્રાવકની પણ જે પૂજા (૧) જ્ઞાનાદિને પુષ્ટ કરનારી હોય, (૨) વિધિસહિત હોય, (૩) શુદ્ધ ઉપયોગથી ઉજ્જ્વળ બનેલી હોય તે જ પૂજા લોકોત્તરપણાને પામેલી સુપાત્રદાનની જેમ ધર્મરૂપ જ કહેલી છે. તેનાથી ભિન્ન લૌકિકપૂજાને તો અમારા આચાર્યો પણ દાનના એકભેદની જેમ પુણ્યહેતુક કહે છે...॥૯૪॥

## લોકોત્તર અને લૌકિકપૂજા સ્વરૂપ વર્ણન. તેનાથી પ્રાપ્ત લાભદર્શન.

**व्याख्या**– या पूजाऽस्ति । कीदृशी ? ज्ञा० ज्ञानादेः आदिना सम्यक्त्वादिग्रहः उपकारिका पुष्टिकारिणी विधियुता विधिसहिता तथा शुद्धोपयोगेन इमां भवजलतरणिं भगवत्पूजां दृष्ट्वा बहवः प्रतिबुध्यन्तां, षट्कायरक्षाश्च भवन्तु, इत्याद्याकारेण उज्ज्वला ईदृशेति । सा पूजा खलु निश्चितं तद्भावपूर्विका असंमोहपूर्विका वा इति धर्म एव गदिता । यतः लोकोत्तरत्वं श्रिता, एतादृशगुण प्रणिधानपूजाया आगमैकविहितत्वात्, कस्यापि श्राद्धस्यापि, कस्यापि श्रावकस्य लोकोत्तरा पूजा भवति, यथा सुपात्रे दत्तं दानं मोक्षायेति । किंवत् ? सुपात्रवत् ।

**ભાવાર્થ**– જે જિનપૂજા [1]જ્ઞાનાદિની પુષ્ટિ કરનારી છે, વિધિસહિત

૧. "જ્ઞાનાદિની" એ સ્થળે રહેલા આદિ શબ્દથી સમ્યક્ત્વ વગેરેનું ગ્રહણ કરવું.

છે, અને શુદ્ધોપયોગ વડે="ભવજલ તરવા માટે નાવ સમાન" છે. તે જિનપૂજાને જોઈને ઘણા જીવો પ્રતિબોધ પામો, અને છક્કાયજીવના રક્ષક બનો. એવા પ્રકારના શુભઅધ્યવસાયવડે તે પૂજા ખરેખર નિશ્ચયથી સદ્ભાવપૂર્વકની અથવા સંમોહ વિનાની હોવાથી ઉજ્જ્વલ છે. ધર્મરૂપ જ છે. કારણ કે લોકોત્તરપણાને પામેલી છે. આવી જિનપૂજા લોકોત્તરપણાને પામેલી છે, તેનું કારણ એ છે કે આવા પ્રકારના ગુણના પ્રણિધાનપૂર્વકની પૂજા આગમવિહિત છે. કોઈપણ શ્રાવકને લોકોત્તરપૂજા સુપાત્રમાં આપેલા દાનની જેમ મોક્ષ માટે થાય છે.

**व्याख्या**– नोऽस्माकं आचार्या इतस्तु अन्यादृशीं लौकिकीं सामान्य-धर्मवचनप्राप्तां पूजां दानभेदवत् दानविशेषवत् पुण्याय इच्छन्ति । यथा दत्तेन दानभेदेन पुण्यं भवति । तु पुनः कस्यचित् इतराऽन्यादृशी लौकिकी पूजा पुण्याय भवति ।

कृषिकरण इव पलालं, नियमादत्रानुषङ्गिकोऽभ्युदयः ।
फलमिह धान्यावाप्तिः, परमं निर्वाणमिव बिम्बाद् ।। (षोडशक)

**ભાવાર્થ**– સામાન્ય ધર્મવચનથી પ્રાપ્ત થયેલી પૂજા લૌકિક છે, અને તે દાનવિશેષની જેમ પુન્ય માટે બને છે એમ અમારા આચાર્યો કહે છે. જેમ દાન વગેરેની ગણના પુણ્યમાં પણ કરી છે અને ધર્મમાં પણ કરી છે. તે જ પ્રમાણે જિનપૂજા વિશે પણ અમારા આચાર્યો માને છે. જેમ સુપાત્રમાં દીધેલું દાન મોક્ષનું કારણ બને છે તેમ કોઈપણ શ્રાવકની જિનપૂજા લોકોત્તર પૂજા થાય છે. વળી કોઈને બીજી લૌકિકપૂજા પુણ્યને માટે થાય છે. જેમ દાનભેદવડે (અનુકંપાદિ) દેવાથી પુન્ય થાય છે. ખેતીમાં ઘાસની જેમ. અહીં નિયમા આનુષંગિક (ગૌણરૂપે) અભ્યુદય હોય છે. ખેતીમાં ધાન્યની પ્રાપ્તિ એ ફળ છે. તેમ અહીં જિનપ્રતિમાથી પરમનિર્વાણની પ્રાપ્તિ એ જ ફળ છે.

**व्याख्या**– दानविशेषस्य पुण्यत्वं चानुकम्पादानादेः अल्पतरपापबहुतर-निर्जराकारणत्वेन सूत्रोपदिष्टस्य वा दानादिपुण्यमध्ये प्रोक्तं धर्ममध्येऽपि-तद्वत्पूजाऽपि स्यादिति परमार्थः ।।९४।।

**ભાવાર્થ**—અનુકંપા વિગેરે વિશેષદાનો અલ્પતરપાપ અને અધિકતર

નિર્જરાના કારણ હોવાથી તે બધા પુણ્યરૂપ છે. અથવા સૂત્રમાં કહેલા દાન વગેરેની ગણના પુણ્યમાં પણ કરી છે. અને ધર્મમાં પણ કરી છે. તેની જેમ જિનપૂજા પણ પુણ્ય અને ધર્મ ઉભય માટે થાય છે. આ પ્રમાણે પરમાર્થ જાણવો. આ પ્રમાણે ૯૪ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૯૪॥

**उपोद्घातवचनकर्णिका**— ननु पूजादानप्रवचनवात्सल्यादिकं सरागकृत्यं, तपश्चारित्रादिकं तु वीतरागकृत्यमिति विविक्तविभागो दृश्यते । तत्राद्यं पुण्यं, अन्त्यं धर्मः स्यात् । एत एव धर्मपदार्थौ द्विविधः- एकः संज्ञानयोगलक्षणोऽन्यः पुण्यलक्षणः इति शास्त्रवार्ता समुच्चये हरिभद्रसूरिभिरुक्तं, ततोऽर्वाग्भौमिकस्य देवपूजादिकर्मणः कथं धर्मत्वं रोचयामस्तत्राह-

અહીં કોઈ શંકા કરે છે કે– પૂજા, દાન પ્રવચનવાત્સલ્ય વગેરે શ્રાવકકૃત્યો સરાગકૃત્યો છે. તપ અને ચારિત્ર વગેરે કરણી વીતરાગકૃત્ય છે. આ પ્રમાણે સ્પષ્ટ વિભાગ દેખાય છે. તેમાં પ્રથમ જે સરાગકૃત્યો છે તે પુણ્યરૂપ છે અને વીતરાગકૃત્યો ધર્મરૂપ છે. તેથી જ શાસ્ત્રવાર્તા સમુચ્ચયગ્રંથમાં હરિભદ્રસૂરિ મહારાજાએ ધર્મપદાર્થ બે પ્રકારના બતાવ્યા છે. (૧) સંજ્ઞાનયોગરૂપ અને (૨) પુણ્યરૂપ. તેથી પુણ્યકારક દેવપૂજાદિ કાર્યને અમે ધર્મ તરીકે શું કામ પસંદ કરીએ ? આના સમાધાનમાં ગ્રંથકાર કહે છે કે–

**पुण्यं कर्म सरागमन्यदुदितं धर्माय शास्त्रेष्विति,**
**श्रुत्वा शुद्धनयं न चात्र सुधियामेकान्तधीर्युज्यते ।**
**तस्माच्छुद्धतरश्चतुर्दशगुणस्थाने हि धर्मं नयः,**
**किं ब्रूते न तदङ्गतां त्वधिकृतेऽप्यभ्रान्तमीक्षामहे ॥९५॥**

**શ્લોકાર્થ**—"શાસ્ત્રોમાં સરાગકર્મને પુણ્યરૂપ અને વીતરાગકર્મને ધર્મરૂપ કહ્યું છે." આ પ્રમાણે શુદ્ધનયના અર્થને સાંભળી સદ્‌બુદ્ધિવાળા પંડિતોએ એમાં જ(=શુદ્ધનયમાં જ) એકાંતબુદ્ધિ કરવી યોગ્ય નથી. કેમકે તેનાથી પણ શુદ્ધતરનય "ચૌદમાગુણસ્થાનકે જ ધર્મ છે" એમ શું કહેતો નથી ? અને તે ધર્મનું અંગપણું તો અધિકૃત દ્રવ્યસ્તવમાં પણ છે. તેમ અમે ભ્રાંતિરહિત જોઈએ છીએ...॥૯૫॥

## સરાગકર્મ પુન્યરૂપ - વીતરાગકર્મ ધર્મરૂપ.

**व्याख्या**– अत्र च एवार्थो भिन्नक्रमश्च मात्रैवेत्यर्थः । सुधियां पण्डितानां एकान्तधीः एकान्ताभिनिवेशो न युज्यते । किं कृत्वा ? पुण्यं सरागकर्म, अन्यद्वीतरागकर्म, शास्त्रेषु धर्माय उदितं परिभाषितं इति शुद्धनयं शुद्धनयार्थं श्रुत्वा, एकनयाभिनिवेशस्य मिथ्यात्वरूपत्वात् अन्यनयविचारेण तस्य मूलोत्खननाच्च "**धम्मकंखिए पुन्नकंखिए**" इत्यादौ धर्मः श्रुतचारित्रलक्षणं पुण्यं तत्फलभूतं शुभकर्मेति हि यतः ।

**ભાવાર્થ**– પંડિત પુરુષોને સરાગકર્મ પુણ્યરૂપ જ છે અને વીતરાગકર્મ જ ધર્મરૂપ છે, એવા શાસ્ત્રોક્ત શુદ્ધનયના અર્થને સાંભળીને એકાંતે અભિનિવેશ રાખવો સારો નથી. કેમકે જૈનશાસન સર્વનયાત્મક પ્રમાણને વરેલું છે. એકનયમાં આગ્રહ કરવો તે મિથ્યાત્વરૂપ છે. જો અન્યનયની વિચારણા કરવામાં આવે તો આ એકનયમાં આગ્રહરૂપ મિથ્યાત્વના મૂળીયા ઉખડી જાય છે. વળી "धम्मकंखिए पुन्नकंखिए" ઈત્યાદિ સૂત્રના વિવરણમાં ટીકાકારે ધર્મ શ્રુત અને ચારિત્રરૂપ છે અને પુણ્ય તે ધર્મના ફળસ્વરૂપ શુભકર્મ છે એમ બતાવ્યું છે.

(અહીં ભાવાર્થ એ છે કે– શ્રુત-ચારિત્ર ઉભયથી યુક્ત ધર્મક્રિયા તો ધર્મસ્વરૂપ છે જ. કિંતુ કેવળ શ્રુતથી યુક્ત ધર્મક્રિયા પણ ધર્મસ્વરૂપ છે. સમ્યગ્દષ્ટિ શ્રાવકને શ્રુત હોય છે. આથી તેની દ્રવ્યસ્તવરૂપ ક્રિયા ધર્મરૂપ છે.)

**व्याख्या**– तस्मादुक्तावान्तरनिश्चयात् शुद्धतरोऽतिशुद्धो नयो निश्चयः चतुर्दशगुणस्थाने तच्चरमसमये किं धर्मं ब्रूते ? ब्रूते एव । तथा चैकान्ताभिनिवेशे ततोऽर्वाक् सर्वत्राप्यधर्मः स्यात्, स चानिष्टस्तवापीति भावः । वयं तु तदङ्गतां तु शुद्धनिश्चयाभिगतधर्माङ्गतां तु अधिकृते द्रव्यस्तवेऽपि अभ्रान्तं भ्रान्तिरहितं इक्षामहे । प्रस्थकादिदृष्टान्तभाविविचित्रनैगमनयप्रवृत्तेः ।

**ભાવાર્થ**– વળી "સરાગકર્મ પુણ્યરૂપ છે અને વીતરાગકર્મ જ ધર્મરૂપ છે" આવા નિશ્ચય ઉપર રુચિ રાખવી સારી નથી. કેમકે આ નિશ્ચય અવાન્તર નિશ્ચયરૂપ છે. અત્યંત શુદ્ધ નથી. તેથી જો તદ્દન શુદ્ધનય ઉપર રુચિ હોય તો ચૌદમાગુણસ્થાનકના ચરમસમયે જ ધર્મ કહેવો જોઈએ. એમ

જ કહેલ છે. તથા એકાંત અભિનિવેશમાં તે પહેલાના બધા જ સ્થળે અધર્મ માનવો પડે પણ આ વાત તમને પણ ઈષ્ટ નથી. તેથી વિશુદ્ધનયને અભિમત ધર્મનું અંગપણું અધિકૃત દ્રવ્યસ્તવમાં પણ છે એમ અમે ભ્રાન્તિ વિના માનીએ છીએ. તે પ્રસ્થકાદિ દૃષ્ટાંતથી સિદ્ધ છે. આમ વિચિત્ર નૈગમનયની પ્રવૃત્તિથી દ્રવ્યસ્તવ પણ નિશ્ચયધર્મનું કારણ છે. આથી અમારા વચનમાં તમારે શ્રદ્ધા રાખવી જોઈએ.

**व्याख्या**– ''द्रव्यस्तवे तदिव भक्तिविधिप्रणीते, पुण्यं न धर्म इति दुर्मतिनां कुबुद्धिः । तत्तन्नयैस्तु सुधियां विविधोपदेशः, संक्लेशकृद्यदि जडस्य किमत्र चित्रम् ॥१॥ अधर्मः पूजेति प्रलपति स लुम्पाकमुखरः श्रयन् मिश्रं पक्षं तमनुहरते पाशकुमतिः । विधिभ्रान्तः पुण्यं वदति शुभगच्छोत्तमबुधाः, सुधासारां वाणीमभिदधति धर्मो ह्ययमिति ॥२॥ ॥९५॥

**ભાવાર્થ**– અહીં "ભક્તિ અને વિધિથી કરાયેલા દ્રવ્યસ્તવમાં પુણ્ય છે પણ ધર્મ નથી." એ પ્રમાણે દુર્મતિવાળાઓની દુર્બુદ્ધિ છે. સદ્બુદ્ધિવાળાઓનો તે તે નયોથી વિવિધ પ્રકારનો ઉપદેશ જડપુરુષને સંક્લેશ કરનારો બને તો અહીં કોઈ જ આશ્ચર્ય નથી." ॥૧॥

વાચાળ પ્રતિમાલોપક "પૂજા અધર્મ છે." એવો પ્રલાપ કરે છે. મિશ્રપક્ષનો આશ્રય કરતો પાર્શ્વચન્દ્રનો મત તેને જ અનુસરે છે. વિધિભ્રાન્તમત પૂજાને પુણ્ય કહે છે. તપાગચ્છના શ્રેષ્ઠપંડિતપુરુષો અમૃત-વાણીથી કહે છે કે પૂજા ધર્મરૂપ જ છે.॥૨॥ આ પ્રમાણે ૯૫ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.॥૯૫॥

**उपोद्घातवचनकर्णिका**– गम्भीरेऽत्र विचारे गुरुपारतन्त्र्येणैव फलवत्तां दर्शयन्नुपदेशसर्वस्वमाह-

આ ગંભીર વિચાર ગુરુપારતન્ત્ર્યથી જ ફળવાન છે તેમ દર્શાવતા ઉપદેશનો સાર બતાવે છે–

**इत्येवं नयभङ्गहेतुगहने मार्गे मनीषोन्मिषेन्मुग्धानां**
**करुणां विना न सुगुरोरुद्यच्छतां स्वेच्छया**

**तस्मात्सद्गुरुपादपद्ममधुपः स्वं संविदानो बलं,**
**सेवां तीर्थकृतां करोतु सुकृती द्रव्येण भावेन वा ।।९६।।**

**શ્લોકાર્થ**—આ પ્રમાણે નય, ભંગ અને હેતુઓથી ગહનમાર્ગમાં સ્વેચ્છાથી(=પોતાની કલ્પેલી માન્યતાથી) ઉદ્યમવંત મુગ્ધલોકોની બુદ્ધિનો ઉન્મેષ સુગુરુની કરુણા વિના થતો નથી. તે કારણથી સદ્ગુરુવરના ચરણકમળમાં ભ્રમરરૂપ બનીને અર્થાત્ ગુર્વાજ્ઞાપરાયણ બનીને, તથા યોગ્યતારૂપ પોતાનું બળ જાણીને દ્રવ્યથી અને ભાવથી સુજ્ઞપુરુષે પરમાત્માની સેવા કરવી જોઈએ..।।૯૬।।

## નૈગમાદિ નય અને હેતુયુક્તિયુક્ત ગ્રંથરચના. નિર્વિઘ્ન સમાપ્તિનું કારણ યોગીરાજ-ગુરુકૃપાપ્રસાદી દર્શન.

**व्याख्या**— मुग्धानां मनीषा बुद्धिः सुगुरोः करुणां विना न उन्मिषेत् न निराकाङ्क्षतया विश्रामेत् । कीदृशानां मुग्धानां ? स्वेच्छया स्वोत्प्रेक्षितेन उद्यच्छतां उद्यमं कुर्वतां । कस्मिन् ? मार्गे । कीदृशे मार्गे ? इत्येवं अमुना प्रकारेण नय० नयाः नैगमादयो भङ्गाः संयोगा हेतव उत्कृष्टाद्यपेक्षया दशपञ्चाद्येकावयववाक्यानि तैः गहने गंभीरे ।

**ભાવાર્થ**— આ પ્રમાણે નૈગમાદિ નયો, સંયોગિક ભાંગાઓ અને [1]હેતુઓથી ગહન એવા માર્ગમાં સ્વેચ્છાથી(=પોતે કલ્પેલી માન્યતાથી) ઉદ્યમ કરતા મુગ્ધજીવોની બુદ્ધિનો સુગુરુની કરુણા વિના ઉન્મેષ(=પ્રાદુર્ભાવ) થતો નથી, અર્થાત્ બુદ્ધિ નિરાકાંક્ષપણે વિશ્રામ પામતી નથી.(આનો ભાવ એ છે કે ગુરુની કરુણા વિના બુદ્ધિમાં સાચું સમજાતું નથી.)

**व्याख्या**— तस्मात् सुकृती द्रव्येण गृही भावेन वा साधुः तीर्थकृतां सेवां करोतु यथाधिकारं भगवद्भक्तेरेव परमधर्मत्वात् । कीदृशः सुकृती ? सद्गुरुपादपद्मे मधुपः सन् गुर्वाज्ञामात्रवर्ती सन्नित्यर्थः । किं कुर्वन् ? स्वं बलं योग्यतारूपं

---

१. "उत्कृष्टाद्यपेक्षया दश-पञ्चाद्येकावयववाक्यानि"= ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા જીવોની અપેક્ષાએ દશ, મધ્યમબુદ્ધિવાળાઓની અપેક્ષાએ પાંચ વગેરે, અને મંદ-બુદ્ધિવાળાઓની અપેક્ષાએ એક અવયવવાક્યથી સમજાવી શકાય તેવા હેતુઓ.

संविदानः जानन्, परस्मैपदिनः प्रत्ययस्य रूपमिदम् ॥९६॥

**ભાવાર્થ–** સુજ્ઞપુરુષ એવા ગૃહસ્થે અને મુનિએ તે કારણથી સદ્ગુરુના ચરણકમળના ભ્રમર બનીને અર્થાત્ ગુર્વાજ્ઞાધારી બનીને, યોગ્યતારૂપ પોતાના બળને જાણીને તીર્થંકરની સેવા કરવી જોઈએ, અર્થાત્ ગૃહસ્થે દ્રવ્યથી અને મુનિએ ભાવથી તીર્થંકરની સેવા કરવી જોઈએ. કારણ કે પોતાના અધિકારને અનુરૂપ ભગવાનની ભક્તિ કરવી એ જ પરમધર્મ છે. [1]"સંવિદાન" એ પરસ્મૈપદના પ્રત્યયનું રૂપ છે. આ પ્રમાણે ૯૬ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો.॥૯૬॥

**उपोद्घातवचनकर्णिका–** श्रीशङ्खेश्वरपुराधिष्ठितं पार्श्वपरमेश्वरं संबोध्याभिमुखीकृत्य मया एवं तन्मतामृतबाह्यो दूष्यते इति स्तुतिरेवेयं पर्यवसन्नेति तत्रैव नयभेदमुपदर्शयति-

શ્રી શંખેશ્વરપુરાધિષ્ઠિત પાર્શ્વપ્રભુને સંબોધિને(=સંબોધન કરવા દ્વારા) અભિમુખ કરીને જ મારા વડે તારામતરૂપીસુધાથી બાહ્યજીવને દૂષિત કરાય છે. (આથી જ્યાં ક્યાંય પણ વાદીનું સંબોધન કરાય છે) ત્યાં પણ અર્થથી તો ભગવાનનું જ સંબોધન કરાય છે. આમ સર્વત્ર પરમાત્માનું જ સંબોધન હોવાથી દેખાવમાં વાદચર્ચા લાગતી પણ આ વિચારણા વાસ્તવમાં પરમાત્માની સ્તુતિરૂપ જ પર્યવસિત થાય છે. આ પરમત સાથે ચર્ચારૂપ સ્તુતિમાં નયભેદનું નિરૂપણ કરતાં કવિ કહે છે–

**सेयं ते व्यवहारभक्तिरुचिता शङ्खेश्वराधीश !**
**यद् दुर्वादिव्रजदूषणेन पयसा शङ्कामलक्षालनम् ।**
**स्वात्मारामसमाधिबाधितभवैर्नास्माभिरुन्नीयते,**
**दूष्यं दूषकदूषणस्थितिरपि प्राप्तैर्नयं निश्चयम् ॥९७॥**

**શ્લોકાર્થ–** હે શંખેશ્વરપુર સ્વામિ ! કુવાદીઓના સમૂહને દૂષણ

---

૧. संविदानः = सम् + विद् ધાતુ પરસ્મૈપદી છે. અહીં આત્મનેપદી "આનશ" પ્રત્યય કેમ લાગ્યો ? તેનું સમાધાન કરતાં જણાવે છે કે- સમ + વિદ્ ધાતુને "આનશ્" પ્રત્યય નથી લાગ્યો. પણ શીલ(=સ્વભાવ) અર્થમાં "શાન" પ્રત્યય લાગ્યો છે તેમ અહીં સમજવું.

આપવારૂપ પાણીથી શંકારૂપમલ ધોઈ નાંખવા રૂપ આ તારી વ્યવહારભક્તિ ઉચિત છે. પોતાના આત્મારૂપ બગીચામાં જ ક્રીડા કરતી સમાધિથી બાધિત થયેલા સંસારવાળા અને નિશ્ચયનયને પામેલા અમે દૂષ્ય, દૂષક અને દૂષણની મર્યાદાનું ભાન કરતા જ નથી. અર્થાત્ નિશ્ચયનયવાળા અમારા માટે દૂષ્ય, દૂષક અને દૂષણ જેવું કાંઈ છે જ નહિ...૯૭

## શ્રી શંખેશ્વરપાર્શ્વનાથની સ્તુતિદ્વારા દૂષણાન્વેષીની પરાસ્તતા.

**व्याख्या–** हे श्रीशंङ्खेश्वराधीश ! सा इयं त तेवोचिता व्यवहारभक्तिः व्यवहारनयोचिता भक्तिः कृता इत्यर्थः । विधेय प्राधान्यानुरोधात् स्त्रीत्वनिर्दिशः । यत्-दुर्वादिनां व्रजः समूहः तद्दूषण रूपेण पयसा नीरेण शङ्कारूपमलस्य क्षालनं भवति अत्र यत्तदोर्नित्यः सम्बन्धः तेन सा इयं भक्तिः । सा का ? यत् क्षालनं । व्यस्तलिङ्गं न दूषणमिति शिष्टाः ।

**ભાવાર્થ–** હે શંખેશ્વરાધીશ=હે શંખેશ્વરપાર્શ્વનાથસ્વામિ ! આ તારી વ્યવહાર ભક્તિ=વ્યવહારનયને ઉચિત ભક્તિ કરી છે. અહીં વિધેયપદની પ્રાધાન્યતા છે. તેથી "सा" અને "इयं" એવો સ્ત્રીલિગ નિર્દેશ કર્યો છે. જે દુર્વાદીઓના સમુદાયના કુમતને દૂષણો લગાડી ખોટા જણાવ્યા. આ દૂષણો લગાડવારૂપ પાણીથી "પ્રતિમા પૂજનીય છે." એવા સ્વમતમાં પડેલી શંકારૂપી મળને જ દૂર કર્યો છે. આ જ વ્યવહારનયની અપેક્ષાએ તમારી ઉચિત ભક્તિ છે. અહીં "यद्" અને "तद्" નો નિત્યસંબંધ છે. તેથી "તે આ ભક્તિ" એમ નિર્દેશ કર્યો છે.

(અહીં "सा" "इयं" એવો સ્ત્રિલિંગનો નિર્દેશ ભક્તિને આશ્રયી છે. "शंकामलक्षालनम्" પદ ઉદ્દેશ્ય છે. અને નપુંસકલિંગમાં છે. આ "क्षालन" ને જ ભક્તિ કહેવી છે. તેથી "ભક્તિ" પદ વિધેય છે. આથી વિધેયની પ્રધાનતાની અપેક્ષાએ "सा इयं" એવો સ્ત્રીલિંગ નિર્દેશ કર્યો છે. જો "शंका - मलक्षालनम्" પદ ઉદ્દેશ્ય છે અને નપુંસકલિંગમાં છે. તે પદની પ્રધાનતા ગણી હોત તો "सा" ને બદલે 'तद्' અને 'इयं' ને બદલે 'इदम्' એવા નપુંસકલિંગનો નિર્દેશ કર્યો હોત.) 'शङ्कामलक्षालनम्' એ સ્થળે વ્યસ્તલિંગનો પ્રયોગ કર્યો છે એમાં કાંઈ જ દૂષણ નથી એમ શિષ્ટપુરુષો કહે છે.

**व्याख्या**– परसमयदूषणपूर्वकस्वसमयस्थापनस्य भगवद्यथार्थवचनगुण-स्तुत्योपासनात्वं व्यवहरन्ति ।

**ભાવાર્થ**– પરસિદ્ધાંતને દૂષણ દેવાપૂર્વક પોતાના સિદ્ધાંતની સ્થાપના કરવાથી "ભગવાનના વચનો યથાર્થ છે" તેવો નિશ્ચય થાય છે. તેથી પરમાત્માના "યથાર્થવાદી" ગુણની સ્તવના થાય છે. ગુણની સ્તવનાથી જ ગુણીની સ્તવના છે. અને આ સ્તવના જ ભગવાનની ઉપાસના છે. ખરી ભક્તિ છે.

**व्याख्या**– यदीयं व्यवहारभक्तिः तदा निश्चयभक्तिः का इति उच्यतामित्या-काङ्क्षायामाह- अस्माभिः दूष्यं दूषकदूषणयोः स्थितिरपि सत्तापि न उन्नीयते न वीक्ष्यते । कस्मात् ? तत्त्रितयानुगतो वादग्रन्थ इति ध्यानदशायां निश्चयभक्तिस्थितानाम् अस्माकं सर्वत्र सम एव परिणामो व्युत्थाने व्यवहारभक्तौ तु परपक्षदूषणमसंभावनाविपरीतभावनानिरासाय एवेति न रागद्वेषकालुष्यमिति उचितत्वमावेदितं भवति ।

**ભાવાર્થ– શંકાકાર**- જો આ વ્યવહારભક્તિ ગણાતી હોય તો પછી નિશ્ચયભક્તિ કઈ ? તેનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે કે "અમે દૂષ્ય, દૂષક અને દૂષણની સત્તા પણ જોતા નથી. શા કારણથી ? વાદગ્રંથ આ ત્રણને અનુગત છે, અને ધ્યાનદશામાં નિશ્ચયભક્તિમાં રહેલા અમને સર્વત્ર સમાનતાના દર્શન થાય છે. સર્વત્ર આત્માઓ પરમાત્મસ્વરૂપે જણાય છે. આથી ધ્યાનદશામાં દૂષ્ય, દૂષણ અને દૂષક એ ત્રણ દેખાતા જ નથી. અને તેથી આ ત્રણથી મુક્ત વાદગ્રંથ પણ દેખાતો નથી.

આ ધ્યાનદશા દૂર થયા પછી વ્યવહારભક્તિકાળે પણ જે પરપક્ષને દૂષણ અપાય છે તેમાં જિનવચનમાં અસંભાવના અને વિપરીતભાવનાને દૂર કરવાનો જ આશય છે. તેથી આ વાદગ્રંથમાં પણ પોતાના મત પ્રત્યે રાગ અને પરમત પ્રત્યે દ્વેષ છે જ નહિ. આમ રાગદ્વેષથી પર રહી જિનવચનમાં સંદેહ, વિપર્યય, અનધ્યવસાય આ ત્રણ દોષ ટાળવા પરપક્ષને દૂષણ લગાડવામાં પણ વ્યવહારનયની અપેક્ષાએ ભગવાનની ભક્તિ છે અને તે ઉચિત જ છે.

सुधाऽमृतं तत्पाने हि भ्रमविषोद्गारो न स्यात् ॥८९॥

**ભાવાર્થ–** શું તેં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણીનું પાન કર્યું નથી ? જે વિશેષાવશ્યકભાષ્ય મહાગ્રંથરત્નાકરમાં શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે કહેલી અમૃતમય વાણીનું પાન કર્યું હોય તો ખરેખર ભ્રાન્તવચનરૂપ ઝેરીલા(વિષનો) ઓડકાર ન આવે. આ પ્રમાણે ૮૯ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૮૯॥

**उपोद्घातवचनकर्णिका–** किं च संकीर्णकर्मरूपफलाभावादपि संकीर्ण-योगो नास्तीति द्रव्यस्तवे मिश्रपक्षोक्तिप्रौढिः खलताविस्तार इत्याह-

પૂણ્ય-પાપરૂપ મિશ્રકર્મના બંધરૂપ ફળનો અભાવ હોવાથી પણ સંકીર્ણયોગ(=મિશ્રયોગ) સંભવતો નથી. આ પ્રમાણે દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષની સ્થાપના કરનારા વચનની ચતુરાઈ દુર્જનતાનો વિસ્તાર છે. તેને જણાવતા કહે છે કે–

**मिश्रत्वे खलु योगभावविधया कुत्रापि कृत्ये भवेन्मिश्रं**
**कर्म न बध्यते च शबलं तत्संक्रमात्स्यात्परम् ।**
**तद्द्रव्यस्तवमिश्रतां प्रवदता किं तस्य वाच्यं फलं,**
**स्वव्युद्ग्राहितमूढपर्षदि मदान्मूर्धानमाधुन्वता ॥९०॥**

**શ્લોકાર્થ–** જો કોઈપણ કાર્યમાં યોગ-ભાવ પ્રકારથી મિશ્રપણું સ્વીકારવામાં આવે, તો મિશ્રકર્મ સંભવવું જોઈએ. પણ મિશ્રકર્મ બંધાતું નથી. માત્ર સંક્રમથી જ મિશ્રકર્મ સંભવે છે. તેથી દ્રવ્યસ્તવને મિશ્રધર્મ તરીકે કહેતા અને પોતે ભરમાવેલી મૂઢપુરુષોની પર્ષદામાં મસ્તકને ધૂણાવતા તમે તે મિશ્રધર્મનું શું ફળ કહેશો ?..॥૯૦॥

## મિશ્રકર્મ બંધનું નાસ્તિત્વ.

**व्याख्या–** खलु निश्चये कुत्रापि कृत्ये योगभावविधया मिश्रत्वेऽङ्गीक्रियमाणे फलत्वेनाङ्गीक्रियमाणं मिश्रं कर्म न भवेत् तच्च बन्धतो नास्तीत्याह-न बध्यते च शबलमिति शबलं कर्म न बध्यते ।

**ભાવાર્થ–** "खलु" શબ્દ નિશ્ચય અર્થમાં છે. જો કોઈપણ કાર્યમાં

યોગથી કે ભાવથી મિશ્ર માનશો તો તે કાર્યના ફળરૂપ બંધાતા કર્મને પણ મિશ્રરૂપ માનવું પડશે. પરંતુ કોઈ મિશ્રકર્મ બંધાતું નથી.

**व्याख्या**– कथं तर्हि मिश्रमोहनीयं प्रसिद्धं ? तत्राह- परं केवलं तत् मिश्रं संक्रमात् स्यात् । तत् तस्मात् द्रव्यस्तवमिश्रतां प्रवदता तस्य द्रव्यस्तवस्य फलं बध्यमानं कर्म वाच्यं शुभमशुभं वा तावन्न भवति अननुरूपत्वात् मिश्रं च बध्यमानं अभ्युपगच्छतः कृतान्तः कुप्येत् इत्यत्र तूष्णीमेव स्थेयं त्वया ।

कीदृशेन ? स्व० व्युद्ग्राहिता ये मूढास्तेषां पर्षदि मदात् ऋद्धिगारवात् मूर्धानं शिरं आधुन्वता कम्पयताऽयमनुभावो मदस्येति ॥९०॥

**ભાવાર્થ**– તો પછી મિશ્રમોહનીયકર્મ કેવી રીતે પ્રસિદ્ધ થયું. તેનો ઉત્તર આપતા કહે છે કે– મિશ્રમોહનીયકર્મ સમ્યક્ત્વ અને મિથ્યાત્વરૂપ શુભાશુભકર્મના મિશ્રરૂપ હોય છે. છતાં તે બંધાતું નથી. પરંતુ તે સંક્રમણદ્વારા જ મિશ્ર થાય છે. તે કારણથી દ્રવ્યસ્તવને મિશ્ર તરીકે પ્રતિપાદન કરતા તેણે દ્રવ્યસ્તવના ફળરૂપ બંધાતા કર્મને કહેવું જોઈએ. તે કર્મ શુભ કે અશુભ તો કહી શકાય તેમ નથી. કેમકે શુભ કે અશુભકર્મ મિશ્રયોગરૂપકારણને અનુરૂપ નથી. અને મિશ્ર કર્મનો બંધ સ્વીકારવામાં તો કૃતાન્તનો કોપ છે. આથી અહીં પોતે ભરમાવેલા મૂઢ લોકોની સભામાં ઋદ્ધિગારવથી મસ્તક ડોલાવતા તારે મૌન જ રહેવું જોઈએ. વળી મસ્તક ધૂણાવવું એ મદનો પ્રભાવ છે.આ પ્રમાણે ૯૦ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૯૦॥

**उपोद्घातवचनकर्णिका**– ननु न्यायस्तावन्मुग्धानां कूटपाशप्राय इत्यभिन्नसूत्रादेशेन श्राद्धानां मिश्रपक्ष एवेति पश्यन्तः तदधिकृतद्रव्यस्तवस्य भिन्नत्वं रोचयाम इति चेदहो दुराशयसिद्धान्ततात्पर्यपरिज्ञानमनुपासितगुरुकुलस्य तव कथंकारं संभवति ? तत्र हि व्यवहारनयादेशेन बन्धानौपयिकं पक्षत्रयोपवर्णनं कृतं, सङ्ग्रहनयादेशेन तु फलापेक्षया द्वैविध्यमेवेति पूजापौषधयोः को विशेषः श्राद्धानां मिश्रपक्षस्येत्यभिप्रायवानाह–

**શંકાકાર- શંકાકાર કહે છે કે**– મુગ્ધજીવો આગળ ન્યાયની વાત કરવી એ કપટભરેલી જાળ તુલ્ય છે. તેથી તે વાત છોડીને અભિન્ન (નય

વિભાગ વિનાના) સૂત્ર આદેશથી શ્રાવકોને મિશ્રપક્ષ જ છે. એમ જોનારા અમે તો "શ્રાવકથી કરાતો દ્રવ્યસ્તવ મિશ્રરૂપ છે" એમ જ પસંદ કરીએ છીએ.

**સમાધાનાકાર-** દુઃખે કરીને સમજી શકાય તેવા સિદ્ધાંતના તાત્પર્યને તમે સમજી ના શકો. કેમકે આ જ્ઞાન તો ગુરુકુલવાસની ઉપાસનાથી જ પ્રાપ્ત થાય છે. વળી તે(=સ્થાનાંગ) સૂત્રમાં જે ત્રણપક્ષનું વર્ણન કર્યું તે તો વ્યવહારનયની અપેક્ષાએ છે. કર્મબંધમાં [1]ઉપાયભૂત નથી. અને તે સંગ્રહનયના આદેશથી તો ફળની અપેક્ષાએ બે જ પક્ષ બતાવ્યા છે. જો શ્રાવકને મિશ્રપક્ષ હોય તો શ્રાવકે કરેલી પૂજા અને શ્રાવકે કરેલા પૌષધ એ બેમાં શો ફેર છે ? આ વાત જણાવતાં કહે છે કે–

**सिद्धांते परिभाषितो हि गृहिणां मिश्रत्वपक्षस्ततो,**
**बन्धानौपयिको विरत्यविरतिस्थानान्वयोत्प्रेक्षया ।**
**अन्तर्भावित एव सोऽपि पुरतो धर्मे फलापेक्षया,**
**पूजापौषधतुल्यताऽस्य किमु न व्यक्ता विशेषेक्षिणाम् ।।९१।।**

**શ્લોકાર્થ–** તે કારણથી સિદ્ધાંતમાં ગૃહસ્થોનાં વિરતિ-અવિરતિ સ્થાનના અન્વયની ઉત્પ્રેક્ષાથી(=કયા જીવો અવિરત છે, કયા જીવો વિરતાવિરત છે. કયા જીવો સર્વવિરત છે એ બતાવવાની અપેક્ષાથી) બંધમાં અકારણભૂત મિશ્રત્વપક્ષની [2]પરિભાષા કરી છે. પણ આગળ જતાં એ જ પક્ષનો ફળની અપેક્ષાથી ધર્મમાં જ અંતર્ભાવ કર્યો છે. વિશેષદર્શીઓને આની(=ગૃહસ્થની) પૂજા અને પૌષધમાં સમાનતા શું દેખાતી નથી ? ..।।૯૧।।

---

૧. અર્થાત્ સમ્યગ્દષ્ટિને થતો અવિરતિનિમિત્તક બંધ દુઃખનું કે દુર્ગતિનું કારણ બનતો નથી. આથી સમ્યગ્દષ્ટિની અવિરતિ કર્મબંધનું કારણ નથી એમ કહેવાય.

૨. સ્થાનાંગમાં ત્રીજો મિશ્રપક્ષ આ પ્રમાણે બતાવ્યો છે- મિશ્રપક્ષમાં રહેલા જીવો અલ્પ-ઈચ્છાવાળા, અલ્પ આરંભવાળા, અલ્પપરિગ્રહવાળા, ધાર્મિક, ધર્મની જ અનુજ્ઞા કરનારા, યાવત્ ધાર્મિકવૃત્તિવાળા જ હોય છે. સુશીલ, સુવ્રત, સુપ્રત્યાનંદ અને સજ્જન હોય છે. એમ તેઓ એક પ્રકારના (સ્થૂલ) પ્રાણતિપાતથી જીવન પર્યંત નિવૃત્ત થયેલા હોય છે. અને એક પ્રકારના (સૂક્ષ્મ) પ્રાણાતિપાતથી નિવૃત્ત થયેલા હોતા નથી. તેઓ જીવ અજીવના જ્ઞાનવાળા, પુણ્ય-પાપના પ્રકારો આદિના બોધવાળા, ઈત્યાદિ ગુણવાળા શ્રમણોપાસક હોય છે.

## મિશ્રપક્ષની ધર્મમાં અંતર્ગતતા.

**व्याख्या**— अधर्मपक्षः धर्मपक्षः धर्माधर्म इति पक्षत्रयं, तत्र धर्माधर्मपक्षमाह्- हि निश्चितं सिद्धान्ते सूत्रकृताख्ये ततः गृहिणो मिश्रत्वपक्षो बन्धाननुगुणः परिभाषितः संकेतितः अस्ति । कया ? विर० विरत्यविरतिस्थानयोर्यो-ऽन्वयोनुगमः तदुत्प्रेक्षया स्वरूपमात्रेणेति यावत् । सोऽपि परिभाषितमिश्रपक्षोऽपि पुरतोऽग्रे फलापेक्षया ? धर्मेऽन्तर्भावित एवास्ति ।

**ભાવાર્થ**— (૧) અધર્મપક્ષ (૨) ધર્મપક્ષ, (૩) ધર્માધર્મપક્ષ એમ ત્રણ પક્ષ છે. ત્યાં ધર્માધર્મપક્ષને જણાવતા કહે છે કે, "સૂત્રકૃતાંગ નામના ગ્રંથમાં ગૃહસ્થને બંધને પ્રતિકુળ મિશ્રપક્ષનો સંકેત કર્યો છે. અને તે વિરતિ અને અવિરતિસ્થાનના અનુગમની અપેક્ષાએ, અર્થાત્ સ્વરૂપમાત્રથી ગૃહસ્થને મિશ્રપક્ષનો સંકેત કર્યો છે. તે કહેલો મિશ્રપક્ષ પણ આગળ ફળની અપેક્ષાએ ધર્મમાં જ અંતર્ગત થઈ ગયેલો છે.

## (અવિરત સમ્યક્ત્વીનો ધર્મપક્ષમાં સમાવેશ)

આ ત્રણે સ્થાનનો ઉપસંહાર કરતા સંક્ષેપથી કહે છે- અવિરતિને આશ્રયીને બાળ કહેવાય છે. વિરતિને આશ્રયીને પંડિત ગણાય છે. અને વિરતાવિરતિને આશ્રયીને બાળપંડિત મનાય છે. આ ત્રણમાં જે સર્વથા અવિરતિરૂપ છે એ સ્થાન આરંભનું અનાર્યસ્થાન છે, યાવત્ અસર્વદુઃખપ્રક્ષીણ માર્ગ છે. એકાંતમિથ્યા છે. અસાધુ છે. આ ત્રણમાં જે છેલ્લું સર્વતઃ વિરતિનું સ્થાન છે, એ અનારંભનું સ્થાન છે, આર્ય છે, યાવત્ સર્વદુઃખના ક્ષયનો માર્ગ છે. એકાંતે સમ્યગ્ છે, સાધુ છે. અને આ ત્રણમાં જે છેલ્લું સર્વતઃ વિરતાવિરતિ સ્થાન છે, તે સ્થાન અનારંભઆરંભ સ્થાન છે. આર્ય છે યાવત્ સર્વદુઃખના ક્ષયનો માર્ગ છે એકાંતે સમ્યગ્ છે. આ પ્રમાણે સમ્યગ્ અનુગમ્યમાન=સંક્ષેપથી વ્યાખ્યાન કરવામાં આવે તો આ ત્રણ સ્થાનો આ બે સ્થાનમાં જ સમવતાર પામે છે. તે આ પ્રમાણે- "ધર્મમાં અને અધર્મમાં તથા ઉપશાંત સ્થાનમાં અને અનુપશાંત સ્થાનમાં." અહીં મિથ્યાત્વીઓનો મિશ્રપક્ષ અધર્મમાં અને સમ્યગ્દષ્ટિ શ્રાવકોનો મિશ્રપક્ષ ધર્મમાં જ સમાવેશ પામે છે. એમ સ્પષ્ટપણે ફલતઃ પ્રતીત થાય છે. કેમકે સાધુમાર્ગની જેમ

त्वन्मदभेदबुद्ध्युदयतः युष्मदस्मत्पदोल्लेखः न भवति, ध्यातृध्यानध्येयानां त्रयाणामेकत्वप्राप्तेः ।

**ભાવાર્થ–** પરમાત્મરૂપના ધ્યાનથી પરમાત્મસ્વરૂપનું ધ્યાન પ્રાપ્ત થાય છે. પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયનું ધ્યાન કરતા કરતા પોતાના આત્મસ્વરૂપ સાથે તુલના થાય છે. અર્થાત્ પોતાના આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયો પણ પરમાત્માના આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયોના સમાન દેખાય છે. તેથી નિશ્ચયથી પરસ્પર અભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી પરમાત્મા અને પોતાની વચ્ચેનો "તું" અને "હું" એવો શાબ્દિક ઉલ્લેખ પણ વિલય પામે છે. કેમકે હવે પોતે જ ધ્યાતા છે. ધ્યાનક્રિયા જ્ઞાનોપયોગરૂપ છે. તેમાં આત્મા પ્રવૃત્ત થાય છે તેથી પોતે જ ધ્યાનક્રિયારૂપે છે. પરમાત્મસ્વરૂપને આગમભાવથી પામેલો અને પરમાત્માથી અભિન્ન બનેલો પોતે જ ધ્યેયરૂપ બને છે. આમ ધ્યાન-ધ્યાતા-ધ્યેય ત્રણેની એકતા થવાથી શબ્દાદિ તમામ ઉલ્લેખો દૂર થાય છે.

**व्याख्या–** ततः किञ्चिदगोचरं चिन्मयं ज्योतिः परब्रह्माख्यं लसति स्फुरति, तत्स्फुरणेनैव सर्वक्रियाणां साफल्यत्वात् । अयं भावः- भगवद्बिम्बे हृदि धृते भगवद्रूपानुस्मरणं तद्ध्यानमेव क्षीणकिल्बिषत्वात् नैश्चयिकद्रव्यगुणपर्याय-साम्यपर्यालोचनायां "**त्वं अहं, अहं त्वं**", इत्यभेदज्ञानं समापत्तिरूपं भवति ॥९९॥

**ભાવાર્થ–** ત્યારપછી કાંઈક અગોચર, પરબ્રહ્મસ્વરૂપ જ્યોતિ સ્ફૂરાયમાન થાય છે. તેની સ્ફૂરણા થવાથી જ સર્વક્રિયાઓની સફળતા પ્રગટે છે. અહીં ભાવ આ પ્રમાણે છે– ભગવાનનું બિંબ હૃદયમાં ધરવાથી ભગવાનના રૂપનું સ્મરણ થાય છે. અને તેના ધ્યાનથી સર્વમલિનભાવો ક્ષય પામે છે. તેથી નૈશ્ચયિક દ્રવ્ય-ગુણ-પર્યાયના સામ્યની વિચારણા થાય છે. અને તે સમયે "તું જ હું" અને "હું જ તું" એવું સમાપત્તિમય અભેદજ્ઞાન પ્રગટે છે. આ પ્રમાણે ૯૯ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૯૯॥

**उपोद्घातवचनकर्णिका–** उक्तमेव भावयन्नभिष्टौति-

ઉપરોક્ત કથનની ભાવના કરતા સ્તવના કરે છે–

**किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु,**
**ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।**
**इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीक्षिता,**
**किं सर्वातिगमेव दर्शयति सद्ध्यानप्रासादान्महः ॥१००॥**

**શ્લોકાર્થ–** શું તે પ્રતિમા બ્રહ્મૈકમયી છે ? શું ઉત્સવમયી છે ? શું શ્રેયોમયી છે ? શું જ્ઞાનાનંદમયી છે ? શું ઉન્નતિમયી છે ? શું સર્વશોભામયી છે ? આ પ્રમાણે "શું શું" એવી પ્રકલ્પના કરવામાં તત્પર કવિઓ વડે જોવાયેલી તમારી મૂર્તિ સદ્ધ્યાનના પ્રભાવથી 'કિં' શબ્દથી અતીત એવા સ્વપ્રકાશજ્ઞાનનું [1]દર્શન કરાવે છે...॥૧૦૦॥

## વિશેષણોથી અલંકૃત જિનપ્રતિમા ભવ્યજીવોને હિતકારી.

**व्याख्या–** किं ब्रह्मैकमयी ब्रह्मैव एकं प्रचुरं यस्यां सा ब्रह्मैकमयी, स्वरूपोत्प्रेक्षेयम् । एवमग्रेऽपि किमुत्सवमयीत्यादौ उत्सवादयोऽपि ब्रह्मविवर्ता एव, न च रूपोत्प्रेक्षिताः, तेन नाक्रमदोषः, उत्प्रेक्षितेनैव क्रमस्यातन्त्रत्वात् ।

**ભાવાર્થ–** શું તે પ્રતિમા બ્રહ્મૈકમયી છે ? બ્રહ્મ જ(=તપ વગેરે) એક જેમાં ઘણું છે તે બ્રહ્મૈકમયી. અહીં સ્વરૂપની ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. આ પ્રમાણે આગળ પણ ઉત્સવમયી વગેરે સ્થળોએ સમજવાનું છે. ઉત્સવ=હર્ષ, શ્રેયઃ=કલ્યાણ. જ્ઞાન=કેવળજ્ઞાન. આનંદ=આત્માનો આનંદ. ઉન્નતિ=ઐશ્વર્ય. અહીં ઉત્સવાદિ પણ ખરેખર તો બ્રહ્મના પરિણામરૂપ છે. નવા-નવા રૂપે ઉત્પ્રેક્ષા કરી છે. તેથી અહીં ક્રમના અભાવનો દોષ છે એમ ન કહેવું. કેમકે અહીં ઉત્પ્રેક્ષિત=કાલ્પનિક હોવાથી ક્રમનું નિયમન નથી.

**व्याख्या–** इत्थममुना प्रकारेण किं किमिति प्रकल्पनपरैः कविभिः त्वन्मूर्तिरुद्वीक्षिता सती किंशब्दमभिगच्छति सर्वातिगं यत्तादृशं महः स्वप्रकाशज्ञानं दर्शयति । कस्मात् ? सद्ध्यानप्रसादात् निर्विकल्पकलयाऽधिगमात् । स्वतः

१. જેનાથી પોતાનામાં પ્રકાશ થાય તેવા જ્ઞાનને બતાવે છે, અર્થાત્ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરાવે છે. કેવલજ્ઞાનથી આત્મામાં સંપૂર્ણપ્રકાશ પથરાય છે.

सिद्धभावादेव । तत्र च न जिज्ञासेति सकलप्रयोजनमौलिकभूतपरब्रह्मास्वाद-प्रदत्वाद्भगवन्मूर्तिदर्शनं भव्यानां परमहितमिति द्योत्यते ॥१००॥

**ભાવાર્થ–** આમ "किं ? किं ?" શબ્દ દ્વારા કલ્પનામાં તત્પર કવિઓ તારી મૂર્તિના દર્શન કરીને 'किं' શબ્દને અતિક્રમ કરનારા સ્વપ્રકાશજ્ઞાનને દેખાડે છે. શાના દ્વારા ? આ જ પ્રતિમા સદ્ધ્યાનના પ્રભાવથી અર્થાત્ નિર્વિકલ્પ ધ્યાનના પ્રભાવથી સ્વપ્રકાશજ્ઞાન દેખાડે છે. જે સ્વતઃ સિદ્ધ છે. અર્થાત્ આ પ્રમાણે સિદ્ધસ્વરૂપ સ્વતઃ સિદ્ધ થઈ જાય છે. તેથી તે વિષયમાં જિજ્ઞાસા રહેતી નથી. આ પ્રમાણે સકલપ્રયોજનમાં મુગુટ સમાન-શિરમોર અર્થાત્ મુખ્ય પ્રયોજનભૂત પરબ્રહ્મનો આસ્વાદ આપનારું હોવાથી ભગવાનની પ્રતિમાનું દર્શન ભવ્યજીવોને પરમહિતકારી બને છે. આ પ્રમાણે સ્પષ્ટ થાય છે. આ પ્રમાણે ૧૦૦ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો..॥૧૦૦॥

**उपोद्घातवचनकर्णिका–** प्रार्थनागर्भां स्तुतिमाह-

હવે પ્રાર્થનાગર્ભિત સ્તુતિ કહે છે–

**त्वद्रूपं परिवर्त्ततां हृदि मम ज्योतिः स्वरूपं प्रभो !,**
**तावद्यावदरूपमुत्तमपदं निष्पापमाविर्भवेत् ।**
**यत्रानन्दघने सुरासुरसुखं संपिण्डितं सर्वतो,**
**भागेऽनन्ततमेऽपि नैति घटनां कालत्रयीसंभवि ॥१०१॥**

**શ્લોકાર્થ–** હે પ્રભુ ! મારા હૃદયમાં તારું જ્યોતિસ્વરૂપ રૂપ ત્યાં સુધી પરિવર્તન પામો, કે જ્યાં સુધી પાપરહિત અરૂપી ઉત્તમપદની પ્રાપ્તિ થાય. આ આનંદઘન એવા ઉત્તમપદના સુખની આગળ ત્રિકાલવર્ત્તી તારે ચારેબાજુથી પિંડીભૂત કરાયેલું દેવદાનવોનું સુખ અનન્તમાભાગમાં પણ ઘટી શકતું નથી..॥૧૦૧॥

## પરમાત્માને પ્રાર્થના
## બતાવો અપ્રતિપાતીધ્યાનનો ઉપાય.

**व्याख्या–** हे प्रभो ! मम हृदि ज्योतिःस्वरूपं त्वद्रूपं तवरूपं परिवर्त्ततां

अनेकधा ज्ञेयाकारेण परिणमतु । कियत् ? यावत् निष्पापं क्षीणकिल्बिषं अरूपं रूपरहितं उत्तमपदं फलीभूतं साधनीभूतं वाऽप्रतिपाति ध्यानं न आविर्भवेत् तावत् ।

**ભાવાર્થ–** હે પ્રભુ ! જ્યાં સુધી નિષ્પાપ(=કર્મરહિત) અને અરૂપ (=રૂપરહિત) એવું ઉત્તમપદ પ્રગટ ન થાય ત્યાં સુધી મારા હૃદયમાં તારું જ્ઞાનમયરૂપ પરિવર્તન પામો=અનેક પ્રકારના જ્ઞેયાકાર રૂપે પરિણામ પામો. અને એવું અહીં 'उत्तमपदं फलीभूतं' એટલે ઉત્તમપદ(=મોક્ષપદ) ફલ સ્વરૂપ છે, અર્થાત્ ઉત્તમપદ સર્વ સાધનાનું (અંતિમ) ફળ છે. 'साधनीभूतं वाऽप्रतिपाति ध्यानं' એ પદોનો અર્થ આ પ્રમાણે છે- અથવા 'उत्तमपद' એટલે અપ્રતિપાતી(=પ્રારંભ થયા પછી પડે નહિ પણ પૂર્ણતાને પામે તેવું) ધ્યાન. આવું ધ્યાન મોક્ષપદનું સાધન છે. આમ ઉત્તમપદનો એક અર્થ છે મોક્ષપદ, અને તે ફળસ્વરૂપ છે. ઉત્તમપદનો બીજો અર્થ છે અપ્રતિ-પાતીધ્યાન અને તે મોક્ષપદનું સાધન છે. મોક્ષપદ અને અપ્રતિપાતી ધ્યાન પ્રાપ્ત થાય ત્યાં સુધી હે પ્રભુ ! મારા હૃદયમાં તારું જ્ઞાનમય સ્વરૂપ પરિવર્તન પામો.

**व्याख्या–** उत्तमममभिष्टौति- यत्र यस्मिन् आनन्दघने आनन्दैकरसे कालत्रयीसंभवि सर्वतः संपिडितं एकराशिकृतं सुरासुरसुखं अनन्ततमेऽपि भागे घटनां न एति, अनन्तानन्तमित्यर्थः ।

**ભાવાર્થ–** ઉત્તમ(=મોક્ષ)પદની સ્તવના કરે છે, ઉત્તમપદના-(આનંદઘન=) જ્યાં કેવળ આનંદ જ રસ છે, આનંદ સિવાયનો કોઈ જ રસ નથી એવા ઉત્તમપદના સુખની આગળ સુર-અસુરોનું(=સર્વ દેવોનું) ત્રિકાળવર્તી અને સર્વતઃ એકઠું કરાયેલું સુખ અનંતમા ભાગે પણ ઘટી શકતું નથી, અર્થાત્ સિદ્ધનું સુખ અનંતાનંત છે.

**व्याख्या–** यदार्षम्- ''**सुरनरसुहं समत्तं सव्वद्धा पिंडिअं अणंतगुणं । ण वि पावे मुत्तसुहं णंताहि विवेगवग्गूहिं ॥१॥**'' तथा- ''**सिद्धस्स सुहो रासी सव्वद्धा पिंडिओ जइ हविज्जा । सो णंतवग्गभइओ सव्वागासे ण माइज्जा ॥२॥**'' इत्यादि ॥१०१॥

**ભાવાર્થ–** આ વિષે આવશ્યકનિર્યુક્તિકાર કહે છે કે દેવોનાં સમુદાયનાં સુખો સમસ્તકાળનાં, સમસ્ત ઢગલા કરેલા સુખનાં અનંતવર્ગોના વર્ગો કરીએ તો પણ તે સુખ મુક્તિસુખની સમાનતાને પામતું નથી. ॥૧॥ તથા સિદ્ધનાં સર્વકાલના સુખરાશિનો અનંતવર્ગથી ભાગ કરવામાં આવે તો પણ સર્વ આકાશમાં સમાઈ ન શકે. ॥૨॥ આ પ્રમાણે ૧૦૧ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૧૦૧॥

**स्वान्तं शुष्यति दह्यते च नयनं भस्मीभवत्याननं,**
**दृष्ट्वा तत्प्रतिमामपीह कुधियामित्याप्तलुप्तात्मनाम् ।**
**अस्माकं त्वनिमेषविस्मितदृशां रागादिमां पश्यतां,**
**सान्द्रान्दसुधानिमज्जनसुखं व्यक्तीभवत्यन्वहम् ॥१०२॥**

**શ્લોકાર્થ–** અહીં તે પ્રતિમાને જોઈને પણ જિનપ્રતિમાઓને વિષે જેમનો આત્મા ખંડિત થયો છે તેવા અને દુષ્ટબુદ્ધિવાળા લોકોનું હૃદય સુકાઈ જાય છે. આંખો બળવા માંડે છે. તથા મુખ ભસ્મસાત્ થઈ જાય છે. પણ રાગથી આ પ્રતિમાને અનિમેષ વિસ્મિતનયનો વડે જોતા અમને તો નિબીડ આનંદરૂપી અમૃતમાં મગ્નતાથી ઉત્પન્ન સુખનો સતત અનુભવ થાય છે...॥૧૦૨॥

## જિનપ્રતિમા દર્શનસુખ
## આનંદઘનરસાસ્વાદ સુખ.

**व्याख्या–** तत्प्रतिमां निर्णीतप्रसिद्धजिनेन्द्रमूर्त्ति दृष्टवाऽपि इह कुधियां कुबुद्धिना स्वान्तं चित्तं शुष्यति घनजलेन यवासकवत् । अथवा अन्तर्गतसम्यक्त्वाधानस्थानं मनो मूलतः निर्गतसारनीरं भवतीत्यर्थः अत एव कुधियां तत्प्रतिमां दृष्ट्वा नयनं स्वयमेव दह्यते, शीतलजलसंपर्कात्संतप्तघृतमिव । अथवा युक्तोऽयमर्थः, यदा भाजने नीरं ज्वलितं तदा तस्मिन्नन्नादिकमपि स्वयमेव दह्यते एवं ।

**ભાવાર્થ–** જે પ્રતિમા (અનેક યુક્તિઓથી અને શાસ્ત્રપાઠોથી) નિશ્ચિત અને પ્રસિદ્ધ થયેલી છે તે પ્રતિમાને જોઈને પણ જિન અને જિનપ્રતિમાઓને વિષે જેમનો આત્મા ખંડિત થયો છે તેવા અને દુષ્ટબુદ્ધિવાળા લોકોનું

ચિત્ત મેઘના પાણીથી સુકાઈ જનારા જવાસાની(ધમાસાની) જેમ સુકાય છે. અથવા અંતરમાં રહેલા સમ્યક્ત્વને ધારણ કરવાનું(=પ્રગટ કરવાનું) સ્થાન એવું મન મૂળથી તત્ત્વરૂપ પાણીથી રહિત બની જાય છે. આથી જ તે પ્રતિમાને જોઈને દુષ્ટબુદ્ધિવાળાઓની આંખો સ્વયમેવ બળે છે. જેવી રીતે તપેલું ઘી પાણીનો સંપર્ક થવા છતાં બળે છે, તે રીતે શાંતિ આપનાર પ્રતિમાનો યોગ થવા છતાં દુષ્ટબુદ્ધિવાળાઓની આંખો બળે છે. અથવા આ અર્થ યુક્ત છે- જ્યારે ભાજનમાંથી પાણી બળી જાય ત્યારે તેમાં રહેલું અન્નાદિ પણ પોતાની મેળે બળવા લાગે છે.

**व्याख्या–** पुनः तेषामाननं मुखं भस्मीभवति भस्मावशेषमिव । इदमपि युक्तं यदा सर्वं दग्धं तदा भस्मोड्डीनतो भस्मलिप्तं सर्वं भवति ।

**ભાવાર્થ–** વળી તેઓનું મુખ ભસ્મીભૂત થઈ જાય છે, અર્થાત્ જાણે મુખ ઉપર ભસ્મ બાકી રહી હોય તેવું થઈ જાય છે. આ પણ અર્થયુક્ત છે. જ્યારે સર્વવસ્તુ બળી જાય છે ત્યારે ભસ્મ ઉડવાથી સર્વ ભસ્મથી લિપ્ત થઈ જાય છે.

**व्याख्या–** कीदृशानां कुधियां ? आप्तलुप्तात्मनां जिनजिनप्रतिमासु लुप्तो भ्रष्टः खंडित आत्मा येषां ते तेषां । अन्वहं निरन्तरं । अस्माकं तु सान्द्रानन्दसुधानिमज्जनसुखं व्यकतीभवति सान्द्रो घनश्चासौ आनन्दश्च स एव सुधाऽमृतं तत्र मज्जनसुखं प्रकटीभवति । कीदृशानां (किं कुर्वतां) अस्माकम् ? रागात् अन्तरङ्गप्रीतितः इमां पश्यतां सतां । पुनः कीदृशानां ? अनि० अनिमेषे निमेषरहिते विस्मिते दृशौ येषां ते तेषामिति ॥१०२॥

**ભાવાર્થ–** અંતરંગપ્રીતિથી આ પ્રતિમાને જોતા અને અનિમિષ-વિસ્મિતનયને આપનાં દર્શન કરતાં અમને તો નિરંતર નિબિડ આનંદરૂપ અમૃતમાં મગ્નતાથી ઉત્પન્ન થતા સુખનો અનુભવ થાય છે...॥૧૦૨॥

**मन्दारद्रुमचारुपुष्पनिकरैर्वृन्दारकैरर्चितां**
**सद्वृन्दाभिनतस्य निर्वृतिलताकन्दायमानस्य ते ।**
**निस्यन्दात् स्नपनामृतस्य जगतीं पान्तीममन्दामया-**
**वस्कन्दात्प्रतिमां जिनेन्द्र ! परमानन्दाय वन्दामहे ॥१०३॥**

**શ્લોકાર્થ–** હે જિનેન્દ્ર ! સજ્જનોના સમુદાયથી નમાયેલા અને મોક્ષ રૂપી લતા માટે કંદસમાન એવા તારી દેવોએ કલ્પવૃક્ષના મનોહર પુષ્પસમૂહથી પૂજેલી અને સ્નાત્રજળના અમૃતઝરણાથી ઉત્કટરોગોનું શોષણ કરવા દ્વારા ભવ્યજીવોનું રક્ષણ કરતી પ્રતિમાને પરમાનંદની પ્રાપ્તિ માટે અમે વંદન કરીએ છીએ..॥૧૦૩॥

**પરમાત્માની પ્રતિમા નિર્વૃત્તિલતાકંદ**
**વંદન કરી પામીએ પરમાનંદ.**

**व्याख्या–** हे जिनेन्द्र ! वयं ते तव प्रतिमां परमानन्दाय वन्दामहे। कीदृशस्य तव ? सद्वृ० सतामुत्तमपुरुषाणां वृन्दैरभिनतस्य ।

**ભાવાર્થ–** હે જિનેન્દ્ર ! અમે તારી પ્રતિમાને પરમાનન્દની પ્રાપ્તિ માટે વંદન કરીએ છીએ. તારી પ્રતિમા ઉત્તમપુરુષોના સમૂહવડે વંદન કરાયેલી છે.

**व्याख्या–** पुनः कीदृशस्य तव ? निर्वृ० निर्वृत्तिलतायाः मुक्तिलतायाः कन्दायमानस्य । कीदृशीं प्रतिमां ? वृन्दारकैर्देवैरर्चितां पूजितां । कैः ? मन्दारद्रुमाः देववृक्षाः तेषां चारुपुष्पाणां निकरैः समूहैः कृत्वा ।

**ભાવાર્થ–** વળી તારી પ્રતિમા મોક્ષવેલડીના કંદસમાન છે. અને દેવોએ પૂજેલી છે અને તે કલ્પવૃક્ષના સુંદર પુષ્પોના સમૂહવડે પૂજેલી છે.

**व्याख्या–** पुनः कीदृशीं प्रतिमां ? पान्तीं, रक्षन्तीं । कां प्रति ? जगतीं, आधारे आधेयोपचारात् तत्र निवासिभव्यजनान्, "पा रक्षणे" शतृप्रत्ययः ।

**ભાવાર્થ–** કેવા પ્રકારની પ્રતિમાને ? આધારમાં આધેયનો ઉપચાર કરી જગતી શબ્દનો નિર્દેશ કર્યો છે, અર્થાત્ પૃથ્વી ઉપરના ત્યાં રહેનારા ભવ્યલોકોનું રક્ષણ કરતી. અહીં "पा रक्षणे" पा ધાતુ રક્ષણ અર્થમાં છે. 'शतृप्रत्यय' લાગી 'पान्ती' રૂપ બન્યું છે.

**व्याख्या–** कस्मात् ? स्नपनामृतस्य प्रभुस्नात्रजलपीयूषस्य निस्पंदात् झरणात् झरणेन कृत्वा । कीदृशात् ? निस्पन्दात् अमं० अमन्दा उत्कटा ये आमया रोगास्तेषां अवस्कन्दः शोषः यस्मात् स तस्मात् ॥१०३॥

**ભાવાર્થ–** તે પ્રતિમા શાના દ્વારા જગતના જીવોનું રક્ષણ કરે છે? ઉગ્રરોગોનું શોષણ જેનાથી થાય છે તેવા સ્નાત્રજળરૂપી અમૃતઝરણાથી જગતના જીવોની રક્ષા કરે છે. આ પ્રમાણે ૧૦૩ મા શ્લોકનો ભાવાર્થ પૂર્ણ થયો...॥૧૦૩॥

**उपोद्घातवचनकर्णिका–** अथ प्रशस्तिमाह-

હવે પ્રશસ્તિને કહે છે–

**तपगणमुनिरुद्यत्कीर्त्तितेजोभृतां**
**श्रीनयविजयगुरूणां पादपद्मोपजीवी ।**
**शतकमिदमकार्षीद्वीतरागैकभक्ति-**
**प्रथितशुचियशःश्रीरुल्लसद्व्यक्तयुक्ति ॥१०४॥**

**શ્લોકાર્થ–** ઉત્કટકીર્તિ અને તેજને ધારણ કરનારા શ્રી નયવિજય ગુરુવરના ચરણકમળના કિંકર, તથા વીતરાગ પ્રત્યે એકમાત્ર ભક્તિ દ્વારા, જેના પવિત્રયશની શોભા પ્રખ્યાત બની છે, એવા તપગચ્છના મુનિએ ચમકતી અને સ્પષ્ટ સુયુક્તિઓ જેમાં છે તેવા આ પ્રતિમાશતકની રચના કરી છે. અહીં યશ શબ્દથી ગ્રંથકાર કવિરાજે સ્વનામ 'યશો' નો નિર્દેશ કર્યો છે.॥૧૦૪॥

## ગ્રંથકારે કરેલી ગુરુસ્તવના
## ગુરુકૃપા પ્રભાવના.

**व्याख्या–** तपगणमुनिः तपगच्छसाधुः इदं शतकमकार्षीत् मन्यते शास्त्रतत्त्वमिति सार्थकं मुनिनाम । कीदृशस्तपगणमुनिः ? वीत० वीतरागेषु जिनेन्द्रेषु या एकाऽद्वितीया भक्तिस्तया प्रथिता शुचियशःश्रीः येन स इति । अनेन विशेषेण कविना यशोविजय इति स्वनाम सूचितं ।

**ભાવાર્થ–** તપગચ્છના મુનિએ આ પ્રતિમાશતકની રચના કરી. "જે શાસ્ત્રતત્ત્વનું મનન કરે તે મુનિ" આ પ્રમાણે પોતાનું નામ સાર્થક કર્યું. તપગચ્છના તે મુનિ કેવા પ્રકારના છે ? વીતરાગ પરમાત્માની અદ્વિતીય ભક્તિ દ્વારા જેના પવિત્રયશની શોભા પ્રખ્યાતિ પામેલી છે. આ વિશેષણ દ્વારા કવિએ "યશોવિજય" એ પ્રમાણે પોતાનું નામ સૂચિત કર્યું છે.

**व्याख्या**– कीदृशं शतकं ? लसन्त्यो व्यक्ताः प्रकटा युक्तयः यस्मिन् तत् । अथवा क्रियाविशेषणमिति । पुनः कीदृशः ? श्रीनयविजयगुरूणां पादपद्मोपजीवी चरणकमलसेवी । कीदृशानां श्रीनय० ? उद्यत्० उद्यती उत्कटे कीर्तितेजसी बिभ्रतीति तेषामिति ॥१०४॥

**ભાવાર્થ**– આ પ્રતિમાશતક કેવા પ્રકારનું છે ? જેમાં યુક્તિઓ સ્પષ્ટ છે તેવા પ્રકારનું "પ્રતિમાશતક" છે. વળી તે મુનિવર કેવા છે? શ્રીનયવિજયગુરુના ચરણકમલસેવી છે. વળી કેવા પ્રકારના ગુરુના નયવિજયજી શિષ્ય છે ? વધતી કીર્તિ અને તેજને ધારણ કરનારા ગુરુના શિષ્ય છે...॥૧૦૪॥

**આ પ્રમાણે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયવાચકશ્રેષ્ઠે રચેલ પ્રતિમાશતક ગ્રંથનો ભાવાનુવાદ અધ્યાત્મયોગીરાજની અસીમકૃપાબળે પૂર્ણ થયો.**

## ॥ अथ टीकाकार प्रशस्ति ॥

जयति सुरनतः श्रीवर्धमानो जिनेन्द्रो,
ददभिमतमत्र प्राणिनां कल्पकल्पः ।
जगति जनितसौख्यं शासनं वर्त्तते,
सद्विमलमिह यदीयं गाढमिथ्यात्वभेदि ॥१॥

દેવોથી નમસ્કાર કરાયેલા તથા અહીં પ્રાણીઓને વાંછિત દેવામાં કલ્પવૃક્ષસમાન, શ્રી વર્ધમાન સ્વામી જય પામો. વળી આ જગતમાં જગતના જીવોને સુખકારી, નિર્મળ, પ્રશસ્ત અને ગાઢ મિથ્યાત્વને ભેદનારું એમનું શાસન વર્તે છે. ..॥૧॥

तत्पट्टाम्बुजभास्करो गणधरः स्वामी सुधर्माऽभवत्,
तस्मात् सूरिवराः क्रमात् समभवँश्चारित्रभाजो बुधाः ।
श्री चन्द्रप्रभनामसूरिरभवच्छ्रीपूर्णिमागच्छराट्,
तद्वंशे विदितोऽथ सूरिरिह यो विद्याप्रभो वादिजित् ॥२॥

તેમના પટ્ટરૂપી કમલને વિકસિત કરનાર સૂર્યસમાન સુધર્મા સ્વામી

ગણધર થયા. તેમના પછી તેમના વંશમાં શ્રી પૂર્ણિમાગચ્છના શિરતાજ શ્રી ચન્દ્રપ્રભનામે સૂરિ થયા. અને તેમના પછી તેમના વંશમાં વાદીને જીતનારા શ્રી વિદ્યાપ્રભનામે સૂરિ થયા..॥૨॥

तदनु वाग्विजितामरसूरयः, समभवन् ललितप्रभसूरयः ।
अजनि सूरिवरो विनयप्रभः, प्रवरतत्पदभूषणसन्निभः ॥३॥

ત્યાર પછી વાણીથી બૃહસ્પતિને પણ જિતનારા લલિતપ્રભ નામે સૂરિ થયા. તેની પાટને શોભાવનાર વિનયપ્રભ નામે સૂરિ થયા.॥૩॥

प्रविलसन्महिमण्डलकीर्त्तयश्चरणशुद्धिविराजितमूर्त्तयः ।
सुगुरवो महिमाप्रभसूरयः, शुभतदीयपदे गुणभूरयः ॥४॥

મહિમંડલ(=પૃથ્વીમંડલ) ઉપર વિલાસ કરતી છે કીર્તિ જેની એવા, તથા ચરણશુદ્ધિથી શોભતા એવા શ્રી મહિમાપ્રભ નામે ગુણવાનગુરુ તેમની શુભપદવી ઉપર આવ્યા.॥૪॥

तदीयपादाम्बुजचञ्चरीकस्तदीयया सत्कृपया सुखाढ्यः ।
ख्यातोऽस्ति भावप्रभनामसूरिः, सतीर्थ्यशिष्यादिगणैः समेतः ॥५॥

મહિમાપ્રભસૂરિના ચરણકમળમાં ભ્રમર સમાન, તેમની સત્કૃપાથી સુખી અને ગુરુબંધુ અને શિષ્યાદિથી યુક્ત ભાવપ્રભનામે સૂરિ તેમની પાટે આવ્યા..॥૫॥

श्रीश्रीमालिसुवीरवंशकमले श्रीराजहंसोपमो
रामाकुक्षिसमुद्भवो जयतसीदेहाङ्गजो दीप्तीमान् ।
जातो योऽखिलसाधुकारतिलकः श्रीतेजसीश्रेष्ठिराट्,
तेन श्राद्धवरेण यत्पदमहो द्रव्यव्ययैर्निर्मितः ॥६॥

શ્રી શ્રીમાલિના વીરવંશરૂપ કમળને વિષે રાજહંસ સમાન, રામા નામની માતાની કુક્ષિમાં ઉત્પન્ન થયેલા જયતસીનામના પિતાના પુત્ર, કાંતિમાન અને સર્વસજ્જનોમાં તિલક સમાન શ્રીતેજસી નામે શ્રેષ્ઠી થયા. તે શ્રેષ્ઠ શ્રાવકે ઘણા દ્રવ્યનો વ્યય કરી ભાવપ્રભસૂરિની પદવીનો મહોત્સવ કર્યો હતો..॥૬॥

सूरिभावप्रभेणास्यां तेनानाभोगतो मया ।
वृत्तौ पृथक्कृतायां यत्तच्छोध्यं विबुधैरसत् ॥७॥

તે ભાવપ્રભસૂરિ એવાં મેં પ્રતિમાશતકની લઘુવૃત્તિ સંક્ષેપ રીતે રચી. તેમાં અનાભોગથી જે કાંઈ અશુદ્ધિ હોય તેનું વિદ્વાનોએ પ્રમાર્જન કરવું. ॥૭॥

त्र्यङ्काश्वभूमिति (१७९३) वर्षे माघशुक्लाष्टमीतिथौ ।
वारे देवगुरौ जाता पूर्णेयं वृत्तिरुत्तमा ॥८॥

સંવત ૧૭૯૩ વર્ષે માઘશુક્લ અષ્ટમી દિને ગુરુવારે આ ઉત્તમટીકા સંપૂર્ણ થઈ છે...॥૮॥

*॥ इति श्रीमत्पूर्णिमागच्छीयभट्टारकश्रीभाव-*
*प्रभसूरिसमुद्धृता प्रतिमाशतकलघुवृत्तिरियं*
*शिष्यज्योतिरत्नस्य हेतवे संपूर्णा ॥*

આ પ્રમાણે શ્રીપૂર્ણિમાગચ્છાચાર્ય શ્રી ભાવપ્રભસૂરિએ શિષ્ય જ્યોતિ રત્નને માટે-ઉદ્ધૃત કરેલી "પ્રતિમાશતક"ની આ લઘુવૃત્તિ સંપૂર્ણ થઈ.

## ॥ समाप्तमिदं लघुवृत्तिसमेतं प्रतिमाशतकम् ॥

*न्यायविशारद-न्यायाचार्य-महोपाध्याय-*
*श्रीमद्यशोविजयगणिपुंगवसंकलितस्य पौर्णिमगच्छीय*
*श्रीमद्भावप्रभसूरिकृत-लघुवृत्तिसमेतस्य प्रतिमाशतकग्रन्थस्य*
*पार्श्वचन्द्रमत-जिनचैत्यार्चनादि-पुण्य-*
*कर्मवादिमतखंडनात्मक-जिनार्चा-*
*स्तुतिसंपादक-स्वप्रशस्ति प्रतिपादके*
*तृतीयविभागे योगीराजकृपया*
*तृतीयोल्लास-गुर्जरानुवादः संपूर्णः ।*

## परिशिष्ट-१ मूलपद्यानामकारादिक्रमः


| | पद्यक्रम | पृ.क्रम |
|---|---|---|
| अक्षीणविरतिज्वर | ३० | १०३ |
| अत्रास्माकमिदं हृदि | ६१ | १६७ |
| अन्यारंभवतो जिनार्चन | ५७ | १६० |
| अर्थं काममपेक्ष्य धर्म | ५२ | १४६ |
| अर्हच्चैत्यमुनीन्दु | ९ | ४४ |
| अस्माकं त्वपवाद | ५५ | १५२ |
| आनन्दस्य हि सप्तमाङ्ग | ६३ | १७१ |
| इच्छा स्वस्य न नृत्य | १९ | ६९ |
| इत्येवं शूचिसूत्रवृन्द | ६८ | १८४ |
| इत्येवं नयभङ्गहेतुगहने | ९६ | २४२ |
| उत्फुल्लमिव मालती | ७९ | २०६ |
| एतेनैव समर्थिताऽभ्युदयिकी | ६७ | १८२ |
| एतेनेदमपि व्यपास्तमपरे | ९३ | २३६ |
| ऐन्द्रश्रेणिनता प्रतापभवनं | १ | ४ |
| किं नामस्मरणेन न प्रतिमया | ४ | २२ |
| किं ब्रह्मैकमयी किमुत्सवमयी | १०० | २५२ |
| किं योग्यत्वमकृत्स्न | ४० | १२२ |
| किं हिंसानुमतिर्न संयमवतां | २४ | ८८ |
| गर्त्तादङ्गविघर्षणैरपि | ३८ | ११८ |
| चैत्यानां खलु निश्रितेतरतया | ७२ | १९४ |
| चैत्यानां न हि लिङ्गिनामिव | ७३ | १९४ |
| चैत्येऽनायतनत्वमुक्तमथ | ७७ | २०४ |
| ज्ञातैः शल्यविषादिभिर्नु भरता | २२ | ८४ |
| ज्ञानं चैत्यपदार्थमाह न पुन | ८ | ३९ |
| ज्ञानं चैत्यपदार्थमत्र वदतः | ४९ | १४१ |

| | पद्यक्रम | पृ.क्रम |
|---|---|---|
| तत्पाणिग्रहणोत्सवे कृतमिति | ६६ | १८१ |
| तपगणमुनिरुद्यत्कीर्तितेजोभृतां | १०४ | २५८ |
| तीर्थेशप्रतिमार्चनं कृतवती | ६५ | १७८ |
| तेनाकोविदकल्पितश्चरणभृद् | ४६ | १३३ |
| तेषां न प्रतिमानतिः स्वरसतो | ७ | ३६ |
| त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न | ९९ | २४९ |
| त्वद्रूपं परिवर्ततां हृदि मम | १०१ | २५३ |
| दर्शं दर्शमवापमव्ययमुदं | ९८ | २४७ |
| दानादाविव भक्तिकर्मणि विभु | २१ | ७८ |
| दुग्धं सर्पिरपेक्षते न तु तृणं | २८ | ९९ |
| देवानामपि भक्तिकृत्य न श्लाघ्यं | १८ | ६६ |
| द्रव्यार्चामवलम्बते न हि मुनिः | २९ | १०१ |
| धर्मार्थं सृजतां क्रियां बहुविधां | ५९ | १६३ |
| धर्मार्थः प्रतिमार्चनं यदि वधः | ६२ | १६९ |
| धर्माधर्मगते क्रिये च युगपद् | ८८ | २२४ |
| नात्र प्रेत्यहितार्थितोच्यत इति | १२ | ५२ |
| नामादित्रयमेव भावभगवत् | २ | ८ |
| नानासङ्घसमागमात्सुकृतवत् | ३२ | १०७ |
| नाशंसानुमतिर्दयापरिणति | २६ | ९३ |
| नन्वेवं किमु पूजयापि भवतां | ५६ | १५७ |
| नन्वेवं प्रतिमैकतां प्रवदता | ७५ | १९९ |
| नो नद्युत्तरणे मुनेर्नियमनाद् | ३६ | ११४ |
| नो यात्रा प्रतिमानतिर्व्रतभृतां | ४७ | १३५ |
| पुण्यं कर्म सरागमन्यदुदितं | ९५ | २४० |
| पूजापूजकपूज्यसङ्गतगुण | ३३ | १०९ |
| पूजायां खलु भावकारणतया | ६० | १६५ |
| पूर्णेऽर्थेऽपि विधेयता वचनतः | ८६ | २२१ |

| | पद्यक्रम | पृ.क्रम |
|---|---|---|
| प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता | ६ | ३४ |
| प्रश्नव्याकरणे सुवर्णगुलिका | ६४ | १७५ |
| प्राक् पश्चाच्च हितार्थितां हृदि विदन् | ११ | ४९ |
| प्रामाण्यं न महानिशीथसमये | ४२ | १२६ |
| प्राप्या नूनमुपक्रिया प्रतिमया | ६९ | १८६ |
| बिम्बेऽसावुपचारतो निजहृदो | ७६ | २०१ |
| भव्योऽभ्यग्रगबोधिरल्पभवभाक् | १५ | ६१ |
| भावेन क्रियया तयोर्ननु तयोः | ८२ | २१३ |
| भावे द्रव्यतया द्विधा परिणतिः | ८९ | २२५ |
| भावोऽधर्मगतः क्रियेतरगते | ८७ | २२२ |
| भोः ! पापाः ! भवतां भविष्यति | ५३ | १४७ |
| भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलयाचार्यो | ४३ | १२८ |
| भ्रान्त ! प्रान्तधिया किमेतदुदितं | ४४ | १२९ |
| मन्दारद्रुमचारुपुष्पनिकरैः | १०३ | २५६ |
| मिश्रस्यानुपदेश्यतया यदि तदा | २५ | ९० |
| मिश्रत्वे खलु योगभावविधया | ९० | २२७ |
| मूर्तीनां त्रिदशैस्तथा भगवतां | १० | ४६ |
| मोहोद्दामदवानलप्रशमने | ८० | २०८ |
| यन्नद्युत्तरणं प्रवृत्तिविषयो | ३७ | ११६ |
| यद्दानादिचतुष्कतुल्यफलता | ४१ | १२४ |
| यत्कर्मापरदोषमिश्रिततया | ४५ | १३२ |
| यः श्राद्धोऽपि यतिक्रियारतः | ५८ | १६१ |
| यागीयो वध एव धर्मजनक | ५४ | १४९ |
| या ज्ञानाद्युपकारिता विधियुता | ९४ | २३८ |
| योगाराधनशंसनैरथ विधेः | ७१ | १९१ |
| लिङ्गे स्वप्रतिबद्धधर्मकलना | ७४ | १९७ |

## परिशिष्ट-२ काव्योपयुक्तालङ्कारनिर्देशः ।

| | | |
|---|---|---|
| अतिशयोक्ति | निदर्शना | व्यतिरेक |
| अप्रस्तुतप्रशंसा | प्रतिवस्तूपमा | व्यङ्ग्य |
| उत्प्रेक्षा | रसनोपमा | सङ्कर |
| उपमा | रूपक | समम् |
| काव्यलिङ्ग | विनोक्ति | यमक |

## परिशिष्ट-३ ग्रन्थगतन्यायाः

१ अजां निष्काशयतः
२ अनियोगपरोपि आगमः
३ अनिषिद्धमनुमतम्
४ अप्राप्तप्रापणविधिः
५ कृदभिहितोऽर्थो द्रव्यवत् प्रकाशते ।
६ गलेपादिका
७ गुडजिह्विका
८ घृतं दहति
९ जलं निंदामि पिबामि च
१० नहि अयं स्थाणो
११ नहि निरोग
१२ निम्नोन्नतन्याय
१३ नह्ययं स्थाणोरपराध
१४ पाशरज्जुन्याय
१५ प्रस्थकन्याय
१६ प्रतिबन्दीन्याय
१७ फलवत्सन्निधाने
१८ फलप्रधाना समारंभा
१९ यावद् बाधं प्रामाण्यं
२० सविशणे हि
२१ सिंहावलोकित
२२ स्वशास्त्रं स्वोपघाताय

# परिशिष्ट-४ ग्रन्थनिर्दिष्टग्रन्थनामानि

अलंकारचूडामणिवृत्ति
आख्यातचन्द्रिका
आचाराङ्गसूत्र
आचाराङ्गनिर्युक्ति
आवश्यकनिर्युक्तिवृत्ति
उत्तराध्ययनसूत्र
उपदेशरहस्य
उपदेशपद
उपाशकदशाङ्ग
कल्पसूत्र
कूपदृष्टांतविशदीकरण
गुरुतत्त्वविनिश्चय
ज्ञातासूत्र
ज्ञानसार
तत्त्वार्थसूत्र
दानाष्टक (हरिभद्राष्टक)
धर्मपरीक्षा
प्रश्नव्याकरणसूत्र
पञ्चाशक
पञ्चवस्तुक
बृहत्कल्पभाष्य

भगवतीसूत्र (व्याख्या प्रज्ञप्ति)
भावाग्निकारिका (हारिभद्राष्टक)
महानिशीथसूत्र
राजप्रश्नीयोपाङ्ग
विशेषावश्यकमहाभाष्य
विंशिकाप्रकरण
व्यवहारसूत्र
व्यवहारसूत्रवृत्ति
सम्यक्त्वपराक्रमाध्ययन (उत्तराध्ययन)
समवायाङ्गसूत्र
सम्यक्त्वप्रकरण
सूत्रकृताङ्गसूत्र
सूत्रकृताङ्गवृत्ति
स्थानाङ्गसूत्र
स्याद्वादरत्नाकर
श्रावकप्रज्ञप्ति
श्रावकप्रतिक्रमणसूत्र
श्राद्धविधि
षोडशक
शास्त्रवार्ता समुच्चय

**સિદ્ધાંત મર્મજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ આદિ દ્વારા લેખિત-સંપાદિત-અનુવાદિત પ્રાપ્ય પુસ્તકો**

### સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા પુસ્તકો

- પંચસૂત્ર
- ધર્મબિંદુ
- યોગબિંદુ
- પ્રતિમાશતક
- આત્મપ્રબોધ
- પાંડવ ચરિત્ર
- વીતરાગ સ્તોત્ર
- શ્રાદ્ધદિનકૃત્ય
- અષ્ટક પ્રકરણ
- યોગદૃષ્ટિ સમુચ્ચય
- પંચવસ્તુક ભાગ ૧-૨
- ભવભાવના ભાગ ૧-૨
- શ્રાવક ધર્મવિધિ પ્રકરણ
- ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ ૧-૨

### ગુજરાતી વિવેચનવાળા પુસ્તકો

- પ્રભુભક્તિ
- શ્રાવકના બાર વ્રતો
- જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
- પ્રભુભક્તિ મુક્તિની દૂતી
- શત્રુંજય તીર્થ સોહામણું
- આહાર શુદ્ધિથી આત્મશુદ્ધિ
- ચિત્ત પ્રસન્નતાની જડીબુટ્ટીઓ
- સ્વાધીન રક્ષા-પરાધીન ઉપેક્ષા
- તપ કરીએ ભવજલ તરીએ (બાર પ્રકારના તપ ઉપર વિસ્તારથી વિવેચન)
- આધ્યાત્મિક પ્રગતિનાં પાંચ પગથિયાં
- ભાવના ભવ નાશિની (બાર ભાવના)
- એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ

### અભ્યાસી વર્ગને ઉપયોગી પુસ્તકો

- સિદ્ધહેમ શબ્દાનુશાસન (મધ્યમવૃત્તિ ભાગ ૧-૨-૩)
- તત્ત્વાર્થાધિગમ સૂત્ર (મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત)
- તત્ત્વાર્થાધિગમ સૂત્ર (પોકેટ બુક)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ટીકાર્થ)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- જ્ઞાનસાર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- અષ્ટક પ્રકરણ (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- સંસ્કૃત શબ્દ રૂપાવલી
- સંસ્કૃત ધાતુ રૂપાવલી - કૃદંતાવલી

### સૂત્રોના અનુવાદવાળા પુસ્તકો

- ચૈત્યવંદન મહાભાષ્ય
- યતિ લક્ષણ સમુચ્ચય
- હીર પ્રશ્ન

### સંસ્કૃત પ્રાકૃત પ્રત-પુસ્તકો

- अष्टादश सहस्त्रशीलाङ्ग ग्रन्थ
- सिरिसिरिवालकहा
- श्राद्धदिनकृत्य
- आत्मप्रबोध

**• શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટના આગામી પ્રકાશનો •**

ઉપદેશપદ સટીક ભાવાનુવાદ, શ્રાદ્ધવિધિ પ્રકરણ સટીક ભાવાનુવાદ, પ્રશમરતિ પ્રકરણ સટીક ભાવાનુવાદ

**પ્રાપ્તિસ્થાન : શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

C/o. હિન્દુસ્તાન મીલ સ્ટોર્સ : ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે,
મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે,
મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫. ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, ૨૩૩૮૧૪

Tejas Printers
AHMEDABAD PH. (079) 26601045